HALAJI RESTRO & CAFE
CHINESE / PUNJABI
FAST FOOD
SOUTH INDIAN
New 150 Ft. Road, Near Munjka Chowkdi, Opp. Satadhar Petrol Pump, Rajkot.
90812 80812 halaji_restroncafe

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

મહા વદ–૫ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૭–૨–૨૦૨૫ – સોમવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૧૫૦ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

C.N.G. ગેસ કીટ
Autho. Distributors LOVATO AUTO GAS ITALY SINCE 1958
રાજકોટ જિલ્લાના એકમાત્ર ઓથોરાઈઝડ Distributors
મોમાઈ મોટર્સ
મવડી પ્લોટ : 98240 10699, 98240 10677
રણછોડ નગર : 98242 10677, 98245 10677




### પાડોશી તિબેટથી આંચકાનો સિલસિલો શરૂ થયો હતોઃ જુદા–જુદા ભૂકંપથી વિજ્ઞાનીઓ ચોંકયા

# ધરતી ધણધણી... દિલ્હી, બિહાર, ઓડિશામાં ભૂકંપઃ ભયનો માહોલ

## દિલ્હીમાં પરોઢિયે ૫.૩૬ કલાકે ૪ની તિવ્રતાનો આંચકોઃ જમીનમાંથી ભયાનક ઘરઘરાટીથી લોકો ફફડયા

**બિહારમાં સવારે ૮.૦૨ કલાકે ૪ની તિવ્રતાનો આંચકોઃ કેન્દ્રબિંદુ સિવાનમાં ૧૦ કી.મી. ભૂગર્ભમાં**

નવી દિલ્હી તા.૧૭

ભારતમાં આજે સવારે પાટનગર દિલ્હી ઉપરાંત બિહાર તથા ઓડિશા એમ ત્રણ રાજયોમાં ૪થી માંડીને ૪.૭ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાતા ફફડાટ સર્જાયો હતો. જમીનમાંથી ભયાનક ઘરઘરાટીના અવાજ સાથે ઈમારતો ધ્રુજવા લાગતા લોકો ભયભીત



**ઓડિશામાં સવારે ૮.૧૫ વાગ્યે ૪.૭નો ધરતીકંપઃ મકાનો–ઈમારતો હચમચ્યા**

બનીને ઘરની બહાર નિકળી ગયા હતા. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગભરાટ નહીં રાખવા તથા ધૈર્ય રાખવાની અપીલ કરવી પડી હતી. (અનુસંધાન ૧૨ મા પાને)

## ગભરાશો નહીં, શાંત રહો... દિલ્હી ભૂકંપ અંગે પીએમ મોદીએ લોકોને અપીલ કરી

નવી દિલ્હી: સવારે દિલ્હી–એનસીઆરમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ એટલા જોરદાર હતા કે લોકો ગભરાટમાં ઊંઘમાંથી જાગી ગયા અને પોતાના ઘરોમાંથી બહાર નીકળી ગયા. લોકો જાગતા જ તેમના મનમાં ડર છવાઈ ગયો અને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા કે અચાનક શું થયું. તમને જણાવી દઈએ કે દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ, ફરીદાબાદ સહિત ઉત્તર ભારતના ઘણા ભાગોમાં સવારે ૫:૩૬ વાગ્યે થોડી સેકન્ડ માટે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ભૂકંપ અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરી છે.

### સામાન્ય રીતે પાટનગરના ભૂકંપનું ભૂમિબિન્દુ ઉત્તર ભારતમાં દૂરના ક્ષેત્રોમાં હોય છે

## ૪ ની તિવ્રતા છતા શા માટે દિલ્હી- NCRમાં શક્તિશાળી આંચકાનો અનુભવ થયો!!!

નવી દિલ્હી: પાટનગર દિલ્હીમાં હજુ રેલવે સ્ટેશન પર ગત સપ્તાહે સર્જાયેલ દુર્ઘટનાના હીબકા શમ્યા નથી તે સમયે જ આજે પાટનગરમાં સવારે ૪ ની તીવ્રતાના આવેલા ભૂકંપમાં જે તિવ્રતાનો અનુભવ થયો તે પણ એક મહત્વની ચર્ચા બની ગયો છે અને ખુદ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ આ અંગે લોકોને ગભરાટ નહી સર્જવા અપીલ કરવી પડી તે પણ મહત્વનું બની ગયુ છે. દિલ્હીના આ ભૂકંપના વિડીયો સોશ્યલ મીડીયામાં મુકવા લાગ્યા છે અને લોકો વિશ્વાસ કરી શકતા નથી. આ તિવ્ર આંચકો ફકત ૪ની રીકટર સ્કેલનો હોઈ શકે છે. દિલ્હી ઉપરાંત નેશનલ



**ભૂકંપનું ભૂમિબિન્દુ દિલ્હીમાંજ જીલપાર્કમાં જમીનમાં ફકત પાંચ કિમી અંદરઃ સ્થાનિક લોકોએ વિસ્ફોટનો અવાજ પણ અનુભવ્યો હતોઃ સોશ્યલ મિડિયામાં પ્રતિભાવ**

કેપીટલ રીજયોન તરીકે ઓળખાતા ક્ષેત્રમાં આજે સવારે આ આંચકો નોંધાયો હતો પણ લોકોને આ ભૂકંપનો ખૂબજ ભયાનક અનુભવ થયો છે અને આ ભૂકંપની તિવ્રતા તેના ૪ ની જે હોવી જોઈએ તેનાથી વધુ અનુભવાઈ છે. (અનુસંધાન ૧૨ મા પાને)

## દિલ્હીમાં ભાજપના નવા મુખ્યમંત્રીની પસંદગી હવે બુધવારેઃ શપથવિધિ તા.૨૦ના યોજાશે

**ફરી એક વખત શેડ્યુલ ફર્યુંઃ રામલીલા મેદાનમાં જબરો શો કરવા ભાજપની તૈયારીઃ ત્રણ સ્ટેજ ઉભા કરાશે**

નવી દિલ્હી તા.૧૭

પાટનગર નવી દિલ્હીમાં ભારે બહુમતી મેળવ્યા બાદ પણ ભાજપની સરકાર રચવામાં ફરી એક વખત શેડ્યુલ ફર્યુ છે અને હવે તા.૧૯ના રોજ એટલે કે બુધવારે ભારતીય જનતા પક્ષના નવા ચુંટાયેલા ધારાસભ્યોની બેઠક મળશે અને તેમાં નવા મુખ્યમંત્રીની પસંદગી કરવામાં આવશે તથા તા.૨૦ના રોજ (અનુસંધાન ૧૨ મા પાને)

### આજે સાંજે ભાજપ સંસદીય બોર્ડની બેઠકઃ સીએમ નામ નિશ્ચિત થશે

નવી દિલ્હી તા.૧૭

દિલ્હીમાં તા.૧૯ના મળનારી ભાજપના ધારાસભ્યોની બેઠકમાં મુખ્યમંત્રીનું નામ અગાઉથી આપી દેવાશે અને કેન્દ્રીય નિરીક્ષકો તે જાહેર કરશે. આ નામ નિશ્ચિત કરવા આજે સાંજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદ હેઠળ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળશે અને તેમાં મુખ્યમંત્રીપદનો ચહેરો જાહેર કરાશે.

### અમેરિકા નહી સુધરેઃ ફરી હાથકડી–બેડી સાથે ગેરકાનુની વસાહતીઓને વતન પરત કર્યા

## ૩૩ ગુજરાતીઓ સહિત વધુ ૧૧૨ ડિપોર્ટીઓની ત્રીજી ફલાઈટ અમૃતસર પહોંચી

### ૧૯ મહિલાઓ ૧૨ બાળકોનો સમાવેશઃ રાત્રીના ૧૦.૦૩ કલાકે લેન્ડઃ સાંજે બીજી ફલાઈટ આવ્યા બાદ કલાકોમાં જ વધુ એક અમેરિકી લશ્કરી ટ્રાન્સપોર્ટ વિમાન ભારત પહોંચ્યું

**જામનગરના પુજા ધવલભાઈનો પણ સમાવેશ : પ્રથમ વખત સૌરાષ્ટ્રના કોઈ ડિપોર્ટ થયા**

અમૃતસર: અમેરિકામાં ગેરકાનુની રીતે ઘુસીને વસી ગયેલા વિદેશીઓને પરત તેમના દેશ મોકલવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂ કરેલી ઝુંબેશમાં મધરાતે ૩૩ ગુજરાતીઓ સહિત ભારતના વધુ ૧૧૨ નાગરિકો સાથેની અમેરિકી લશ્કરી–ટ્રાન્સપોર્ટ વિમાનની ફલાઈટ અમૃતસર વિમાની મથકે લેન્ડ થઈ હતી અને હવે સુરક્ષા તપાસ બાદ હવે તેઓને તેમના વતન રાજયમાં રવાના કરવામાં આવી રહ્યા છે. હજુ ગઈકાલે સાંજે જ એક ફલાઈટ (અનુસંધાન ૧૨ મા પાને)

**પોલીસ ચકાસણી બાદ તમામને તેમના રાજયોમાં રવાના કરાશેઃ અગાઉની ફલાઈટમાં આવેલા ૮ ગુજરાતીઓને ઘરે પહોંચાડી દેવાયા**

### ‘એરલીફટ’ કરાયા હોય તેમ ડિપોર્ટીઓનું સન્માન

**કેન્દ્રીય મંત્રીએ ડિપોર્ટીઓને આવકાર્યાઃ હરિયાણા સરકારે મોદી–સૈનીની તસવીરો સાથે બેનર લગાવી બસ મોકલી**

નવી દિલ્હી: અમેરિકાથી પરત આવતા ગેરકાનુની રીતે અમેરિકામાં ગયેલા ભારતીયોને લઈ આવતા વિમાનને શા માટે અમૃતસર જ લેન્ડ કરાવવામાં આવે છે તે અંગે પંજાબના મુખ્યમંત્રી શ્રી ભગવંતસિંહ માને રાજયને બદનામ કરવા કેન્દ્ર પ્રયાસ કરી રહ્યું હોવાનો આક્ષેપ કર્યા બાદ ગઈકાલ તો તેમાં વધુ રાજકારણ જોવા મળ્યુ હતુ. પ્રથમ વખત કેન્દ્રીય મંત્રી રવનીતસિંહ બિટ્ટુ એરપોર્ટ પર મોજૂદ હતા અને હરિયાણા સરકારે રાજયની બાવન સિટર એ.સી. બસ તેના નાગરિકોને પરત લેવા મોકલી જેના પર મુખ્યમંત્રી તિર્થયાત્રા (અનુસંધાન ૧૨ મા પાને)

### આગામી શૈક્ષણિક વર્ષથી નો–મોબાઈલ પોલીસી અમલમાં આવશે

# શાળાઓમાં મોબાઈલ ઉપયોગ કરનાર વિદ્યાર્થીને સ્કુલ લીવિંગ સર્ટી. પકડાવી શકાશે

**શાળાઓમાં મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધના નિયમો દાખલ કરનાર ગુજરાત પ્રથમ રાજય બનશેઃ પોલીસી તૈયારઃ થોડા સમયમાં જાહેરાત**



**વાલીઓને પણ ઈન્ટરનેટ વગરના મોબાઈલ તેમના સંતાનોને આપવા ખાસ જણાવાશેઃ શિક્ષકો તથા બિન શૈક્ષણિક શાળા કર્મચારીઓ માટે પણ નિયંત્રણ આવશે**

રાજકોટ: ગુજરાતમાં નાના કિશોર–કિશોરીમાંથી લઈને ટીન એજરમાં મોબાઈલના વધતા જતા અવગણ અને માતા–પિતા દ્વારા મોબાઈલના ઉપયોગ પર નિયંત્રણ મુકતા આદેશમાં આત્મહત્યા કે ઘરેથી નાસી જવા સુધીની ઘટનાઓ બાદ રાજય સરકારે શાળાઓમાં નો–મોબાઈલ પોલીસી લાવવા કરેલી તૈયારીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો તથા નોન–ટીચીંગ સ્ટાફ તપાસ માટે સમાન નીતિ લાવવા તૈયારી કરી છે અને આ અંગેનો મુત્સદો રાજય સરકારને સુપ્રત કરી દેવામાં આવ્યો છે. જેના પર હવે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ નિર્ણય લેશે. સૂત્રોના જણાવ્યા મુજબ રાજય સરકાર ફકત નિયમો મેળવવા માટે જ નહી પણ તેનો અમલ પણ પુરી ગંભીરતાથી થાય તે જોવા માંગે છે અને તેમાં શાળા સંચાલકોની પણ જવાબદારી નિશ્ચિત કરવામાં આવશે અને તેથી આ અંગેની માર્ગરિખા ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવશે. હાલમાં જ ૧૪ વર્ષની એક છોકરીને તેના માતાએ મોબાઈલ ફોનનો સતત ઉપયોગ કરવાની ના કહેતા આ છોકરીએ આત્મહત્યા કરી જે કિસ્સાએ મોબાઈલ મેનીયા કઈ રીતે ગયો છે તે દર્શાવે છે અને તેના પરિણામે શિક્ષણ વિભાગ દ્વારા એક બેઠક બોલાવીને ખાસ કરીને શાળાઓમાં મોબાઈલ ઉપયોગ પર નિયંત્રણ મુકવાની તૈયારી છે. શાળામાં મોબાઈલના ઉપયોગ પર પૂર્ણ રીતે પ્રતિબંધ આવશે. કલાસ (અનુસંધાન ૧૨ મા પાને)

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
કાર લોન
ફક્ત %
રૂા. ૪૨ હજારથી વધુનો ચોખ્ખો ફાયદો
કારની કિંમત રૂા. ૧૦ લાખ હોય, ૭ વર્ષની લોન હોય તો અન્ય કરતા...
ઝીરો પ્રિ–કલોઝર – પાર્ટ પેમેન્ટ ચાર્જીસ
ફિક્સ વ્યાજદર
મોર્ગેજની જરૂર નહિ
સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક | PROUDLY CO-OPERATIVE | સહકારથી સમૃદ્ધિ

## જરૂર પડે બ્રિટીશ સેનાને યુક્રેનમાં ઉતારીશઃ ઈંગ્લેન્ડના વડાપ્રધાન સ્ટામેરનો ખોખારો

**અમેરિકાએ યુક્રેનની મદદમાં હાથ પાછા ખેંચી લેતા યુરોપમાં ચિંતા વધીઃ રશિયા યુરોપના દેશો પર પણ હુમલો કરે તેવી શકયતા**

લંડન તા.૧૭

યુક્રેન સાથેના યુદ્ધમાં રશિયા સાથે બારોબાર સમજુતી કરી લેવાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વલણ સામે હવે બ્રિટન પણ નારાજ છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટામેર એ યુક્રેનને એકલુ નહી સમજવાની ચેતવણી આપતા કહ્યું કે જરૂર પડયે હું બ્રિટીશ સેનાને યુક્રેનની મદદ માટે તૈયાર છું. તેઓએ કહ્યું કે આ મુદે તેઓ બહુ જલ્દી અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પને મળશે અને તેમની સાથે વાતચીત કરશે. તેઓએ ઉમેર્યુ કે યુક્રેનની સુરક્ષા એ યુરોપની સુરક્ષા માટે મહત્વની છે અને જરૂર પડયે બ્રિટન તેની સેનાને યુક્રેનની મદદ માટે મોકલશે. અમેરિકાએ હવે યુક્રેનને લશ્કરી મદદ આપવાનો ઈન્કાર કર્યા બાદ બ્રિટને તૈયારી (અનુસંધાન ૧૨ મા પાને)

ફલેટ વેચવાનો છે
મેટોડા ગેઈટ નંબર-3 સામે, રીયલ હાઈટસ 11 મા માળે, 2BHK, ફુલ ફર્નીચર વીથ સેન્ટ્રલ AC
M.98250 25870

હરસ-મસા-ભગંદર-ફિશરની
હવે સૌરાષ્ટ્રમાં પણ USFDA એપ્રુવ્ડ લેસર મશીન દ્વારા સારવાર ઉપલબ્ધ
એપોઈમેન્ટ માટે ફોન : 97128 08524
શ્રી સહજાનંદ એનો કેર હોસ્પિટલ
૨૦૩/૨૦૪, બિજા માળે, ગાયત્રી બિલ્ડીંગ, રજપુતપરા મેઈન રોડ કોર્નર, ભુતખાના ચોક, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ

BEST CORPORATE HOTEL IN RAJKOT
RPJ HOTEL
0281-6167777



**પરિચય**



- ★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
- ★ પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ.
- ★ વાસ્તુ : પાવર ઓફ ડાઇરેક્શન એક્સપર્ટ.
- ★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
- ★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
- ★ માઇન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
- ★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
- ★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
- ★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

## અઠવાડિક રાશિ ભવિષ્ય

**૧૭/૦૨/૨૦૨૫થી ૨૩/૦૨/૨૦૨૫**

**સનતકુમાર વી. પોપટ : (પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ,સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર) (મો.) ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦ / ૯**

ૐ સોમવાર થી રવિવાર ૐ

### મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનનો અધિપતિ ચંદ્ર છઠ્ઠા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. અહી ચંદ્ર કેતુ ગ્રહણ યોગ રચાય રહ્યો છે. જમીન-મકાન મિલકતને લગતા કોઈ પણ કાર્યો પુરા કરવામાં વધુ પડતી ઉતાવળ કરવી નહીં.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્ર તુલા રાશિ પરથી પસાર થશે.સામાજિક તેમજ જાહેર જીવનમાં બોલવા-ચાલવામાં સંયમ રાખવો. દાંપત્યજીવનમાં ઘર્ષણ નિવારવો.સપ્તાહના મધ્યભાગમાં ચોથા સ્થાનનો સ્વામી ચંદ્ર આઠમા સ્થાન પરથી નીચસ્થ ભ્રમણ કરશે.અહી ચંદ્ર કુંભના શનિની દ્રષ્ટિથી પીડિત બનશે.વિલ-વારસાના પ્રશ્નોમાં સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ ગણાય.આકસ્મિક બનાવોથી સાવચેતી રાખવી. ડ્રાઇવિંગ સલામતી પૂર્વક કરવું. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણ નવમા સ્થાન પરથી થશે. અહીં ચંદ્ર પર લગ્નેશ મંગળની દ્રષ્ટિકાર્યક્ષેત્રમાં ધાર્યા મુજબનો લાભ અપાવી શકે.વિકાસ પ્રગતિ માટે નવી તક પ્રાપ્ત કરી શકો. ઇચ્છિત પરિણામની પ્રાપ્તિ માટે પરફેક્ટ આયોજન મુજબ કાર્ય કરવા.

### મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં પરિવાર સ્થાનનો સ્વામી ચંદ્ર ચોથા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે.અહી ચંદ્ર કેતુ ગ્રહણ યોગ રચાય રહ્યો છે.પરિવારમાં સંપ તથા એકતાનો માહોલ જાળવી રાખવા પ્રયત્નશીલ રહેવું પડે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું ભ્રમણ તુલા રાશિ પરથી થશે. પ્રિયપાત્ર સાથે ગેરસમજ ન થાય તે રીતે સ્પષ્ટતાપૂર્વકના વ્યવહારો રાખવા.દાંપત્યજીવનમાં લેટ-ગો પ્રકારનું વલણ અપનાવવું.વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર આપની કુંડળીમાં છઠ્ઠા સ્થાન પરથી પસાર થશે. મોસાળ પક્ષ સાથે મિલન મુલાકાતનું આયોજન ગોઠવાઇ શકે.આહારમાં પરેજી દ્વારા સ્વાસ્થ્યમાં સુધારો લાવી શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણ સાતમાસ્થાન પરથી થશે. અહી લાભેશ મંગળપ્રથમ સ્થાનમાં રહીને ધનેશ પર બળવાન દ્રષ્ટ કરશે.જે નવીન લાભદાયક તકો અપાવી શકે. સર્વિસમાં પ્રમોશન કે મહેનતાણું વધારો પામી શકો.અવિવાહિતોને યોગ્ય પસંદગીનો અવસર સાંપડી શકે.

### સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર બીજા ધનસ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. અહીં ધન સ્થાન તથા વ્યય સ્થાનનું કોમ્બિનેશન આવક તથા જાવક બેલેન્સ કરવામાં કસોટી કરી શકે છે. જરૂરિયાત મુજબના નાણાંની વ્યવસ્થા કરવા માટે અનામત ભંડોળ તરફ દ્રષ્ટિ કરવી પડે. તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર ત્રીજા સ્થાન પરથી પસાર થશે. કોઈપણ જગ્યાએ સહી કરતા પૂર્વે કાળજી રાખવી અનિવાર્ય બનશે.વધુ પડતાં મોટા સાહસો ખેડવાથી દૂર રહેવું. વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર ચતુર્થ સ્થાનમાં નીચસ્થ ભ્રમણ કરશે. અહીં મિલકતને લગતા કાર્યો સમજપૂર્વક કરવા. વતનની મુલાકાતનું આયોજન ગોઠવી શકાય.સપ્તાહના અંત ભાગમાં બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર યોગકારક મંગળની બળવાન દ્રષ્ટિમાં રહીને પસાર થશે.પુરુષાર્થનું ફળ પ્રાપ્ત થતું જણાય. જો કે કોઈપણ પ્રકારની લોભ કે લાલચમાં આવીને ઉતાવળિયા વ્યવહારકરવા નહીં.

### તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં કર્મ સ્થાનનો અધિપતિ ચંદ્ર બારમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. સાથે ચંદ્ર કેતુ ગ્રહણ યોગ પણ રચાય રહ્યો છે.કર્મક્ષેત્રે કરેલા કાર્યોનો કે પુરુષાર્થની યોગ્ય ક્રેડિટ મળતી જણાય નહીં. આવા સમયે ફળ પર ધ્યાન કેન્દ્રિત કરવા કરતા પુરુષાર્થ જ લક્ષમાં રાખવું.અજાણ્યા વ્યક્તિઓ પર વધુ પડતો વિશ્વાસ રાખવાથી નુકસાન વેઠવું પડી શકે છે.સપ્તાહના મધ્યભાગમાંચંદ્ર આપની રાશિ તુલા પરથી પસાર થશે. વાણી-વર્તન તથા વ્યવહારમાં શાલીનતા તથા સૌમ્યતા લાવવી જરૂરી બનશે. અન્યથા જાહેરજીવનમાં સંબંધોને નુકસાન પહોંચી શકશે. વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર ધન સ્થાનમાં ભ્રમણ કરશે.ચંદ્ર પર શનિની શત્રુ દ્રષ્ટિ નાણાંકીયવ્યવહારો તથા નાણાનું રોકાણ ખૂબ જ સમજપૂર્વક કરવાનું સૂચવે છે.સપ્તાહના અંત ભાગમાં ચંદ્ર ભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશે.ધનેશ મંગળની દ્રષ્ટિ ચંદ્ર પર હોવાથી મુસાફરી-યાત્રા ફળદાયી નિવડી શકે.

### ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાનનો અધિપતિ ચંદ્ર દશમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે.અહી ચંદ્ર કેતુ ગ્રહણ યોગ રચાય રહ્યો છે.પરિવાર તથા કુટુંબમાં કોઈ વડીલ વ્યક્તિની સ્વાસ્થ્ય બાબત દોડધામ કે ખર્ચો ઉદભવી શકે.ચોથે દ્રષ્ટિ કરતો ચંદ્ર માનસિક સંતુલન જાળવવા માટે ખાસ પ્રયત્નની આવશ્યકતા સૂચવે છે.તુલા રાશિ પરથી પસાર થનારું ચંદ્ર ભ્રમણ લાભ સ્થાન પરથી પસાર થશે. મિત્રો સાથેના વ્યવહારો સમજપૂર્વક કરવા. વિચાર્યા વગર કરેલું કોઈ કાર્ય મિત્રતાના સંબંધોમાં કડવાશ ન ઉત્પન્ન કરે તે ખાસ નજર સમક્ષ રાખવું. વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર બારમા સ્થાનમાં નીચસ્થ બનીને ભ્રમણ કરશે.અન્ય કોઈ વ્યક્તિને મદદ કરવા જતા આર્થિક રીતે થોડો ઘસારો ભોગવવો પડી શકે છે. સપ્તાહના અંત ભાગમાં પ્રથમ સ્થાનનો ચંદ્ર પંચમેશ મંગળની દ્રષ્ટિમાં હોવાથી વ્યવહાર કુશળતામાં વધારો રહે. વ્યક્તિત્વમાં પ્રભાવશાળી પણું લાવી શકો.

### કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનનો અધિપતિ ચંદ્ર આઠમા સ્થાનમાં ભ્રમણ કરી રહ્યો છે. અહીં ચંદ્ર વિપરિત રાજયોગ રચી રહ્યો છે. તેથી ઉત્તમ ગોચર યોગ દ્વારા હરીફો તથા પ્રતિસ્પર્ધીઓથી વિજય પ્રાપ્ત કરી શકાય. આર્થિક બાબતો અંગે લાભદાયક પરિસ્થિતિ નિર્માણ થઈ શકે. અહી ચંદ્ર કેતુ ગ્રહણ યોગ રચાય રહ્યો છે.વાહનો-પશુઓથી યોગ્ય અંતર જાળવવું ઇચ્છનીય ગણાય. તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર નવમા સ્થાન પરથી પસાર થશે. રોજિંદા પરિશ્રમ કરતાં કંઈક વિશેષ પરિશ્રમ તથા નવીટેકનિકની કાર્યશૈલી અપનાવવી આવશ્યક બને.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું ભ્રમણ દશમા સ્થાન પરથી થશે. અહીં નીચનો ચંદ્ર મનનો ભાર વધારી શકે છે. સપ્તાહના અંતભાગમાં ચંદ્ર આગિયારમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. મંગળની બળવાન દ્રષ્ટિ ચંદ્ર પર હોવાથી ધાર્યા કરતાં વધુ વળતર મેળવી શકાય. મિત્રો દ્વારા યોગ્ય સહકાર મેળવી શકો.ધંધા-વ્યવસાયમાં યશ તથા પ્રતિષ્ઠામાં વધારો રહે.

### વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર પાંચમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે.અહી ચંદ્ર કેતુ ગ્રહણ યોગ રચાય રહ્યો છે.વિદ્યાભ્યાસમાં બેદરકાર બનવું નહીં. સંતાનોની કોઈપણ સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત કરવા માટે અન્ય વ્યકિતનું સહાય કે માર્ગદર્શન પ્રાપ્ત કરી શકો.શેરબજારમાં બ્લોક થઈ ગયેલા નાણાં કે અન્ય કોઇ જગ્યાએ રોકાયેલા નાણાં ઉચિત વળતર સાથે પ્રાપ્ત કરી શકો.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્ર છઠ્ઠા સ્થાન પરથી પસાર થશે. હરિફો-પ્રતિસ્પર્ધીઓથી સાવચેતી કેળવવી. વૃશ્ચિક રાશિ પરથી પસાર થનાર ચંદ્ર આપની કુંડળીમાં સાતમા સ્થાન પરથી પસાર થશે.ભાગીદારો સાથે મળીને કોઈ નવી યોજના ઉપર કાર્ય કરી શકો.ધીરજ પૂર્વક આગળ વધવું. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણ મંગળની બળવાન દ્રષ્ટિમાં રહીને થશે. આકસ્મિક લાભપ્રાપ્તિ થઈ શકે. જો કે અહી પ્રસંગો કે અન્ય જવાબદારીઓને લીધે વધુ પડતાં દોડધામ કે ઉજાગરા ત્યજવા જરૂરી બનશે.

### કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્ર ત્રીજા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે.શરીરમાં સ્ફૂર્તિ તથા ઉત્સાહનો સંચાર થઈ શકે. સ્ટેમિના વધતો જણાય. થાક્યા વગર કાર્યરત રહી શકાય. તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર વ્યર્થ મનોભાર ઉત્પન્ન કરવી શકે.માનસિક હળવાશ માટે પોઝિટિવ વિચારસરણી તથા પરફેક્ટ કાર્ય આયોજન અપનાવવું.બિનજરૂરી નકારાત્મક વિચારોને તિલાંજલિ આપવી. અહી મોસાળ પક્ષ સાથે સંબંધો જળવાઈ રહે તે માટેના પ્રયત્નો ઇચ્છનીય બનશે. વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર આપની કુંડળીમાં પાંચમાં સ્થાન પરથી પસાર થશે. અહીં નીચના ચંદ્ર પર શનિની શત્રુ દ્રષ્ટિ સ્થિત છે. જે સંતાનો અંગેની કોઇ સમસ્યાનો સામનો કરવાનું સૂચવે છે. પેટના દર્દો ધરાવનાર જાતકોએ સ્વાસ્થ્ય વિષયક વિશેષ ધ્યાન આપવું. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણ છઠ્ઠા સ્થાન પરથી થશે.ખાનપાનમાં પરેજી દ્વારા થોડો સમય પ્રાયોરિટી લિસ્ટમાં સ્વાસ્થ્યને પ્રથમ સ્થાન આપવું.

### કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં લાભ સ્થાનનો સ્વામી ચંદ્ર દેહભુવનપરથી પસાર થઈ રહ્યો છે.વ્યકિતત્વનો વિકાસ થઈ શકે. કોઈપણ કાર્યની પૂર્તિમાં યોગ્ય એગ્રેસીવનેસ લાવી શકો. વિચાર મંથન દ્વારા કાર્યક્ષેત્રના વિકાસ માટે યોગ્ય પગલાઓ ભરી શકાય.તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર પરિવાર સ્થાન પરથી પસાર થશે.પરિવારના સભ્યો સાથે વિવાદ નિવારવો. કોઈ નાની ઘટના દ્વારા પરિવારના સભ્યો સાથે મનદુ:ખ ઉત્પન્ન થઈ શકવાની શક્યતા નકારી શકાતી નથી. વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર ત્રીજા સ્થાનમાં નીચસ્થ ભ્રમણ કરશે. લેખન તથા એગ્રીમેન્ટમાં જરૂરી કાળજી રાખવી. અહીં ચંદ્ર પર શનિની શત્રુ દ્રષ્ટિ ભાઇભાંડુઓ સાથે સહકારની ભાવનાથી વર્તવાનું સૂચવે છે.સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણ ચોથા સ્થાન પરથી થશે.મંગળની દ્રષ્ટિ ચંદ્ર પર હોવાથી મનમાં ઉમંગ ઉત્સાહનો સંચાર થઈ શકે. મનોભાર હળવો બને.મિલકત વિષયક કાર્યોનો ઉકેલ મેળવી શકો.

### વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ભાગ્ય સ્થાનનો સ્વામી ચંદ્ર લાભ સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. ભાગ્ય ઉન્નતિ ક્ષેત્રે કોઈ નવીન તક પ્રાપ્ત થતી જણાય. શેરબજાર કે અન્ય કોઇ જગ્યાએ બ્લોક થઈ ગયેલાં નાણાં છુટા પડતા લિક્વિડિટીનું પ્રમાણ વધી શકે. તુલા રાશિ પરથી પસાર થનારો ચંદ્ર બારમા સ્થાન પરથી પસાર થશે. ધાર્મિક તથા પરોપકારકાર્યમાં ખર્ચ કરી શકો.અન્યના ઝગડાઓ, વિવાદોથી દૂર રહેવું.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું ભ્રમણ વૃશ્ચિક રાશિ પરથી થશે. ચંદ્ર પર શનિની શત્રુ દ્રષ્ટિ હોવાથી બિનજરૂરી વિચારો સતાવી શકે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણવાણીસ્થાન પરથી થશે.અહી રાશિપતિ મંગળની દ્રષ્ટિ ચંદ્ર પર હોવાથીવાક્ચાતુર્યમાં વધારો રહે. વ્યક્તિત્વનો વિકાસ થતો જણાય. પરિવારમાં શાંતિનું વાતાવરણ જાળવી રાખવા માટે નાની નાની બાબતોમાં જતું કરવાનું શીખવું.યોગ્ય કોમ્યુનિકેશન સ્કિલના ઉપયોગ દ્વારા ઇચ્છિત કાર્ય પાર પાડી શકાય.

### મકર રાશિ (ખ, જ)

મકર રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર નવમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે. વ્યવસાયના સ્થળે અથવા તો કાર્યસ્થળે આપને પ્રગતિ તથા પ્રમોશન માટે સાનુકૂળ વાતાવરણ પ્રાપ્ત થતું જણાય. આપના પુરુષાર્થની કદર તથા નોંધ લેવામાં આવે. જોકે તુલા રાશિ પરથી ચંદ્રના ભ્રમણ દરમિયાન મનને થોડું શાંત તથા તણાવ રહિત રાખશો તો સફળતાની માત્રામાં વધારો કરી શકશો.ધાર્મિક તથા આધ્યાત્મિક બાબતોમાં રસ રુચિ કેળવાતી જણાય.

સપ્તાહના મધ્યભાગમાં વૃશ્ચિક રાશિ પરથી પસાર થનારો ચંદ્ર અગિયારમા સ્થાનમાં નીચત્વ ધારણ કરશે. અહી ચંદ્ર પર શનિની શત્રુ દ્રષ્ટિ છે. નાણાકીય હિસાબોમા ચોખ્ખા રહેવું. સરકારી કરવેરા તેમજ માહિતી અપડેટ રાખવી. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણ બારમેચતુર્થેશ-લાભેશ મંગળની બળવાન દ્રષ્ટિમાં રહીને થશે. ધ્યાન, સાધના, પરોપકાર વૃતિ વિકસતી જણાય. મુસાફરીથી લાભ રહે. ધાર્મિક સ્થળની મુલાકાત શક્ય બને.

### મીન રાશિ (દ, ચ)

મીન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં પાંચમા સ્થાનનો અધિપતિ ચંદ્ર સાતમા સ્થાન પરથી પસાર થઇ રહ્યો છે.અહી પાંચમાંતથા સાતમાં સ્થાનના અધિપતિઓનું કોમ્બિનેશન શુભ પુરવાર થઈ શકે. અવિવાહિત વ્યકિતઓ માટે યોગ્ય પસંદગીની તક પ્રાપ્ત થતી જણાય.ચંદ્ર ભ્રમણ તુલા રાશિમાં આઠમા સ્થાન પરથી થશે. અણહક્કનો લાભ પ્રાપ્ત કરવાના પ્રયત્નોથી દૂર રહેવું.આ સમય દરમિયાન મિલકત તથા પ્રતિષ્ઠા જ્યાં જોડાયેલી છે. તેવા કોઈપણ કાર્યમાં ખૂબ જ સાવચેતી પૂર્વક વર્તવું. વડીલ વર્ગ તથા પિતાનો યથા ઉચિત આદર, માન-સન્માન તથા સ્વાસ્થ્યની કાળજી રાખવી.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્ર વૃશ્ચિક રાશિપરથી પસાર થશે. અહીંચંદ્ર પર શનિની શત્રુ દ્રષ્ટિ સ્થિત છે. ધાર્મિક બાબતો-માનતા વગેરેમાં બેદરકારી-આળસ ન દાખવવી. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણકર્મ સ્થાન પરથી થશે. ધનેશ-ભાગ્યેશ મંગળની બળવાન દ્રષ્ટિ ચંદ્ર પર હોવાથી ઈમેજ તથા પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે તેવું કાર્ય કરી શકો.

* * *

## સુવિચાર

**ઘણીવાર હસવાથી દર્દ ભુલાઇ જાય છે, પણ અમુક દર્દ એવા હોય છે કે હસવાનું ભુલાઇ જાય છે.**

# ચિંતા ભય વગરની પરીક્ષાઓ

ઈતિહાસની એ વાતથી વિદ્યાર્થીઓ અજાણ હશે પરંતુ સતયુગની દૈવી દુનિયામાં પણ એજ્યુકેશન તો હતુ જ. દૈવી બાળકો પણ અભ્યાસ કરતા પરંતુ વિષય(સબ્જેક્ટ) ક્યા હોવા જોઈએ? ચિત્રકામ, નૃત્ય, કલા-કારીગરી, ગીત-ગાયન, સંગીત જેવા અને તે પણ બધા શીખી લેતા હશે? ના. કોઈ પણ વિષય કોઈને શીખતા ૧૦ દિવસ લાગે તો કોઈને ૧૦૦ દિવસ લાગે. આથી પરિક્ષા પહેલા આપણને ક્યાં વિષયનો વધુ ડર લાગે? જેને શીખવામાં વાર લાગતી હોય. પરંતુ યાદ રાખીએ પરીક્ષાઓ યાદ રાખવાની હરિફાઈ માટે નથી કે ગોખી લીધુ અને પાસ થઈ ગયા. પરંતુ પરીક્ષા માત્ર તમારા સબ્જેક્ટમાં રૂચી અને ક્ષમતાને ચેક કરવા માટે હોય છે. અને તે ક્ષમતા દરેક માટે અલગ અલગ હોય છે. પરંતુ લક્ષ હંમેશા ઉચું રાખવાથી આપણી ક્ષમતા કે આવડત સુધી પહોચી શકાય છે અને જીવનમાં સદા સફળતા હાંસિલ કરી શકાય છે. કહેવાય પણ છે કે -હોસલા અગર બુલંદ હૈ તો મંજિલ તક પહોચને મેં કોઈ મુશ્કિલી હો નહી શક્તી.

રોજ સવારે કે દિવસ દરમ્યાન વાંચવા બેસો ત્યારે સ્વયંના મન અને બુધ્ધિને રીચાર્જ કરો. તે કેવી રીતે થઈ શક્શે? તે માટે આ નીચેની બાબતો સ્વયં માટે ધ્યાનમાં લો-

- સ્વયંમા આત્મ વિશ્વાસ ભરીએ. સ્વયં સ્વયંને પેંક્સ, પરમાત્માને અને મનોમન સર્વને પેંક્સ કરીએ.
- તે માટે સૌ પ્રથમ તો પોતાને અન્ય બધી વાતોથી દૂર કરો જે આપની એકાગ્રતા તોડે છે ઘરમાં કોઈ એકાંત હોય તે સ્થાને વાંચન કરવા બેસવાની ટેવ પાડો. ઓછું પરંતુ પુરતુ ભોજન લો અને તમે વાચો છે તે સ્થાન સાફ રાખો છો ને? તેવી રીતે આપણા મનને પણ સર્વ ડિસ્ટર્બ કરનાર વાતોથી, ચીજોથી અને ડર કે ભય ફેલાવે તેવી વાતો, અને અશાંત કરે તેવા ગીતોથી, ન્યુઝથી દૂર કરો જેથી મન તેના પ્રભાવથી બચે.
- તમારા કોઈ મિત્રને પરીક્ષાને લઈને કોઈ ભય હોય તો તેમને પણ આત્મવિશ્વાસ અપાવો. એ વાત ખાસ યાદ રહે કે- ડર જેવું કાંઈ હોતુ જ નથી. ડર જે હજુ બન્યુ જ નથી તેનો લાગતો હોય છે. આ ડર કાલ્પનિક છે. આપણે કલ્પના કરી કરીને સ્વયંમાં ડર ભરી દઈએ છીએ. આવા વિચાર કરો જ નહી. ભગવાન કહે છે પરિક્ષાનો ડર એક પેપર ટાઈગર છે. જે ડરાવશે, પણ આપણું કશુ બગાડી ન શકે. તો પછી પેપરના ટાઈગરથી ડર શેનો!
- આથી ડર કે ટેંશનને દૂર કરવા રોજ અનેકવાર વાંચવા બેસો ત્યારે વચ્ચે વચ્ચે મેડિટેશન કરો અને શાંતિનો અનુભવ કરો. ઈશ્વરને પોતાના સાથી બનાવી દો. તેમને તમારી વાત મનોમન શેર કરો. મનને તમારો મિત્ર બનાવી તેની સાથે વાતો કરો. મહેનત કરો છો છતાંયે ભુલાય જાય છે કારણ કે મનમાં ડર છે. અને તેથી જ ભૂલો પણ કરો જ છો. આથી ડરને કરો બાય બાય!
- હમણા પરીક્ષાઓ છે તો તેમાં ધ્યાન આપીએ. અને પરિક્ષાઓ પુરી થશે તો પછી રમવામાં ધ્યાન અપાશે. આથી ઉદાસ ન થઈએ. ખુશ રહીએ અને ખુશી આપતા વાતાવરણમાં રહીએ, તેવા ઉમંગોભર્યા ગીતો સાંભળીએ.
- આમ જો મનમાં પરીક્ષાના દિવસોમાં તમારા અભ્યાસ સિવાયની કોઈ વાત નહી હોય મન એકાગ્ર જરૂર થશે. યાદ રાખો સફળતા નિશ્ચિત છે જ કારણ કે સફળતા દરેકનો જન્મ સિધ્ધ અધિકાર છે

**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

- આપણે સ્વયંને એક ચૈતન્ય શક્તિ, એનર્જી સમજીએ. મન-બુધ્ધિના માલિક સમજીએ. મનમાં એ વિશ્વાસ બેસાડો કે મારું જે અત્યારે વિદ્યાર્થી જીવનનું કર્તવ્ય અભ્યાસ પર પુરતુ ધ્યાન આપવાનું છે તે કાર્ય પુર્ણ કરવાનું છે તો પુરા નિશ્ચય અને ખંત, લગનથી વાંચન, પ્રેક્ટિસ કરવા લાગી જઈએ. પરંતુ વચ્ચે વચ્ચે એકાદ કલાકે એમ ૨-૫ મિનિટનો બ્રેક લઈએ. તે વખતે માત્ર તે રૂમમાં જ રહી હરી-ફરીએ અને ફરી નવા માઈન્ડથી પ્રેક્ટિસ કરવા લાગી જઈએ.

. રોજ દિવસમાં વારંવાર આ સંકલ્પો મનને આપો કે -

૧. હું આત્મ વિશ્વાસથી ભરપૂર છુ
૨. આજનો દિવસ ખુબ જ સારો છે
૩. સ્વયં પરમાત્મા, ભગવાન મારી સાથે છે
૪. મને ભણવુ ગમે છે કારણ કે તે મારું જીવન સુનિશ્ચિત કરે છે મારા લક્ષ સુધી પહોચાડે છે
૫. મને બધા જ વિષયોમાં રસ છે
૬. હું એકાગ્ર ચિત છું
૭. સફળતા મારો જન્મસિધ્ધ અધિકાર છે

સમજ્યા! તો સર્વ પરમાત્માના બાળકો નિર્ભય બની બધા પેપરો ભરીએ અને અત્યારે સ્વયંને એક્દમ ખુશ રાખીએ અને કોઈપણ ભવિષ્યની ચિંતા વગર, વર્તમાનની પરીક્ષાઓને ચીવટથી(ધ્યાનપૂર્વક) પ્રેક્ટિસ કરવા લાગી જઈએ. આપ સર્વ પરીક્ષાઓને પાસ કરો તેવી દિલથી શુભેચ્છાઓ, બેસ્ટ ઓફ લક.

# બ્રિટિશ ફાર્મા કંપની એસ્ટ્રાઝેનેકાની કેન્સર દવા Enhertu નું ગત વર્ષમાં રૂ.૫૮ કરોડનું વેચાણ

## એક વર્ષમાં ૩,૧૦૦ થી વધુ નવી બ્રાન્ડની દવાઓ બજારમાં પ્રવેશી:વેચાણ કુલ રૂ.૧,૦૯૭ કરોડ

નવી દિલ્હી, તા.૧૭

બ્રિટિશ ફાર્મા કંપની એસ્ટ્રાઝેનેકાની કેન્સર દવા Enhertu વર્ષ ૨૦૨૪ માં સૌથી વધુ વેચાતી નવી દવા હતી. વર્ષ ૨૦૨૪ માં સૌથી વધુ વેચાતી નવી દવા હતી. આ દવા લોન્ચ થયાના પહેલા વર્ષમાં તેનું વેચાણ લગભગ ૫૮ કરોડ રૂપિયા હતું. કેન્સરની દવાનું સૌથી વધુ વેચાણ દેશમાં આ રોગના વધતા જતા કેસોને પણ પ્રતિબિંબિત કરે છે.

IQVIA ના તાજેતરના ડેટા દર્શાવે છે કે, એક વર્ષમાં ૩,૧૦૦ થી વધુ નવી બ્રાન્ડની દવાઓ બજારમાં પ્રવેશી છે. આ બધાએ મળીને રૂ. ૧,૦૯૭ કરોડનું વેચાણ કર્યું. ગયા વર્ષે, મોટાભાગની દવાઓ હૃદય રોગ, ડાયાબિટીસ અને વિટામિન અને ખનિજોની શ્રેણીમાં લોન્ચ કરવામાં આવી હતી. આ પણ દર્શાવે છે કે દેશમાં ક્યાં રોગો સૌથી વધુ પ્રચલિત છે. એસ્ટ્રાઝેનેકાના Enhertu (ટ્રાસ્ટુઝુમાબ ડેરક્સટેકન) પછી, દેશની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપની સન ફાર્મા આવે છે. કંપનીએ ૧૮ નવી બ્રાન્ડ્સ સાથે રૂ.૫૦ કરોડનું વેચાણ હાંસલ કર્યું. ડો. રેડ્ડીઝે ૫૧ બ્રાન્ડ્સ સાથે ૪૫ કરોડ રૂપિયાનું વેચાણ નોંધાવ્યું છે.



છેલ્લા ૧૨ મહિનામાં લોન્ચ થયેલી બ્રાન્ડ્સમાં, પેટની બીમારીની દવાઓએ સૌથી વધુ આવક મેળવી છે. ૩૯૪ બ્રાન્ડ્સમાંથી ૧૬૭ કરોડ રૂપિયાનું વેચાણ થયું. આ પછી કેન્સરની સારવારમાં વપરાતી દવાઓનો નંબર આવે છે. ૯૪ બ્રાન્ડ્સમાંથી ૧૫૦ કરોડ રૂપિયાનું વેચાણ થયું. ૫૦૫ બ્રાન્ડ્સમાંથી વિટામિન્સ અને મિનરલ્સે ૧૨૬ કરોડ રૂપિયાનું વેચાણ કર્યું.

સમગ્ર ફાર્માસ્યુટિકલ બજારમાં સૌથી વધુ વેચાતી બ્રાન્ડ એન્ટિબાયોટિક ઓગમેન્ટિન અથવા ડાયાબિટીસની દવા મિક્સટાર્ડ હતી. તેમનું માસિક વેચાણ લગભગ ૭૫-૮૦ કરોડ રૂપિયા હતું. દેશનું દવા બજાર ૨.૨ લાખ કરોડ રૂપિયાથી વધુનું છે. ૮% થી થોડો વધારે વધારો થયો છે. જાન્યુઆરીમાં દવાના ભાવમાં વધારાને કારણે ૫% થી વધુનો વધારો થયો. નવા ઉત્પાદનોની રજૂઆતથી ૨.૬% નો વિકાસ થયો અને વેચાણના જથ્થામાં ૦.૯% નો વધારો થયો. GSK ની Augmentin દવા ૮૩૦ કરોડ રૂપિયાની આવક સાથે નંબર ૧ બ્રાન્ડ રહી. છેલ્લા ૧૨ મહિનામાં તેમાં ૯.૩%નો વધારો થયો છે.

## આજનું ચિંતન

### સાવધાની

- માન અને કીર્તિના મોહથી મહાપુરૂષની પણ પડતી થાય.
- મોટા મકાન ભલે કરીએ પણ તેથી ઘર ચાલે નહિ, તેમાં રહેનારાએ ઘર ચલાવવા મન મોટા કરવા પડે.
- વિદ્યાભ્યાસ, ખેતીની ઋતુ, ચૂલે ચડેલુ ઘી અને યૌવનની જાળવણીમાં આળ સ ન કરવી.
- લાવ્યા વિના ગુણોય આવતા નથી અને કાઢયા વિના દોષોય જતા નથી.
- સારા થવું એ ચારિત્ર્ય છે અને સારા દેખાવું એ ચતુરાઈ છે.
- સંયમ અને ત્યાગને માર્ગે જ આનંદ અને શાંતિ સુધી પહોંચી શકાય છે.
- જોખમ અને જખમ દરેક કામમાં છે પણ કશું જ નહિ કરવામાં મોટું જોખમ છે.
- મંદિર બહારથી સ્વચ્છ ને અંદરથી પવિત્ર હોવું જોઈએ.
- ભૂલ તો સૌ કોઈથી થઈ જાય પણ ભૂલ થયા પછીનો ખટકો મૂલ્યવાન છે.
- માનવ પકકડ, ચિંતા, અતિ ભોજનથી દૂર રહે તો કયારેય બીમાર પડે નહીં.
- માણસ કેવો છે એ જોવું હોય તો તેને સતા ઉપર બેસાડો.
- ચાવ્યા વિનાનું અન્ન અને આચરણમાં ઉતાર્યા વિનાનું જ્ઞાન, શરીર અને મનમાં અજીર્ણનો રોગ પેદા કરે છે.
- માયાનું બળ, કુદરતની ગતિ અને અધમ માનવીનું હૃદય જાણી શકાતું નથી.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
મહા વદ-૬, તા.૧૮/૨/૨૫, મંગળવાર

સૂર્યોદય : ૭-૧૮, સૂર્યાસ્ત : ૬-૪૩, જૈન નવકારશી : ૮.૦૬
રાશિ : તુલા (ર.ત.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-કુંભ, મંગળ-મિથુન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-કુંભ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-તુલા (ર.ત)

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** આર્ટ લાઈનનો લગાવ વધે, નોકરીમાં લાભ, મનગમતી જગ્યા મેળવવાના પ્રયત્નો ફળે, અંધશ્રધ્ધાથી દુર રહેજો.
**વૃષભ :** આવકનું પ્રમાણ વધારવાના પ્રયત્નો ફળવાના સાહસિકોએ થોડી સમજદારી કેળવવી, મિત્રો સાથે સુમેળ વધવાનો.
**મિથુન :** કામકાજ ઉપર ધ્યાન આપવું, સમયને સાચવી લેજો, સમાજિક પ્રતિષ્ઠા બાબત સંઘર્ષ રહે, કર્જ કરવાથી દુર રહેજો.
**કર્ક :** રચનાત્મક કાર્યોમાં સફળતા મળ વાની, મહેનતનું ફળ મળવાનું, કાર્યકરો સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય, પ્રવાસમાં લાભ.
**સિંહ :** વ્યવસાયમાં સફળતા મેળવવા તમો ખુબ જ મહેનત કરશો, જેનું ફળ મળવાનું, સંતાનોની પ્રગતિ રહે, ધાર્મિક કાર્ય થાય.
**કન્યા :** તમારે કાર્ય શકિત વધારવી પડશે, રાજકીય વ્યકિતઓએ સંઘર્ષ કરવો પડે, નોકરીમાં ચીવટ રાખવી કર્જ ન કરવું.
**તુલા :** જાહેર સંસ્થામાં કામ કરવાની ઈચ્છા ફળવાની, રાજકીય લાભ મળે, નોકરી પગાર વધારો શકય બને, કર્જમાં રાહત થાય.
**વૃશ્ચિક :** મિત્ર વર્તુળમાં વધારો થવાનો, બિનજરૂરી વાદવિવાદથી દુર રહેજો, લખાણના કાર્યોમાં સાવધાની જરૂરી પ્રવાસ થાય.
**ધન :** અનજાન વ્યકિત સાથે સંબંધ ગાઢ બનાવવામાં કોઈ ઉતાવળ ન કરવી, આવકની સાથે ખર્ચ પણ રહેવાનો.
**મકર :** નિર્ણય શકિત સતેજ રહેશે, આત્મવિશ્વાસ એજ તમારી સફળતા છે, ખર્ચ ઉપર કાબુ રાખવો, ધાર્મિક કાર્ય થાય.
**કુંભ :** દિવસ ઉત્સાહજનક રહેવાનો, સામાજિક કાર્યોમાં સફળતા મળવાની, અનાજ કરીયાણાના વ્યવસાયમાં વિશેષ લાભ રહે.
**મીન :** નોકરીમાં કોઈ પરિવર્તન ન કરવા, અધિકારીઓને સહકાર દેવો, કાનુની પ્રશ્નોથી જાળવજો, મહત્વકાંક્ષાઓથી જાળવવું.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત

**રાધીમ પાસ**

■ માધવી નરેશ શાહ

### આડી ચાવી

૧. પતંગનો દોર શેમાં વિંટેલો હોય ? (૩)
૩. ભાવેણુ (૫)
૫. એક અટક (૪)
૮. પુત્રવધુ (૨)
૯. ગણેશ ગગજીભાઇ ટુંકુ (૨)
૧૦. સમભાવ જેવો શબ્દ (૪)
૧૩. આનંદપ્રમોદ (૨)
૧૪. ધનરાજ નથવાણી કૃત બ્રોડ વે જેવું નાટક (૫)
૧૭. પેન (૩)
૧૮. ગુનેગારને રખાતી અંધારી ઓરડી (૬)
૨૦. છરીનો ઉપલો ઘાવ (૩)
૨૧. પ્લાન (૩)
૨૪. એક અટક (૨)
૨૫. મુંડેલુ માથુ (૨)
૨૮. ..., ...નો અંબાર (૨)
૩૦. વળતો પ્રહાર (૫)
૩૨. રોજે રોજનું કમાનાર (૫)
૩૩. વતન ઉંધુ લખો (૩)

### ઉભી ચાવી

૧. ફરી એજ રાત-હિન્દી ફિલ્મ (૬)
૨. ચુંબન (૨)
૩. બહેનની દિકરી (૨)
૪. કેશ, રોકડ (૩)
૬. લાગ...., ...દાર (૨)
૭. એક પ્રકારનું લાકડુ (૨)
૧૦. ગુનેગારને કડક કરવી જોઇએ (૨)
૧૧. ભ્રમ, ખોટી માન્યતા (૩)
૧૨. હકક (૪)
૧૫. સાંજ સમાચારનું હેડકવાર્ટર-શહેર (૪)
૧૬. વોટર, પાણી (૨)
૧૭. ચણતર કામ કોણ કરે ? (૩)
૧૯. એક પુરૂષ માટેનું વસ્ત્ર (૨)
૨૦. વરસાદથી બચવાનું સાધન (૨)
૨૨. આવશ્યકતા (૪)
૨૩. માપ હિન્દી (૨)
૨૪. ટ્રક (૩)
૨૬. એક ધાતુ (૩)
૨૭. નુકસાન (૨)
૨૯. પેગ (૨)
૩૧. સોળે શાન, વીસે (૨)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફી | ર | વ | હી | દિ | લ | લા | યા | હું | | જ | | ક | સ | મ |
| ર | | ફ | | લ | | | દ | | કા | ન | | | ગ | દા |
| તે | જ | | જ | | એ | | ગા | જ | ર | ની | પી | પૂ | ડી | |
| રી | | હ | જ | | ત | | ર | | સો | | | | | |
| ક | મ | ર | | તા | રા | જી | | યા | | હ | મ | સ | ફ | ર |
| હા | | હ | મ | રા | ઝ | | અ | ક | ર | મ | | | ર | જા |
| ની | સ | ર | ણી | | | ના | ના | | | આ | પ | ક | મા | ઈ |
| યા | | | મં | જી | રા | | પ | રિ | તા | પ | | દ | ન | |
| દ | ર | | દિ | | | ય | | | | ક | ર | મ | | ભ |
| આ | જ | ફિ | ર | જી | ને | કી | ત | મ | ન્ના | હૈ | | પો | | રા |
| ચી | | ભી | | વ | ત | ન | | નો | | કો | | શી | ખં | ડ |
| | પા | સ્તા | | | ર | | સા | જ | | ન | વ | | ડ | |
| | ટી | ન | એ | જ | | ર | ઘુ | કુ | ળ | | ન | | ગ્રા | મ |
| દા | દા | | વ | | કા | | | મા | | હ | વા | | સ | જા |
| વ | ર | દા | ન | | કા | ર | ભા | ર | | વા | સ | ણ | | ક |

कला यस्मिन् प्रतिष्ठिता
इन्दिरा गाँधी राष्ट्रीय कला केन्द्र
INDIRA GANDHI NATIONAL CENTRE FOR THE ARTS

सत्यमेव जयते
ગુજરાત સરકાર

Gujarat Tourism

# સોમનાથ મહોત્સવ
## કલા દ્વારા આરાધના





# કલા અને સંસ્કૃતિ દ્વારા
# આરાધનાનો અલૌકિક ઉત્સવ

શ્રી સોમનાથ મંદિર, ભારતના પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે વિશ્વભરમાં જાણીતું છે. મહાશિવરાત્રીના પાવન અવસર પર અહીં દેશ વિદેશમાંથી શ્રદ્ધાળુઓ આવતા હોય છે. આ વર્ષે શિવરાત્રીના મહાપર્વ પર શ્રદ્ધાળુઓ માટે કલા સાથે આરાધનાના ઉદ્દેશ્યથી તા.24 થી 26 ફેબ્રુઆરી, 2025 દરમિયાન શાસ્ત્રીય સંગીત અને નૃત્ય કલાના ત્રિ-દિવસીય “સોમનાથ મહોત્સવ”નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



## ત્રિ-દિવસીય મહોત્સવની રૂપરેખા

### દિવસ 01 | 24મી ફેબ્રુઆરી

- ડૉ. સોનલ માનસિંહ (પદ્મ વિભૂષણ) દ્વારા ‘નાટ્યકથા હર હર મહાદેવ’ની પ્રસ્તુતિ
- કુ. સૂર્યાગાયત્રી દ્વારા શિવ ભજન
- વિદુષી રામા વૈધનાથન દ્વારા ‘નિમગ્ન’ની પ્રસ્તુતિ
- ડ્રમ્સ શિવમણિ અને શ્રી પંડિત રોનુ મઝુમદાર (પદ્મશ્રી) (કીબોર્ડ પર શ્રી અતુલ રાણીંગા)ની જુગલબંધી

### દિવસ 02 | 25મી ફેબ્રુઆરી

- શ્રી રામચંદ્ર પુલાવર (પદ્મશ્રી) દ્વારા શેડો પપેટ્રી શો
- વિદુષી સુધા રઘુરામન દ્વારા શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિ
- શ્રી કુમુદિની લાખિયા (પદ્મ વિભૂષણ) અને કદંબ દ્વારા નૃત્ય પ્રસ્તુતિ
- શ્રી અતુલ પુરોહિત દ્વારા ભજન

### દિવસ 03 | 26મી ફેબ્રુઆરી (શિવરાત્રી)

- બરોડા કેરલા સમાજમ દ્વારા સિંગરી મેલમ તથા નિલેશ પરમાર દ્વારા ગુજરાતી લોકનૃત્યની પ્રસ્તુતિ
- શ્રી યોગેશ ગઢવી દ્વારા ડાયરાની પ્રસ્તુતિ
- શ્રીમતી રાજશ્રી વોરિયર અને ગ્રુપ દ્વારા પ્રસ્તુતિ
- શ્રી મૈસુર મંજુનાથ દ્વારા વાયોલિન પ્રસ્તુતિ
- સ્પર્શ સ્ટુડિયો ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ (શ્રીમતી સુમન સ્વરાગી) દ્વારા 8 શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપો દ્વારા શિવ મહિમાની પ્રસ્તુતિ
- પંડિત વિશ્વમોહન ભટ્ટ (પદ્મ ભૂષણ) તથા પંડિત સલિલ ભટ્ટ દ્વારા ‘ડેઝર્ટ સ્લાઇડ્સ’ની પ્રસ્તુતિ
- પંડિત શશાંક સુબ્રમણ્યમ દ્વારા વાંસળી વાદન
- માઇસ્ટ્રો બિક્રમ ઘોષ દ્વારા “રિધમસ્કેપ”

**આ શિવરાત્રી ઉજવો શિવભૂમિ ગુજરાતમાં**



**સોમનાથ મહાદેવ**
ભારતના બાર જ્યોતિર્લિંગમાં સૌપ્રથમ માનવામાં આવે છે.



**ભવનાથ મહાદેવ**
ગિરનારની તળેટીમાં ભવનાથ રૂપે શિવજી બિરાજે છે.



**હાટકેશ્વર મહાદેવ**
વડનગરમાં સ્થિત હાટકેશ્વર મહાદેવ એક અત્યંત પ્રાચીન અને પૂજનીય મંદિર છે.



**નાગેશ્વર મંદિર**
ભારતના બાર જ્યોતિર્લિંગમાં થી એક અને ગુજરાતમાં સ્થિત બે જ્યોતિર્લિંગ માંથી એક છે.

**સોમનાથ મહોત્સવ** 24 થી 26 ફેબ્રુઆરી, 2025 | સાંજે 7.00 વાગ્યાથી | સમુદ્રદર્શન પથ પાસેનું મેદાન, સોમનાથ મંદિરની પાસે, ગીર સોમનાથ

www.gujarattourism.com | Toll Free number - 1800 203 1111

"વાધમ્-નાદસ્ય યાત્રા" પર વિશેષ પ્રદર્શનનું આયોજન | સોમનાથ પર સેમિનાર: મંદિર, તીર્થ અને પરંપરા | ત્રિવેણી ઘાટ પર સાંજે સંગમ આરતીનું આયોજન | કલાંજલિ: ખ્યાતનામ કલાકારો દ્વારા નાટ્ય- સંગીતના કાર્યક્રમોની પ્રસ્તુતિ




પુનિતનગર વિસ્તારમાં થયેલી ફાયરીંગની ઘટનામાં એસઓજીની ટીમે આરોપીઓને ગુનામાં ઉપયોગ થયેલ પિસ્ટન અને કાર સાથે ઝડપી પાડયા હતો.જે અંગે ડિસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહીલે માહીતી આપી હતી. (તસ્વીરઃ સરફરાજ પઠાણ)

# ઉત્તરાયણ પર મારામારી થઈ અને શરૂ થયું સોશિયલ મીડિયામાં ગેંગ વોર, અંતે ફાયરીંગ કરી જીવ લેવા મરણીયા બન્યા

### શનિવારે વ્હેલી સવારે પુનિતનગર વિસ્તારમાં કુખ્યાત પેંડા ગેંગના સાગરીત પરેશ ગઢવી પર ગોળી ધરબી હત્યાના પ્રયાસના બનાવમાં એસઓજીની ટીમે ગણતરીની કલાકોમાં જંગલેશ્વરની કુખ્યાત ગેંગના ત્રણ શખ્સોને દબોચી લીધાં

### હથિયાર યુપીથી મંગાવનાર પરપ્રાંતીય શખ્સ પણ સકંજામાંઃ ઘવાયેલા પરેશ ગઢવીએ ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપમાં હજું તો ટાંટિયા જ ભાંગ્યા છે આગળ જોવો શું થાય છે કહી ઉશ્કેરતાં જંગલેશ્વરની ગેંગે ગોળી ધરબી દીધી

### સમીર ઉર્ફે મૂરગો સહિતની ગેંગ ઉત્તરપ્રદેશ તરફ ભાગી જાય તે પહેલાં જ રોકડ સાથે પકડી એસીપી ક્રાઈમ ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમે સરભરા કરી

રાજકોટ. તા.૧૭

રાજકોટમાં વાવડી પોલીસ ચોકીની સામે જ વ્હેલી સવારે કુખ્યાત પેંડા ગેંગના સાગરીત પર ગોળી ધરબી હત્યાનો પ્રયાસ કરવામાં આવતાં ચકચાર મચી ગઈ હતી. જે બનાવની ગંભીરતા પારખી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા મેદાનમાં આવ્યાં હતાં અને તમામ પોલીસને કામે લગાડી આરોપીઓને પકડવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમે ગણતરીની કલાકોમાં જ મુખ્ય સૂત્રધાર સમીર ઉર્ફે મુરઘો સહિત ત્રણ શખ્સોને દબોચી તેમની પાસેથી ગુનામાં વપરાયેલ રિવોલ્વર, કાર્ટીસ અને કાર સહિતનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. જ્યારે નાસી છૂટેલા એક પરપ્રાંતીય શખ્સ પણ સકંજામાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ, ગોંડલ રોડ પર આવેલ પુનીતનગરમાં રહેતાં પરેશ રાજુભાઇ બળદા (ગઢવી),(ઉ.વ.૨૨) આજે વ્હેલી સવારે ૫ વાગ્યે પુનિતનગરના ટાંકા પાસે આવેલ મામા સાહેબના મંદિર પાસે મિત્રો સાથે બેઠો હતો ત્યારે સફેદ કલરની વર્ના કારમાં ઘસી આવેલાં ચાર જેટલા શખ્સોએ કાર ઉભી રાખી તેમાંથી બહાર નીકળેલ શખ્સોમાંથી સમીર ઉર્ફે મુરઘો યાસીન પઠાણ નામના શખ્સે પોતાની પાસે રહેલ રિવોલ્વરમાંથી ફાયરીંગ કરતાં પરેશને પગના સાથળના ભાગે ગોળી લાગી હતી. આરોપીઓ ફાયરીંગ કરી કારમાં નાસી છૂટયા હતાં. બાદમાં ગંભીર રીતે ઘવાયેલા પરેશને મિત્રોએ સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે નોંધ કરી બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરી હતી.

બનાવ અંગે તાલુકા પોલીસ મથકમાં ત્રણ આરોપી સોહિલ, સમીર ઉર્ફે મરઘો અને નવાઝ તેમજ તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ બીએનએસ એક્ટ ૧૦૯, ૧૧૮, ૬૧(૨) અને આર્મ્સ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બનાવની જાણ થતાં શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા સહિત ડીસીપી સજ્જનસિંહ પરમાર, જગદિસ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસીયા ઘટનાસ્થળે તેમજ હોસ્પિટલ પર દોડી આવ્યાં હતાં અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. દરમિયાન ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ એસીપી ભરત બસીયા અને એસઓજી પીઆઈ એસ.એમ જાડેજા અને ટીમે તપાસ હાથમાં લઈ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

તે દરમિયાન ગણતરીની કલાકોમાં એસઓજી એએસઆઈ ફિરોજ શેખ, હેડ કોન્સ્ટેબલ સિદ્ધરાજસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ કિશોર ઘૂઘલને મળેલ ચોક્કસ બાતમીના આધારે આરોપી સમીર ઉર્ફે મુર્ગો યાસીન પઠાણ (ઉ.વ.૨૬),(રહે. એકતા કોલોનો શેરી નં.૭, જંગલેશ્વર), શાહનવાઝ ઉર્ફે નવાઝ મુસ્તાક વેતરણ (ઉ.વ.૧૯),(રહે. જંગલેશ્વર શેરી નં.૭) અને સોહિલ ઉર્ફે ભાણો સિકંદર ચાનીયા (ઉ.વ.૨૧),(રહે. જંગલેશ્વર શેરી નં.૬ ) ને પીસ્ટલ અને જીવતા કાર્ટીસ તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ કાર સાથે દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપીઓ ઉત્તરપ્રદેશ તરફ ભાગી જવાની વેતરણમાં હતાં તે પહેલાં જ તેને પકડી રોકડ રકમ રૂ.૨૬૯૦૦ પણ કબ્જે કરી હતી. આરોપી સોહિલને યુવતી બાબતે પરેશ ગઢવી અને તેની ગેંગ સાથે માથાકૂટ થયાં બાદ સોહિલ પર ઉત્તરાયણ પર હુમલો થયો હતો. જે બાદ પરેશ ગઢવીએ સોહિલ અને તેના મળતીયાઓને વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ પર ઉશ્કેરાવાનું શરૂ કર્યું હતું. જેથી ઉશ્કેરાયેલ જંગલેશ્વર ગેંગ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

સમીર ઉર્ફે મુરગાને તેના પરપ્રાંતીય મિત્રએ પીસ્ટલ આપી હતી અને તે પરપ્રાંતીય શખ્સ પણ ફાયરીંગની ઘટના વેળાએ સાથે હોવાનું ખુલતાં પોલીસે તેને પણ સકંજામાં લીધો હોવાનું સામે આવ્યું છે.

## એસીપી ભરત બસિયા અને પીઆઈ એસ.એમ.જાડેજાએ જંગલ ગેંગને કાયદાનું ભાન કરાવ્યું

રાજકોટ. તા.૧૭

થોડાં સમયથી શાંત બેસેલ જંગલ ગેંગ ફરીવાર ઝળકી હતી અને યુવક પર ફાયરિંગ કરી હત્યાનો પ્રયાસ કરતાં પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા સહિતના અધિકારીઓ દોડી ગયાં હતાં. જે મામલે એસીપી ભરત બસિયાએ તપાસનો દોર પોતાના હાથમાં લઈ એસઓજીની ટીમે આરોપીને ગણતરીની કલાકોમાં દબોચી લીધાં હતાં. આરોપીઓની અક્કળ તોડવા એસીપી ભરત બસીયા અને પીઆઈ એસ.એમ.જાડેજાએ આરોપીઓને વ્યવસ્થિત કાયદાનું ભાન કરાવ્યું હતું.

## નાસી છુટેલા ચોથા આરોપી દિનેશને તાલુકા પોલીસે દબોચી લીધા

રાજકોટ,તા.૧૭

પુનિત નગર વિસ્તારમાં ફાયરીંગ કરી નાસી છુટેલા ત્રણ આરોપીઓ પોલીસે દબોચી લીધા બાદ ચોથો આરોપી પરપ્રાંતીય દિનેશને પણ આજે વહેલી સવારે તાલુકા પોલીસની ટીમે પકડી પાડી સઘન પુછતાજ હાથ ધરી હતી.

## કાર જંગલેશ્વરની બુટલેગર રમાના પુત્ર સંજયનો હોવાનું ખુલ્યું

રાજકોટ. તા.૧૭

શનિવારે વર્ના કારમાં ઘસી આવી જંગલેશ્વરની ગેંગે ફાયરીંગ કરી નાસી છૂટ્યા હતાં. જે બાદ એસઓજીની ટીમે આરોપીને કાર સાથે દબોચી લીધાં હતાં. જેમાં ગુનામાં ઉપયોગમાં લેવાયેલ કાર જંગલેશ્વરની બુટલેગર રમાના પુત્ર સંજયની હોવાનું ખુલ્યું છે અને શુક્રવારે આરોપી સોહિલ અને શાહનવાઝ તેના ભાણેજ થતાં હોય જેથી ફરવા જવા માટે લઈ ગયાં હોવાનું સામે આવ્યું છે.

## ચોથા આરોપીએ અઠવાડિયા પહેલાં પીસ્ટલ લાવી સમીરને આપી ’તી

રાજકોટ. તા.૧૭

ફાયરીંગના બનાવમાં સમીર ઉર્ફે મુરઘો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે અને તેને પરપ્રાંતીય શખ્સ સાથે વર્ષ ૨૦૧૯ માં જેલમાં મુલાકાત થઈ હતી. જે બાદ પરપ્રાંતીય શખ્સ પણ રાજકોટ રહેવાં આવતો રહ્યો હતો અને જંગલ ગેંગમાં સામેલ થયો હતો. પરપ્રાંતીય શખ્સે અઠવાડિયા પહેલાં જ ઉત્તરપ્રદેશથી પીસ્ટલ મંગાવી સમીરને આપી હતી અને પોતે પણ ગુનાને અંજામ આપવા સાથે ગયો હતો.

## મહિલા બુટલેગરનો પ્રેમ ગેંગવોર તરફ ઢસડી ગયો

રાજકોટ. તા.૧૭

શનિવારે વ્હેલી સવારે પરોઢિયે થયેલ ફાયરિંગના બનાવમાં ચોંકાવનારી અંદરની વાત સામે આવી છે. જેમાં એક મહિલા બુટલેગરનો પ્રેમ બંને ગેંગ વચ્ચે મરણીયો બન્યો છે. પ્રાપ્ત વિગત અનુસાર અગાઉ કુખ્યાત શક્તિ ઉર્ફે પેંડા નામના શખ્સ સાથે તે મહિલાને પ્રેમ હતો. જે બાદ શક્તિ ઉર્ફે પેંડાની હત્યા થઈ હતી અને તે મહિલા પેંડાની ગેંગના ઇમરાન નામના શખ્સ સાથે પ્રેમમાં પડી હતી.

જો કે, તે મહિલાએ ઇમરાનને છોડી જંગલેશ્વરના સોહિલનો હાથ પકડ્યો હતો. જે બાદ બંને જૂથ વચ્ચે અવારનવાર તણખા ઝરતાં હતાં. તે દરમિયાન પરેશ ગઢવી અને તેની સાથેના શખ્સો થર્ટી ફર્સ્ટની રાતે મહિલા બુટલેગર પાસે બિયર લેવાં ગયાં હતાં. જે વાતથી સોહિલ સમસમી ગયો હતો અને ગોકુલધામ ક્વાર્ટર પાસે ઘસી આવી માથાકૂટ કરવાની તૈયારીમાં હતો ત્યારે પરેશ ગઢવી અને આણી ટોળકીએ જ હુમલો કરી તેનો હાથ ભાગી નાંખ્યો હતો અને તેનો બદલો લેવા જંગલ ગેંગે હુમલો કર્યાનું સામે આવ્યું છે.

## અવસાન નોંધ

**રાજકોટઃ** રાજકોટ નિવાસી, સ્વ. નરેન્દ્રસિંહ મોહનભાઈ પરમાર (કનુભાઈ), જાતે કારડીયા રાજપૂત, તે વિક્રમસિંહ, અજીતસિંહ તથા વિપુલસિંહના પિતાશ્રી તથા સ્વ. મોહનભાઈ છગનભાઈ પરમારના મોટા પુત્ર તથા મનસુખભાઈ, જેન્તીભાઈ, યોગેશભાઈ, પ્રવિણભાઈ, જશુબેન તથા ઉષાબેનના મોટા ભાઈ તા.૧૫ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. બેસણું તા.૧૭ સોમવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વાગ્યે, ''રામ મંદિર'', ૨- રાજપૂતપરા, રાજકોટ મુકામે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. વાઘજીભાઈ નાથાભાઈ માલકીયાના પુત્ર કિશોરભાઈ તે સ્વ. જયસુખભાઈ, સ્વ. રાજેશભાઈના ભાઈ તા.૧૬ના રોજ રામશરણ પામેલ છે તેમનું બેસણું તા.૧૭ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ તેમના નિવાસસ્થાને હસનવાડી ૨/૩ વચ્ચેની બંધ શેરી 'ચામુંડા કૃપા' રાજકોટ ખાતે રાખેલ છે.

**જામખંભાળીયાઃ** સ્વ. ઈશ્વરલાલ શાંતિલાલ બોડાના ધર્મપત્ની દેવીબેન (ઉ.૭૨) તે મનીષભાઈ, સંદીપભાઈ, હિરેનભાઈ, હર્ષા કુલદીપભાઈ વાસુના માતુશ્રીનું તા.૧૫ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા.૧૭ના રોજ સાંજે ૪-૩૦થી ૫ ભાઈ બહેનો માટે શ્રી શરણેશ્વર મહાદેવ મંદિરે રાખેલ છે.


## વીસમી પુણ્યતિથિ



### સ્વ. શ્રી ગોહિલ લઘુભાઈ સવદાસભાઈ

૧૯૨૪ - ૨૦૦૫

તમારું જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા, અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભૂલીશું નહી, તમારા ચરણ કમળમાં અમારા આદરપૂર્વક વંદન...

પરિવાર

ગોહિલ દલસુખભાઈ લઘુભાઈ
ગોહિલ સુખદેવભાઈ દલસુખભાઈ
ગોહિલ લલિતભાઈ દલસુખભાઈ
ગોહિલ ગટોરભાઈ લઘુભાઈ
ગોહિલ અશ્વિનભાઈ ગટોરભાઈ
ગોહિલ હસમુખભાઈ ગટોરભાઈ

તથા સમગ્ર ગોહિલ પરિવાર
(મુ. માનસર, તા. હળવદ, જી. સુરેન્દ્રનગર)

એલ. એસ. ગોહિલ મેમોરિયલ ફાઉન્ડેશન - રાજકોટ

તીર્થ એગ્રો ટેકનોલોજી પ્રા. લી. - રાજકોટ (શક્તિમાન રોટરી ટીલર)


# ઉલ્ટી-ઉબકા કરી લૂંટ ચલાવતી ગેંગનો મુખ્ય સૂત્રધાર માંડાડુંગરનો સંજય ઝડપાયો

### એલસીબી ઝોન-૨ ની ટીમે આરોપીને શિતલપાર્ક પાસેથી દબોચી રોકડ અને રીક્ષા કબ્જે કરીઃ અન્ય બે શખ્સોની શોધખોળ

રાજકોટ. તા.૧૭

રીક્ષા ગેંગ ઈંદિરા સર્કલ પાસે ત્રાટકી હતી અને ઉલ્ટી-ઉબકા કરી ગોંડલ ચોકડી જતાં યુવાનને લૂંટી રૂ.૧૨ હજારની રોકડ લઈ નાસી છૂટતા એલસીબી ઝોન-૨ ની ટીમે લૂંટ ચલાવતી ગેંગનો મુખ્ય સૂત્રધાર માંડાડુંગરના સંજયને ઝડપી રોકડ અને રીક્ષા કબ્જે કરી અન્ય બે શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.



બનાવ અંગે વાવડી રોડ પર ન્યુ જયભારત સોસાયટીમાં રહેતાં પ્રેમજીભાઈ દેવજીભાઈ મકવાણા (ઉ.વ.૩૧) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ લેન્ડમાર્ક હોન્ડા શો-રૂમમા નોકરી કરે છે. ગઈકાલે બપોરના ચારેક વાગ્યાની આસપાસ મિલનભાઈ પરસાણાની કાર શો-રૂમ પરથી તેમના ઘરે સૌરભ સોસાયટી રૈયા રોડ પર મુકવા ગયેલ અને બિલનુ પેમેન્ટ રૂ.૧૧,૪૦૦ રોકડા આપતા પેન્ટના ખિસ્સામા મુકેલ અને ગોંડલ ચોકડીએ જવા માટે રૈયા ચોકડી સુધી ગયેલ અને ત્યાથી સાંજના રૈયા ચોકડીએથી એક સી.એન.જી. રીક્ષામાં બેસેલ અને રીક્ષામાં અન્ય ત્રણ પેસેન્જરો પણ બેસેલ હતા.

રૈયા ચોકડીથી ઈંદિરા સર્કલનો બ્રિજ ચડતા ઈંદિરા સર્કલથી આગળ આવતા બાજુમા રિક્ષામા બેઠેલ પેસેજરને ઉલટી ઉબકા થવા લાગતા રીક્ષા ચાલકને રિક્ષા ઉભી રાખવાનુ કહેલ અને રિક્ષા ચાલકે કહેલ કે, તમે બિજી રિક્ષામા જતા રહેજો આ મારુ સ્પેસીયલ ભાડુ છે, તેમ વાત કરી રીક્ષા ચાલક પોતાની રીક્ષા લઇને જતો રહેલ હતો. તેઓએ પેન્ટના ખીસ્સામાં જોતા રોકડા રૂપીયા જોવામા આવેલ નહિ, જેમાં કુલ રોકડ રૂ.૧૨ હજાર અને અસલ ડ્રાઇલીંગ લાઇસન્સ પણ હતુ. જેથી બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એલસીબી ઝોન-૨ ની ટીમે પણ તપાસમાં ઝંપલાવ્યું હતું અને પીએસઆઇ આર.એચ.ઝાલા અને ટીમે ગણતરીની કલાકોમાં રીક્ષા ગેંગના મુખ્ય સૂત્રધાર સંજય મગન બાંભણીયા (રહે. આજીડેમ પાસે માંડાડુંગરના ઢાળ પાસે) ને પકડી પાડી રોકડ રૂ.૧૨ હજાર અને એક રીક્ષા કબ્જે કરી હતી. જ્યારે તેના સાગરીત ભૂરા શામજી સિંઘવ અને ઢેબો સરનીયા (રહે. બંને માંડાડુંગરના ઢાળ પાસે) ની શોધખોળ હાથ ધરી છે.

# લોહાનગરમાં ઈન્વેટરના ગોડાઉનમાંથી થયેલ બેટરીની ચોરીનો ભેદ ઉકેલાયોઃ રીક્ષા ચાલક ઝબ્બે

### આર્થિક તંગી દૂર કરવા પડોશમાં આવેલ ગોડાઉનમાં રાત્રીના સમયે ચોરી કરી ’તીઃ છ બેટરી કબ્જે કરતી એલસીબી ઝોન-૨ ની ટીમ

રાજકોટ. તા.૧૭

લોહાનગરમાં આવેલ ઇન્વેટરના ગોડાઉનમાંથી રૂ.૫૪ હજારની છ બેટરીની ચોરીની ઘટના સામે આવતાં પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

ત્યારે એલસીબી ઝોન-૨ ની ટીમે ચોરીનો ભેદ ઉકેલી રીક્ષા ચાલકને ઝડપી પાડ્યો હતો અને ચોરીનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાવ અંગે નવા થોરાળામાં શેરી નં.૮ માં રહેતાં અનીલભાઇ છગનભાઇ ડોડીયા (ઉ.વ.૪૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૧૭ વર્ષથી વીપટેક પેરીફેલ્સ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ગઈ તા.૧૧ ના સવારના અગીયાર વાગ્યાની આસપાસ તેઓ કંપનીની ઓફીસે હતાં ત્યારે કંપનીનુ ગોડાઉન જે લોહાનગર બી.એસ.એન.એલ. એકસચેન્જ આનંદનગર સ્ટીલની બાજુમાં આવેલ છે. ત્યાં કંપનીના ગોડાઉનના લોજીસ્ટીક ઇન્ચાર્જ દિવ્યરાજભાઇ ગોંડલીયાનો ફોન આવેલ કે, આપડી કંપનીનો સામાન પડેલ છે તેમાં બેટરીનો સ્ટોક ઓછો છે.

જેથી તેઓ ગોડાઉન ખાતે ગયેલ અને ત્યાં અમે ગોડાઉનમાં પડેલ ૧૬ બેટરીમાંથી ૬ બેટરી ઓછી હતી. તેમજ ગોડાઉનનો બારીનો સળીયો એક સાઇડથી તુટેલ હાલતમાં હતો. જેથી કંપનીના આઇ.ટી. હેડને બોલાવી ગોડાઉનના સીસીટીવી ફુટેજ ચેક કરતા તેમાં ગઇ તા. ૦૯ ના રાત્રીના બે થી ચારના સમયગાળામાં એક શખ્સ ગોડાઉનની પાછળથી દીવાલ ઠેકી ને કોઇક વસ્તુ વડે



ગોડાઉનની બારીનો સળીયો એક સાઈડથી તોડી વાળીને ગોડાઉનમાં પ્રવેશ કરી રૂ. ૫૪૫૦૦ ની કિંમતની ૬ બેટરીની ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી એલસીબી ઝોન-૨ ના પીએસઆઇ આર.એચ.ઝાલા અને ટીમે તપાસ હાથ ધરી આરોપી શનિ જગુ ચારોલીયા (ઉ.વ.૨૩),(રહે. લોહાનગર, ગોંડલ રોડ) ને પકડી પાડી ચોરી કરેલ છ બેટરી અને રીક્ષા મળી રૂ.૧.૦૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આરોપી રિક્ષાચાલક છે અને આર્થિક તંગીથી કંટાળી ચોરી કર્યાની કબુલાત આપી હતી.


## ઋણ સ્વીકાર



### સ્વ. વજુભા સજુભા ઝાલા

પ્રમુખશ્રી ક્ષત્રિય સમાજ વાંકાનેર
પૂર્વ પ્રમુખશ્રી વાંકાનેર નગરપાલિકા
પૂર્વ ડિરેક્ટરશ્રી જીવન કોમર્શિયલ કો ઓપરેટીવ બેન્ક

મુળગામ ચરાડવા, હાલ વાંકાનેર
જન્મ તારીખ : ૧૩/૦૫/૧૯૪૪
સ્વર્ગ તારીખ : ૦૨/૦૨/૨૦૨૫

અમારી પરીવાર પર આવી પડેલી અણધારી આફતનાં સમયે અમારા દુઃખને હળવું કરવા, અમને સાંત્વના આપવા રૂબરૂ કે વિવિધ માધ્યમો દ્વારા અમારા સુધી પહોંચનાર તમામ લોકનેતાઓ, સરકારી અધિકારીઓ/કર્મચારીઓ, અમારા પરીવારનાં સભ્યો સમાન કાર્યકરો, સગાં સંબંધીઓ, તેમજ હરેક વહાલાં હિતેચ્છુઓનો અમે આ સમયે હૃદયનાં ઊંડાણથી આભાર માનીએ તેટલો ઓછો રહેશે. ઝાલા પરીવાર પાસે આપની અવિરત લાગણીના પ્રત્યુતર માટે શબ્દો નથી, પરંતુ આભાર શબ્દ સથવારે અમે અમારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ. અમે આપ સૌ ના સદૈવ ઋણી રહેશું.

લી.
ધર્મેન્દ્રસિંહ વજુભા ઝાલા (પુત્ર)
• જ્યોતિ સિરામિક • જ્યોતિ પોટરીઝ • જ્યોતિ ટાઇલ્સ
• જ્યોતિ પેટ્રોલિયમ • રાજશ્રી એન્ટરપ્રાઇઝ
સમસ્ત ઝાલા પરિવાર ચરાડવા

ચંદારાણા એડ. વાંકાનેર-મો.૯૮૨૫૯ ૮૯૫૪૦


# અમદાવાદમાં સાધ્વીજી ભગવંત શ્રી રત્નપ્રભા શ્રીજીમ.કાળધર્મ પામ્યા

રાજકોટ,તા.૧૭

અમદાવાદમાં શાસન સમ્રાટ પ.પૂ.આચાર્ય દેવ શ્રીમદ વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના વર્તમાન ગચ્છનાયક પ.પૂ.આચાર્ય દેવ શ્રીમદ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાનુવર્તીની પૂ.સા.શ્રી પુન્યપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.સા.તા.૧૬ના રવિવારના સાંજે ૦૫:૩૫ કલાકે નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિમય કાળધર્મ પામેલ છે.તેમનો દીક્ષા પર્યાય : ૬૭ વર્ષનો તથા ઉંમર : ૮૭ વર્ષની હતી આજે સવારે પૂ.સા.શ્રી.સોમપ્રભાશ્રીજીમ.નીપાલખીયાત્રા શ્રી મૈત્રીવાત્સલ્ય ટ્રસ્ટ, સંજીવની હોસ્પિટલ વાળી ગલી, જૈન નગર, પાલડી, અમદાવાદ ખાતેથી નીકળી હતી અને વી.એસ. હોસ્પિટલ પાસે સ્મશાનગૃહ ખાતે અંતિમ વિધિ કરાઈ હતી.



સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

### રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ વિરામની બેઠકો મુદ્દે યુરોપમાં પણ અસંતોષ

# પુટીન સાથેની શાંતિ બેઠકમાં ટ્રમ્પે યુક્રેનની બાદબાકી કરી: ઝેલેસ્કી નારાજ

## સાઉદી અરેબિયામાં મળનારી બેઠકમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કીને આમંત્રણ નહી હોવાના અહેવાલ બાદ વિવાદ વધ્યો: નાટો મુદે પણ અમેરિકા અને યુરોપ વચ્ચે તનાવ



વોશિંગ્ટન તા.૧૭

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જે રીતે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન સાથે સાઉદી અરેબીયામાં મળવાની યોજના બનાવી છે પરંતુ તેમાં યુક્રેનની જ બાદબાકી કરતા યુરોપમાં તેના જબરા પડઘા પડયા છે અને નાટોમાં પણ વિખવાદ ઉભો થયો છે. શ્રી પુટીન અને ટ્રમ્પની વાટાઘાટો માટે તારીખો નકકી કરવા આજથી સાઉદી અરેબીયામાં અમેરિકા અને રશિયાના વિદેશ મંત્રાલયના પ્રતિનિધિઓ મળી રહ્યા છે અને તેઓ યુદ્ધ વિરામની રૂપરેખા તૈયાર કરશે. પરંતુ આ બેઠકમાં યુક્રેનના વડાપ્રધાન ઝેલેસ્કીને આમંત્રણ નહી અપાય તે નિશ્ચિત બન્યુ છે અને તેથી જ ઝેલેસ્કીએ સ્પષ્ટ જાહેર કર્યુ છે કે અમારી ગેરહાજરીવાળી કોઈપણ યુદ્ધ વિરામની દરખાસ્તને અમે સ્વીકારશું નહી અને અમારી એકપણ ઈંચ જમીન રશિયાને સરન્ડર નહી કરીએ. આ દરમ્યાન હાલમાં જ મ્યુનીચમાં જે બેઠક થઈ હતી તેમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ એ યુરોપીયન દેશોને નાટો મુદે જે સલાહ આપી તેનાથી યુરોપીયન દેશોમાં પણ અસંતોષ છે અને તેઓએ યુક્રેન વગરની કોઈપણ સમજુતીને નહી સ્વીકારવાની જાહેરાત કરી છે જયારે અમેરિકાના સલામતી સલાહકાર માઈક વોલ્ટસ એ દાવો કર્યો કે એક બેઠકથી યુદ્ધ વિરામ શકય નથી. બેઠકોનો દોર ચાલશે અને અંતે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને રાષ્ટ્રપતિ પુટીન નિર્ણય લેશે પણ યુક્રેનના પ્રતિનિધિત્વ મુદે તેઓએ હાલ કાંઈ કહેવાનો ઈન્કાર કર્યો હતો. આમ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો મુદો હવે અમેરિકા અને યુરોપ વચ્ચે વિખવાદ સર્જી ગયો છે.

## જરૂર પડે બ્રિટીશ સેનાને યુક્રેનમાં ઉતારીશ: ઈંગ્લેન્ડના વડાપ્રધાનનો ખોખારો

### અમેરિકાએ યુક્રેનની મદદમાં હાથ પાછા ખેંચી લેતા યુરોપમાં ચિંતા વધી: રશિયા યુરોપના દેશો પર પણ હુમલો કરે તેવી શકયતા



લંડન તા.૧૭

યુક્રેન સાથેના યુદ્ધમાં રશિયા સાથે બારોબાર સમજુતી કરી લેવાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વલણ સામે હવે બ્રિટન પણ નારાજ છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટામેર એ યુક્રેનને એકલુ નહી સમજવાની ચેતવણી આપતા કહ્યું કે જરૂર પડયે હું બ્રિટીશ સેનાને યુક્રેનની મદદ માટે તૈયાર છું. તેઓએ કહ્યું કે આ મુદે તેઓ બહુ જલ્દી અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પને મળશે અને તેમની સાથે વાતચીત કરશે. તેઓએ ઉમેર્યુ કે યુક્રેનની સુરક્ષા એ યુરોપની સુરક્ષા માટે મહત્વની છે અને જરૂર પડયે બ્રિટન તેની સેનાને યુક્રેનની મદદ માટે મોકલશે. અમેરિકાએ હવે યુક્રેનને લશ્કરી મદદ આપવાનો ઈન્કાર કર્યા બાદ બ્રિટને તૈયારી બતાવી છે. તેમણે કહ્યું કે બ્રિટન આ યુદ્ધમાં સતત યુક્રેનને ટેકો આપી રહ્યું છે અને તેઓ યુક્રેનની સુરક્ષાની ગેરંટી આપવા પણ તૈયાર છે અને મારા સૈનિકોને યુક્રેનની ધરતી પર ઉતારીશ. કોઈએ તેમાં હળવાશથી લેવાની જરૂર નથી. અમેરિકા-યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધમાં જે રીતે સમજુતી કરાવવાના મૂડમાં છે તેનો વિરોધ સમગ્ર યુરોપમાં શરૂ થયો છે. બ્રિટીશ વડાપ્રધાને કહ્યું કે રશિયા વિરુદ્ધ અમેરિકાનો ટેકો મહત્વપૂર્ણ છે અને અમેરિકા જ પુટીનને વધુ હુમલા કરતા રોકી શકે છે.

# અયોધ્યામાં દિવસે રામલલ્લાના દર્શન માટે ભીડને કારણે આખી રાત નિર્માણકાર્ય ચાલુ

### રોજના ૪ લાખ શ્રદ્ધાળુઓ રામલલ્લાના દર્શન કરે છે: રામમંદિરનું નિર્માણકાર્ય એપ્રિલ સુધીમાં પુરુ થશે



અયોધ્યા તા.૧૭

મહાકુંભના કારણે રામલીલાના દર્શન માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી રહી છે. રોજ લગભગ ૪ લાખ શ્રદ્ધાળુ મંદિર પહોંચી રહ્યા છે, જેથી નિર્માણકાર્યના શેડયુલમાં ફેરફાર કરવામાં આવ્યા છે. દિવસે દર્શનાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મંદિરના અંદરના ભાગો અને દીવાલોની કોતરણીનું કામ રોકી દેવામાં આવ્યુ છે. પરંતુ રાત્રે ૧૦-૧૧ વાગ્યા બાદ દર્શન બંધ થઈ જાય છે ત્યારે નિર્માણનું કાર્ય ઝડપથી આગળ વધે છે.

રામમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રના જણાવ્યા અનુસાર નિર્માણકાર્યને નિશ્ચિત સમયમાં પુરું કરવા માટે આ વ્યવસ્થા લાગુ કરાઈ છે.

એલ એન્ડ ટી અને ટાટા કંપનીઓએ નિર્માણકાર્યમાં પુરી રીતે સમન્વય સાધ્યો છે. ટ્રસ્ટના ટેકનીકલ એન્જીનીયર જગદીશ આફલેએ જણાવ્યું હતું કે મંદિરના બહારના ભાગમાં જે નિર્માણકાર્ય થઈ રહ્યુ છે તેને અસર થઈ છે, અહીથી શ્રદ્ધાળુઓ દર્શન માટે આવે છે.

ડો. અનિલ મિશ્રે જણાવ્યું હતું કે રામમંદિરનું નિર્માણકાર્ય ૨૦૨૫ સુધીમાં પુરુ કરવાનું લક્ષ્ય રખાયું છે. જેથી શ્રદ્ધાળુઓ પુર્ણ રૂપે મંદિરની ભવ્યતાનું દર્શન કરી શકે. જો કે પરકોટાનું કામ મોટું હોવાથી તેમાં દોઢ વર્ષ લાગી શકે છે.

# અમદાવાદમાં ઈડીની અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી : ૧૬૪૬ કરોડની ક્રિપ્ટોકરન્સી કબજે

### વિદેશી રોકાણકારો પણ આ કૌભાંડમાં સામેલ : મુખ્ય આરોપી અમેરિકામાં ફેડરલ ઈન્વેસ્ટિગેટિવ એજન્સીઓના રડાર પર



અમદાવાદ,તા.૧૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ક્રિપ્ટોકરન્સીના નામે મોટી છેતરપિંડી કરનારાઓ પર અત્યાર સુધીમાં સૌથી મોટી કાર્યવાહી કરી છે.ઇડીએ રૂા.૧૬૪૬ કરોડની ક્રિપ્ટોકરન્સી કબજે કરી છે, જે મેગા મની લોન્ડરિંગ તપાસ હેઠળ કરવામાં આવેલી સૌથી મોટી જપ્તી છે. આ મામલો બનાવટી રોકાણ યોજના સાથે સંબંધિત છે, જેમાં સિક્યોરિટીઝના રોકાણના નામે હજારો લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી.

અમદાવાદમાં ઇડી ઓફિસે તપાસ દરમિયાન ૨૩.૫૦ લાખ કેશ, એક લક્ઝરી એસયુવી અને ઘણાં ડિજિટલ ઉપકરણો પણ કબજે કર્યા છે. આ કૌભાંડ ''બિટકનેટ્સ લોન સ્કીમ'' દ્વારા થયું હતું, જેમાં રોકાણકારોને ગેરકાયદેસર રીતે રોકાણકારોને ફસાવવામાં આવ્યાં હતાં.

ઇડીની તપાસ સુરત પોલીસની ક્રાઇમ બ્રાંચ દ્વારા કરવામાં આવેલી એફઆઈઆરથી શરૂ થઈ હતી, જેમાં અહેવાલ આપ્યો હતો કે નવેમ્બર ૨૦૧૬ થી જાન્યુઆરી ૨૦૧૮ ની વચ્ચે નોટબંધી પછી છેતરપિંડી થઈ હતી. એજન્સીએ તકનીકી નિષ્ણાતોની એક ટીમને મૂકી અને ઘણાં ક્રિપ્ટો વોલેટ્સ અને તેમનાં વ્યવહારોની તપાસ કરવામાં આવી હતી, જેથી આ ભંડોળ ક્યાંથી આવ્યાં અને કોણ તેમને નિયંત્રિત કરી રહ્યું છે તેની ખાતરી કરી શકાય.

તપાસમાં જાણવા મળ્યું છે કે આ કૌભાંડના વ્યવહારો 'ડાર્ક વેબ' દ્વારા કરવામાં આવ્યાં હતાં, જેનાથી વ્યવહાર શોધી કાઢવામાં ખૂબ મુશ્કેલ બન્યાં હતાં. આ હોવા છતાં, ઇડીએ ગ્રાઉન્ડ લેવલ પરથી માહિતી એકત્રિત કરી અને ઘણાં ડિજિટલ વોલેટ્સની ઓળખ કરી અને તેમનાં સ્થાનને ટ્રેક કર્યા હતાં. આખરે, રૂા.૧૬૪૬ કરોડની ક્રિપ્ટોકરન્સી ઈડીના વિશેષ ક્રિપ્ટો વોલેટમાં સ્થાનાંતરિત કરવામાં આવી, જે તેને અત્યાર સુધીની વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિનો સૌથી મોટી જપ્તી બની છે.અગાઉ, એજન્સીએ આ કિસ્સામાં રૂા.૪૮૯ કરોડની સંપત્તિ કબજે કરી હતી.

સૂત્રોનાં જણાવ્યાં અનુસાર, વિદેશી રોકાણકારો પણ આ કૌભાંડમાં સામેલ છે, અને મુખ્ય આરોપી અમેરિકામાં ફેડરલ ઇન્વેસ્ટિગેટિવ એજન્સીઓના રડાર પર છે. કૌભાંડમાં રોકાણ કરનારાઓમાં ઘણાં વિદેશી નાગરિકો પણ સામેલ હતાં.


## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, મોરબી જીલ્લાના ટંકારા તાલુકાના મોજે ગામ જોધપર (ઝાલા)ના રેવન્યુ સર્વે નં.૧૧૮ પૈકી ૨ ની જુની શરતની 'પાટડી' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હેકટર ૨-૦૨-૩૪ આરે ચો.મી. ગામ નમુના નં.૮-અ ના ખાતા નં.૩૩ થી (૧) કેશવજીભાઈ નાનજીભાઈ ગઢીયા (૨) દુર્ગાબેન કેશવજીભાઈ ગઢીયા (૩) ભરતભાઈ કેશવજીભાઈ ગઢીયા (૪) વર્ષાબેન કેશવજીભાઈ ગઢીયા (૫) પ્રભાબેન ભાણજીભાઈ ગઢીયા (૬) મહેન્દ્રભાઈ ભાણજીભાઈ ગઢીયા (૭) ક્રિષ્નાબેન ભાણજીભાઈ ગઢીયાની સંયુક્ત કબજા, ભોગવટા અને માલીકીહકકની આવેલ છે. સદરહુ ઉપરોક્ત જોધપર (ઝાલા)ના રેવન્યુ સર્વે નં.૧૧૮ પૈકી ૨ ની જુની શરતની 'પાટડી' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન હેકટર ૨-૦૨-૩૪ આરે ચો.મી. માંહેથી ઉતર તરફની જમીન હેકટર ૦-૮૦-૯૪ આરે ચો.મી. (એકર ૨-૦૦ ગુંઠા) તેઓ પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે. તો સદરહુ ખેડવાણ જમીનના માલીકીહકક, કબજા, ભોગવટા, વારસાઈ હકક, હિત, હિસ્સો, ટાઈટલ્સ, હદ હદુદ, ગીરો, બોજો, લાગભાગ, લીયન, કાચુ પાકુ સાટાખત કે વેચાણ કે તબદીલી વ્યવહાર કરેલ હોય કે કોઈપણ વ્યક્તિને કોઈપણ જાતના વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦માં અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો મુદત હરોળમાં કોઈપણ વ્યક્તિના વાંધા તકરાર નહી આવે તો સદરહુ મિલકત પરત્વે કોઈને વાંધો તકરાર નથી અને હોય તો તેમણે જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ સદરહુ ખેડવાણ જમીનનો ચુકતે અવેજ આપી ધોરણસરની કાર્યવાહી કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યક્તિના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી દરેક લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ તારીખ ૧૭/૧/૨૦૨૫

અસીલોની સુચના, સંમતિ અને માહિતી અનુસાર.

**અશ્વિન એ.આખજા એડવોકેટ**

૧૦૧, ઉમેશ કોમ્પલેક્ષ, ચૌધરી હાઈસ્કુલ પાસે, રાજકોટ. મો.૯૯૭૪૧ ૫૮૯૮૨


# ચેમ્પિયન ટ્રોફી: લાહોર અને કરાચીના સ્ટેડિયમમાં ભારતનો રાષ્ટ્રધ્વજ ન ફરકાવાયો



### ટ્રોફી રમતા તમામ દેશોના રાષ્ટ્રધ્વજમાં ત્રિરંગો જ ગાયબ: ભારત હવે જવાબ આપશે

કરાચી તા.૧૭

પાકિસ્તાન યજમાનપદ હેઠળ રમાવાની ચેમ્પીયન ટ્રોફી માટે એક તરફ ટીમ ઈન્ડિયાએ તેની જર્સી પર આઈસીસીના નિયમને સન્માન આપીને પાકિસ્તાન તેવો શબ્દ લગાવ્યો છે પરંતુ કરાચીમાં આ ચેમ્પીયન ટ્રોફીના પ્રથમ મેચ માટે જે સ્ટેડીયમ પર ટ્રોફીમાં ભાગ લઈ રહેલા દેશોના રાષ્ટ્રધ્વજને ફરકાવવામાં આવી રહ્યા છે તેમાં ભારતનો જ રાષ્ટ્રધ્વજ નહી ફરકાવાતા વિવાદ સર્જાયો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા કરાચી સ્ટેડીયમમાં જે રીતે ભારતનો રાષ્ટ્રધ્વજ ગાયબ કરી દેવાયો તે જ રીતે લાહોરના ગદાફી સ્ટેડીયમમાં પણ ત્રિરંગો ફરકાવાયો નથી. ભારતે તેના તમામ મેચ પાકિસ્તાનમાં રમવાનો ઈન્કાર કરી દેતા ટીમ ઈન્ડિયાના મેચ દુબઈ ખસેડાયા છે અને પાકિસ્તાનને તેનાથી મોટુ નાણાંકીય નુકસાન પણ જશે તે નિશ્ચિત છે તે સમયે જ આ વિવાદે હવે ભારત કઈ રીતે જવાબ આપે છે તે જોવુ રસપ્રદ બની જશે.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર હંસાબેન હરદાસભાઈ લીંબાસિયા, વા/ઓ મનસુખભાઈ પાનસુરીયા ઉ.વ.આ. ૪૮ ધંધો ઘરકામ રહે. મુ.લીલી સાજડીયાળી વાયા, સરધાર તા.જી. રાજકોટ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે અમો અરજદારનો જન્મ તા.૫/૧૦/૧૯૭૬ના રોજ મુ.માલીયાસણ તા.જી. રાજકોટ મુકામ તેમના નિવાસ સ્થાને થયેલ પરંતુ અરજદારના માતા-પિતાની કાયદાકીય અજ્ઞાનતાના કારણે તથા શરતચૂક કારણે અમો અરજદારના જન્મ અંગેની કોય નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી આથી અમો અરજદારનો જન્મ તા.૫/૧૦/૧૯૭૬ના રોજ જન્મ થયેલ છે તેની જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩ (૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર-૨ (ગ્રામ્ય) જૂના કલેકટર કચેરી કમ્પાઉન્ડ રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર એડવોકેટ અનીલ બી. ડાકા મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જાણવાનું કે આ જન્મ નોંધ સબંધે કોયપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ૩૦માં લેખિત આધાર પુરાવા સાથે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ શ્રી રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કમ્પાઉંડ રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ
તા.૧૫/૦૨/૨૦૨૫

**અનિલ બી. ડાકા એડવોકેટ**



## જાહેર નોટીસ

મારા અસીલે રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં.૩૩૮ પૈકીની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનનાં પ્લોટસ પૈકી પ્લોટ નં.૪૨ના સબ પ્લોટ નં.૪૨/૧ પૈકીની જમીન ચો.વા.આ.૭૫-૫-૦ તથા ખાનગી ચાલની જમીન ચો.વા.આ.૪૦-૦૦ મળી કુલ જમીન ચો.વા.આ.૧૧૫-૫ બરાબર ચો.મી.આ.૯૬-૫૭ સહિતની મિલ્કત માંહેથી ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ ૧- દુકાન જેનો કારપેટ એરીયા ચો.મી.આ.૬-૨૪૦ બાદ કરતા બાકી રહેતી મિલ્કત શ્રી ચેતનભાઈ પ્રવિણચંદ્ર કેસરીયા વિગેરે પાસેથી ખરીદ કરવા નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની મિલ્કત અંગેના માલીકી ટાઈટલ, રાઈટસ, ઈન્ટરેસ્ટ, વેચાણ, કબજા, પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ભાગલાગ, દરદાવો, વારસાઈ હકક કે ભરણપોષણના હકક કે કોઈનું લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર હોય તો, આ નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૮માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધો તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના હકક, દાવા મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

રાજકોટ. તા.૧૭/૦૨/૨૦૨૫ અમારા મારફત:-

**હરેશ જે.સોરઠીયા** એડવોકેટ મો. ૯૯૦૯૮ ૯૧૯૪૩ | **ધનરાજ જી. સાવલિયા** એડવોકેટ મો. ૯૭૩૭૫ ૩૨૬૫૩

ઓમ એસોસીએટ : ૩૦૯, નોવાસ કોમ્પલેક્ષ, નેક્ષાના શો-રૂમની બાજુમાં, બોમ્બે હોટલ ચોક, ગોંડલ રોડ, રાજકોટ.



ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા નં. ૧૬/૨૦૨૪-૨૦૨૫
ઓન લાઇન ટેન્ડર આઇ.ડી. નં.૧૫૬૦૨૬

કાર્યપાલક ઇજનેર, જા.આ.યાંત્રિક વિભાગ, "મેઇન પાણીની ટાંકી કમ્પાઉન્ડ, જૂના જંક્શન રોડ, સુરેન્દ્રનગર તરફથી નીચેના કામના ટેન્ડરો ઓન લાઇન ટ્ર બીડ પધ્ધતીથી માંગવામાં આવે છે. સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા, લિંબડી અને ચુડા તાલુકાના જુદા જુદા ગામોએ ૨૦૦ મીમી વ્યાસના અને જરૂરી ઉંડાઇ સુધીના ડી.ટી.એચ. બોર શારકામની કામગીરી અંદાજીત રકમ રૂ. ૩૪.૧૫ લાખ ઉપરોક્ત ટેન્ડર આઇ.ડી. અન્વયે ભાવપત્રકો ઓનલાઇન માંગવામા આવે છે. રસ દાખવનાર આસામીઓએ ઓનલાઇન તા.૨૭/૦૨/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી ભાવો ભરવાના રહેશે. તથા ફીઝીકલ સબમીશનની આખરી તા.૨૮/૦૨/૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી રહેશે. આ કામ અંગેની વિશેષ જાણકારી ઉપર જણાવેલ કચેરીમાથી મેળવવાની રહેશે. કોઇ પણ ટેન્ડર કે તમામ ટેન્ડર કોઇપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અધિકાર આ કચેરીનો છે. જેની નોંધ લેવી. હવે પછીનો કોઇ પણ સુધારો હશે તે ફક્ત https://www.nprocure.com વેબ સાઇડ પર જોવા મળશે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામા પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.

માહિતી/સુરેન્દ્રનગર/૪૧૬/૨૪-૨૫



ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા નં. ૧૭/૨૦૨૪-૨૦૨૫
ઓન લાઇન ટેન્ડર આઇ.ડી. નં.૧૫૬૦૬૧

કાર્યપાલક ઇજનેર, જા.આ.યાંત્રિક વિભાગ, "મેઇન પાણીની ટાંકી કમ્પાઉન્ડ, જૂના જંક્શન રોડ, સુરેન્દ્રનગર તરફથી નીચેના કામના ટેન્ડરો ઓન લાઇન ટ્ર બીડ પધ્ધતીથી માંગવામાં આવે છે. સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા, લિંબડી અને ચુડા તાલુકાના જુદા જુદા ગામોએ ૨૦૦ મીમી વ્યાસ અને ૪૫૦ મીટર ઉંડાઇ સુધીના ડ્યુઅલ ઓવર બર્ડન બોર શારકામની કામગીરી અંદાજીત રકમ રૂ. ૩૬.૯૬ લાખ ઉપરોક્ત ટેન્ડર આઇ.ડી. અન્વયે ભાવપત્રકો ઓનલાઇન માંગવામા આવે છે. રસ દાખવનાર આસામીઓએ ઓનલાઇન તા. ૨૭/૦૨/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી ભાવો ભરવાના રહેશે. તથા ફીઝીકલ સબમીશનની આખરી તા.૨૮/૦૨/૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી રહેશે. આ કામ અંગેની વિશેષ જાણકારી ઉપર જણાવેલ કચેરીમાથી મેળવવાની રહેશે. કોઇ પણ ટેન્ડર કે તમામ ટેન્ડર કોઇપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અધિકાર આ કચેરીનો છે. જેની નોંધ લેવી. હવે પછીનો કોઇ પણ સુધારો હશે તે ફક્ત https://www.nprocure.com વેબ સાઇડ પર જોવા મળશે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામા પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.

માહિતી/સુરેન્દ્રનગર/૪૧૩/૨૪-૨૫



ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા નં. ૧૫/૨૦૨૪-૨૦૨૫
ઓન લાઇન ટેન્ડર આઇ.ડી. નં.૧૫૫૯૯૫

કાર્યપાલક ઇજનેર, જા.આ.યાંત્રિક વિભાગ, "મેઇન પાણીની ટાંકી કમ્પાઉન્ડ, જૂના જંક્શન રોડ, સુરેન્દ્રનગર તરફથી નીચેના કામના ટેન્ડરો ઓન લાઇન ટ્ર બીડ પધ્ધતીથી માંગવામાં આવે છે. સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા અને થાન તાલુકાના જુદા જુદા ગામોએ ૨૦૦ મીમી વ્યાસ અને ૪૦૦ મીટર ઉંડાઇ સુધીના ડી.ટી.એચ. બોર શારકામની કામગીરી અંદાજીત રકમ રૂ. ૨૪.૨૮ લાખ ઉપરોક્ત ટેન્ડર આઇ.ડી. અન્વયે ભાવપત્રકો ઓનલાઇન માંગવામા આવે છે. રસ દાખવનાર આસામીઓએ ઓનલાઇન તા.૨૭/૦૨/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી ભાવો ભરવાના રહેશે. તથા ફીઝીકલ સબમીશનની આખરી તા.૨૮/૦૨/૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી રહેશે. આ કામ અંગેની વિશેષ જાણકારી ઉપર જણાવેલ કચેરીમાથી મેળવવાની રહેશે. કોઇ પણ ટેન્ડર કે તમામ ટેન્ડર કોઇપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અધિકાર આ કચેરીનો છે. જેની નોંધ લેવી. હવે પછીનો કોઇ પણ સુધારો હશે તે ફક્ત https://www.nprocure.com વેબ સાઇડ પર જોવા મળશે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામા પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.

માહિતી/સુરેન્દ્રનગર/૪૧૫/૨૪-૨૫



ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા નં. ૧૪/૨૦૨૪-૨૦૨૫
ઓન લાઇન ટેન્ડર આઇ.ડી. નં.૧૫૫૯૪૮

કાર્યપાલક ઇજનેર, જા.આ.યાંત્રિક વિભાગ, "મેઇન પાણીની ટાંકી કમ્પાઉન્ડ, જૂના જંક્શન રોડ, સુરેન્દ્રનગર તરફથી નીચેના કામના ટેન્ડરો ઓન લાઇન ટ્ર બીડ પધ્ધતીથી માંગવામાં આવે છે. સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા અને થાન તાલુકાના જુદા જુદા ગામોએ ૨૦૦ મીમી વ્યાસ અને ૪૦૦ મીટર ઉંડાઇ સુધીના ડ્યુલ ઓવર બર્ડન બોર શારકામની કામગીરી અંદાજીત રકમ રૂ. ૨૨.૬૩ લાખ ઉપરોક્ત ટેન્ડર આઇ.ડી. અન્વયે ભાવપત્રકો ઓનલાઇન માંગવામા આવે છે. રસ દાખવનાર આસામીઓએ ઓનલાઇન તા.૨૭/૦૨/ /૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી ભાવો ભરવાના રહેશે. તથા ફીઝીકલ સબમીશનની આખરી તા.૨૮/૦૨/૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી રહેશે. આ કામ અંગેની વિશેષ જાણકારી ઉપર જણાવેલ કચેરીમાથી મેળવવાની રહેશે. કોઇ પણ ટેન્ડર કે તમામ ટેન્ડર કોઇપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અધિકાર આ કચેરીનો છે. જેની નોંધ લેવી. હવે પછીનો કોઇ પણ સુધારો હશે તે ફક્ત https://www.nprocure.com વેબ સાઇડ પર જોવા મળશે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામા પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.

માહિતી/સુરેન્દ્રનગર/૪૧૪/૨૪-૨૫



## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટનાં મહે. ૧૫માં એડી. સીનીયર સીવીલ જજ **શ્રી એમ.એમ.શેખ** સાહેબની કોર્ટની દિવાની પરચુરણ **અરજી નં. ૩૧૪/૨૦૨૫**નાં કામના અરજદાર **શ્રી જયશ્રીબેન ઘનશ્યામભાઇ અકબરી,** ધર્મે : હિન્દુ, ઉ.વ.: ૬૨, ધંધો : ઘરકામ રહે. : ત્રિમૂર્તિ ટાવર, ફ્લેટ નં. ૪૦૩, લક્ષ્મીનગર મેઇન રોડ, રાજકોટ દ્વારા તેમના ગુજરનાર પતિ શ્રી ઘનશ્યામભાઇ આંબાભાઇ અકબરીની માલીકીની **સ્થાવર મિલ્કત : મિલ્કત નં. ૧** રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ **ખોરાણાના રેવન્યુ સર્વે નં. ૧૮૪** પૈકી બીનખેડવાણ **જુનુ રામ પાર્ક નં. ૧**ના નામથી ઓળખાતા પ્લોટસ પૈકી વિભાગ-બ, હાલ **વ્યુ ગ્રીન્સ 'બી'** તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૮૮**ની જમીન **ચો.મી.આ. ૧૯૫-૧૫** બરાબર **ચો.વા.આ. ૨૩૩-૩૯** ગુ. સ્વ. ઘનશ્યામભાઇ આંબાભાઇ અકબરી તથા શ્રી મુકેશભાઇ કરશનભાઇ શીયાણીએ રજી. વે.દ.અનુ. નં. ૧૬૩૭૨, તા. ૧૧-૧૦-૨૦૧૦ના રોજથી શ્રી મગનલાલ કાંતિલાલ સાંગાણી વિગેરેના કુ.મુ. શ્રી જયકૃષ્ણ દેવચંદભાઇ કકકડ પાસેથી ખરીદ કેરલ છે. જે મિલ્કતમાં **ગુજરનારનો અવિભાજય ૫૦% હિસ્સો** આવેલ છે. તથા **મિલ્કત નં. ૨** રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ગામ **ઇશ્વરીયાના રેવન્યુ સર્વે નં. ૨૦૦ની** જમીન એકર ૪-૨૩ ગુંઠાના બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઇમારત બાંધવાની મંજુરીવાળા **'કૈલાશ પાર્ક'** તરીકે ઓળખાતા વિસ્તારના જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૩૬**ની જમીન **ચો.મી.આ. ૮૪-૬૫** બરાબર **ચો.વા.આ. ૧૦૧-૨૪** ગુ. સ્વ. ઘનશ્યામભાઇ આંબાભાઇ અકબરીએ રજી.વે.દ. અનુ. નં. ૪૮૩, તા.: ૦૨-૦૩-૨૦૧૨ના રોજથી શ્રી સવદાસભાઇ બોઘાભાઇ પાસેથી ખરીદ કરેલ છે. જે મિલ્કતમાં **ગુજરનારનો ૧૦૦% હિસ્સો** આવેલ છે. તે મિલ્કતોનું વારસા સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકિલ આર.આર.પટેલ, પરેશ એન. ત્રાડા, પીયુષ જી. સખીયા** મારફત અત્રેની કોર્ટ સમક્ષ અરજી કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યકિતને જાહેર નોટીસના અનુસંધાને વાંધા- જવાબ રજુ કરવા ઇચ્છતા હોય તો તેમને મુદત તા. ૨૧-૦૩-૨૦૨૫નાં રોજ સવારે ૧૦.૩૦ કલાક સુધીમાં અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

આજ તા. ૧૫/૦૨/૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

કોર્ટનો સીકકો

તૈયાર કરનાર (એન.ડી.રંગાણી) આસીસ્ટન્ટ — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર સીવીલ જજ (સી.ડી.) કોર્ટ, રાજકોટ



## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. જે.એમ.એફ.સી. ૫ માં એડી.સીવીલ જજ શ્રી એ.પી.દવે સાહેબની કોર્ટમાં, દિવાની પરચુરણ અરજી નં.૩૨૧/૨૫નાં કામનાં અરજદાર શ્રી સવિતાબેન ચમનભાઈ મોરજરીયા રહે.રાજકોટ વાળાએ ગુજરનાર રંભાબેન ગોકળભાઈ મોરજરીયાની નીચે મુજબની સ્થાવર મિલ્કત કે જે,

૧) રાજકોટ શહેરમાં રાજકોટ મહાનગરપાલીકાની હદમાં રાજકોટના રેવન્યુ સર્વે નં.૧૮૬ પૈકી (સીટી સર્વે વોર્ડ નં.૧૨, સીટી સર્વે નં.૧૬૮૩ પૈકી)ની રહેણાંકના હેતુ માટેની બીનખેડવાણ જમીન જેના ટી.પી.સ્કીમ નં.૮, એફ.પી.નં.૨૫૨ના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૭ પૈકીની જમીન ચો.મી. ૮૫-૩૭ ચો.વા.૧૦૨-૧ કે જે તેઓને વહેંચણી દસ્તાવેજ અનુક્રમ નં.૨૨૬૪ તારીખ: ૪/૯/૧૯૭૩ થી પ્રાપ્ત થયેલ છે. ત્યારબાદ સદરહું જમીન ઉપર રહેણાંકનું બાંધકામ કરેલ છે. (મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબ જમીન ચો.મી.૮૩-૫૨) સહિતનું મકાન.

સદરહું ઉપરોક્ત મીલ્કતનું લીગલ હેરશીપ સર્ટીફીકેટ (વારસા સર્ટીફીકેટ) મેળવવા માટે અરજદારે તેમના **વકીલ શ્રી જીજ્ઞેશ જે. તેરૈયા, ભાવિન એ.જોશી તથા ડી.એન.જાડેજા** મારફતે અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે તે સંબંધે જે કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોય, તે મુદત તા.૨૧/૩/૨૦૨૫ના સવારે ૧૧.૦૦ કલાકે લેખીત વાંધા રજુ કરવાના રહેશે. મુદત દરમ્યાન વાંધા નહી આવે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૩/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યુ.

કોર્ટનો સીકકો

તૈયાર કરનાર (એમ.વી.જોષી) આસીસ્ટન્ટ — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર રાજકોટ સીવીલ કોર્ટ



ભારત સરકારશ્રીના નોટરીની પદવી મળવા બદલ ખુબ ખુબ અભિનંદન



શ્રી હિરેન અરવિંદભાઈ ગજ્જર

(એડવોકેટ એન્ડ નોટરી)

મો. 95864 00008

502 અનંત ધ વર્કસ સ્પેસ, કાલાવડ મેઈન રોડ, જયમલ પરમાર માર્ગ કોર્નર, રાજકોટ

શુભેચ્છક

PRISHA ASSOCIATES

Office No.9-10, 2nd Floor, Krishna Complex, Nr. City Center, Raiya Road, Rajkot-360 007.



આજે રાત્રે

રાત્રે 9.30 કલાકે હેમુ ગઢવી હોલ, રાજકોટ.

આશિષ ભટ્ટ

દિગ્દર્શિત-અભિનીત

હાસ્યની ચાલતી ફરતી દુકાન

એ.બુ.હોલ પર: સવારે 10 થી 1, સાંજે 5 થી સળંગ

શો-સંપર્ક : 90164 64238

'કાકા કો કુછ કુછ હોતા હૈ' 'કરશનકાકા જોરદાર' અને 'કાકા લાવે કેશ, બધા કરે એશ'ની ભવ્ય સફળતા બાદ...

નવું ફૂલ કોમેડી નાટક



### આરોપી ફિલ્મી સ્ટાઈલે પકડાયો, પોલીસની હાઈવે પર વાહન ચેકીંગની કામગીરી કામ આવી

# બેડી ચોકડી પાસેથી ટ્રક ડ્રાઈવરનું અપહરણ કર્યું, મારમારી છરીની અણીએ લૂંટ ચલાવી

**બિહારી ટ્રક ચાલક ગાંધીધામથી બાબરા જતો હતો ત્યારે કાળા કલરની કારમાં ધસી આવેલા શખ્સે કેબિનમાં ઘુસી ટ્રકની ચાવી અને મોબાઈલ ઝુંટી લીધોઃ કારમાં અપહરણ કરી રાજકોટમાં ફેરવ્યો**

**ટ્રક ડ્રાઈવર પાસે રોકડ ન મળતાં ઓનલાઈન સ્કેનરથી રૂપીયા પડાવ્યાં, બાદમાં ધમકી આપી આરોપી નાસી છૂટયો' તો, બી. ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાયો**

**દરમિયાન આરોપી પોલીસથી બચવા હવાતીયા મારતો હતો ત્યારે જ માલિયાસણ ચોકડી પાસે વાહન ચેકીંગ કરી રહેલ પોલીસને જોઈ ભાગવા જતાં અકસ્માત થયો અને કાર દિવાલ સાથે અથડાઈ, પોલીસે આરોપી ઈમરાનને દબોચી પૂછતાછ આદરી**

રાજકોટ. તા.૧૭

બેડી ચોકડી પાસેથી બિહારી ટ્રક ડ્રાઇવરનું અપહરણ કરી મારમારી છરીની અણીએ લૂંટ ચલાવવાના બનાવમાં ફિલ્મી વળાક આવ્યો હતો અને લૂંટ ચલાવી આરોપી પોલીસથી બચવા હવાતીયા મારતો હતો ત્યારે જ માલિયાસણ ચોકડી પાસે વાહન ચેકીંગ કરી રહેલ પોલીસને જોઈ ભાગવા જતાં અકસ્માત થયો અને કાર દિવાલ સાથે અથડાઈ હતી. બી. ડિવિઝન પોલીસે આરોપીને પકડી લઈ પૂછતાછ આદરી હતી.

બનાવ અંગે બિહારના અરવાલ વિસ્તારમાં રહેતાં સતેન્દ્રકુમાર જીતન પાલ (ઉ.વ.૨૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કાળા કલરની વર્ના કારમાં આવેલ અજાણ્યાં શખ્સનું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે લૂંટ, અપહરણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ અરિહંત શિપીંગ નામના ટ્રાન્સપોર્ટમાં છેલ્લા દસેક વર્ષથી ટ્રક ડ્રાઈવિંગ કરી ભારતના તમામ રાજ્યોમાં ટ્રક ચલાવે છે. ટ્રાન્સપોર્ટની મેઈન ઓફીસ ગાંધીધામમાં, અમદાવાદ, અને મુંદ્રામાં આવેલ છે.

ગઈકાલે રાત્રીના એકાદ વાગ્યાની આસપાસ ટ્રાન્સપોર્ટના માલીકે ગાંધીધામથી બાબરા રાધે શ્યામ કોટ નામના જીનીંગ મીલમાં કપાસ ભરવા માટે મોકલેલ હતો. તે ટ્રક લઈ બાબરા જવા માટે રાત્રે નીકળેલ હતો સાડા દસેક વાગ્યાની આસપાસ રાજકોટ પહોચેલ હતો. બેડી સર્કલથી બાયપાસ રસ્તે પુલ પરથી જતો હતો ત્યારે પુલ ઉતરતા એક કાળા કલરની નંબર પ્લેટ વગરની વર્ના કારે તેમના ટ્રકને ઓવરટેક કરેલ અને ટ્રકની આગળ ઉભી રાખી દિધેલ હતી. જેથી તેને ટ્રક રોકતા કારમાંથી એક ત્રીસ વર્ષની ઉમરનો શખ્સ ઉતરેલ અને ટ્રકના કેબીનમાં ચડી ગયેલ હતો.

ફરીયાદી કઈ વિચારુ તે પહેલા તે કહેવા લાગેલ કે, તે મારી કારમાં નુકસાન કરેલ છે તું મને પૈસા આપ પરંતુ તેમની કારમાં કોઈ નુકસાન કરેલ ના હોય જેથી પૈસા આપવાની મનાઈ કરતા તેણે નેફામાંથી એક છરી કાઢેલ અને ગળા પર રાખી કહેવા લાગેલ કે, ચુપચાપ પૈસા કાઢ નહીતર છરી મારી દઈશ તેમ કહી તેણે મોબાઈલ ફોન છીનવી લીધેલ અને ખીસ્સા ફંફોળવા લાગેલ હતો. પરંતુ ખીસ્સામાંથી પૈસા ના નિકળતા તેણે ફોનમાં ગુગલ પે ખોલી પાસવર્ડ માંગેલ, જેથી તેને પાસવર્ડ આપતા ખાતામાં





રૂ.૧૬૨૦૦ રૂપિયા હોય જે રૂપિયા આપી દેવાનુ જણાવેલ હતું.

જેથી ફરીયાદીએ ડરના લીધ હા પાડતાં તેણે ટ્રક સાઈડમાં રખાવી ટ્રકના દરવાજામાં લોક મરાવી ટ્રકની ચાવી અને મોબાઈલ ફોન લઈ તેણે બળજબરીથી તેની કારમાં બેસાડેલ અને માર મારેલ હતો. બાદ તે ફોન પર કોઈની સાથે વાત કરતો હતો અને કારમાં બેસાડી ત્રીસેક મિનીટ સુધી રાજકોટમાં ફેરવેલ અને ગ્રીનલેન્ડ ચોકડીથી શાપર તરફ જતા રોડ પર નાલા નીચેથી કાર લઈ નાલાથી થોડે દુર એક જગ્યાએ કાર ઉભી રાખેલ હતી. બાદમાં આરોપી ફોન અને ટ્રકની ચાવી સાથે લઈ એક દુકાને ગયેલ અને ફરિયાદીને કારમાં જ બેસી રહેવાનું જણાવેલ હતું.

આરોપી જયાં ગયેલ તે દુધની દુકાન હોય તેવું લાગતુ હતું. આરોપીએ ફરિયાદીના ફોન દ્વારા દુકાન પર ક્યુઆર સ્કેન કરી દુકાન વાળા પાસે પૈસા લઈ પરત આવેલ અને ફરીથી તે કારમાં રાજકોટમાં અલગ-અલગ જગ્યાએ ફેરવેલ હતો. યુવાને આરોપીને ટ્રક વાળી જગ્યાએ મુકી જવાનુ જણાવતા તેણે ઉંધી છરી ખંભા પાસે મારી ફડાકા ઝીંકી દિધેલ હતાં. બાદમાં આરોપી તેને ટ્રક પાસે લઈ ગયેલ અને ત્યાં પહોંચી ધમકી આપેલ કે, જો આ બાબતે કોઈને વાત કરીશ તો છરી ઝીંકી દઈશ તેમ કહી કારમાં ફરીથી માર મારેલ હતો અને યુવાનને પોતાનો મોબાઈલ ફોન તથા ટ્રકની ચાવી આપી નાશી છૂટ્યો હતો. બાદમાં યુવાને તેમના શેઠને વાત કરી ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીઆઈ સુધીર રાણેની રાહબરીમાં પીએસઆઇ જે. આર.સોલંકી અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી હતી. તે દરમ્યાન અપહરણ કરી ટ્રક ડ્રાઈવરને મારમારી લૂંટ ચલાવી નાસી છૂટનાર આરોપી કારમાં પોલિસથી બચવા માલિયાસણ ચોકડી તરફ જતો હતો ત્યારે ત્યાં વાહન ચેકીંગમાં રહેલ પોલીસને જોઈ કાર ભગાડતાં હાઈવે પર કાર પરનો કાબૂ ગુમાવતાં કાર સાઈડમાં ઉતરી જઈ દિવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી.

તેમનો પિછો કરતી પોલીસ ઘટનાસ્થળે પહોંચતા આરોપીને અટકમાં લીધો હતો. જે અંગેની જાણ બી. ડિવિઝન પોલીસને થતાં પીએસઆઇ જે.આર.સોલંકી સહિતનો સ્ટાફ પણ દોડી ગયો હતો અને આરોપી ઈમરાનની અટકાયત કરી પૂછપરછ કરતાં તેને અપહરણ, લૂંટના બનાવની કબુલાત આપતાં પોલીસે તેને સકંજામાં લઈ વધું પૂછતાછ આદરી હતી.

ઉલ્લેખનીય છે કે, અનેક ગુનાને અંજામ આપી આરોપીઓ હાઈવે પરથી નાસી છૂટતાં હોય છે ત્યારે ગઈકાલે હાઇવે પર સઘન ચેકીંગના કારણે કુવાડવા રોડ પરની પોલીસના હાથે આરોપી પકડાઈ ગયો હતો.

# બાલંભાના પાટીયા પાસે આઠ પદયાત્રી મહિલાઓને ટ્રકે હડફેટે લીધાઃ ત્રણના મોત

**કચ્છના સાંતલપુર તાલુકાના બકુત્રા ગામના આહીર સમાજની આઠ મહિલાઓ પગપાળા દ્વારકા જતા હતા ત્યારે આજે વહેલી સવારે અજાણ્યા ટ્રકે કર્યો અકસ્માતઃ અન્ય પાંચ મહિલાઓને પણ પહોંચી ઈજાઃ ઘટના બાદ ટ્રકચાલક ફરાર**

જામનગર તા.૧૭:

જામનગર જિલ્લાના જોડિયા પંથકમાં આજે વહેલી સવારે કાળમુખો અકસ્માત સર્જાયો હતો. જેમાં બાલંભા ગામના પાટીયા પાસે એક તોતિંગ ટ્રકે કચડી નાખતા પદયાત્રા કરીને દ્વારકા દર્શનાર્થે જતા ૩ મહિલાના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. સાંતલપુર જિલ્લાના બકુત્રા ગામની મહિલાઓના અંતરિયાળ મૃત્યુ નિપજતા રસ્તા પર લોહીના ખાબોચિયા ભરાયા હોવાના હચમચાવી નાખતા દ્રશ્યો સર્જાયા હતા. જ્યારે અન્ય પાંચ પદયાત્રી મહિલાઓ ઘાયલ થયા હોવાથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ છે. આ મામલે જોડીયા પોલીસે દોડી જઈ વધુ તપાસ હાથ





ધરી છે.હિટ એન્ડ રનના ગોઝારા અકસ્માત મામલે જાણવા મળતી પ્રાથમિક વિગત અનુસાર કચ્છના સાંતલપુર તાલુકાના બકુત્રા ગામના આઠ મહિલાઓ પદયાત્રા કરી દ્વારકા જગત મંદિર ખાતે જઈ રહ્યા હતાં આ વેળાએ જોડિયા તાલુકાના બાલંભા ગામના પાટીયા પાસે વહેલી સવારે ૪.૩૦ વાગ્યે અકસ્માત નડ્યો હતો. વાયુવેગે આવેલ કાળમુખા ટ્રકના ચાલકે આઠ પદયાત્રી મહિલાઓને હડફેટેમાં લઈ લેતાં હાહાકાર મચી ગયો હતો. જેમાં છાનુબેન આહીર (ઉંમર વર્ષ ૫૦) રુડીબેન આહીર (ઉંમર વર્ષ ૫૦) અને સેજીબેન આહીર (ઉંમર વર્ષ ૪૫)ના અંતરિયાળ મૃત્યુ નીપજ્યા હતા. જેને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી મચી છે. આ ઉપરાંત આ ઘટનામાં અન્ય પાંચ પદયાત્રી મહિલાઓ ઈજાગ્રસ્ત બની હોવાથી તમામને એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જોડિયાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેઓની સઘન સારવાર ચાલી રહી છે. આ અકસ્માત બાદ ટ્રકનો ચાલક ત્યાંથી ભાગી છુટ્યો હતો. જે અકસ્માતના બનાવની જાણ થતાં જોડિયા પોલીસ સ્ટેશનની ટુકડી બનાવના સ્થળે તેમજ હોસ્પિટલમાં દોડી ગઈ હતી

### 'પતિ–પત્નિ ઔર વો'

# હવે અમારી વચ્ચે આવીશ તો જાનથી મારી નાખશું કહી પત્નિને પતિ અને તેની પ્રેમિકાએ માર માર્યો

**ભકિતનગર પોલીસની બાજુમાં જ બઘડાટી બોલતા કંટાળેલી મહિલાએ આપઘાતનો પ્રયાસ કર્યોઃ પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધા**

રાજકોટ તા.૧૭

'પતિ-પત્નિ ઔર વો' જેવો કિસ્સો રાજકોટમાં પણ સામે આવ્યો હતો. પ્રેમી યુગલે હવે અમારી વચ્ચે આવીશ તો જાનથી મારી નાખશું કહી મહિલાને માર મારતા ભકિતનગર પોલીસ મથકની બહાર જ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં ખસેડાઈ હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે ભગવતી સોસાયટી શેરી નં.૨, દૂધસાગર રોડ પર રહેતા અફસાનાબેન ઉર્ફે રૂકસાના નદીમભાઈ મકવાણા (ઉ.૨૮)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેના પતિ નદીમ ગફાર મકવાણા અને આસ્તાન ઈમરાત મેતરનું નામ આપી જણાવ્યું હતું કે તે તેના પતિ, સાસુ સસરા અને દિયર સાથે સંયુકત પરિવારમાં રહે છે તેણીને સંતાનમાં બે પુત્રો અને એક પુત્રી છે.

દોઢેક વર્ષ પહેલા તેના પતિ નદીમને આસ્તાના મેતર સાથે અફેર હોય જેની તેને જાણ થઈ હતી. જે બાબતે તેમને અવાર નવાર સમજાવતા તેના પતિ સમજતા ન હતા અને તે મહિલા સાથે સબંધ રાખતા હતા. ગઈકાલે સાંજના સમયે તેણી તેના સાસુ સાથે ઘરે હતી ત્યારે તેના સસરા ગફારભાઈએ ઘરે આવીને કહેલ કે મને ઈરફાનનો ફોન આવેલ કે તમારો દિકરો નદીમ અને આસ્તાના દેવપરામાં આવેલ ખ્વાજા એપાર્ટમેન્ટમાં પકડાયેલ છે. અને હું પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા જાઉં છું, ત્યારે બાદ તેણી અન્ય પરીવારજનો સાથે ભકિતનગર પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે બન્ને ત્યાં હાજર હતા. અને તેણી સાથે ઝઘડો કરવા લાગેલ હતા.

બાદમાં તેઓ પોલીસ સ્ટેશન બહાર બેસેલ હતા ત્યારે આસ્તાનાએ તેમને માર મારેલ અને કહેલ કે તારા પતિને હું નહીં મુકું અને બન્ને કહેતા હતા કે હવે અમારા બન્ને વચ્ચે આવીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

જે વાતમાં તેણીને માઠું લાગી આવતા તેને પોલીસ મથકની બહાર જ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બાદ તેણીને ૧૦૮ મારફત સારવારમાં સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ભકિતનગર પોલીસે ગુનો નોંધી આરોપીને અટકમાં લીધા હતા.

# લોઠડામાં યુવાનને રસ્તામાં આંતરી બે શખ્સોએ માર મારી દિવાલ સાથે માથુ ભટકાવ્યું

**છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપીઃ આજી ડેમ પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો**

રાજકોટ તા.૧૭

લોઠડામાં યુવાનને રસ્તામાં આંતરી બે શખ્સોએ માર મારી દિવાલ સાથે માથુ ભટકાવી બાદમાં છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા આજીડેમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ગોંડલમાં ઘોઘાવદર ચોકમાં રહેતા શોભનાબેન પ્રવિણભાઈ પરમાર (ઉ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજય જેરામ મેણીયા અને અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે તેણી મજુરી કામ કરે છે તેમના સંતાનો ગોંડલમાં અભ્યાસ કરે છે કે પતિ છેલ્લા બાર વર્ષથી લોઠડા ગામે સીમ વિસ્તારમાં ખેતમજુરી કામ કરે છે. ગઈ રાત્રીના તેમના મોટી બહેન હિનાબેનના પતિને આંચકી આવતા ગોંડલ સીવીલ હોસ્પીટલે લઈ ગયેલ હતા. જયાંથી તેઓને રાજકોટ સીવીલ હોસ્પીટલે લઈ આવતા હતા ત્યારે તેણીએ તેમના પતિ પ્રવીણભાઈને ફોન કરેલ કે તમારા ભાઈ મનસુખભાઈને આંચકી આવતી હોય તેથી તેઓને રાજકોટ સારવારમાં લઈ જઈએ છીએ.

ત્યારે તેના પતિએ કહેલ કે મારાથી હલાતુ નથી કે બોલાતુ પણ નથી. મને માર મારેલો છે. જેથી તેણી લોઠડા દોડી ગયેલ અને જોયેલ તો તેમના ઘરવાળા સુતેલ હતા તેમને પુછતા જણાવેલ કે ગઈ તા.૧૫ના રાત્રીના લગ્નનો જમણવાર હતો ત્યારે ભાઈબંધને બોલાવવા જતો હતો ત્યારે રસ્તામાં અજય મેણીયા અને તેની સાથેના અજાણ્યા શખ્સે રસ્તામાં તેમને આંતરી ગાળો દેવા લાગેલ અને ઉશ્કેરાઈ જઈ ઢીકાપાટુનો માર મારી દિવાલ સાથે માથુ ભટકાડેલ હતું તેમજ અજય છરી બતાવી કહેતો હતો કે હવે અમારી વચ્ચે આવીશ તો જાનથી મારી નાખીશ તેમ ધમકી આપતો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી આજી ડેમ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી ચક્રો ગતિમાન કર્યા હતા.

# વકીલોની ફી માળખું દર્શાવતું નકલી નોટિફિકેશન વાઈરલ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ગુનો નોંધવા કાર્યવાહી કરશે

**બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ એડવોકેટ્સની ફી અંગેના નકલી લેટર અંગે લોકોને ચેતવ્યા છે**

રાજકોટ, તા.૧૭

વકીલોની ફી માળખું દર્શાવતું નકલી નોટિફિકેશન વાઈરલ થઈ છે. જેની સામે બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા ગુનો નોંધવા કાર્યવાહી કરશે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ એડવોકેટ્સની ફી અંગેના નકલી લેટર અંગે લોકોને ચેતવણી આપી છે.

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (બીસીઆઈ) એ કાઉન્સિલને ખોટી રીતે એટ્રિબ્યુટ કરાયેલા બનાવટી લેટર અંગે જાણકારી મળી હતી. જેમાં ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ની તારીખના ''ઓફિશિયલ નોટિફિકેશન- ભારતમાં એડવોકેટ્સ માટે ફરજિયાત લઘુત્તમ ફી માળખું'' શીર્ષક હેઠળનો આ લેટર છે. જેમાં ૧ માર્ચ, ૨૦૨૫થી આ લઘુત્તમ ફી માળખું લાગુ થશે તેમ જણાવ્યું છે. નકલી નોટિફિકેશ સંદર્ભે જારી કરાયેલ એક અખબારી નિવેદનમાં બીસીઆઈ દ્વારા જણાવાયું છે કે, આ નકલી દસ્તાવેજનો હેતુ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સત્તાવાર નિર્દેશ તરીકે પોતાને ખોટી રીતે રજૂ કરીને જનતા અને કાયદાકીય વ્યવસાયના વકીલ સભ્યોને ગેરમાર્ગે દોરવાનો છે. આ કપટપૂર્ણ બનાવટી કૃત્ય છે. દસ્તાવેજમાં સત્તાવાર હસ્તાક્ષર નથી. યોગ્ય સંદર્ભ નંબરો નથી. ખોટી છાપ આપવા માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નામ અને સરનામાનો દુરુપયોગ લેટરમાં થયો છે. આ ઇરાદાપૂર્વક જનતા અને વકીલ સમુદાયને છેતરવાનો પ્રયાસ છે. એડવોકેટ્સ માટે કથિત ફરજિયાત લઘુત્તમ ફી મૂંઝવણ અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ





છે. આ બનાવટી લેટર પાછળનો ઈરાદો લોકોને છેતરવાનો અને ખોટી માહિતી ફેલાવવાનો હોવાનું જણાય છે. જેનાથી બાર કાઉન્સિલની પ્રતિષ્ઠાને નોંધપાત્ર નુકસાન થાય છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા આ ખોટા દસ્તાવેજના નિર્માણને સ્પષ્ટપણે વખોડે છે. કાઉન્સિલ કાનૂની સમુદાય અને જનતાને ખાતરી આપે છે કે આ નકલી નોટિફિકેશન માટે જવાબદાર લોકો સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે.

# યુ.કે. નિવાસી નીશા ડુસારાને ચેક રિટર્નના ત્રીજા કેસમાં ૧૨ માસની સજા ફટકારતી અદાલત

રાજકોટ, તા.૧૭

મૂળ શહેરમાં આલાભાઈના ભઠ્ઠા પાસે શક્તિનગરમાં રહેતી અને હાલ યુ.કે. નિવાસી નિશા કેતનભાઈ ડુસારા અને શ્રધ્ધાપાર્ક, શ્યામ હોલ પાસે, ૪૦ ફુટ રોડ, અટીકામાં રહેતા મયુરકુમાર વૃંદાવનભાઈ કારીયા બંને વચ્ચે મિત્રતા હતી.

દરમ્યાન આરોપી નિશાબેને ફરિયાદી મયુરકુમાર કારીયાને જણાવેલ કે, તેણે યુ.કે. (યુનાઈટેડ કિંગડમ)થી બેંકમાં ત્રીસ હજાર પાઉન્ડ જમા કરાવેલ તે કોઈ કારણોસર ઉપડતા નથી. તે ટેકનીકલ ખામી દુર કરતા પાંચથી સાત દિવસ લાગશે. તેને એક



**સુરેશ ફળદુ**
**એડવોકેટ**

પાર્ટીને અરજન્ટ રૂ.૨૩ લાખનું પેમેન્ટ કરવાનું છે. જેથી તેને રૂપિયાની જરૂર છે. મિત્રતાના સંબંધે ફરિયાદીએ પોતાના ગ્રુપ સર્કલમાંથી રકમની વ્યવસ્થા કરી આપી ફરીયાદીએ રૂ.૫ લાખ તથા અન્ય બે મિત્રો પાસે થી રૂ.૧૮ લાખ આપ્યા હતા. રકમ લેતી વખતે આરોપીએ વાત કરેલી કે, તે હિથો એરપોર્ટમાં નોકરી કરે છે. મોટા બિઝનેસમેન સાથે સંકળાયેલ છે. અઠવાડીયામાં રકમ પરત કરી આપશે. જે પછી રકમ પરત કરવા ફરિયાદીને રૂ.૫ લાખનો ચેક આપેલો. જે ચેક રિટર્ન થતા રાજકોટની કોર્ટમાં ફરિયાદ દાખલ થઈ હતી. જે કેસ ચાલી જતા ફરિયાદીના વકીલ સુરેશ ફળદુએ કોર્ટમાં દલીલો કરેલી કે, આરોપી સામે મુંબઈ મુકામે પણ રૂપીયા આઠ કરોડથી પણ વધુ રકમની છેતરપીંડી અને ફોર્જરી કરેલનો ગુનો દાખલ થતા યુ.કે.થી ઈન્ડીયામાં પ્રવેશ કરતા ધરપકડ થઈ જતા મુંબઈ મુકામે જેલમાં છે. આરોપીની આવા પ્રકારના ગુના કરવાની ટેવ હોય, અગાઉ બે ચેક રીટર્ન કેસોમાં પણ આરોપીને સજા થઈ ચુકેલ છે. દલીલો, પુરાવા, ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ કોર્ટે આરોપીને એક વર્ષની સજા ઉપરાંત ચેકની રકમની સવા ગણી રકમ રૂ.૬.૨૫ લાખ બે માસમાં ન ચૂકવે તો વધુ ત્રણ માસની સજા ફરમાવતો હુકમ કર્યો છે. આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નિરવ દોંગા, પ્રિન્સ રામાણી, ભાવિન ખુંટ, જયમલ મકવાણા રોકાયેલ હતા.

## જર્મન રાષ્ટ્રપતિનું એકસ એકાઉન્ટ હેક : હિટલરની પ્રોફાઈલ દેખાઈ



જર્મનના રાષ્ટ્રપતિ ફ્રાન્ક વોલ્ટરનું એકસ એકાઉન્ટ હેક થયું જેમાં યુઝર નેમ એડોલ્ફ હિટર કરી લખાયું જર્મનીને ફરી મહાન બનાવીએ બાદમાં આ એકાઉન્ટ પર ભારત સરકારના બિહારના વોટર રિસોર્સીઝ ડિપાર્ટમેન્ટનું યુઝર નેમ આવ્યું હતું.

# રાજકોટનાં વસુધરા ગામ પાસે દારૂ ભરેલી કાર ઝડપાઇ

**દારૂ–કાર સહિત રૂા. ૨.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો**

રાજકોટ, તા. ૧૭

રાજકોટના વસુંધરા ગામ નજીક વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે શખ્સોને એરપોર્ટ પોલીસે ઝડપી લઇ ગુનો નોંધેલ છે.

એરપોર્ટ પોલીસ સ્ટેશન પી.આઇ. આઇ.એન.સાવલીયાનાં માર્ગદર્શન હેઠળ હેઠળ વસુંધરા ગામ તરફ જતા કાચા રોડ પર ખાનગી કંપનીનાં પ્લાન્ટ સામે રોડ પર પસાર થતી મારૂતી સુઝુકી અર્ટીકા કાર નં. જીજે ૦૩ એમ એચ ૪૭૨૧ની તલાસી લેતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની બોટલ નં. ૧૨૦ કિ. રૂા. ૪૫૦૦૦ સાથે અનીલ ભના મકવાણા, રે. દેવપરા તા. થાન અને શૈલેષ ગોરધનભાઇ બાવળીયા રે. જેપુર, તા. વાંકાનેરને ઝડપી લઇ કાર, દારૂ, મોબાઇલ મળી કુલ રૂા. ૨,૫૦,૦૦૦નો મુદામાલ જપ્ત કર્યો હતો.

આ કામગીરી થાણા અધિકારી પોલીસ ઇન્સ્પેકટર આઇ.એન.સાવલીયા તથા પો.સબ.ઇન્સ. એસ.એસ.જાડેજા તથા પો.હેડ.કોન્સ. એચ.એસ.તળાવિયા તથા પો.કોન્સ. યુવરાજસિંહ જટુભા જાડેજા તથા પો.કોન્સ. સારંગભાઇ ચંદુભાઇએ કરી હતી.




# આઈપીએલ-૨૦૨૫નું શેડ્યૂલ જાહેરઃ ૨૨મી માર્ચથી ચોગ્ગા-છગ્ગાનો વરસાદ



## આઈપીએલ ૨૦૨૫નો સંપૂર્ણ કાર્યક્રમ

| તારીખ | સમય | મેચ | સ્થળ |
|---|---|---|---|
| ૨૨ માર્ચ | શનિવાર | કોલકતા નાઈટ રાઈડર્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ | કોલકાતા |
| ૨૩ માર્ચ | રવિવાર | સનરાઈઝર્સ હૈદરાબાદ વિ. રાજસ્થાન રોયલ્સ | હૈદરાબાદ |
| ૨૩ માર્ચ | રવિવાર | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ. મુંબઈ ઇન્ડિયન્સ | ચેન્નાઈ |
| ૨૪ માર્ચ | સોમવાર | દિલ્હી કેપિટલ્સ વિ. લખનૌ સુપર જાયન્ટ્સ | વિશાખાપટ્ટનમ |
| ૨૫ માર્ચ | મંગળવાર | ગુજરાત ટાઈટન્સ વિ. પંજાબ કિંગ્સ | અમદાવાદ |
| ૨૬ માર્ચ | બુધવાર | રાજસ્થાન રોયલ્સ વિ. કોલકતા નૌઈટ રાઈડર્સ | ગુવાહાટી |
| ૨૭ માર્ચ | ગુરૂવાર | સનરાઈઝર્સ હૈદરાબાદ વિ. લખનૌ સુપર જાયન્ટ્સ | હૈદરાબાદ |
| ૨૮ માર્ચ | શુક્રવાર | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ | ચેન્નાઈ |
| ૨૯ માર્ચ | શનિવાર | ગુજરાત ટાઈટન્સ વિ. મુંબઈ ઇન્ડિયન્સ | અમદાવાદ |
| ૩૦ માર્ચ | રવિવાર | દિલ્હી કેપિટલ્સ વિ. સનરાઈઝર્સ હૈદરાબાદ | વિશાખાપટ્ટનમ |
| ૩૦ માર્ચ | રવિવાર | રાજસ્થાન રોયલ્સ વિ. ચેન્નાઈ સુપર કિંગ્સ | ગુવાહાટી |
| ૩૧ માર્ચ | સોમવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિ. કોલકતા નાઈટ રાઈડર્સ | મુંબઈ |
| ૧ એપ્રિલ | મંગળવાર | લખનૌ સુપર જાયન્ટ્સ વિ. પંજાબ કિંગ્સ | લખનૌ |
| ૨ એપ્રિલ | બુધવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વિ. ગુજરાત ટાઈટન્સ | બેંગ્લુરૂ |
| ૩ એપ્રિલ | ગુરૂવાર | કોલકતા નાઈટ રાઈડર્સ વિ. સનરાઈઝર્સ હૈદરાબાદ | કોલકતા |
| ૪ એપ્રિલ | શુક્રવાર | લખનૌ સુપર જાયન્ટ્સ વિ. મુંબઈ ઇન્ડિયન્સ | લખનૌ |
| ૫ એપ્રિલ | શનિવાર | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ. દિલ્હી કેપિટલ્સ | ચેન્નાઈ |
| ૫ એપ્રિલ | શનિવાર | પંજાબ કિંગ્સ વિ. રાજસ્થાન રોયલ્સ | ન્યુ ચંદીગઢ |
| ૬ એપ્રિલ | રવિવાર | કોલકતા નાઈટ રાઈડર્સ વિ. લખનૌ સુપર જાયન્ટ્સ | કોલકતા |
| ૬ એપ્રિલ | રવિવાર | સનરાઈઝર્સ હૈદરાબાદ વિ. ગુજરાત ટાઈટન્સ | હૈદરાબાદ |
| ૭ એપ્રિલ | સોમવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ | મુંબઈ |
| ૮ એપ્રિલ | મંગળવાર | પંજાબ કિંગ્સ વિ. ચેન્નાઈ સુપર કિંગ્સ | ન્યુ ચંદીગઢ |
| ૯ એપ્રિલ | બુધવાર | ગુજરાત ટાઈટન્સ વિ. રાજસ્થાન રોયલ્સ | અમદાવાદ |
| ૧૦ એપ્રિલ | ગુરૂવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વિ. દિલ્હી કેપિટલ્સ | બેંગ્લુરૂ |
| ૧૧ એપ્રિલ | શુક્રવાર | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ. કોલકતા નાઈટ રાઈડર્સ | ચેન્નાઈ |
| ૧૨ એપ્રિલ | શનિવાર | લખનૌ સુપર જાયન્ટ્સ વિ. ગુજરાત ટાઈટન્સ | લખનૌ |
| ૧૨ એપ્રિલ | શનિવાર | સનરાઈઝર્સ હૈદરાબાદ વિ. પંજાબ કિંગ્સ | હૈદરાબાદ |
| ૧૩ એપ્રિલ | રવિવાર | રાજસ્થાન રોયલ્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ | જયપુર |
| ૧૩ એપ્રિલ | રવિવાર | દિલ્હી કેપિટલ્સ વિ. મુંબઈ ઇન્ડિયન્સ | દિલ્હી |
| ૧૪ એપ્રિલ | સોમવાર | લખનૌ સુપર જાયન્ટ્સ વિ. ચેન્નાઈ સુપર કિંગ્સ | લખનૌ |
| ૧૫ એપ્રિલ | મંગળવાર | પંજાબ કિંગ્સ વિ. કોલકતા નાઈટ રાઈડર્સ | ન્યુ ચંદીગઢ |
| ૧૬ એપ્રિલ | બુધવાર | દિલ્હી કેપિટલ્સ વિ. રાજસ્થાન રોયલ્સ | દિલ્હી |
| ૧૭ એપ્રિલ | ગુરૂવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિ. સનરાઈઝર્સ હૈદરાબાદ | મુંબઈ |
| ૧૮ એપ્રિલ | શુક્રવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વિ. પંજાબ કિંગ્સ | બેંગ્લુરૂ |
| ૧૯ એપ્રિલ | શનિવાર | ગુજરાત ટાઈટન્સ વિ. દિલ્હી કેપિટલ્સ | અમદાવાદ |
| ૧૯ એપ્રિલ | શનિવાર | રાજસ્થાન રોયલ્સ વિ. લખનૌ સુપર જાયન્ટ્સ | જયપુર |
| ૨૦ એપ્રિલ | રવિવાર | પંજાબ કિંગ્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ | ન્યુ ચંદીગઢ |
| ૨૦ એપ્રિલ | રવિવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિ. ચેન્નાઈ સુપર કિંગ્સ | મુંબઈ |
| ૨૧ એપ્રિલ | સોમવાર | કોલકતા નાઈટ રાઈડર્સ વિ. ગુજરાત ટાઈટન્સ | કોલકતા |
| ૨૨ એપ્રિલ | મંગળવાર | લખનૌ સુપર જાયન્સ વિ. દિલ્હી કેપિટલ્સ | લખનૌ |
| ૨૩ એપ્રિલ | બુધવાર | સનરાઈઝર્સ હૈદરાબાદ વિ. મુંબઈ ઇન્ડિયન્સ | હૈદરાબાદ |
| ૨૪ એપ્રિલ | ગુરૂવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વિ. રાજસ્થાન રોયલ્સ | બેંગ્લુરૂ |
| ૨૫ એપ્રિલ | શુક્રવાર | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ. સનરાઈઝર્સ હૈદરાબાદ | ચેન્નાઈ |
| ૨૬ એપ્રિલ | શનિવાર | કોલકતા નાઈટ રાઈડર્સ વિ. પંજાબ કિંગ્સ | કોલકતા |
| ૨૭ એપ્રિલ | રવિવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિ. લખનૌ સુપર જાયન્ટ્સ | મુંબઈ |
| ૨૭ એપ્રિલ | રવિવાર | દિલ્હી કેપિટલ્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ | દિલ્હી |
| ૨૮ એપ્રિલ | સોમવાર | રાજસ્થાન રોયલ્સ વિ. ગુજરાત ટાઈટન્સ | જયપુર |
| ૨૯ એપ્રિલ | મંગળવાર | દિલ્હી કેપિટલ્સ વિ. કોલકતા નાઈટ રાઈડર્સ | દિલ્હી |
| ૩૦ એપ્રિલ | બુધવાર | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ. પંજાબ કિંગ્સ | ચેન્નાઈ |
| ૧ મે | ગુરૂવાર | રાજસ્થાન રોયલ્સ વિ. મુંબઈ ઇન્ડિયન્સ | જયપુર |
| ૨ મે | શુક્રવાર | ગુજરાત ટાઈટન્સ વિ. સનરાઈઝર્સ હૈદરાબાદ | અમદાવાદ |
| ૩ મે | શનિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વિ. ચેન્નાઈ સુપર કિંગ્સ | બેંગ્લુરૂ |
| ૪ મે | રવિવાર | કોલકતા નાઈટ રાઈડર્સ વિ. રાજસ્થાન રોયલ્સ | કોલકતા |
| ૪ મે | રવિવાર | પંજાબ કિંગ્સ વિ. લખનૌ સુપર જાયન્ટ્સ | ધરમશાલા |
| ૫ મે | સોમવાર | સનરાઈઝર્સ હૈદરાબાદ વિ. દિલ્હી કેપિટલ્સ | હૈદરાબાદ |
| ૬ મે | મંગળવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિ. ગુજરાત ટાઈટન્સ | મુંબઈ |
| ૭ મે | બુધવાર | કોલકતા નાઈટ રાઈડર્સ વિ. ચેન્નાઈ સુપર કિંગ્સ | ચેન્નાઈ |
| ૮ મે | ગુરૂવાર | પંજાબ કિંગ્સ વિ. દિલ્હી કેપિટલ્સ | ધરમશાલા |
| ૯ મે | શુક્રવાર | લખનૌ સુપર જાયન્ટ્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ | લખનૌ |
| ૧૦ મે | શનિવાર | સનરાઈઝર્સ હૈદરાબાદ વિ. કોલકતા નાઈટ રાઈડર્સ | હૈદરાબાદ |
| ૧૧ મે | રવિવાર | પંજાબ કિંગ્સ વિ. મુંબઈ ઇન્ડિયન્સ | ધરમશાલા |
| ૧૧ મે | રવિવાર | દિલ્હી કેપિટલ્સ વિ. ગુજરાત ટાઈટન્સ | દિલ્હી |
| ૧૨ મે | સોમવાર | ચેન્નાઈ સુપર કિંગ્સ વિ. રાજસ્થાન રોયલ્સ | ચેન્નાઈ |
| ૧૩ મે | મંગળવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વિ. સનરાઈઝર્સ હૈદરાબાદ | બેંગ્લુરૂ |
| ૧૪ મે | બુધવાર | ગુજરાત ટાઈટન્સ વિ. લખનૌ સુપર જાયન્ટ્સ | અમદાવાદ |
| ૧૫ મે | ગુરૂવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિ. દિલ્હી કેપિટલ્સ | મુંબઈ |
| ૧૬ મે | શુક્રવાર | રાજસ્થાન રોયલ્સ વિ. પંજાબ કિંગ્સ | જયપુર |
| ૧૭ મે | શનિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ વિ. કોલકતા નાઈટ રાઈડર્સ | બેંગ્લુરૂ |
| ૧૮ મે | રવિવાર | ગુજરાત ટાઈટન્સ વિ. ચેન્નાઈ સુપર કિંગ્સ | અમદાવાદ |
| ૧૮ મે | રવિવાર | લખનૌ સુપર જાયન્ટ્સ વિ. સનરાઈઝર્સ હૈદરાબાદ | લખનૌ |
| ૨૦ મે | મંગળવાર | ક્વોલિફાયર-૧ | હૈદરાબાદ |
| ૨૧ મે | બુધવાર | એલિમિનેટર | હૈદરાબાદ |
| ૨૨ મે | ગુરૂવાર | ક્વોલિફાયર-૨ | કોલકતા |
| ૨૫ મે | રવિવાર | ફાઈનલ | કોલકતા |

### ૨૨ માર્ચે કોલકાતા અને આરસીબી વચ્ચે પ્રથમ મેચ : ૨૫ મેના રોજ ફાઈનલ



નવી દિલ્હી,તા.૧૭

રવિવારે બીસીસીઆઈએ ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫નું શેડ્યૂલ બહાર પાડ્યું છે. આ ટૂર્નામેન્ટની ૧૮ મી સીઝન ૨૨ માર્ચથી શરૂ થશે અને ફાઈનલ મેચ ૨૫ મેના રોજ એડન ગાર્ડન્સ ખાતે રમવામાં આવશે. પ્રથમ મેચ ઇડન ગાર્ડન્સમાં વિજેતા કોલકાતા નાઈટ રાઇડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમવામાં આવશે. ૨૩ માર્ચે મુંબઇ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમવામાં આવશે. ૧૦ ટીમો વચ્ચે ૬૫ દિવસમાં કુલ ૭૪ મેચ રમવામાં આવશે. આમાં નોકઆઉટ રાઉન્ડ શામેલ છે. આ સમયગાળા દરમિયાન, ૭૦ લીગ રાઉન્ડ મેચ ૨૨ માર્ચથી ૧૮ મે દરમિયાન રમવામાં આવશે. તે જ સમયે, ફાઇનલ સહિતનાં તમામ પ્લેઓફ્સ ૨૦ થી ૨૫ મે સુધી રમવામાં આવશે.

**કુલ ૧૨ દિવસમાં બે-બે મેચ રમવામાં આવશે :-**

૨૨ માર્ચે બેંગલુરુ અને કોલકાતા વચ્ચેની મેચ પછી, ડબલ હેડર મેચ ૨૩ માર્ચ એટલે કે રવિવારે રમવામાં આવશે. રવિવારે પ્રથમ ડબલ હેડરમાં, રાજસ્થાન રોયલ્સને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમવામાં આવશે, જ્યારે બીજી મેચમાં મુંબઈની ટીમ ચેન્નાઈનો સામનો કરશે. આઈપીએલ ૨૦૨૫ માં કુલ ૧૨ ડબલ હેડર મેચો રમવામાં આવશે. ડબલ હેડર પર, પ્રથમ મેચ બપોરે ૩ : ૩૦ વાગ્યે રમવામાં આવશે અને બીજી મેચ સાંજે ૭ : ૩૦ વાગ્યે રમવામાં આવશે.

**ઘણી ટીમો તેનાં ઘરેલું મેદાન પર રમશે :-**

આઈપીએલની દસ ટીમો બે-બે હોમ ગ્રાઉન્ડ પર મેચ રમશે. દિલ્હી નવી દિલ્હીના વિશાખાપટ્ટનમ અને અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે તેમની મેચ રમશે. રાજસ્થાન ગુવાહાટીમાં તેમની બે મેચ રમશે, જ્યાં તેઓ કેકેઆર અને સીએસકે સામે રમશે. આ સિવાય, બાકીની મેચ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રમશે. તે જ સમયે, પંજાબ ચંડીગઢના ન્યુ પીસીએ સ્ટેડિયમમાં તેની ચાર મેચ રમશે, જ્યારે ધર્મશાળા હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ ખાતે લખનૌ, દિલ્હી અને મુંબઇ સામે ત્રણ ઘરેલુ મેચ રમશે.

**હૈદરાબાદ અને કોલકાતામાં પ્લેઓફ મુકાબલો :-**

લીગ સ્ટેજ પૂરો થયાં પછી, પ્લેઓફ્સ હૈદરાબાદ અને કોલકાતામાં રમવામાં આવશે. હૈદરાબાદ ૨૦ મે, ૨૦૨૫ અને ૨૧ મેના રોજ ક્વોલિફાયર ૧ અને એલિમિનેટરનું આયોજન કરશે. આ પછી, કોલકાતા ૨૩ મે, ૨૦૨૫ અને ૨૫ મેના રોજ ક્વોલિફાયર ૨ હોસ્ટ કરશે.

**કોલકાતાએ આઈપીએલ ૨૦૨૪ નો ખિતાબ જીત્યો હતો :-**

આઈપીએલની પાછલી સીઝન ખૂબ જ રોમાંચક હતી. ત્યાર કોલકાતા નાઈટ રાઇડર્સે ચેન્નાઈના ચેપક સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલ મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદને આઠ વિકેટથી હરાવીને ખિતાબ જીત્યો હતો. આઈપીએલ ઇતિહાસમાં કોલકાતા ટીમનો આ ત્રીજો ખિતાબ હતો.

# ભારત 'ફ્રેશ' પિચ પર રમશે : દુબઈ પિચ લાંબા સમયથી ઉપયોગમાં લેવાઈ નથી

### પિચ સ્પિનરો માટે અનુકૂળ નથી છતાં વધુ સ્પિનરો પ્લેઈંગ ઈલેવનમાં રાખવા પર પ્રશ્ન







દુબઈ :

ભારત ચેમ્પિયન્સ ટ્રોફીની તેની બધી મેચ દુબઇમાં રમવા જઈ રહી છે. ટીમ ટૂર્નામેન્ટની તૈયારી માટે દુબઈ પહોંચી છે. પ્રથમ તાલીમ સત્રમાં, ખેલાડીઓએ ભારે પરસેવો પાડ્યો હતો. આ દરમિયાન, દુબઇ પિચ વિશે પણ એક મોટું અપડેટ સામે આવ્યું છે. મીડિયા અહેવાલો અનુસાર, ભારતીય ટીમ જે બે પિચ પર રમવા જઈ રહી છે તે પિચ પર લાંબા સમયથી કોઈ મેચ રમવામાં આવી નથી તે નવી પિચ છે.

ભારત ૨૦ ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ મેચ રમશે. ત્યારબાદ ૨૩ ફેબ્રુઆરીએ તે પાકિસ્તાનનો સામનો કરશે. ૨ માર્ચે, ટીમ ન્યુઝીલેન્ડ સામે મેદાનમાં આવશે. ભારતની મેચ માટે આવી બે પિચની પસંદગી કરવામાં આવી છે, જેનાં પર લાંબા સમયથી કોઈ મેચ જાણી જોઈને રમવામાં આવી નથી.

ગયાં વર્ષે દુબઇમાં મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ યોજાયો હતો. ત્યારથી, અહીં અન્ડર -૧૯ એશિયા કપ અને યુએઈ ક્રિકેટ બોર્ડની આએલટી ૨૦ લીગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પિચ પર લીગની ૧૫ મેચ હતી. એવાં અહેવાલો છે કે લીગ દરમિયાન કુલ ૧૦ પિચમાંથી બે અલગ રાખવામાં આવી હતી. તેઓ ઇચ્છતાં હતાં કે તે પિચ ચેમ્પિયન્સ ટ્રોફી માટે રાખવામાં આવે.

સુત્રએ જણાવ્યું કે 'ડીઆઈસી ત્યાં ૧૦ મેચ પિચ છે. લીગ દરમિયાન, ત્યાં વિશેષ સૂચનાઓ આપવામાં આવી હતી કે તે બંનેનો ઉપયોગ હવે કરવામાં આવશે નહીં અને તે ચેમ્પિયન્સ ટ્રોફી અનામત રાખવામાં આવશે. આ તાજી પીચો બેટ્સમેન અને બોલરો બંને માટે સમાનરૂપે મદદરૂપ થશે.

### ભારતીય ટીમની પ્લેઈંગ ઈલેવનમાં વધુ સ્પિનરોની પસંદગી પર સવાલ :-

રોહિત શર્માની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયા શનિવારે ચેમ્પિયન્સ ટ્રોફી માટે દુબઈ પહોંચી હતી. ભારતે દુબઈમાં તેમની બધી મેચ રમવાની છે, તેથી ટીમમાં પાંચ સ્પિનરોની હાજરી વિશે પ્રશ્નો ઉભાં થઈ રહ્યાં છે.

સવાલ એ ઉભો થયો છે કે શું ભારતીય ટીમમાં પાંચમાં સ્પિનરની જરૂર હતી ? ખાસ કરીને જ્યારે ટીમમાં પહેલેથી જ સ્પિનર કુલદીપ યાદવ અને વોશિંગ્ટન સુંદર અને બે ડાબી બાજુના સ્પિનરોમાં રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલ પહેલેથી જ ટીમમાં સામેલ હતાં. આવી સ્થિતિમાં, વરૂન ચક્રવર્તીને ટીમમાં સામેલ કરવા પર હવે સવાલો ઉભા થયાં છે.

### સ્પિનરોનો જાદુ દુબઈમાં કામ કરતો નથી

યુએઈ શારજાહ, દુબઈ અને અબુ ધાબીના ત્રણ મેદાન ધીમી પિચ માટે જાણીતાં છે. આ પિચ ઝડપી બોલરો માટે વધુ અસરકારક છે. છેલ્લાં ૨૪ વનડેમાં અહીં ફાસ્ટ બોલરોએ ૨૧૦ વિકેટ લીધી છે, જે અહીં પડેલી કુલ વિકેટમાંથી ૬૦.૫ ટકા છે.

મેચ બપોરે શરૂ થઈ રહી છે, આવી પરિસ્થિતિમાં, જો ટીમ ટોસ જીતે છે અને પ્રથમ બોલિંગ પસંદ કરે છે, તો તે સ્પિનરોને લાભ આપી શકે છે. જો ઝાકળ આવે છે, તો સ્પિનરો (કુલદીપ યાદવ અને વરૂન ચક્રવર્તી પાસે બોલિંગ કરાવવી જોખમી હોઈ શકે છે. બંને અગિયારમા સ્થાને મૂકવાથી સ્પિન ઓલ રાઉન્ડર પણ ઘટી શકે છે. અત્યાર સુધીમાં દુબઇમાં કુલ ૫૮ વનડે મેચ રમવામાં આવી છે અને આ મેચોમાં, પેસર્સે કુલ ૪૬૩ વિકેટો લીધુ છે જેમાં તેમની સરેરાશ ૨૮.૬૨ રહી હતી. સ્પિનરોએ અહીં ૩૦.૧૭ ની સરેરાશથી ૩૨૦ વિકેટો લીધી છે.

સુત્રોએ કહ્યું કે સામાન્ય રીતે દુબઇ પિચ ઘણીવાર ઝડપી બોલરોને વધુ ફાયદો કરે છે અહીં ઝડપી બોલરોને વધુ બાઉન્સ મળે છે. જો કે, નવી પિચ પર, સ્પિનરોને બોલને વધુ સ્પિન કરવામાં મદદ મળી શકે છે.

# ન્યુઝિલેન્ડ ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી માટેની મોટી દાવેદાર

### કિવિ ટીમે પાકિસ્તાનમાં રમવામાં આવેલી ટ્રાઇ-સિરીઝ જીતીને તેમની તાકાત બતાવી



નવી દિલ્હી :

આઇસીસી ઇવેન્ટ્સમાં સામાન્ય રીતે 'છુપિ રૂસ્તમ' તરીકે ઉતરતી ન્યુઝિલેન્ડ ટીમનું તાજેતરનું ફોર્મ, તેને આગામી ચેમ્પિયન્સ ટ્રોફી ટાઇટલ માટે સૌથી મોટો દાવેદાર બનાવે છે. આજુ વખતે કીવી ટીમ દાવેદાર તરીકે ઉતરશે. ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારી માટે પાકિસ્તાનમાં પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી ટ્રાઇ સેરીઝમાં ન્યુઝિલેન્ડની ટીમે જીત મેળવી અને મજબૂત તૈયારીઓનો સંદેશ આપ્યો છે. કીવી ટીમ છેલ્લાં વનડે વર્લ્ડ કપથી અદભૂત લયમાં ચાલી રહી છે. તેમણે ભારતમાં યોજાયેલાં ૨૦૨૩ વનડે વર્લ્ડ કપમાં સેમી ફાઇનલ સુધીનો પ્રવાસ કર્યો હતો. પાકિસ્તાનમાં ટ્રાઇ સિરીઝમાં, ન્યુઝીલેન્ડની ટીમે અજેય રહેતાં જીતી મેળવી હતી.

**બેટિંગમાં સારું પ્રદર્શન**

વર્ષ ૨૦૧૯ પછી, પાકિસ્તાનમાં ન્યુઝીલેન્ડની ટીમે અન્ય કોઈપણ વિદેશી ટીમ કરતાં સૌથી વધુ મેચ રમ્યાં છે. ટીમનાં કેપ્ટન મિશેલ સેન્ટનર બેટિંગમાં આઠમાં ક્રમે આવે છે, જો તેમની પ્લેઈંગ ઈલેવનમાં રચિન રવિન્દ્ર અને ડેરિલ મિશેલ્સ આવે છે તો તેમની પાસે આઠ બોલરો પણ હોઈ શકે છે, તેઓ ૨૦૨૩ વનડેમાં સારું પ્રદર્શન કર્યું હતું.

**કેટલાક પેસરો ઈજાગ્રસ્ત**

ન્યુઝીલેન્ડ પાસે આ ટૂર્નામેન્ટ માટે કોઈ મોટા સ્પિનર નહીં હોય, પરંતુ તેમની ફિંગર સ્પિન ઓલરાઉન્ડર મિશેલ સેન્ટનર, માઇકલ બ્રેસવેલ અને ગ્લેન ફિલિપ્સ ટીમને સંતુલન પૂરું પાડે છે. જેમાંથી બ્રેસવેલ અને સેન્ટનર પાવરપ્લેમાં બોલિંગ કરી શકે છે. જોકે ફાસ્ટ બોલિંગ વિભાગ થોડું નબળું લાગી રહ્યું છે.

લોકી ફર્ગ્યુસન ઈજામાંથી પુનરાગમન કરશે. પેસર બેન સીયર્સ હેમસ્ટ્રિંગની ઇજાને કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે

# ઋષભ પંત સ્વસ્થ : હાર્દિક પંડ્યાના શોટ પર ઈજા થઈ હતી



દુબઇ ,તા.૧૭

ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ભારતીય ટીમે રવિવારે આઈસીસી એકેડેમી ગ્રાઉન્ડમાં પ્રેક્ટિસ કરી હતી. આમાં, મોહમ્મદ શમીએ બોલિંગ કોચ મોર્ને મોર્કેલ સાથે ઘણો સમય પસાર કર્યો હતો. તે જ સમયે હાર્દિક પંડ્યાના જોરદાર શોટ પર ઋષભ પંતને ઘૂંટણમાં બોલ લાગ્યો હતો. તે પીડાના કારણે પડી ગયો હતો પણ ફિઝિયો કમલેશ જૈને તરત જ તેની સારવાર કરી હતી. હાર્દિક તરત નેટમાંથી બહાર આવ્યો અને પંતની પાસે ગયો હતો. જો કે, ઈજા ગંભીર ન હતી અને પંત તરત જ પેડ પહેરીને બેટિંગ કરવા આવ્યો હતો. શમી ઘૂંટણ પર સ્ટ્રેચેબલ બેન્ડ પહેર્યા હતાં. તેણે ટૂંકા રનઅપથી શરૂઆત કરી હતી. બેટ્સમેનો અભ્યાસ માટે ઉતર્યા પછી શમીએ જોરદાર બોલિંગ કરી હતી. હાર્દિક પંડ્યા અને શ્રેયસે કુલદીપ યાદવ અને બાકીના સ્પિનરોની સામે પ્રેક્ટિસ કરી હતી. કોહલીએ પ્રેક્ટિસ દરમિયાન ખૂબ જ એકાગ્રતાથી રમત રમી હતી. રોહિત ગત સપ્તાહે કટકમાં ઇંગ્લેન્ડ સામે સદી પછી સારાં મૂડમાં હતો. મુખ્ય બેટ્સમેનોના અભ્યાસ દરમિયાન, હર્ષિત રાણા, વરૂણ ચક્રવર્તી અને પંતે, ફિલ્ડિંગ કોચ ટી દિલીપ સાથે પ્રેક્ટિસ કરી હતી.

# મોરબીની મચ્છુ નદી પર ૧૫૦૦ કરોડના ખર્ચે સાબરમતી જેવો રિવરફ્રન્ટ બનશે



અમદાવાદ : મોરબી શહેરની મચ્છુ નદી પર બે વિનાશક દુર્ઘટનાઓ ઘટી ચુકી છે, હવે નવીકરણ અને પ્રગતિનાં ભાવિ પર તેની નજર છે. મોરબીની મચ્છુ નદી પર હવે ૧૫૦૦ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટની યોજના પર આવી રહી છે, જેનો હેતુ શહેરને પુનર્જીવિત કરવાનો છે.

બે મોટી આપત્તિઓ બાદ મચ્છુ નદીએ રાષ્ટ્રીય ધ્યાન મેળવ્યું છે. પ્રથમ વખત ૧૧ ઓગસ્ટ ૧૯૭૯ માં મચ્છુ ડેમ તુટ્યો હતો. પરિણામે ગંભીર પૂર આવ્યું જેણે હજારો લોકોનો ભોગ લીધો હતો.

બીજી દુર્ઘટના ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ બની હતી, જ્યારે ઐતિહાસિક ઝૂલતો પુલ તૂટી પડ્યો હતો, જેમાં ૧૩૫ લોકો માર્યા ગયાં હતાં. ઐતિહાસિક યુગનો પુલ સમારકામ પછી ફરીથી ખોલ્યો હતો, જેનાથી માળખાગત ગુણવત્તા અને સલામતીનાં નિયમો અંગે ચિંતા ઉભી થઈ હતી. તપાસમાં બહાર આવ્યું છે કે પુલનું સમારકામ કરવાને બદલે ફક્ત ડેન્ટિંગ અને પેઇન્ટિંગ જ કરવામાં આવ્યું હતું.

મોરબીના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે હવે શહેરી નવીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. ૧૫૦૦ કરોડનો રિવરફ્રન્ટ પ્રોજેક્ટનો હેતુ મચ્છુ નદીનાં ગૌરવને પુનર્સ્થાપિત કરવાનો છે અને રહેવાસીઓને આધુનિક શહેરી વાતાવરણ પૂરા પાડવાનો છે.

### મોરબીનાં રીવરફ્રન્ટ પ્રોજેક્ટથી આર્થિક રીતે અને ટુરિઝમને ફાયદો થશે

મોરબી હવે શહેરી નવીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ૧૫૦૦ કરોડના રિવરફ્રન્ટ પ્રોજેક્ટનો હેતુ મચ્છુ નદીનાં ગૌરવને પુનર્સ્થાપિત કરવા અને રહેવાસીઓને આધુનિક શહેરી વાતાવરણ પૂરું પાડવાનો છે. મોરબીના સિવિલ વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, અમદાવાદનાં સફળ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટથી પ્રેરિત, મચ્છુ માટેની યોજનામાં નદીનાં બ્યુટીફિકેશન, સુધારેલ જળ વ્યવસ્થાપન પ્રણાલીઓ, જાહેર મનોરંજન જગ્યાઓ અને નદીનાં કાંઠે વ્યાપારી વિકાસનો સમાવેશ થાય છે. રિવરફ્રન્ટ મોરબીના સૌંદર્યને વધારશે અને પર્યટનને વેગ આપશે અને આર્થિક વિકાસમાં મદદ કરશે. તેમણે જણાવ્યું હતું કે નાગરિકો માટે વોકિંગ, બગીચા, મનોરંજન ઝોન વગેરે આ રીવરફ્રન્ટના પ્રોજેક્ટમાં બનાવવામાં આવશે.

## શિખોની પાઘડી ઉતારી ડિપોર્ટ કરવા મામલે અમેરિકા પર ભડકયું એસપીજીસી

### અમેરિકામાં ટ્રમ્પની મુલાકાત દરમ્યાન પીએમ મોદીએ આ અપમાનનો મુદ્દો કેમ ન ઉઠાવ્યો? એસજીપીસીનાં પૂર્વ મહાસચિવ ગ્રેવાલ



અમૃતસર (પંજાબ) તા.૧૭

શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક કમીટીએ અમેરિકાથી ડિપોર્ટ થઈને એરપોર્ટ પહોંચેલા શિખ યુવકોનાં હાથમાં હાથકડી અને બેડીઓ નાખવાની અને શિખ યુવકોની પાઘડી ઉતારી લેવાના મામલે અમેરિકા અને ભારત સરકારની જોરદાર ટીકા કરી છે.

એસજીપીસીનાં પૂર્વ મહાસચીવ ગુરૂચરણસિંહ ગ્રેવાલે શિખ યુવકોને પાઘડી વિના દેશમાં પાછા લાવવા માટે નિંદા કરી છે. તેમણે જણાવ્યું હતું કે પાઘડીનાં અપમાનનો મુદ્દો એસજીપીસી ટુંક સમયમાં જ અમેરિકી સરકાર સામે ઉઠાવશે અને આ સંદર્ભમાં પત્ર પણ લખવામાં આવશે.ગ્રેવાલે એરપોર્ટ પર શિખ યુવકોને પાઘડી પહેરાવી હતી.

તેમણે વડાપ્રધાન મોદીને પણ પ્રશ્ન કર્યો હતો કે તેમણે અમેરિકાનાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે મુલાકાત દરમ્યાન ઉપરોકત મુદ્દો કેમ ન ઉઠાવ્યો? શા માટે દેશવાસીઓ અને ખાસ કરીને પંજાબીઓનાં પગમાં બેડીઓ નાખવા જેવા અમાનવીય કૃત્યના બારામાં કેમ વાત ન કરી?

# કાશ્મીરમાં અંકુશ રેખા પર પાક. દળોનો ફરી ગોળીબારઃ વળતો આકરો જવાબ અપાયો

### બે દિવસમાં સરહદ અશાંત કરવાનો પાક.નો બીજી વખત પ્રયાસઃ ભારતીય દળો એલર્ટઃ વધુ ટુકડીઓ ગોઠવાઈ

નવી દિલ્હી:

ભારત અને પાકિસ્તાનની સેના વચ્ચે ફરી વધી રહેલા તનાવમાં પાક. સેનાએ પુંછ સરહદ પર ભારતીય ચોકીઓ પર ગોળીબાર કરતા ભારતીય દળોએ વધતો જવાબ આપીને પાક બંદૂકના નાળચાને શાંત થવાની ફરજ પડી હતી. છેલ્લા ત્રણ દિવસમાં આ બીજી વખત પાકદળોએ અંકુશ રેખા પર આ હરકત કરી છે. ખાસ કરીને હિમ પીગળતા જ ત્રાસવાદીઓને ઘુસાડીને કાશ્મીરમાં અશાંતિ સર્જવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ગઈકાલે સવારે ૧૧ વાગ્યે પાક દળોએ પુંછ સેકટરમાં હળવી મશીનગનથી ભારે ગોળીબાર શરૂ કર્યો હતો. અગાઉ પાક સેનાના આ પ્રકારના ગોળીબારમાં સેનાના બે જવાનો શહીદ થયા હતા.

બાદમાં ભારતીય દળોએ સતર્કતા વધારી દીધી છે અને ગઈકાલે વળતો જવાબ આપ્યો હતો અને પાક ચોકીઓને નુકશાન પહોંચાડયુ હતું. કાશ્મીર ખીણમાં છેલ્લા બે દિવસમાં આ યુદ્ધ બીજી વખત પાક સેનાએ શાંતિ ડખોળવાનો પ્રયાસ કર્યો છે અને સરહદ પર ભુગર્ભ સુરંગ પણ બીછાવી છે. આમ વધેલા સરહદી તનાવથી ભારતીય દળો એલર્ટ થઈ ગયા છે અને વધુ ટુકડીઓ સીમા પર તૈનાત થઈ છે.

### જર્મન વોચના કલાયમેકસ ઈન્ડેકસ-૨૦૨૫ નો ચોંકાવનારો ખુલાસો

# ગ્લોબલ વોર્મિંગની અસરકર્તા દેશોમાં ભારત ટોપ ટેનમાં

### ભારત છઠ્ઠા ક્રમેઃ હવામાનમાં ફેરફારથી દેશની ઈકોનોમીને કરોડોનું નુકશાન



અમદાવાદ તા.૧૭

ગ્લોબલ વોર્મિંગ આજે વૈશ્વિક સમસ્યા બની ગયુ છે. ભારત માટે આ મામલે ચિંતાની વાત એ છે કે ગ્લોબલ વોર્મિંગના અસરકર્તા દેશોમાં ભારત ટોપ ટેનમાં આવી ગયુ છે. જર્મન વાંચતા કલાઈમેકસ ઈન્ડેકસ ૨૦૨૫ મુજબ ભારતનું સ્થાન ૬ઠ્ઠુ હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે.

પર્યાવરણીય થીંક ટેન્ક જર્મન વોચ દ્વારા પ્રકાશીત ધી કલાઈમેકસ રિસ્ક ઈન્ડેકસ ૨૦૨૫ અનુસાર ગ્લોબલ ઈન્ડેકસ ૨૦૨૫ અનુસાર ગ્લોબલ સાઉથનાં દેશો ૩૦ વર્ષમાં ભારે હવામાન ઘટનાઓથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. આ દેશોમાં ટોપ ટેનમાં ભારતનો પણ સમાવેશ થયો છે જેમાં ભારત છઠ્ઠા સ્થાને છે.

પર્શ્વાદમાં દેખાતો સૂચકાંક વિશ્લેષણ કરે છે કે પ્રતિકુળ હવામાન ઘટનાઓ દેશોને કેવી રીતે અસર કરે છે અને તેમના પર આર્થિક કે માનવીય અસરો (મૃત્યુ અકસ્માત, ઘાયલ, બેઘર લોકો) અનુસાર દેશોને ક્રમ આપે છે. જેમાં સૌથી વધુ અસરગ્રસ્ત દેશ પ્રથમ ક્રમે છે.

૧૯૯૩ અને ૨૦૨૨ ની વચ્ચે ૯૪૦૦ થી વધુ ભારે ઘટનાઓ બની છે.જેમાં લગભગ ૮ લાખ લોકો માર્યા ગયા હતા અને કુલ ૪.૨ ટ્રિલીયન ડોલરનું આર્થિક નુકશાન થયુ હતું.

ગ્લોબલ વોર્મિંગથી વધુ નુકશાન રોકવા માટે દેશોએ ૧.૫ ડીગ્રી સેલ્સીયસ તાપમાનથી નીચે અથવા શકય તેથી નજીક રહેવા માટે રાષ્ટ્રીય સ્તરે નિર્ધારીત યોગદાન સાથે જરૂરી પગલાને વેગ આપવાની જરૂર છે.એમ જર્મન વોચ ખાતે અનુકુલન અને નુકશાન અને નુકશાન માટેની નીતિનાં સલાહકાર લીના આદિલ કહે છે.

આંતર રાષ્ટ્રીય આબોહવા નીતિ વિભાગનાં વડા લૌરા શેફરના જણાવ્યા મુજબ છેલ્લા ૩૦ વર્ષમાં વિશ્વભરમાં સૌથી વધુ અસરગ્રસ્ત ૧૦ દેશોમાં ત્રણ યુરોપીયન દેશો-ઈટાલી સ્પેન અને ગ્રીસનો સમાવેશ થાય છે. જો આ દેશોના ડેટા ઘણા ગ્લોબલ નોર્થ દેશો જેટલા વ્યાપક હોત તો આર્થિક અને માનવીય અસરોની વધુ માત્રા દ્રશ્યમાન થઈ શકે છે.

કલાયમેટ ફાયનાન્સ અને રોકાણોનાં વરિષ્ટ સલાહકાર ડેવીડ એકસ્ટેઈન જણાવે છે. ૧.૫ ડીગ્રી સેલ્સીયસ તાપમાનથી નીચે અથવા શકય એટલુ નજીક રહેવા માટે રાષ્ટ્રીય સ્તરે નિર્ધારીત યોગદાન સાથે તાત્કાલીક શમન પગલા વધારવાની જરૂર છે.

### મનિષ અઘેરા નામના આરોપી સામે યુનિવર્સીટી પોલીસ મથકે ગુનો દાખલ થયો’તો

# સગીરાનું અપહરણ કરનાર ૨૩ દિવસથી પકડાતો નથી : પોલીસ સામે હાઈકોર્ટમાં અરજી

**સગીરાના પરિવારનો આક્ષેપ : પોલીસે આરોપી કે ભોગબનનારની ભાળ મેળવવા પૂરતા પ્રયાસો નથી કર્યાં, રાજકોટ પોલીસની કામગીરી ઢીલી, એટલે હાઈકોર્ટમાં હેબિયર્સ કોપર્સ દાખલ કરી છે**

**અગાઉ વસીમ નામનો શખ્સ ખાત્રી આપી ગયો હતો કે હવે આરોપી યુવક સગીરાનો સંપર્ક નહીં કરે, તેમ છતાં તા.૨૬ જાન્યુઆરીની રાતે અપહરણ થયું**

**સીપી, ડીસીપી અને અંતે ગૃહમંત્રીને રજુઆત કરાઈ હતી, બાદમાં હાઈકોર્ટમાં મામલો પહોંચતા ૧૮મી ફેબ્રુઆરી સુધીમાં ભોગ બનનારને શોધી હાજર કરવા હુકમ**



આરોપી યુવક

રાજકોટ, તા.૧૭

રાજકોટમાંથી ૧૭ વર્ષની સગીરાનું અપહરણ થયું હતું. જે મામલે ૨૩ દિવસથી આરોપી કે સગીરાનો કોઈ પતો ન મળતા અંતે સગીરાના પરિવારે હાઈકોર્ટમાં હેબિયર્સ કોપર્સની અરજી કરતા પોલીસમાં દોડધામ મચી ગઈ છે. સગીરાના પરિવારનો આક્ષેપ છે કે, રાજકોટ પોલીસે આરોપી કે ભોગબનનારની ભાળ મેળવવા પૂરતા પ્રયાસો નથી કર્યાં. રાજકોટ પોલીસની કામગીરી ઢીલી છે એટલે જ હાઈકોર્ટમાં હેબિયર્સ કોપર્સ દાખલ કરવા ફરજ પડી છે.

સમગ્ર બનાવની વિસ્તૃત માહિતી મુજબ, સરકારી બાંધકામના કોન્ટ્રાકટ રાખતા સગીરાના પિતાએ જણાવ્યું કે, હું ૧૫૦ ફૂટ રીંગરોડ શીતલ પાર્કની એક ટાઉનશીપમાં મારી પત્ની, બે દીકરીઓ એમ પરિવાર સાથે રહું છું. મારી નાની દીકરી ૧૭ વર્ષની છે. ગઈ તા.૨૬/૧/૨૦૨૫ ના રોજ હું ઉદયપુર હતો ત્યારે મારી પત્નીએ મને ફોનમાં જણાવેલ કે, તા.૨૬ના રાત્રીના નવેક વાગ્યાની આસપાસ હું મારા કામથી ઘરની બહાર હતી ત્યારે મને સગીર દીકરીનો ફોન આવેલ કે, મારા માટે જમવાનુ લઈ ને આવજો આમ વાત થયેલ અને હું સાડા નવેક વાગ્યાની આસપાસ ઘરે ગયેલ ત્યારે દરવાજો ખોલેલ અને મોટી દીકરીએ જણાવેલ કે, નાની દીકરી જુડ્યો શો રૂમ પાસે નાસ્તો લેવા માટે જાવ છું તેમ કહીને ઘરની બહાર ગયેલ છે. ઘરે પરત આવેલ નથી. આમ જાણ કરતા મને યાદ આવેલ કે, આજથી છયેક માસ પહેલા સગીર દીકરી ફોનમાં વાત કરતી હતી. તે કોની સાથે વાત કરે છે તે બાબતે શંકા જતા ફોન લઈ લીધેલ અને ફોનમા તપાસ કરતા તે કોઈ મનીષ સાથે વાત કરતી હતી. આ મનીષ અરવિંદ અઘેરા સુભાષનગર રૈયારોડ રાજકોટ ખાતે રહેતો હોવાથી અમે સગીર દીકરીને શોધવા તેના ઘરે ગયા. જ્યાં મનિષના પિતા ઘરે હાજર હતા અને મે જણાવેલ કે મારી દીકરીને તમારો દીકરો મનીષ લઈને ક્યાંક જતો રહેલ છે. અરવિંદભાઈએ મને જણાવેલ કે તમારી દીકરી બે કલાકમાં તમને પરત સોંપી દેશું. તમે પોલીસમાં ફરીયાદ ન કરતા. દીકરીએ સોનાની બુટી પહેરલ હતી અને તેની પાસે તેનો મોબાઈલ ફોન પણ હતો. અમે આ અંગે પોલીસમાં ફરિયાદ આપતાં યુનિવર્સીટી પોલીસે મનિષ સામે અપહરણનો ગુનો દાખલ કર્યો હતો.

વધુમાં પિતાએ જણાવેલ કે, મારી સગીર વયની દીકરી જ્યારે મનિષ સાથે ફોનમાં વાત કરતી હતી તેની અમને છએક મહિના પહેલા જાણ થઈ ત્યારે મેં મનિષમેં મારી ઓફિસે બોલાવેલ. પણ તે આવ્યો નહોતો. તેના બદલે મનીષના શેઠ કાસીમભાઈ હાલા મારી પાસે આવેલ અને મને જણાવેલ કે હવે પછી મનીષ તમારી દીકરી સાથે વાત પણ નહી કરે અને બોલાવશે પણ નહીં. છતાં બદકામ કરવાના ઇરાદે સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ જતા ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે યુનિવર્સીટી પોલીસના પીઆઈને તપાસ સોંપાઈ છે. જોકે ૨૩ દિવસ બાદ પણ કોઈ ભાળ ન મળતા પરિવારે હાઈકોર્ટમાં તા.૧૨ના રોજ હેબિયર્સ કોપર્સ દાખલ કરી છે.

પોલીસ તેની દીકરીને શોધવામાં સંપૂર્ણ નાકામ રહી છે તેવો આક્ષેપ પણ કર્યો છે. હાઇકોર્ટ દ્વારા તા. ૧૮ના રોજ સગીરાને શોધી હાજર કરવા હુકમ. થયો છે.

### ઘર પાસેના સીસીટીવી પણ પોલીસે ચેક નથી કર્યા

સગીરાના પરિવારે જણાવ્યું કે, પોલીસ ફરિયાદ થયાં પછી પોલીસ અમારી ટાઉનશીપના સીસીટીવી પણ ચેક કરવા નથી આવી. પોલીસની કામગીરી ખુબ જ ઢીલી છે. અમે સીસીટીવી અમારી જાતે ચેક કરતા સ્કૂટરમાં યુવક સગીરાને લઈ જતો જોવા મળે છે. બીજા સ્કૂટરમાં પણ બે યુવક જતા જોવા મળે છે પણ તે બાબતે પોલીસે કોઈ તપાસ કરી નથી.

### આરોપીના પિતા જ્યાં કામ કરતા તે બિલ્ડરનું નિવેદન લીધું

આરોપીના પિતા અરવિંદ અઘેરા બિલ્ડીંગ સાઈટ પર ઈલેક્ટ્રિક કામ કરે છે. તે હાલ ગુમ છે. તેમનો ફોન પણ બંધ છે. અરવિંદ અઘેરા જતા પહેલા જે સાઈટ પર કામ કરે છે ત્યાંથી બિલ્ડર પાસેથી મોટી રકમ લઈને ગયેલ. તેવી માહિતી મળતા સગીરાના પરિવારે જણાવ્યું કે, અરવિંદ અઘેરા પોતાનું વાહન પણ બિલ્ડીંગ સાઈટ પર મુકી ગયો છે. પોલીસે બિલ્ડર રજત સંઘવીનું નિવેદન લીધું હતું. બિલ્ડરે જણાવેલ કે, અરવિંદ અઘેરા તેની સાઈટ પર કામ કરતો હતો તેના હિસાબના રૂપિયા લઈ ગયો છે. તેના વાહન અંગે કોઈ જાણકારી નથી.

### આરોપી ખોટી પ્રવૃતિઓ સાથે જોડાયેલ છે, હવે તેના ભાઈ અને પિતા પણ ગાયબ છે

સગીરાના માતા પિતાએ જણાવેલ કે, આરોપી ગેર કાયદેસર ખોટી પ્રવૃતિઓ સાથે જોડાયેલ છે. અપહરણના બનાવ બાદ થોડા દિવસ તેનો પરિવાર જોવા મળતો અને ફોન પણ ઉપાડતા. જોકે હવે

હવે આરોપી મનિષનો ભાઈ અને પિતા પણ ગાયબ છે. આરોપી સૌ પ્રથમ સગીરાને લઈ જેતપુર તેના કાકાના ઘરે ગયો હતો. પોલીસે કાકાનું નિવેદન લીધું હતું. ઘરે નહીં પણ મનિષ બહાર જેતપુરમાં મળ્યો હતો તેવી જાણકારી આપી હતી. જોકે પોલીસે ક્યાં વાહનમાં મનીષ જેતપુર ગયો? ત્યાંથી કઈ તરફ ગયો તે જાણવા તજવીજ કરી નથી.

## શેરબજારમાં અફડાતફડીઃ પ્રારંભિક ગાબડા બાદ રિકવરીઃ હેવીવેઈટ-રોકડામાં લેવાલી

### બેંક તથા મીડકેપ નિફટી ગ્રીનઝોનમાં આવી ગયા

રાજકોટ તા.૧૭

અમેરિકાના ટ્રેડવોરના ગભરાટ હેઠળ કેટલાક દિવસોથી મંદીમાં ધકેલાયેલા શેરબજારમાં આજે અફડાતફડી હતી. પ્રારંભિક ગાબડા બાદ રિકવરી હતી.

શેરબજારમાં આજે શરૂઆત નબળા ટોને જ થઈ હતી. વિશ્વબજારના અનિશ્ચિત માહોલ, ટ્રેડવોર વધવાની આશંકા, યુક્રેન-રશિયા યુદ્ધમાં બ્રિટન જેવા દેશોની એન્ટ્રીના ભણકારા, વિદેશી નાણાં સંસ્થાઓની એકધારી વેચવાલી સહિતના કારણોથી મોટાભાગના શેરો નીચે ઉતરતા રહ્યા હતા. માર્કેટ દબાણ હેઠળ જ હતુ. જો કે, અંતિમ તબકકામાં નીચા મથાળે લોકલ ફંડોની લેવાલી નિકળતા તથા નવેસરથી ખરીદી માલુમ પડતા દબાણ ધીમુ પડવા સાથે માર્કેટ રિકવર થવા લાગ્યુ હતુ. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે હેવીવેઈટ ઉપરાંત મીડ-સ્મોલકેપમાં પણ રિકવરી હતી એટલે સાર્વત્રિક લેવાલીના સંકેત હતા. જો કે, હજુ ટુંકાગાળામાં માહોલ અનિશ્ચિત જ રહે તેમ છે. કારણ કે મોટાભાગનો વર્ગ નવી ખરીદીમાં સાવચેતી રાખી રહ્યો છે અને ચિત્ર સ્પષ્ટ થવાની પ્રતિક્ષામાં છે.

શેરબજારમાં પ્રારંભીક ઘટાડા બાદ મોટાભાગના શેરોમાં મહદઅંશે રિકવરી જોવા મળી હતી. અલ્ટ્રાટેક સિમેન્ટ, ઝોમેટો, અદાણી પોર્ટ, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, રિલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, અદાણી એન્ટરપ્રાઈઝ, શ્રીરામ ફાઈનાન્સ જેવા શેરો ઉંચકાયા હતા. ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મહીન્દ્ર, ટીસીએસ વગેરે નરમ હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૯૮ પોઈન્ટના ઘટાડાથી ૭૫૮૪૦ હતો તો ઉંચામાં ૭૬૦૨૩ તથા નીચામાં ૭૫૨૯૪ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૩૭ પોઈન્ટના ઘટાડાથી ૨૨૮૯૨ હતો તે ઉંચામાં ૨૨૯૫૯ તથા નીચામાં ૨૨૭૨૫ હતો. મીડકેપ તથા બેંક નિફટી ઘટાડા બાદ ગ્રીનઝોનમાં આવી ગયા છે.

બીજી તરફ ચલણબજારમાં અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો નબળો પડયો હતો અને ચાર પૈસાના ઘટાડાથી ૮૬.૮૬ હતો.

### શહેર પોલીસે ડીજીટલ કામગીરીમાં સિધ્ધિ હાંસલ કરી

# ગુનેગારો પર વોચ રાખતી CIMS એપ્લીકેશનને સ્કોચ ગ્રુપ દ્વારા સીલ્વર એવોર્ડ અપાયો

**પોલીસ અને સેફટી કેટેગરીમાં પુરસ્કાર મળ્યોઃ બુટલેગરો, જુગારીઓ, પેડલરો અને હીસ્ટ્રીશીટરો પર ખાસ વોચ રાખી ડેટાબેજના આધારે માહિતી એપ્લીકેશનમાં સ્ટોર કરવામાં આવે છે**




રાજકોટ તા.૧૭

રાજકો શહેર પોલીસે ડીજીટલ કામગીરીમાં એક સિધ્ધિ હાંસલ કરી છે. જે એક પોલીસ માટે ગૌરવનું ક્ષણ છે. ગુનેગારો પર વોચ રાખતી સીઆઈએમએસને સ્કોચ ગ્રુપ દ્વારા સીલ્વર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, એડી.સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલના સુપરવીઝન હેઠળ, એસીપી ક્રાઈમ ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ શહેર પોલીસ દ્વારા શરીર, તેમજ મીલ્કત સંબંધી ગુનાઓ આચારનાર શખ્સોની માહિતી સરળતાથી મળી રહે અને તેમની પર કાયમી વોચ રાખી શહેર વિસ્તારમાં બનતી ગુનાખોરી અટકાવવા માટે ડીજીટલ યુગમાં એક ડેટાબેજ એપની જરૂરીયાત જણાતા પોલીસ દ્વારા સીઆઈએમએસ એપ્લીકેશન કાર્યરત કરવામાં આવેલ અને તે અંતર્ગત કડીબધ્ધ ડેટાબેજનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ એપના ઉપયોગથી શહેરમાં અવારનવાર બનતા ગુનાઓ આચરતા આરોપીઓ પૈકી જુગારીઓ, બુટલેગરો, પેડલરો, લુખ્ખાઓ સહિતના શખ્સોને ચેક કરવાની કામગીરી કરવામાં આવે છે. તેમજ ડોઝીયર્સ મેન્ટર પ્રોજેકટ ઉપર એપ દ્વારા હાલની પ્રવૃતિ પર વોચ રાખી જાહેરનામા, ઈન્ડસ્ટ્રીયલ કામગીરી, સી ટીમ કામગીરી અને ફીલ્ડ પર કરવામાં આવતી કામગીરીને એક જ વીન્ડોમાં સરળતાથી લઈ શકાય છે. જેથી સ્કોચ ગ્રુપ દ્વારા પોલીસ એન્ડ સેફટી કેટેગરીમાં સીલ્વર એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવેલ છે.

### સરકાર દ્વારા સારા પ્રોજેકટોના નોમીનેશન મંગાવી એવોર્ડ તૈયાર કરે છે સ્કોચ ગ્રુપ

રાજકોટઃ સ્કોચ ગ્રુપના સ્કોચ પુરસ્કારને સ્વતંત્ર રીતે સ્થાપી નાગરીક સન્માનોમાંના એક તરીકે ઓળખાવવામાં આવે છે. આ એવોર્ડની સ્થાપના વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી હતી. જે ભારત સરકારના અલગ અલગ વિભાગોમાંથી સરકાર દ્વારા તૈયાર કરાયેલા સારા પ્રોજેકટોના નોમીનેશન મંગાવી જે બાદ તે પ્રોજેકટનું પ્રેઝન્ટેશન રાખી નકકી કરેલ જયુરી દ્વારા નકકી કરી પુરસ્કાર આપવામાં આવે છે.

## વિમાનગર-અલ્કાપુરીમાં અશાંતધારો અમલી બન્યા બાદ વિધર્મીએ ખરીદ કરેલ મિલ્કતનું વેચાણ રદ્દ કરો

**કેટલાક મિલ્કત ધારકો દ્વારા કલેકટરની પૂર્વ મંજૂરી વગર મિલ્કતોનું વિધર્મીઓને વેચાણ કરવાની કાર્યવાહી : જીવનપ્રભા કો.ઓપ. સોસાયટી દ્વારા પ્રાંત અધિકારીને રજુઆત**

રાજકોટ, તા. ૧૭

શહેરના વિમાનગર-અલ્કાપુરીમાં અશાંતધારો અમલી બન્યા બાદ વિધર્મીએ ખરીદ કરેલ મિલ્કતનું વેચાણ રદ્દ કરવા અને વિધર્મીને મિલ્કત ખરીદવા અંગેની મંજૂરી નહીં આપવાની માંગણી ઉઠાવી જીવનપ્રભા કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના પ્રમુખ સહિતના સદસ્યોએ સીટી પ્રાંત-૧ અધિકારીને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી છે.

તેઓએ જણાવ્યું છે કે શહેરની ૨૮ જેટલી સોસાયટીઓમાં આ અશાંતધારો લાગુ પાડવામાં આવેલ છે. જાન્યુઆરી ૨૦૨૬ સુધી આ અશાંતધારાનો અમલ કરવાનો રહેશે છતાં સ્થાવર મિલ્કતનું હસ્તાંતરણ જિલ્લા કલેકટરની મંજૂરી વગર કરવામાં આવશે તો તે રદબાતલ ગણાશે. અશાંતધારા હેઠળના વિસ્તારોમાં કુલ માનવ વસ્તીના ૯૦ ટકાથી વધુ માનવ વસ્તી હિન્દુઓની છે. બાકીના ૧૦ ટકા જેટલી વસ્તી વિધર્મીઓની હોવાથી સંબંધિત વિસ્તારોમાં વિધર્મીઓ મિલ્કત ખરીદ વેચાણ કરી શકે નહીં. જેમાં જીવનપ્રભા કો.ઓપ.હાઉસીંગ સોસાયટી રજિસ્ટ્રર ઓફ સોસાયટીમાં વર્ષ ૧૯૭૫થી નોંધાવેલી સોસાયટી છે. જેમાં ૪૦ ટકા હિન્દુ સભ્યો પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે.

તેમજ આ વિસ્તારને લાગુ રજિસ્ટર્ડ સોસાયટીઓ જેમ કે પ્રગતિ સોસાયટી, જીવનપ્રભા સોસાયટી, અંજની સોસાયટી, નિરંજની સોસાયટી, નવયુગ સોસાયટી સહિતની સોસાયટીઓ ૫૦ વર્ષ કે તેથી વધુ વર્ષથી રજિસ્ટ્રર્ડ થયેલ છે તેમાં હજારો હિન્દુ પરિવારો ચાર કે વધુ દાયકાથી વસવાટ કરી રહ્યા છે. આ વિસ્તારમાં કેટલાક મિલ્કત ધારકોએ કલેકટરની પૂર્વ મંજૂરી વગર પોતાની મિલ્કતોનું વિકર્મીઓને વેચાણ કરવાની કાર્યવાહી શરૂ કરી આ વિસ્તારની શાંતિ જોખમમાં મૂકવાનો પ્રયાસ કરેલ હોય આ બાબતે પગલા લેવા જણાવાયું છે.

## જામનગર હાઈવે પર ઈનોવા કાર પલ્ટી જતા મુંબઈના રાણાપ્રતાપ રાજપૂતનું મોત

**મૃતક દેવભૂમિ દ્વારકાના વાડીનાર ખાતે કંપનીની વિઝીટમાં ગયા હતા, પરત હીરાસર એરપોર્ટ આવી રહ્યા હતા ત્યારે ટીજીબી હોટલ પાસે અકસ્માત સર્જાયો**

રાજકોટ, તા.૧૭

જામનગર હાઈવે પર ઈનોવા કાર પલ્ટી જતા મુંબઈના રાણાપ્રતાપ રાજપૂત(ઉં. વ. ૪૬)નું મોત થયું હતું. આગળ જતી કારમાં પંચર થતા અચાનક બ્રેક મારતા ઈનોવા ચાલકે કાબુ ગુમાવ્યો હતો. કાર પલ્ટી મારતા રાણાપ્રતાપે સીટ બેલ્ટ ન બાંધ્યો હોવાથી કારની બહાર ફંગોળાયા હતા. ડ્રાઈવર ગજેન્દ્રસિંહને પણ ઈજા થઈ હતી. આ અંગે મૃતકના ભાઈએ કાર ચાલક સામે પડધરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવેલ છે.

ફરિયાદમાં સંદિપપ્રતાપ દેવનારાયણસિંહ રાજપુત (ઉ.વ. ૩૭, રહે. નવી મુંબઈ મેહરુલ નોડ થાણે, મહારાષ્ટ્ર)એ જણાવ્યું કે, હું એડવાન્સ ઓફસ્યોર કંપનીમાં નોકરી કરું છું. અમે બે ભાઈઓ તથા એક બહેન છીએ. જેમાં મારા મોટાભાઈ રાણાપ્રતાપ તેના લગ્ન થઇ જતા તેના પરીવાર સાથે અલગ રહે છે. ગઇ તા ૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારા મોટાભાઈ રાણાપ્રતાપ દેવનારાયણસિંહ (ઉ.વ. ૪૬, રહે. મુંબઈ સબ અરબત ભાંડુંક વેસ્ટ બલ્સ રોડ ઓપીસેલે સાંગીલા બીસ્કીટ ફેકટરી, કલ્પતરુ ફ્રેસ્ટ, મહારાષ્ટ્ર) જોડર પ્રાઈવેટ લીમેટેડ કંપનીમા નોકરી કરતા હોય અને જેના કામે દેવભુમી દ્વારકા જિલ્લાના વાડીનાર ખાતે સીપ વીઝીટમાં ગયેલ હતા.

વધુમાં સંદીપપ્રતાપએ જણાવ્યું કે, તા ૧૪/૨/૨૦૨૫ ના રોજ સાંજના સાડા ચારેક વાગ્યે મને તેઓની કંપની દ્વારા જાણ કરવામાં આવેલ કે, રાણાપ્રતાપ કંપનીની વીઝીટ પુરી કરી રાજકોટ હિરાસર એરપોર્ટથી ફલાઈટ હોય જેથી ત્યા કંપનીની ગાડીમાં વાડીનારથી રાજકોટ આવવા માટે નિકળેલ અને પડધરીથી અગાળ ટી.જી.એમ. હોટલ પાસે કાર પલ્ટી મારી જતા તેઓને ઇજા થયેલ છે. રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેથી હું ત્યાંથી નીકળી રાજકોટ તા.૧૫/૦૨ ના સવારના આઠેક વાગ્યે પહોચેલ હતો. અહીં હોસ્પિટલમાં મારાં ભાઈ એન.આઈ.સી.યુ. વિભાગમાં વેન્ટીલેટર ઉપર સારવારમાં હતા. જેથી મારા ભાભી બબલીસીંગને વાત કરતા તેઓ પણ રાજકોટ આવવા મુંબઈથી નીકળી ગયેલ હતા. મારા મોટા ભાઈ જે કારમાં આવતા હતા તે કારના ડ્રાઈવરને પણ ઈજા થયેલ હતી. તેઓ પણ વોકહાર્ટ હોસ્પિટલમાં સારવારમાં હતા. મેં ડ્રાઈવર ગજેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજા (ઉ.વ. ૪૮, રહે. જામનગર ન્યુ સ્મશાન પાછળ, શીવ દર્શન સોસાયટી) સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે, હું સનરીરા લોજેસ્ટીક પ્રાઈવેટ લીમીટેડમાં વાડીનાર ખાતે ડ્રાઈવર તરીકે નોકરી કરુ છુ. તા.૧૪/૦૨ ના રોજ બપોરના બારેક વાગ્યે હું અને રાણાપ્રતાપસિંહ બંને અમારી કંપનીની ઈનોવા ક્રિસ્ટા કાર જીજે ૧૦ ટી એક્સ ૨૩૪૦ માં વાડીનારથી રાજકોટ હિરાસર એરપોર્ટ આવવા નીકળ્યા હતા. પડધરીથી આગળ ટી.જી.એમ. હોટલ પાસે બપોરના સાડા ત્રણેક વાગ્યે પહોંચેલ ત્યારે અમારી આગળ રોડ ઉપર એક અલ્ટો કાર જતી હોય અને તેમાં ટાયર પંચર થતા તેને અચાનક બ્રેક મારતા હું મારી ગાડી પરનો કાબુ ગુમાવી દેતા કાર પલ્ટી મારી ગયેલ હતી. રાણાપ્રતાપસિંહએ સીટ બેલ્ટ બાંધેલ ન હોય જેથી તે કારનો દરવાજો ખુલ્લી જતા કારમાંથી બહાર ફેંકાઈ ગયા હતા. કાર પલ્ટી મારીને રોડની નીચેની સાઇડમાં ઊંધી પડી હતી. કારમાંથી બહાર નીકળી જોતા રાણાપ્રતાપસિંહને માથાના તથા કાનમાં ઇજા થતા લોહી નીકળતુ હોય જેથી મે ૧૦૮ ફોન કરેલ. એમ્બ્યુલન્સ આવી જતા અમને બંનેને હોસ્પિટલમાં ખસેડ્યા હતા. મને મૂંઢ ઇજા થઈ છે. આ દરમ્યાન પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, સારવારમાં રાણાપ્રતાપનું મોત થયું હતું. પડધરી પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો. પોલીસે કાર ચાલક ગજેન્દ્રસિંહ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**આગળ જતી કારમાં પંચર થતા અચાનક બ્રેક મારતા કાબુ ગુમાવ્યો, રાણાપ્રતાપે સીટ બેલ્ટ ન બાંધ્યો હોવાથી કારની બહાર ફંગોળાયા, ડ્રાઈવર ગજેન્દ્રસિંહને ઈજા**

## વડોદરાના જાણીતા બિલ્ડર ગંગા નદીમાં તણાઈ ગયાઃ ૬૦ કી.મી. દુરથી મૃતદેહ હાથ લાગ્યો



વડોદરાના જાણીતા અને મોટાગજાના ગણાતા બિલ્ડર સમીર શાહ ઋષિકેશમાં ગંગા નદીમાં તણાઈ ગયા હતા અને ઘટનાના ૬૦ કલાક બાદ મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાથી બિલ્ડરલોબી તથા સમાજમાં શોકની લાગણી ફરી વળી હતી.

વડોદરામાં સારૂ નામ ધરાવતા સનસીટી ગ્રુપના બિલ્ડર સમીર શાહ મિત્રની પુત્રીના લગ્નમાં ઋષિકેશ ગયા હતા. આ દરમ્યાન મિત્રો સાથે દેવપ્રયાગ સંગમમાં સ્નાન માટે ગયા હતા ત્યારે એકાએક પણ લપસતા હાથમાંથી સાંકળ પણ છુટ્ટી ગઈ હતી. આ ઘટના બાદ તુર્ત ફાયરબ્રિગેડ તથા તરવૈયાઓએ શોધખોળ હાથ ધરી હતી. કલાકોની જહેમત બાદ ૬૦ કી.મી. દુરથી મૃતદેહ મળી આવ્યો હતો. તેઓના મૃતદેહને વડોદરા લાવવામાં આવશે. આ બનાવની જાણ થતા પુત્ર સહિતનો પરિવાર પણ ઋષિકેશ પહોંચ્યો હતો.

## મહાવિરનગરમાં બંધબારણે જુગાર રમતી ૮ જુગારણ ઝડપાઈ

**ગાંધીગ્રામ પોલીસે રૂા.૪૫૭૦૦ની રોકડ કબ્જે કરી**

રાજકોટ,તા.૧૭

મહાવિરનગરમાં બંધબારણે ચાલતા તિનપત્તીના જુગારના અખાડામાં પોલીસે દરોડો પાડી ૮ મહીલાઓને રૂપકડી રૂા.૪૫૭૦૦ની રોકડ કબ્જે કરી હતી.દરોડાની વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એસ.બી.જાડેજા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતો.ત્યારે સાથેના કોન્સ્ટેબલ મુકેશ સબાડને મળેલ ચોકકસ બાતમીના આધારે દરોડો પાડી લક્ષ્મીજી પાર્ક, મહાવિરનગર શેરી નં.૩/૪ કોર્નર પાસે રહેતાં જામબા બાદાવીના મકાનમાં બંધ બારણે ચાલતાં તિનપત્તીના જુગારમાં દરોડો પાડી પત્તા ટીચતી જામબા ગંભીરદાન બાદાવી, નિતાબેન રોહીત ઉપાધ્યાય, તન્વીબેન જલ્પેશ દેવાળી, રિદ્ધીબેન પ્રકાશ લાખાણી, નિશાબેન જયેશ ચાવડા, છાયાબેન રવિ ડોડીયા, ઝીનાબા રઘુભા ચુડાસમા અને જાનવિબેન સુરેશ મુલવાળીને પાડી રૂા.૪૫૭૦૦ની રોકડ કબ્જે કરી હતી.

## રાજકોટ-ભાવનગર રોડ ઉપર ટ્રીટમેન્ટ પ્લાન્ટને કલોઝર નોટીસ ફટકારતુ પોલ્યુશન બોર્ડ

**૩૦ દિવસમાં આધાર-પૂરાવા સાથે જવાબ રજૂ કરવા આદેશઃ પ્લાન્ટ સંચાલકો કહે છે કે અગાઉ નિયમો મુજબ જવાબ આપેલ હોવા છતા નોટીસ અપાઈ**




રાજકોટ,તા.૧૭

રાજકોટ અને ગાંધીનગર પોલ્યુશન બોર્ડ સંયુક્ત રીતે રાજકોટ-ભાવનગર રોડ ઉપર આવેલ એક યુનિટને આજે પોલ્યુશન ફેલાવવા બાબતે કલોઝર નોટીસ ફટકારી ૩૦ દિવસમાં આધાર-પૂરાવા સાથે જવાબ રજૂ કરવા જણાવેલ છે. આ અંગેની પોલ્યુશન બોર્ડનાં સૂત્રો માંથી મળતી વિગતો મુજબ રાજકોટ ભાવનગર રોડ પર આવેલા જય ખોડિયાર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ને નોટિસ ફટકારી.ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા એક મહિના માટે પ્લાન્ટ બંધ કરવાની નોટિસ આપવામાં આવી.જય ખોડીયાર ઈન્ડસ્ટ્રીઝને એક મહિના માટે કલોઝર નોટ્સ અને ૧૦ લાખની બેન્ક ગેરેન્ટી આપવાની નોટિસ ફટકારી. વર્ષ ૨૦૦૦ થી આ પ્લાન્ટ કાર્યરત,રાજકોટ જિલ્લાના આવતા ઇલેક્ટ્રોપ્લેટિમ ના પ્લાટ નું ટ્રીટમેન્ટ અહીં કરવામાં આવે છે.ઓટોમોબાઇલ પાટ્સ,ગોલ્ડ પ્લેટિગ પ્લાન્ટ અને સિલ્વર પ્લેટ ના વેસ્ટ પાણી નું ટ્રીટ મેન્ટ કરવામાં આવે છે.શાપર વેરાવળ અને મેટોડા સહિત ૨૦૦ જેટલા યુનિટો ની ટ્રીટમેન્ટ કરવામાં આવે છે.પ્લાન્ટ ના સંચાલકોએ કહ્યું જી.પી.એસ સિસ્ટમ અમે નાખી પણ જી.પી.સી.બી ના સર્વર સાથે લિંક નથી થતી.જય ખોડિયાર ઈડસ્ટ્રીઝના સંચાલકોએ ગાંધીનગર અનેકવાર મેઈલ તથા રૂબરૂ રજુઆત કરી છે.ગાંધીનગર ના યુનિટ હેડ રાજકોટ ના ઇરફાન કાગજી, વિજીલિયન્સના આસિસ્ટન્ટ એન્જીનીયર રમેશ ખાંટ ને જાણ કરી હતી.૨૮-૧-૨૦૨૫ અધિકારીઓ પ્લાન્ટ ખાતે તપાસ માં આવ્યા હતા,જેનો જવાબ ૪-૨-૨૦૨૫ ન રોજ જય ખોડિયાર ઈંડુસ્ટ્રીઝએ જવાબ આપેલો છે.છતાં ૧૧-૨-૨૦૨૫ ના રોજ નોટિસ ફટકારવામાં આવી.

### ન્યુઝ ફ્લેશ

**નવી દિલ્હી બાદ હવે.....**

**પશ્ચિમ બંગાળના આસનસોલમાં પ્રયાગરાજ જવા ટોળુ બેકાબુઃ બેરીકેડ તોડી, પોલીસ જોતી રહી ગઈ**

**પુરતી ટ્રેનો હોવાની અને દર બે દલાકે મળતી હોવાની ડીઆરએમની અપીલ છતાં મુસાફરોમાં અરાજકતા**

## આજે એક પણ મિલ્કત સીલ નહીં! ૩૦ લાખની રીકવરી

**ચાલુ નાણાંકીય વર્ષમાં કુલ આવક ૩૬૧ કરોડને પાર**

રાજકોટ, તા. ૧૭

મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત શાખા દ્વારા આજે રિકવરી માટે કોઇ મિલ્કત સીલ કરવામાં આવી નથી. તો સાત જગ્યાએ ટીમ જતા ૩૦ લાખથી વધુની રીકવરી થઇ હતી.

ટેકસ શાખાએ આપેલી માહિતી મુજબ આજે વોર્ડ નં.૧ના શીતલ પાર્ક ચોકના આર.કે.વર્લ્ડ ટાવરમાં બે દુકાનદારો સામે સીલની કાર્યવાહી કરતા કુલ એક લાખ જેટલી વસુલાત થઇ હતી. વોર્ડ નં.૭ના વિજય પ્લોટ-૧૨માં ચાર મિલ્કત સીલ કરવા જતા ૪.૪૦ લાખનો ચેક જમા થયો હતો. તો વોર્ડ નં.૧૮ના અમૃત ઇન્ડ. એરીયામાંથી પણ ૯૬ હજારનો ચેક ટેકસ શાખાએ રીકવર કર્યો હતો. આજે બપોર સુધીમાં ૩૦.૮૬ લાખની રકમ જમા થઇ હતી. ચાલુ નાણાકીય વર્ષમાં આજ સુધીમાં ૩૬૧.૧૬ લાખની આવક તિજોરીમાં જમા થયાનું વિભાગે જણાવ્યું હતું.

# ત્રણ ટાઉન પ્લાનર સહિતની ૨૮ જગ્યા માટે તા.૨ના પરીક્ષા : કલાર્ક માટે ૬૦ હજાર ઉમેદવારો વેઈટીંગમાં

## મહાપાલિકામાં કલાસ-૧ સહિતની પોસ્ટ માટે ૬૬૯ ઉમેદવાર અમદાવાદ ખાતે પરીક્ષા આપશે : જુ.કારકુનની ભરતી માટે હજારો યુવક-યુવતીઓ લાંબા સમયથી પ્રતિક્ષામાં-એજન્સી મળતી નથી

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકામાં જુદી જુદી કેડર પર ભરતી મ... અંતે પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. ટાઉન પ્લાનર, વોર્ડ ઓફિસર, ઓ.એસ. સહિતની કેડરમાં આ ભરતી પરીક્ષા તા.૨ માર્ચના ... અમદાવાદ ખાતે રાખવામાં આવી છે. રાજકોટના ત્રણે ઝોનમાં હવે એક-એક ટાઉન પ્લાનીંગ અધિકારી રહે તે પ્રકારનું સેટઅપ થોડા સમય પહેલા મંજૂર કરીને ભરતી બહાર પાડવામાં આવી હતી. જે ... જગ્યા માટે ૧૮૩ જેટલા ઉમેદવારોએ અરજી કરી છે.

આ અંગે મહાપાલિકાના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ મહાપાલિકામાં ત્રણ નવા ટાઉન પ્લાનર, નવ મેનેજર, ... વોર્ડ ઓફિસર અને ૧૧ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ માટે ભરતી જાહેરાત બહાર પાડવામાં આવી હતી. આ પૈકી ટાઉન પ્લાનર સિવાયની ત્રણે કેડરમાં ઇનહાઉસ એટલે કે કચેરીમાંથી જ અધિકારીની નિમણુંક કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો. એટલે કે માત્ર ટાઉન પ્લાનરની ત્રણ જગ્યા માટે જ બહારના ઉમેદવાર અરજી કરી શકે છે. અન્ય ત્રણ પોસ્ટ પર કોર્પો.ના જ કર્મચારીઓ અરજી કરવાને પાત્ર છે.

ટાઉન પ્લાનરની ત્રણ પોસ્ટ માટે ૧૮૩ અરજી આવી છે. તો મેનેજરની નવ જગ્યા માટે ૧૮૮, વોર્ડ ઓફિસરની પાંચ જગ્યા માટે ૧૪૫ અને ઓ.એસ.ની ૧૧ જગ્યા માટે ૧૫૩ અરજી ઉમેદવારોએ કરી છે. ટાઉન પ્લાનરની

| ક્રમ | જગ્યાનું નામ | અરજીઓ | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ટાઉન પ્લાનર | ૧૮૩ | ૨-૩-૨૦૨૫ | સવારે ૧૦.૩૦ થી ૧૨ | અમદાવાદ શહેર |
| ૨ | મેનેજર (ઇન હાઉસ) | ૧૮૮ | ૨-૩-૨૦૨૫ | સવારે ૧૦.૩૦ થી ૧૨ | અમદાવાદ શહેર |
| ૩ | વોર્ડ ઓફિસર (ઇન હાઉસ) | ૧૪૫ | ૨-૩-૨૦૨૫ | બપોરે ૧ થી ૨.૩૦ | અમદાવાદ શહેર |
| ૪ | ઓફિસ સુપ્રિ. (ઇન હાઉસ) | ૧૫૩ | ૨-૩-૨૦૨૫ | બપોરે ૩.૩૦ થી ૫ | અમદાવાદ શહેર |

નવી પોસ્ટ માટે નવી ભરતી કરવામાં આવશે. તો અન્ય કેડરમાં ખાલી જગ્યા પર ભરતી કરાઇ રહી છે. ચારે કેડર મળી કુલ ૬૬૯ ઉમેદવારોએ અરજીઓ કરી છે. તા.૨ માર્ચના રોજ સવારથી સાંજ દરમ્યાન અમદાવાદ શહેરમાં પરીક્ષા લેવા આયોજન ગોઠવવામાં આવ્યું છે.

આ જગ્યા પર અરજી કરનારા ઉમેદવારોએ લેખિત પરીક્ષાના કોલ લેટર તા. ૨૪-૨-૨૫થી કોર્પો.ની વેબસાઇટ www.rmc.gov.in પરથી ડાઉનલોડ કરવા જણાવાયું છે.

**કલાર્ક**

બીજી તરફ રાજકોટના હજારો બેરોજગાર યુવાન-યુવતીઓ જે ભરતી પરીક્ષાની રાહ જોઇ રહ્યા છે તે જુનીયર કલાર્કની પરીક્ષા માટે હજુ કોઇ આયોજન ફાઇનલ થતું નથી. ૧૫૦થી વધુ કલાર્કની મહાપાલિકામાં ભરતી કરવા માટે જાહેરાત બહાર પાડવામાં આવી હતી. આ પોસ્ટ માટે ૬૦ હજારથી વધુ યુવક-યુવતીઓએ અરજી કરી છે. ગત વર્ષથી તેઓ પરીક્ષા કયારે લેવાશે તેની રાહ જોઇને બેઠા છે. પરંતુ મહાપાલિકા પણ ફિકસમાં મુકાઇ ગઇ છે. કારણ કે આટલી મોટી સંખ્યામાં ઉમેદવારોની એક સાથે અને એક શહેરમાં પરીક્ષા લેવી બહુ મોટુ કામ છે. થોડા વર્ષ પહેલા પણ આવી ભરતી અલગ અલગ કેન્દ્રો પર ગોઠવવી પડી હતી.

આવી ભરતી પરીક્ષાઓ હવે પારદર્શક્તા માટે મહાપાલિકા પોતે લેતી નથી. પરંતુ જીટીયુ કે અન્ય કોઇ એજન્સી મારફત આવી ભરતી પરીક્ષા લેવામાં આવે છે. એજન્સી મહાપાલિકાને પરિણામ આપે તે બાદ ભરતી પ્રક્રિયા પૂરી કરવામાં આવે છે. અગાઉ પણ જુ.કલાર્કની ભરતી પરીક્ષામાં આટલા જ ઉમેદવારો નોંધાયા હતા. જોકે તે વખતે ભરતી થયેલા કેટલાક કલાર્ક ટુંકાગાળામાં નોકરી પણ છોડી ચૂકયા છે. હવે ગ્રેજયુએટ લેવલના ઉમેદવારો માટે સરકારી નોકરીની મોટી તક સમાન આ ભરતીની પરીક્ષા પણ વહેલાસર ગોઠવવામાં આવે તેવું આ વર્ગ ઇચ્છી રહ્યું છે.

# રાજકોટ જિલ્લાની પાંચ પાલિકાઓની ચૂંટણીની મતગણતરીનો કાલે સવારના ૯ વાગ્યાથી થશે પ્રારંભ

## ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની મત પેટીઓ પણ ખુલશેઃ ૧૧ જેટલા કાઉન્ટીંગ સેન્ટરો તૈયારઃ ૧૦૦૦ કર્મચારીઓનો કાફલો તૈનાત કરાયોઃ ચૂંટણી ફરજ પરના ૨૯૪ કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાનઃ કાલે સાંજ સુધીમાં ચિત્ર સ્પષ્ટ થશેઃ સાંજે કલેકટર પ્રભવ જોશી દ્વારા તમામ આર.ઓ. સાથે વીડિયો કોન્ફરન્સ

રાજકોટ તા.૧૭

રાજકોટ જિલ્લાની જસદણ, જેતપુર, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટા પાલિકાની તેમજ ઉપલેટા, જસદણ, જેતપુર અને ગોંડલ એમ ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં શાંતીપૂર્ણ વાતાવરણમાં નિરસ મતદાન થયા બાદ હવે આવતીકાલે તા.૧૮ને મંગળવારે મતગણતરી ૧૧ સેન્ટરો પરથી કરવામાં આવનાર છે.

મતગણતરી કાઉન્ટીંગ સેન્ટરો પર સવારના ૯ વાગ્યે શરૂ કરશે. આ માટે એક હજાર જેટલા અધિકારીઓ-કર્મચારીઓના ઓર્ડર જિલ્લા કલેકટર તંત્ર દ્વારા ઈશ્યુ કરી દેવામાં આવેલ છે. મતગણતરી અંગે કલેકટર પ્રભવ જોશી દ્વારા આજે સાંજના ૫ વાગ્યે તમામ આર.ઓ. સાથે વિડીયો કોન્ફરન્સ આયોજિત કરવામાં આવી છે.

આ ચૂંટણીમાં ફરજ પર રોકાયેલા કુલ ૨૬૪ કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન કરેલ છે. જેમાં ટપાલ મારફત મતપત્ર મળેલ અરજીઓની સંખ્યા ૨૪૭ અને પોસ્ટલ બેલેટથી સંખ્યા ૪૭ છે. આ દરમ્યાન જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે રાજકોટ જીલ્લાની પાંચ પાલીકાની અને ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની ચૂંટણી શાંતીપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થવા પામી છે.

આ ચૂંટણી દરમ્યાન આચારસંહિતા ભંગની એક પણ ફરીયાદ હજુ સુધી તંત્રને મળી નથી. આવી કોઈ ફરીયાદ મળે તો ચોકકસપણે પગલા લેવાશે. કલેકટર પ્રભવ જોશીએ વધુમાં જણાવ્યું હતું કે પાલીકાની ચૂંટણીની મતગણતરી વધુને વધુ ૧૧ રાઉન્ડમાં કરાશે. આ માટે ૧૧ કાઉન્ટીંગ સેન્ટરો તૈયાર કરી દેવામાં આવેલ છે. જેમાં જેતપુર પાલીકાની ચૂંટણીની મતગણતરી ૨૪ ટેબલ પર થશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જીલ્લાની પાંચ પાલીકાની ચૂંટણીમાં સૌથી વધુ મતદાન ભાયાવદરમાં ૫૯.૮૬ ટકા અને સૌથી ઓછું ૫૧.૩૩ ટકા ધોરાજીમાં થવા પામેલ છે. આ ચૂંટણી દરમ્યાન જીલ્લામાં છ જેટલા ઈવીએમ ખોટકાતા તાબડતોબ મતદાન મથકો પર નવા મુકવામાં આવેલ હતા. જેમાં જેતપુરમાં બે બેલેટ યુનીટ અને એક કંટ્રોલ યુનીટ, ધોરાજીમાં ત્રણ બીયુ અને અને બે સીયુ તેમજ ઉપલેટામાં એક બીયુ અને એક સીયુ ખોટવાયા હતા.

| સંસ્થાનું નામ | સર્વિસ વોટરને રવાના કરેલ પોસ્ટલ બેલેટની સંખ્યા | ટપાલ મતપત્ર મળેલ અરજીની સંખ્યા | કુલ સર્વિસ + પોસ્ટલ બેલેટની સંખ્યા |
|---|---|---|---|
| જસદણ નગરપાલિકા (સામાન્ય) | ૩ | ૨ | ૫ |
| જેતપુર-નવાગઢ નગરપાલિકા (સામાન્ય) | ૬ | ૧૭ | ૨૩ |
| ધોરાજી નગરપાલિકા (સામાન્ય) | ૧૬ | ૧૧૯ | ૧૩૫ |
| ભાયાવદર નગરપાલિકા (સામાન્ય) | ૮ | ૨૬ | ૩૪ |
| ઉપલેટા નગરપાલિકા (સામાન્ય) | ૫ | ૮૧ | ૮૬ |
| ૪-ડુમીયાણી ઉપલેટા તાલુકા પંચાયત (પેટા) | ૩ | ૦ | ૩ |
| ૧૩-પાનેલીમોટી-૧ ઉપલેટા તાલુકા પંચાયત (પેટા) | ૦ | ૦ | ૦ |
| ૧-આંબરડી જસદણ તાલુકા પંચાયત (પેટા) | ૫ | ૦ | ૫ |
| ૫-ભાડલા જસદણ તાલુકા પંચાયત (પેટા) | ૦ | ૦ | ૦ |
| ૧૫-પીઠડીયા જેતપુર તાલુકા પંચાયત (પેટા) | ૦ | ૦ | ૦ |
| ૨૦-સુલતાનપુર ગોંડલ તાલુકા પંચાયત (પેટા) | ૧ | ૨ | ૩ |
| કુલ | ૪૭ | ૨૪૭ | ૨૯૪ |

# કલેકટર કચેરીમાં તા.૨૫ના યોજાશે લેન્ડગ્રેબીંગ બેઠકઃ ૧૦૦ કેસો

## ૨૫ જેટલા અરજદારોને રૂબરૂ કમીટી સાંભળશેઃ નોટીસ આપવા માટે કાર્યવાહી

રાજકોટ તા.૧૭

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૨૫ને મંગળવારે લેન્ડગ્રેબીંગની બેઠક કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ છે. જેમાં ૧૦૦ જેટલા કેસો સુનાવણી માટે મુકવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

રાજય સરકારની નવી ગાઈડલાઈન મુજબ યોજાનાર આ લેન્ડગ્રેબીંગની બેઠકમાં ૨૫ જેટલા અરજદારોને નોટીસ આપી રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવનાર છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મીલ્કત પચાવી પાડનારાઓ સામે કાયદાનો શીકંજો કસવા માટે લેન્ડગ્રેબીંગનો આ કાયદો રાજય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલ છે. કલેકટર કચેરી ખાતે લેન્ડગ્રેબીંગની ગત બેઠકમાં માત્ર ૧ કેસમાં જ પોલીસ ફરીયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. જેમાં મોટાભાગના કેસ દફતરે કરવામાં આવેલ હતા. હવે આગામી તા.૨૫ના યોજાનાર લેન્ડગ્રેબીંગની આ બેઠકમાં ૧૦૦ જેટલા કેસો સુનાવણી માટે મુકવામાં આવનાર છે.

# અમિતાભ બચ્ચનના જમાઈ નિખીલ નંદા સામે ફ્રોડ અને આત્મહત્યાની ફરજ પાડવાની ફરિયાદ

## એસ્કોટના એક ટ્રેકટર ડીલરે કરેલી આત્મહત્યા પાછળ નંદા અને તેમની કંપનીના અધિકારીઓનું ટોર્ચરીંગ અને દબાણ જવાબદાર હોવાનો આરોપ



નવી દિલ્હી, તા. ૧૭

બોલીવુડના શહેરના અમિતાભ બચ્ચનના જમાઇ નિખીલ નંદા મુશ્કેલીમાં ફસાયા છે તેમની સામે એક ટ્રેકટર ડીલરને આત્મહત્યા માટે ફરજ પડે તેવી પરિસ્થિતિ પેદા કરવા તેમજ ફ્રોડ સહિતના આરોપોમાં એફઆઇઆર દાખલ કરવામાં આવી છે અને પોલીસ તેની ધરપકડ કરે તેવી શકયતા છે. અમિતાભ બચ્ચનની પુત્રી શ્વેતા નંદા બચ્ચનના પતિ નિખીલ નંદા કે જેઓ દેશના જાણીતા એસ્કોર્ટ ગ્રુપના અગ્રણી છે અને એસ્કોર્ટ કુબોટા લીમીટિડના સીઇઓ છે. તેની સામે ઉતરપ્રદેશના શાહજહાપુરમાં ફરિયાદ નોંધાઇ છે અને તેની સાથે કંપનીના આઠ અધિકારીઓને પણ આરોપી દર્શાવાયા છે. ગેનેન્દ્રસિંહ નામના એક વ્યકિતએ દાતાગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ તેમના સ્વર્ગસ્થ ભાઇ જીતેન્દ્રસિંહ જે એસ્કોર્ટ ટ્રેકટરની ડિલરશીપ ધરાવતા હતા તેમના પર કંપનીના એરીયા મેનેજર, સેલ્સ મેનેજર તેમજ ફાયનાશિયલ કલેકશન ઓફિસર અને નિખીલ નંદા સહિત તમામે વેચાણ વધારવા માટે જબરૂ દબાણ કર્યુ હતું અને તેમને સતત ટોર્ચર કરતા હતા તેમજ તેમની એજન્સી રદ કરવા અને તેમની મિલ્કત કે જે એજન્સી લેવા માટે ગીરવે મુકી હતી તેની લીલામી કરવાની સતત ધમકી આપતા હતા અને તેના કારણે તેના ભાઇ તનાવમાં આવી ગયા અને ૨૨ નવેમ્બર ૨૦૨૪ના તેને આત્મહત્યા કરી આ અંગે ફરિયાદ નોંધાયા છતાં નિખીલ નંદાની વગના કારણે પોલીસે કોઇ પગલા લીધા ન હતા અંતે તેમને અહીંની અદાલતમાં અરજી આપતા જ પોલીસે તુર્ત જ ફરિયાદ નોંધી હતી. તમામને આરોપી બનાવાયા છે.

### નવી જગ્યા તો ન ઉભી કરાઈ પણ...

# ગુજરાતના કૃષિ વિભાગે ૧૪૪ જગ્યા રદ કરી નાખતા નોકરી વાંચ્છુઓનું સપનુ રોળાયુ



## સરકારી નોકરીની તૈયારી કરતા યુવાનોમાં નિરાશા

ગાંધીનગર તા.૧૭

રાજયમાં સતત શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. સરકારી નોકરી માટે જગ્યા પડે છે ત્યારે ૧ પોસ્ટ માટે ૧૦ થી ૨૦ ગણા ઉમેદવારી ફોર્મ ભરાય છે. યુવાનો સરકારી નોકરી માટે રાત-દિવસ જોયા વિના સતત સરકારી નોકરીની તૈયારી કરી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના નિયંત્રણ હેઠળ આવેલા ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ નિગમની ૧૪૪ જગ્યાઓ રદ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. જેને લીધે સરકારી નોકરીની તૈયારીઓ કરતા યુવાનોમાં નિરાશા વ્યાપી ગઇ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સરકારી નોકરીની તૈયારી કરતા ઉમેદવારો માટે માઠા સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા વેર હાઉસ નિગમની ૧૪૪ જગ્યાઓ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ગ-૩ અને વર્ગ-૪ આ જગ્યાઓ પર ભરતી કરવાને બદલે હયાત જગ્યાઓ રદ કરવામાં આવી છે. આ સમાચારથી સરકારી નોકરીની તૈયારીઓ કરી રહેલા ઉમેદવારોમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ નિગમ દ્વારા રજૂ થયેલા દરખાસ્ત પર વિચારણા બાદ આ નિયમનું અમલ થશે. કૃષિ અને સહકાર વિભાગના સચિવે જણાવ્યું કે આ પગલું વિભાગની કાર્યક્ષમતા અને કાર્યક્ષેત્રની સુધારણા માટે મહત્વપૂર્ણ છે.

**કૃષિ વિભાગમાં રદ થયેલી જગ્યા**

રદ્દ થયેલી જગ્યાઓમાં ૧ સીનીયર સુપરવાઇઝર વર્ગ-૩ ૦૧, ઓફીસ સુપ્રિન્ટેન્ડન્ટ વર્ગ-૩ ૦૧, આસીસ્ટન્ટ એકાઉન્ટ ઓફીસર વર્ગ-૩ ૦૧, ઓ.એસ. ટુ ડી.જી.એમ.વર્ગ-૩ ૦૧, ઓ.એસ. ટુ. પોર્ટ વર્ગ-૩ ૦૧, હેડ એકાઉન્ટન્ટ વર્ગ-૩ ૦૧, ઈન્ટરનલ ઓડીટર વર્ગ-૩ ૦૩, સીનીયર એકાઉન્ટન્ટ વર્ગ-૩ ૦૨, મદદનીશ વર્ગ-૩ ૦૨, જુનીયર એકાઉન્ટન્ટ વર્ગ-૩ ૦૩, ટેકનીકલ મદદનીશ વર્ગ-૩ ૦૨, સુપરવાઇઝર વર્ગ-૩ ૦૩, કલાર્ક, ટાઈપીસ્ટ / કલાર્ક કમ ટાઈપીસ્ટ વર્ગ-૩ ૨૩, ટેલીફોન ઓપરેટર વર્ગ-૩ ૦૧, ડ્રાઈવર વર્ગ-૩ ૦૪, પટાવાળા / ચોકીદાર વર્ગ-૪ ૯૫નો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે એક તરફ સરકાર દ્વારા યુવાનોને રોજગાર અને નોકરીની મોટી મોટી વાતો કરી રહી છે. ત્યારે સરકારના જ કૃષિ વિભાગ દ્વારા જગ્યાઓ રદ કરવાનો વિચિત્ર નિર્ણય કેમ લેવામાં આવ્યો તે પ્રશ્ન ઉમેદવારોને સતત સતાવી રહ્યો છે.

# પૂર્વ રાજયપાલ વજુભાઇ વાળાના પૌત્રના લગ્ન સમારોહમાં કાલે કર્ણાટક તથા ઉત્તરપ્રદેશના રાજયપાલ તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ હાજરી આપશે

## લગુન રીસોર્ટ ખાતે બે દિવસના આયોજનમાં આજે ગુજરાતના અનેક મંત્રીઓ પણ રાજકોટ પહોંચી રહ્યા છે : વજુભાઇના અનુગામી અને કર્ણાટકના રાજયપાલ થાવરચંદ ગેહલોત અને ઉત્તરપ્રદેશના રાજયપાલ તેમજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કાલે પહોંચશે : હિરાસર એરપોર્ટ પર અનેક ચાર્ટર ફલાઇટ લેન્ડ થશે



રાજકોટ, તા. ૧૭

ગુજરાતના પૂર્વ નાણામંત્રી અને કર્ણાટકના પૂર્વ રાજયપાલ વજુભાઇ વાળાના પૌત્રના લગ્ન પ્રસંગે આજે અને આવતીકાલે રાજકોટમાં અનેક મહાનુભાવો પહોંચશે. વાળાના પૌત્ર દર્શિલ અને રાજકોટના જાણીતા તબીબ દંપતિ અતુલભાઇ તથા દર્શનાબેન પંડયાની પુત્રી અદિતી સાથે યોજાયા છે જેમાં આજે અને આવતીકાલ બે દિવસ લગુન રીસોર્ટમાં અનેક આયોજનો થયા છે જેમાં હાજરી આપવા આજે ગુજરાતની કેબીનેટના અનેક મંત્રીઓ રાજકોટ પહોંચી રહ્યા છે આવતીકાલ કર્ણાટકના રાજયપાલ અને વાળાના અનુગામી થાવરચંદ ગેહલોત તેમજ ઉત્તરપ્રદેશના રાજયપાલ અને વજુભાઇ સાથે ગુજરાતની કેબીનેટમાં સેવા આપી ચૂકેલા શ્રીમતી આનંદીબેન પટેલ તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ રાજકોટ આવશે અને લગ્ન સમારોહમાં ભાગ લેશે. રાજકોટના નવા આંતરરાષ્ટ્રીય હિરાસર વિમાની મથક ખાતે પ્રથમ વખત એકીસાથે અનેક ચાર્ટર ફલાઇટ લેન્ડ થશે અને બે દિવસ વિમાની મથક અત્યંત વ્યકત રહેશે. તેમજ રાજકોટ આવી રહેલા મહાનુભાવોની સુરક્ષા સહિતની ગોઠવણો પણ શહેર પોલીસ તેમજ જિલ્લા કલેકટર તંત્ર દ્વારા કરવામાં આવી છે. એક સાથે બે રાજયના રાજયપાલ રાજકોટ આવી રહ્યા હોય તેવી સંભવતઃ પ્રથમ ઘટના છે. તેમજ ગુજરાત અને રાષ્ટ્રીય ભાજપના અનેક અગ્રણીઓ પણ રાજકોટ પહોંચશે.

# મહાકુંભમાં મોટી ઘાત ટળી- બે બોટ વચ્ચે ટકકરઃ તમામને સુરક્ષિત બચાવાયા

## એનડીઆર એફની ટીમ દ્વારા બચાવકાર્ય

પ્રયાગરાજ,તા.૧૭

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ મહા કુંભમાં એક અકસ્માત થયો છે. બે બોટ ડૂબી જવાની માહિતી સામે આવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે સંગમ સ્નાન દરમિયાન બોટ એકબીજા સાથે અથડાઈ હતી.



બોટમાં ઘણા લોકો હતા, જેઓ ડૂબવા લાગ્યા હતા. પરંતુ ગઉઇઋના જવાનોએ સમયસર તેમને બચાવી લીધા હતા. તમામને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. એનડીઆરએફના જણાવ્યા અનુસાર, ઘટના સમયે શ્રદ્ધાળુઓથી ભરેલી એક બોટ બીજી સાથે અથડાઈ હતી. આ દરમિયાન ઘણા લોકો નદીમાં ડૂબવા લાગ્યા હતા. અવાજ સાંભળીને સ્થળ પર પેટ્રોલિંગ કરી રહેલા NDRF જવાનોએ ચાર્જ સંભાળી લીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ૫ લોકોને બચાવી લેવાયા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા મંગળવારે બપોરે પણ એક બોટ પલટી ગઈ હતી, ત્યારબાદ ૯ લોકો ડૂબવા લાગ્યા હતા. સ્થળ પર હાજર NDRF ટીમોએ સમયસર ૭ લોકોને બચાવી લીધા હતા, પરંતુ મિલિટરી એન્જિનિયરિંગ સર્વિસ (MES) કોન્ટ્રાક્ટર સુરેશ કુમાર અગ્રવાલ અને તેની સંબંધી લલિતાનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

### જીલ્લા પંચાયતમાં સંકલન બેઠક યોજાઈ

# એક વર્ષ હવે જીલ્લાના વિકાસકામો પર જ ફોકસઃ માર્ચના પ્રથમ પખવાડીયામાં બજેટ

## કોઈ નવા વિવાદ ઉભા ન થાય તે જોવા તાકિદઃ પેન્ડિંગ કામો ઝડપથી પુરા કરાવાશે

રાજકોટ તા.૧૭

રાજકોટ જીલ્લા પંચાયતની સંકલન બેઠકમાં હવે બાકીનું એક વર્ષ વિકાસકામો પર જ ફોકસ રાખવાનો સૂર વ્યક્ત થયો હતો જયારે નવા વર્ષનુ બજેટ માર્ચના પ્રથમ સપ્તાહમાં રજુ કરવાનુ નકકી કરવામાં આવ્યું હતું.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી આચારસંહિતાને કારણે એકાદ માસથી સતાવાર મીટીંગો બંધ છે. નવા વર્ષનુ બજેટ પણ મોડુ કરવાની ફરજ પડી હતી. હવે બે દિવસમાં આચારસંહિતા ઉઠી જશે એટલે ત્યારપછી પેન્ડીંગ કામો ધડાધડ કરવાનું આયોજન ગોઠવવા સંકલન બેઠક રાખવામાં આવી હતી. પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઇ રંગાણીએ કહ્યું કે જીલ્લા પંચાયતમાં કોઈ વાદવિવાદ નથી છતાં કોઈ વિવાદ ઉભા ન થાય તેની કાળજી રાખીને હવેના એક વર્ષમાં જીલ્લાના વિકાસકામો પર જ ધ્યાન કેન્દ્રીત કરવા બેઠકમાં ચર્ચા-વિચારણા થઈ હતી અને સભ્યોએ સર્વસંમત સમાન સૂર દર્શાવ્યો હતો.



નાણાંકીય વર્ષની સમાપ્તિને આડે માંડ દોઢ મહિનો બાકી છે ત્યારે ચાલુ વર્ષના પેન્ડીંગ કામો તાબડતોડ હાથ ધરવા તથા તત્કાળ ફોલોઅપ કરાવવાનુ નકકી થયુ હતુ.

આ સિવાય બે-ત્રણ દિવસમાં આચારસંહિતા પૂર્ણ થવાની છે એટલે તત્કાળ બજેટ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો. સમિતિઓને બજેટ માટે મીટીંગ કરવા કહેવાયુ હતુ. ત્યારબાદ કારોબારીમાં લેવાશે અને છેલ્લે સામાન્ય સભામાં મહોર અપાશે. બજેટ બેઠક માર્ચના પ્રથમ કે બીજા સપ્તાહમાં યોજવાના સૂર વ્યક્ત થયો છે. નાણાપંચના કામોની પણ ચર્ચા કરવામાં આવી હતી.

સંકલન બેઠકમાં પ્રમુખ પ્રવિણાબેન રંગાણી ઉપરાંત દંડક વિરલ પનારા, કંચનબેન બગડા, મોહનભાઈ દાફડા, અમૃતભાઈ મકવાણા, ધર્મેન્દ્ર ટીલાળા, નાથાભાઈ વાસાણી, અમરશી ચૌહાણ, વિનુભાઈ ધડુક વગેરે હાજર હતા.

# ફરી ઉછાળોઃ સોનામાં રૂા.૪૫૦ અને ચાંદીમાં રૂા.૩૦૦ નો વધારો



રાજકોટ તા.૧૭

આજે ફરી સોના-ચાંદીનાં ભાવમાં વધારો થયો છે. આજે સોનામાં રૂા.૪૫૦ અને ચાંદીમાં રૂા.૩૦૦ નો ઉછાળો નોંધાયો છે.આ ભાવ વધારા સાથે સોનું રૂા.૮૮૦૦૦ અને ચાંદી ૯૮૭૦૦ ના સ્તરે પહોંચી છે.

શનિવારે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો હતો.જે છેલ્લા એક મહિનાનો સૌથી મોટો ઘટાડો હતો. સોનામાં રૂા.૧૪૫૦ અને ચાંદીમાં રૂા.૨૪૦૦ નો કડાકો થયો હતો ત્યારે ફરી આજે ભા વધતા વેપારીઓની ચિંતામાં વધારો થયો છે. સતત ભાવ વધવાના કારણે ખરીદી પર અસર જોવા મળી છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૭૫-૨૪૨૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૨૫-૨૩૭૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૮૫-૨૨૩૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૩૫-૨૧૮૫ |
| પામોલીયન તેલ | ૨૨૦૦-૨૨૦૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૫૦-૨૧૮૦ |
| સનફલાવર તેલ | ૨૧૪૦-૨૧૬૦ |
| મકાઇ તેલ | ૧૯૯૦-૨૦૧૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૪૦-૨૨૭૦ |
| કોપરેલ | ૩૪૩૦-૩૪૭૦ |
| દિવેલ | ૨૨૨૦-૨૨૩૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૮૮૦૦૦(+૪૫૦) |

| ચાંદી |
|---|
| ૯૮૭૦૦(+૩૦૦) |

# કાલે વોર્ડ નં.૧૫માં અમુલ સર્કલ પાસે નવી વોર્ડ ઓફિસનું લોકાર્પણ





## બે માળના બિલ્ડીંગમાં અધિકારીઓ અને અરજદારો માટે સુવિધાઓ : ધારાસભ્ય ઉદય કાનગડના હસ્તે વધુ એક સવલતનું ઉદ્‌ઘાટન કરાશે

રાજકોટ, તા. ૧૭

મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૫માં રૂ.૬૮.૬૧ લાખના ખર્ચે ૮૦ ફૂટ રોડ, અમુલ સર્કલ પાસે વોર્ડ ઓફિસના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ આવતીકાલે તા.૧૮ના મંગળવારના રોજ સવારે ૧૧:૧૫ કલાકે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને કરાશે.૩૨૮ ચો.મી. જગ્યાની વોર્ડ ઓફિસમાં બાંધકામ વિસ્તાર ૩૧૧.૦૦ ચો.મી.(બંને માળ) છે. આ બિલ્ડીંગમાં દિવ્યાંગો માટે ખાસ રેમ્પની સુવિધા રાખવામાં આવેલ છે. ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગ, વેઈટિંગ એરીયા, વોર્ડ ઓફીસર રૂમ, ટેક્સ રૂમ, એસ.આઈ. રૂમ, જગ્યા રોકાણ શાખા, શોપ લાઇસન્સ શાખા વગેરે માટેના રૂમ, કોમન ટોયલેટ તથા પીવાના પાણીની સુવિધા અને ફર્સ્ટ ફ્લોર પર વેઈટિંગ એરીયા, વોર્ડ એન્જી. રૂમ, ટેકનિકલ સ્ટાફ રૂમ, સ્ટોરરૂમ, સર્વર રૂમ, કોન્ફરન્સ હોલ, કોમન ટોયલેટ તથા પીવાના પાણીની સુવિધા તેમજ સેકન્ડ ફ્લોર પર સીડી રૂમ અને ઓપન ટેરેસ વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે.

મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા,શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા,બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા લોકોને નિમંત્રણ આપ્યું છે. આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ પરસોતમભાઇ રૂપાલા, રામભાઇ મોકરીયા, ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઇ ટીલાળા,પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઇ બોઘરા, મંત્રી બિનાબેન આચાર્ય, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, વોર્ડ નં.૧૫ના કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા, કોમલબેન ભારાઈ, મકબુલભાઈ દાઉદાણી, ભાનુબેન સોરાણી તથા અન્ય કોર્પોરેટરો વગેરે હાજર રહેશે.

### કિતાબઘરના નવિનભાઈ શાહના પત્ની

# નીનાબેનશાહનું નિધન થતાં પરિવારે તેમના ચક્ષુનું દાન કરી બે દ્રષ્ટિહીન બાંધવને દ્રષ્ટિ આપી

રાજકોટ,તા.૧૭

રાજકોટના જાણીતા જૈન પરિવાર કિતાબ ઘર વાળા નવીનભાઈ શાહના પત્ની સ્વ.નીનાબેન શાહનું અવસાન થતાં તેમના સુપુત્રીઓ ચાર્મીબેન બદાણી, શિવાનીબેન રૂપાણીની સહમતી થી અને સાંજ સમાચારના એક્ઝિક્યુટિવ એડિટર કરણભાઈ શાહની પ્રેરણા થી અને બે દ્રષ્ટિ હિન બાંધવને દ્રષ્ટિ મળે તેવા ઉમદા ભાવ થી સ્વ.નીનાબેન શાહના ચક્ષુનું દાન જૈન સોશિયલ ગ્રુપની આશ્રય કમિટી ચેરમેન ઉપેનભાઈ મોદી તથા વિવેકાનંદ યુથ કલબનાં માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને



ચક્ષુદાન અભિયાનનાં અનુપમભાઈ દોશી દ્વારા કરવામાં આવ્યું હતુ અને ડો. ધર્મેશ શાહ એ સ્વીકાર કરેલ. બન્ને સંસ્થોનું આ ૧૪૯ મુ ચક્ષુદાન છે. શાહ પરિવાર દ્વારા આ માનવતા કાર્ય કરવા બદલ બન્ને સંસ્થા તરફ થી અભિનંદન આપવા માં આવેલ.

શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન બાદ સ્કિન ડોનેટ અને ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા જણાવેલ છે. ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી , ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક સાધવો.





### ડો. બી. આર. આંબેડકર ચેર-સેન્ટર દ્વારા

# "ભારતીય સંવિધાન કા અમૃતોત્સવ" વિષય પર સંગોષ્ઠી કાર્યક્રમ યોજાયો: ૩૮૦ પ્રતિભાગી રહ્યા ઉપસ્થિત

## ડો. નાથાલાલ ગોહિલને ભીમરત્ન તેમજ વક્તૃત્વ અને નિબંધ લેખનમાં વિજેતા થયેલ

રાજકોટ, તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે ડો. બી. આર. આંબેડકર ચેર-સેન્ટર દ્વારા ગત તા.૧૪ ના રોજ રાષ્ટ્રીય સંગોષ્ઠી, ''ભારતીય સંવિધાન કા અમૃતોત્સવ'' વિષય પર યોજાઇ ગયો. જેમાં અધ્યાપક, શોધછાત્રો, વિદ્યાર્થીઓ અને વિદ્વાનો સહિત ૩૮૦ પ્રતિભાગી ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાત રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત બાબા સાહેબ ડો. બી. આર. આંબેડકર ચેર -સેન્ટર દ્વારા ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ભારતીય સંવિધાનના ૭૫ વર્ષ નિમિત્તે આખું વર્ષ ''હમારા સંવિધાન, હમારા સન્માન'' આ થીમ પર વિશ્વના શ્રેષ્ઠ સંવિધાન એવા ભારતીય વિધાનથી સમગ્ર દેશ પરિચિત થાય તે આશયથી આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સંગોષ્ઠી ઉદ્‌ઘાટન સત્રમાં, ડો. આંબેડકર ચેર-સેન્ટર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫નો 'ભીમરત્ન' એવોર્ડ વિદ્યાપુરૂષ ડો. નાથાલાલ ગોહિલ અર્પણ કરવામાં આવ્યો. ડો. આંબેડકરજીના જીવન, કાર્યો અને તત્ત્વજ્ઞાન પર લઘુશોધ/મહાશોધ નિબંધ લખનાર કુલ ૮ સંશોધકોને PG Ph.D., શોધછાત્રોને સ્પેશીયલ ફેલોશીપ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા. રાજ્યકક્ષાની ત્રિસ્તરીય વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધાના વિજેતા ૧૫ વિદ્યાર્થીઓનું 'ભીમપ્રજ્ઞા એવોર્ડ'થી સન્માન કરી ૧ થી ૫ નંબર મેળવેલા છાત્રોને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા.

## ૫ સેન્ટરોમાં બે પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં ઉતીર્ણ થયેલ ૧૮૬ વિદ્યાર્થીઓ અને કો-ઓર્ડિનેટરોનું કરાયું સન્માન

ડો.બી.આર.આંબેડકર ચેર-સેન્ટર દ્વારા ગત વર્ષે કુલ ૫ સેન્ટરોમાં બે પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં ઉતીર્ણ થયેલ ૧૮૬ વિદ્યાર્થીઓ અને કો-ઓર્ડિનેટરોનું પ્રમાણપત્ર અર્પણ કરાયા. માતુશ્રી રમાબાઈ ગ્રામ સેવા ફેલોશિપ યોજનાના ૧૦ સંશોધકોને એવોર્ડ પત્ર આપી રૂ.૫ હાજર ફેલોશિપ અપાઈ તેમજ ડો. આંબેડકર પરના ૫ પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું.

# બુધવારે રાત્રે ભાતીગળ લગ્નગીતોનો કાર્યક્રમ "લગ્નનો માંડવો" યોજાશે

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી સુર શબ્દ સંસ્થાન દ્વારા આયોજન

રાજકોટ, તા.૧૭

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી કલાકાર રમીઝ સાલાણી અને સુર શબ્દ સંસ્થાન દ્વારા હેમુગઢવી મીની થિએટર ખાતે તા.૧૯ ને બુધવારે રાત્રે ૯:૩૦ કલાકે ભાતીગળ ગવાતા વિધિ પ્રમાણેના લગ્નગીતો નો કાર્યક્રમ વિના મુલ્યે યોજાશે.

આ કાર્યક્રમમાં દિનેશ બાલાસરા, દીપ્તિ બાલાસરા અને રાજ પંજાબી લગ્નગીતો રજુ કરશે જેમને સાજીંદાઓ કેવિન પરમાર, અલ્તાફ લાડકા,નિલેશ પાઠક, દેવાંગ જાની, મહર્ષિ શીંગાળા અને ઓમ જાની સંગત કરશે. કાર્યક્રમનું સંચાલન કિશોર ડોડીયા કરશે. કાર્યક્રમના પ્રવેશ કાર્ડ આવતીકાલે તા.૧૮ ને મંગળવારે સવારે ૧૧:૩૦ થી ૧૨ દરમિયાન હેમુભાઈ ગઢવી હોલ ની ટિકિટબારીએથી મેળવવાના રહેશે.



# જૈન અગ્રણી મયુર શાહ, બકુલ રૂપાણીનું સન્માન

રાજકોટ,તા.૧૭

પુજ્ય ધીરગુરૂદેવની પાવન નિશ્રામાં જૈન બોર્ડીંગ અને મહાવીર ભવનનાં ઉદ્‌ઘાટન પ્રસંગે શાશનની સેવા માં પ્રશંશનીય કામગીરી માટે જૈન ભાજપ અગ્રણી મયુરભાઇ શાહ અને રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનના પુર્વ ટીપીઓ બકુલભાઇ રૂપાણીનું સન્માન સાથે અભિવાદન કરવામાં આવેલ તેમજ પુજ્ય ધીરગુરૂદેવ એ શાશનની નિરંતર સેવા કરતા રહે તે માટે અંતરના આશીર્વાદ પાઠવેલ.

# ઐતિહાસિક ધરોહર જૈન બોર્ડીંગ તથા મહાવીર ભવનનો ઉદ્‌ઘાટન સમારોહ ભવ્ય રીતે સંપન્ન

## બીજાની તકલીફ જાણે અને દાન કરે તો મહાલાભ થયા વિના ન રહેઃ આ.પૂ.શ્રી જયશેખરસૂરિજી મ.

રાજકોટ તા.૧૭

શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભવનના ઉપક્રમે પૂ.શ્રી ધીરગુરૂદેવની અસીમ કૃપાથી ૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત શશીકાંત જી. બદાણી-જૈન બોર્ડીંગ અને ડો. સી.જે. દેસાઈ મહાવીર ભવન તથા સુશીલાબેન ઈન્દુભાઈ બદાણી-મહાવીર હોલના ઉદ્‌ઘાટન પૂર્વે રાષ્ટ્રીય શાળાના પટાંગણે પ્રણેતા પૂ.શ્રી ધીરગુરૂદેવ તથા આચાર્ય પૂ.જય શેખર વિજયજી મ.સા. પૂ. સુશાંતમુનિજી તથા પૂ. ગુણીબાઈ મ.સ. પૂ.કિરણબાઈ મ.સ. પૂ.હંસાબાઈ મ.સ. પૂ. સ્મિતાબાઈ મ.સ. પૂ. સોનલભાઈ મ.સ. આદિ તથા અમેરિકા, કેનેડા, મસ્કત, મુંબઈ, સુરત, અમદાવાદ, પોરબંદર, ભરૂચ, કોલકાતા, ઈન્દોર, ઈથોપીયા, મોરબી વગેરે ગામના

## કાર્યની સફળતામાં ટીમવર્ક, ટાઈમીંગ વર્ક, ટેકનીક અને ટ્રાન્સપરન્ટ વર્ક જરૂરી છેઃ નિર્માણ પ્રણેતા પૂ.ધીરજમુનિ

નવકારશી બાદ શશીકાંત બદાણીએ સતીષ મહેતાનું સન્માન કરેલ.

બેન્ડની સુરાવલીએ નયનરમ્ય બગીમાં દાતાઓ સહિત ભાવિકોની શોભાયાત્રા મહાવીર હોલમાં પહોંચતા માનવ મહેરામણ ઉમટી પડયું હતું. ડુંગર દરબાર ડોમમાં ભાવિકોની વ્યવસ્થા કરાયેલ. શતાધિક ઉપાશ્રય નિર્માણ ભાવિકોની હાજરી હતી. ટ્રસ્ટી મુકેશ કામદારે સહુને આવકાર્યા બાદ સમારોહ પ્રમુખ જયંતભાઈ કામદારનું સન્માન મહેન્દ્ર મહેતાએ કરેલ.

આ પ્રસંગે આ.શ્રી જયશેખરસૂરીજી મહારાજે જણાવ્યું કે બીજાની તકલીફ જાણે અને દાન કરે તો મહાલાભ થયા વિના ન રહે.

કોઈપણ કાર્ય સફળ અને સુપર બનાવવા ટીમ વર્ક, ટાઈમીંગ વર્ક, ટેકનીક વર્ક અને ટ્રાન્સપરન્ટ વર્ક અતિ જરૂરી છે. આ ભવન નિર્માણમાં આ સૂત્રને ચરિતાર્થ કરવામાં આવ્યા છે.

સંકુલના દાતાઓનું મોમેન્ટોથી ટ્રસ્ટી મંડળના હસ્તે સન્માન કરાયું હતું. આર્કિટેકટ રીખવ અને શ્રીમતી હેમલ સંઘવી, નિર્માણ સંયોજક વિમલ પારેખ, વિપુલ પંચમીયા, બાંધકામ નિર્માતા પ્રણવ ઠકરાર અને જીવદયાના લાભાર્થી મીરા અનિલ ઓમનવાલા, તનસુખ અને કિશોર દોશીનું સન્માન કરાયું હતું. રૂમ નામકરણમાં રંજના જયંત કામદાર, રીટા અભય શાહ, જશવંતીબેન સી. દેસાઈ વગેરે જલ મંદિરમાં ઉન્નતી જુઠાણી, અશોક ભીમાણી વગેરે તથા વિવિધ યોજનામાં લાભુબેન મૂલચંદ કુંભાણી, શારદાબેન આર. દોશી વગેરેએ અનુદાન જાહેર કરેલ.

શશીકાંત બદાણી પ્રેરિત ગૌતમપ્રસાદનો ૧૫૦૦ ભાવિકોએ લાભ લઈને યુગો સુધી ઝળહળશે. ધીરગુરૂવરના સંભારણાના મીઠા ગીતથી વિખરાયા હતા.

# ફેબ્રુઆરીના અંતમાં ગીર ખાતે ખગોળ તેમજ આકાશદર્શન શિબિરનું આયોજન

રાજકોટ, તા.૧૭

ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટની બિગ બેંગ એસ્ટ્રોનોમી કલબ દ્વારા દ્વારા ગીર અભયારણ્યની સીમા પરના ભોજદે ગીર ખાતે એક ખગોળ તેમજ આકાશદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ફેબ્રુઆરી મહિનાના અંતમાં યોજાનાર આ શિબિરમાં વિશ્વ વિખ્યાત ખગોળવિદ્ ડો. જે. જે. રાવલ તેમજ બિગ બેંગ એસ્ટ્રોનોમી કલબના નિષ્ણાંત સ્વયંસેવકો દ્વારા શિબિરાર્થીઓને ખગોળવિજ્ઞાન, તેમજ ટેલિસ્કોપ દ્વારા આકાશદર્શન, એસ્ટ્રોફોટોગ્રાફી, એસ્ટ્રોનોમી મોડેલ્સ વગેરે પર સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક માર્ગદર્શન આપશે. આ શિબિર માટે નામ નોંધણી તા. ૧૮ ફેબ્રુઆરી અને મંગળવારથી શરૂ થશે.

### ઋષભદેવ સ્થા.જૈન સંઘના ઉપક્રમે

# શુક્રવારે સુપાત્રદાનની સમજણ વિષયક શિબિરનું આયોજન

રાજકોટ,તા.૧૭

શ્રી ઋષભદેવ સ્થાનકવાસી જૈન સંઘ રાજકોટ દ્વારા ગોંડલ સંપ્ર.ના ગૌરવવંતા રત્ન ચારિત્રનિષ્ફપૂ.શ્રી રાજગુરુ ભગવંતના આજ્ઞાનુંવર્તી બા.બ્ર.શ્રી કુસુમબાઈ મહાસતીજીના શિષ્યા પૂ.અર્પિતાજી મહાસતીજી આદિઠાણાની શુભ નિશ્રામાં તા.૨૧મીના શુક્રવારે બપોરે ૩.૧૫ થી ૫.૧૫ સુધી ઋષભદેવ ઉપાશ્રય ૧ તિરૂપતિનગર રાજકોટ ખાતે શ્રેયકારી શિબિર સુપાત્રદાનની સરળ શબ્દોમાં સમજણનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં સુપાત્રદાન એટલે શું? મહત્વ સુપાત્રદાન કોણ કોને આપી શકે? સુપાત્રદાનની ભાવના કેવી રીતે ભાવવી? સુપાત્રદાન કેઈ વસ્તુનું કરી શકાય, સુપાત્ર દાનની વિધિ વગેરેની સમજણ શિબિરાર્થીઓને અપાશે.શિબિરમાં મર્યાદિત સમાવેશ હોવાથી તા.૧૯ના બુધવાર સુધીમાં સંઘની ઓફિસમાં સંપર્ક કરવો અથવા મો.નં.૯૮૯૮૨ ૩૪૩૪૯ ઉપર મેસેજ કરવા જણાવાયું છે.

# એપ્રિલમાં કુળદેવી ભવાની માતાજીનો ૧૭ મો વાર્ષિક હવન

રાજકોટ,તા.૧૭

સમગ્ર પાઉં, પૌરાણા, ખેતાણી પરીવારના કુળદેવી શ્રી ભવાની માતાજીનો ટ્રસ્ટ દ્વારા આયોજીત ૧૭ માં વાર્ષિક હવનનું આગામી તા.૫ એપ્રિલને શનિવારના રોજ પૂ. માતાજી તથા પૂ.ડુંગરબાપાના દેવસ્થાને રાણપુર (નવાગામ) મુકામે આયોજન કરવામાં આવ્યું છે. યજમાન પદે બિરાજવા માટે ઇચ્છુકોએ ફોર્મ ભરીને તા.૩ માર્ચ પહેલા ટ્રસ્ટની ઓફિસ ''વ્રજ પ્રેમ ૫, શ્રમજીવી સોસાયટી કોર્નર, ગોપાલનગર મેઇન રોડ, રાજકોટ ખાતે પહોંચાડવાનું રહેશે.



# રાજુ એન્જિનિયર્સ ભારતના પ્રથમ મેન્યુફેકચરિંગ પાર્ક માટે કરાયું ભૂમિ પૂજનઃ વિકાસના નવા અધ્યાયની શરૂઆત

## ૧૦૦% ગ્રીન એનર્જી સાથે દરેક વિભાગનું સંકલન સુનિશ્ચિત કરાશે

રાજકોટ, તા.૧૭

ભારતીય ઉદ્યોગ ક્ષેત્રમાં નવી દિશા આપતા રાજુ એન્જિનિયર્સે વિશાળ આ ૮૦-એકર ના મેન્યુફેક્ચરિંગ પાર્ક માટે ભૂમિ પૂજન કરીને પોતાના મહત્વકાંક્ષી પ્રોજેક્ટની શરૂઆત કરી છે. આ પાક રાજૂ એન્જિનિયર્સના તમામ મહત્વપૂર્ણ બિઝનેસ વર્ટિકલ્સને એકઠા કરી એક સંકલિત ઇકોસિસ્ટમ બનાવશે, જેનાથી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થશે, અનાવશ્યક વ્યય ઘટશે અને સ્થાયી વિકાસને પ્રોત્સાહન મળશે.

રાજૂ એન્જિનિયર્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ખુશબૂ ચંદ્રકાંત દોશીએ જણાવ્યું છે કે, આ પ્રોજેક્ટ તબક્કાવાર અમલમાં મૂકાશે, જેમાં પ્રાથમિક તબક્કામાં અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, જરૂરી સુવિધાઓ અને મુખ્ય ઓપરેશનલ એકમોની સ્થાપના કરવામાં આવશે. ત્યારબાદ આ પછી એડવાન્સ ટેક્નોલોજી યુનિટ્સ, આર એન્ડ ડી સેન્ટર્સ, અને પર્યાવરણને અનુકૂળ અન્ય વિભાગોનો સંકલન કરવામાં આવશે. અંતિમ તબક્કામાં ૧૦૦% ગ્રીન એનર્જી સાથે દરેક વિભાગનું સંકલન સુનિશ્ચિત કરાશે, જેથી કાર્યક્ષમતામાં વધારો થાય અને સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થશે. ઈંધણ અને અન્ય અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ સ્માર્ટ મશીનો કાર્યક્ષમતા વધારશે, જે આધારિત માહિતીથી પૂર્વાનુમાન જાળવણીથી સંસાધનોના શ્રેષ્ઠ વ્યવસ્થાપનને સુનિશ્ચિત કરશે.

# જાગનાથનો વર્ષો જુનો દુષિત-ઓછા પાણીનો પ્રશ્ન હલ થશે

## સરદારનગર સહિતના વિસ્તારમાં ૬.૭૨ કરોડના ખર્ચે ડીઆઇ પાઇપલાઇન કામનો પ્રારંભ : એક હજાર પરિવારોને થશે રાહત

રાજકોટ, તા. ૧૭

મહાનગરપાલિકા દ્વારા આજે વોર્ડ નં.૭માં આવેલ જુના તથા નવા જાગનાથ અને સરદારનગર (ઇસ્ટ)ના વિવિધ વિસ્તારમાં રૂ.૬.૭૨ કરોડના ખર્ચે ડી.આઇ. પાઇપલાઇન નાખવાના કામનું ખાતમુહૂર્ત સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાના હસ્તે કરવામાં આવ્યું હતું.

રાજકોટના સૌથી જુના વિસ્તારોમાં જાગનાથ પ્લોટ વિસ્તાર આવેલો છે. જુના જાગનાથ અને નવા જાગનાથ સાથે સરદારનગરને લાગુ યાજ્ઞિક રોડ સુધીના ભાગમાં હવે દુષિત અને ઓછા પાણીનો પ્રશ્ન હલ થશે. વોર્ડના કોર્પોરેટરો નેહલ શુકલ અને દેવાંગ માંકડે જાગનાથ વિસ્તારનો મોટો પ્રશ્ન ઉકેલાય તે માટે સતત પ્રયાસો કર્યા છે. કોર્પોરેટરોએ કહ્યું હતું કે, આ કામ શરૂ થયા બાદ દિવાળી સુધીમાં ખુબ મોટા વિસ્તારમાં મુખ્ય રોડ, શેરીઓ અને ઘર સુધી ડીઆઇ પાઇપલાઇનના કનેકશન મળી જશે. સૌથી રાહતની વાતમાં પાણીનો પુરતો ફોર્સ લોકોને મળશે. ડ્રેનેજનું પાણી ભળી



જવાની સ્થિતિ પણ દુર થશે. જુના રાજકોટના આ સૌથી જુના વિસ્તારને પણ હવે ન્યુ રાજકોટના વિસ્તારોની જેમ પુરતું, શુધ્ધ પાણી મળશે અને જુની લાઇનમાંથી પાણીનો બગાડ પણ બંધ થશે.

વોર્ડ નં.૭ માં આવેલ જુના તથા નવા જાગનાથ અને સરદારનગર (ઇસ્ટ)ના વિવિધ વિસ્તારમાં ડી.આઇ. પાઇપલાઈન નાખવાના કામથી આ વિસ્તારના અંદાજીત ૧,૦૦૦થી વધુ પરિવારોને પીવાનું શુધ્ધ અને પૂરતા ફોર્સથી યોગ્ય પ્રમાણમાં પાણી મળી શકશે. વિસ્તારના લોકોની સુવિધામાં વધારો થશે.

આ કાર્યક્રમમાં સાંસદ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ, નેહલભાઈ શુકલ, જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, વોર્ડ પ્રમુખ વિશાલભાઈ માંડલીયા, મહામંત્રી દિપકભાઈ પારેખ, કમલેશભાઈ જોશીપુરા, ભાવનાબેન જોશીપુરા, મયુરભાઈ શાહ, મનિષભાઈ ભટ્ટ, પ્રવિણભાઈ ચાવડા, નીતિનભાઈ જરીયા, રાજુભાઈ મુંધવા, વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરશ્રી સાંસ્કૃતિક ચેરિટેબલ ટ્રસ્ટ

# બુધવારે માતૃભાષા મહોત્સવ - ૨૦૨૫ ના ઉપલક્ષમાં "કવિ સંમેલન"નું ભવ્ય આયોજન

રાજકોટ, તા.૧૭

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સુરશ્રી સાંસ્કૃતિક ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ ના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત માતૃભાષા મહોત્સવ ૨૦૨૫ ના ઉપલક્ષ માં કવિ સંમેલનનું આગામી તા.૧૯ ફેબ્રુઆરીને બુધવારના રોજ રાત્રે ૯ કલાકે, સેવા ભારતી ભવન, અમુલ ડેરી સર્કલ, આજી ડેમ રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ કવિ સંમેલનમાં અમદાવાદના સુવિખ્યાત કવિ કૃષ્ણ દવે, રાજકોટના પ્રખ્યાત કવિ સંજુ વાળા અને પોરબંદરના પ્રખ્યાત કવિ સ્નેહલ જોશી પોતાની સ્વરચિત કવિતાઓનો રસાસ્વાદ સાહિત્યપ્રેમીઓને કરાવશે. કાર્યક્રમનું સંચાલન કમલ રાજપરા કરશે અને સંયોજક કિરીટભાઈ રાજપરા છે. આ કાર્યક્રમ માં પૂ. પા. ગોસ્વામી ૧૦૮ વ્રજેશકુમારજી મહારાજ, પૂ. પા. ગોસ્વામી ૧૦૮ પરાગકુમારજી મહોદયશ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તેમજ અશોકભાઈ ઝીંઝુવાડિયા, પ્રભુદાસભાઈ પારેખ અને મનીષભાઈ મેડકા ઉપસ્થિત રહેશે.

# જુનાગઢ મનપા-સૌરાષ્ટ્રની પાલિકાઓમાં શાંતિપૂર્ણ મતદાન : કાલે જનતાનો ચૂકાદો

## સોરઠની મહાપાલિકામાં ઠંડુ વોટીંગ : સુધરાઈઓમાં સરેરાશ ૫૯ ટકા મત પડયા : અમુક જિલ્લામાં ઈવીએમ બગડયા : ભારે ઉત્તેજના : અમુક જગ્યાએ ત્રિપાંખીયો જંગ







રાજકોટ, તા. ૧૭

જુનાગઢ મહાનગરપાલિકા અને સૌરાષ્ટ્રની નગરપાલિકાઓની ગઇકાલે યોજાયેલી ચૂંટણીમાં શાંતિપૂર્ણ મતદાન થવા પામેલ હતું જેમાં સૌરાષ્ટ્રની ૨૬ નગરપાલિકામાં ૫૯.૨૧ ટકા અને જુનાગઢ મહાનગરપાલિકામાં ૪૪.૩૨ ટકા નિરસ મતદાન થવા પામેલ હતું.

જુનાગઢ મહાનગરપાલિકાની ગત ચૂંટણીની સાપેક્ષમાં મતદાનની ટકાવારીમાં ૫.૩૬ ટકાનો ઘટાડો રહ્યો છે. આવતીકાલે તા.૧૮ના મત ગણતરી થત જ જનતાનો ચુકાદો આવશે. અહીં એ ઉલ્લેખનીય છે કે મતદારોની નિરસતાના કારણે પાલિકાની ચૂંટણીમાં આ વખતે નિરૂત્સાહનો માહોલ છવાયેલો રહેવા પામેલ હતો.

જોકે મતદાન દરમિયાન મતદાન મથકો પર ઈવીએમ (વોટીંગ મશીન) બગડતા ચૂંટણી અધિકારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. મતદાન મથકો પર બગડેલા વોટીંગ મશીન તાબડતોબ બદલવામાં આવેલ હતા.

પાલિકાઓની ચૂંટણીમાં આ પૂર્વે વર્ષ ૨૦૧૩માં ૬૬.૯૬ ટકા સરેરાશ મતદાન થવા પામેલ હતું જોકે આ વખતે મતદાનની ટકાવારી ઘટીને ૫૯.૨૧ ટકા થવા જાય છે. સૌરાષ્ટ્રની નગરપાલિકાઓની આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસના ૧૮૪૮ ઉમેદવારોના ભાવી ઈવીએમ મશીનમાં કેદ થયા છે.

પાલિકાની આ ચૂંટણીમાં રસ્તા, પાણી, ગટર, સફાઇ, સ્ટ્રીટલાઇટ સહિતના પ્રશ્નો અધ્ધરતાલ જેમના તેમ લટકતા રહેતા મતદારોએ મતદાન કરવામાં નિરૂત્સાહ દાખવેલ હતા. જેમાં જસદણ પાલિકામાં ૫૨.૧૪ ટકા, જેતપુર પાલિકામાં ૫૨.૫૪, ધોરાજી પાલિકામાં ૫૧.૩૬ ટકા, ભાયાવદર પાલિકામાં ૫૯.૮૬ ટકા, ઉપલેટા પાલિકામાં ૫૩.૮૯ ટકા, હળવદ પાલિકામાં ૬૩.૬૧ ટકા, જામજોધપુર પાલિકામાં ૫૮.૧૨ ટકા, ધ્રોલ પાલિકામાં ૬૮.૦૫ ટકા, કાલાવડ પાલિકામાં ૬૮.૦૫ ટકા, સલાયા પાલિકામાં ૫૨.૧૦ ટકા, ભાણવડ પાલિકામાં ૫૪.૧૧ ટકા, દ્વારકા પાલિકામાં ૪૬.૬૧ ટકા, લાઠી પાલિકામાં ૬૧.૩૮ ટકા, જાફરાબાદ પાલિકામાં ૬૮.૯૬ ટકા, રાજુલા પાલિકામાં ૫૫.૪૦ ટકા, ચલાલા પાલિકામાં ૫૮.૧૧ ટકા, કુતિયાણા પાલિકામાં ૫૯.૮૩ ટકા, રાણાવાવ પાલિકામાં ૫૦.૧૯ ટકા, બાંટવા પાલિકામાં ૫૯.૩૬ ટકા, માણાવદર પાલિકામાં ૫૬.૨૦ ટકા, માંગરોળ પાલિકામાં ૬૭.૨૦ ટકા, વિસાવદર પાલિકામાં ૬૫.૫૦ ટકા, વંથલી પાલિકામાં ૬૯ ટકા, ચોરવાડ પાલિકામાં ૭૯.૪૫ ટકા, કોડીનાર પાલિકામાં ૬૧.૩૬ ટકા અને વાંકાનેર પાલિકામાં ૫૧.૫૨ ટકા મતદાન થયાના અહેવાલો મળેલ છે.

### જામનગર જિલ્લો

જામનગર જિલ્લાની ત્રણ નગરપાલિકાઓમાં સામાન્ય ચૂંટણી યોજાઈ હતી, જેમાં સરેરાશ ૬૩ ટકા જેટલું મતદાન થયું છે સમગ્ર ચુંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલ માં સંપૂર્ણ થઈ હતી. આ સાથે જ તાલુકા પંચાયત ની જામ વણથલી બેઠકની પેટા ચૂંટણી પણ યોજાઈ હતી. જેમાં સરેરાશ ૪૩.૯૪ ટકા મતદાન થયું હતું.

જામનગર જિલ્લાની પણ ત્રણ નગરપાલિકા ની સામાન્ય ચૂંટણી અને તાલુકા પંચાયત ની એક બેઠક ની પેટા ચૂંટણી યોજાઈ હતી.

જામજોધપુર નગરપાલિકા ની સાત વોર્ડ ની ૨૮ બેઠક માટે યોજાયેલી ચૂંટણી માં મતદાન થયું હતું. સવારે સાત વાગ્યાથી ધીમી ગતિ એ મતદાન નો પ્રારંભ થયો હતો અને દર બે કલાકના અંતે ની વિગતો જોઈએ તો સવારે ૯ વાગ્યા સુધીમાં ૬.૮૪ ટકા, ૧૧ વાગ્યા સુધીમાં ૨૦.૫૩ ટકા, એક વાગ્યા સુધીમાં ૩૩.૦૬ ટકા, ત્રણ વાગ્યા સુધીમાં ૪૬.૨૪ ટકા, પાંચ વાગ્યા સુધીમાં ૫૪.૬૧ ટકા અને સાંજે છ વાગે મતદાન પૂરું થયા સુધીમાં ૫૮.૧૨ ટકા જેટલું મતદાન થયુ હતું.

ધ્રોલ નગરપાલિકાની સાત વોર્ડ ની ૨૪ બેઠકો માટે મતદાન થયું હતું. જેમાં પ્રથમ બે કલાક માં એટલે કે ૯ વાગ્યાના અંતે ૭.૬૬ ટકા, ૧૧ વાગ્યા સુધીમાં ૨૧.૧૭ ટકા, ૧ વાગ્યા સુધીમાં ૩૪.૯૩ ટકા, ત્રણ વાગ્યા સુધીમાં ૪૬.૮૪ ટકા, પાંચ વાગ્યા સુધીમાં ૬૧.૪૭ ટકા અને અંતે છ વાગ્યા સુધીમાં ૬૮.૦૫ ટકા મતદાન નોંધાયું હતું.

કાલાવડ નગરપાલિકાની ૨૭ બેઠકો માટે મતદાન થયું હતું જેમાં સવારે નવ વાગ્યા સુધીમાં ૯.૧૪ ટકા, ૧૧ વાગ્યા સુધીમાં ૨૩.૧૯ ટકા, એક વાગ્યા સુધીમાં ૩૭.૭૪ ટકા, ત્રણ વાગ્યા સુધીમાં ૪૭.૩૨ ટકા પાંચ વાગ્યા સુધીમાં ૫૯.૧૧ ટકા અને અંતે ૬ વાગ્યા સુધીમાં ૬૩.૧૬ ટકા ટકા મતદાન નોંધાયું છે.

આ ઉપરાંત જામનગર તાલુકા પંચાયત ની જામવંથલી ની બેઠક ની પેટા ચૂંટણી યોજાઈ હતી જેમાં ૪૩.૯૫ ટકા મતદાન થયું છે. આમ સમગ્ર જિલ્લામાં મતદાનની પ્રક્રિયા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. તમામ ઈવીએમને સીલ કરીને સ્ટ્રોંગ રૂમમાં પહોંચાડી દેવામાં આવ્યા છે અને હવે મંગળવારે સવારે મતગણતરી હાથ ધરવામાં આવશે.

### ભાવનગર

ભાવનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં ગઈકાલે મતદાનનો પ્રારંભ થતા સંબંધિત મતદાન મથકો ખાતે મતદારોએ મતદાન કર્યું હતું. ભાવનગર જિલ્લાના ગઇકાલે સવારના ૭ કલાકથી સાંજના ૬ કલાક સુધી મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂરી થઇ છે.

મતદાતાઓએ સાંજે ૬ વાગ્યા સુધીમાં કરેલ મતદાન આશરે ભાવનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ માં ૩૩.૫૧%, અને શિહોર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૬૧.૨૭ %, ગારીયાધાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૫૬.૭૭% તથા તળાજા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૫૭.૩૦% મતદાન થયું હતું. જ્યારે તળાજા તાલુકા પંચાયતના ઉંચડી ખાતે ૨૭.૮૬%, નવા-જુના રાજપરા ખાતે ૧૭.૧૫ %, ભાવનગર (ગ્રા) ના લાખણકા ખાતે ૩૯.૬૦%, શિહોર તાલુકા પંચાયતના વળાવડ ખાતે ૩૭.૫૯% અને સોનગઢ ખાતે ૩૬.૪૮ % મતદાતાઓએ પેટા ચૂંટણીમાં મતદાન કર્યું હતું.

### હળવદમાં ૬૩.૬૧ ટકા મતદાન

હળવદ નગરપાલિકાની ચૂંટણીમાં ૬૩.૬૧ ટકા મતદાન થવા પામેલ છે.

નગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૭ વોર્ડ માટે ૨૮ બેઠકો ઉપર કુલ ૭૦ ઉમેદવારોએ ચુંટણીમાં ઝંપલાવ્યું છે.

ભાજપના ૨૮, કોંગ્રેસના ૨૭, આપના ૧૦ તેમજ બસપાના ૫ આમ કુલ ૭૦ જેટલા ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી જેમાં હળવદ નગરપાલિકામાં અગાઉ ભાજપનું શાસન હતું આ વખતે કોણ નગરપાલિકાનુ સુકાન સંભાળશે તે આવતીકાલે તા. ૧૮ના રોજ નક્કી થશે જોકે ગઇકાલે વહેલી સવારથી મતદાન મથક પર મતદારોએ લાંબી લાઈનો જોવા મળી હતી,યુવાન મતદારો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમાં અલગ અલગ વિસ્તારોમાં હળવદ પોલીસ દ્વારા પણ માનવિય અભિગમ બતાવ્યા છે અને દિવ્યાંગ અને અશક્ત મતદારોને ઊંચકીને મતદાન મથક પર લઈ જવામાં આવ્યા હતા.સંપૂર્ણ મતદાન દરમ્યાન ડીવાયએસપી ,પીઆઈ ,૨ પીએસઆઈ સહિત કુલ ૧૭૦ જેટલા કર્મચારી અને અધિકારીઓ જોડાયા હતા. કુલ ૬૩.૬૧ ટકા મતદાન થયું હતું.

**સૌરાષ્ટ્રની નગરપાલિકામાં મતદાન**

| નગરપાલિકા | મતદાન(%) | નગરપાલિકા | મતદાન(%) |
|---|---|---|---|
| જસદણ | ૫૨.૧૪ | જાફરાબાદ | ૬૮.૯૬ |
| જેતપુર | ૫૨.૫૪ | રાજુલા | ૫૫.૪૦ |
| ધોરાજી | ૫૧.૩૩ | ચલાલા | ૫૮.૧૧ |
| ભાયાવદર | ૫૯.૮૬ | કુતિયાણા | ૫૯.૮૩ |
| ઉપલેટા | ૫૩.૮૯ | રાણાવાવ | ૫૦.૧૯ |
| હળવદ | ૬૩.૬૧ | બાંટવા | ૫૯.૩૬ |
| જામજોધપુર | ૫૮.૧૨ | માણાવદર | ૫૬.૨૦ |
| ધ્રોલ | ૬૮.૦૫ | માંગરોળ | ૬૭.૨૦ |
| કાલાવડ | ૬૮.૦૫ | વિસાવદર | ૬૫.૫૦ |
| સલાયા | ૫૨.૧૦ | વંથલી | ૬૯.૩૪ |
| ભાણવડ | ૫૪.૧૧ | ચોરવાડ | ૭૯.૪૫ |
| દ્વારકા | ૪૬.૬૧ | કોડિનાર | ૬૧.૩૬ |
| લાઠી | ૬૧.૩૮ | વાંકાનેર | ૫૧.૫૨ |

---

**અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ગુજરાતીઓમાં પ્રથમ વખત સૌરાષ્ટ્રના રહેવાસીનો સમાવેશ**

# જામનગરના પુજાબેન ધવલભાઈ પણ ૩૩ ડિપોર્ટીઓમાં ૪ અમદાવાદ પહોંચ્યા

## ૨૯ સાંજની ફલાઇટમાં અમદાવાદ આવશે : પોલીસ દ્વારા વતનમાં પહોંચાડવા ખાસ તૈયારી



રાજકોટ, તા. ૧૭

અમેરિકાથી ગેરકાનુની રીતે ઘુસી ગયેલા ભારતીયોઓને પરત મોકલવા માટે ગઇકાલે ત્રીજી ફ્લાઇટ જે અમૃતસર પહોંચી હતી જેમાં જામનગરના એક મહિલાનો સમાવેશ થાય છે. આ ત્રીજી ફ્લાઇટમાં કુલ ૩૩ ગુજરાતીઓ પરત આવ્યા છે અને તેમાં ૪ આજે અમદાવાદ પહોંચી ગયા છે અને અન્ય ૨૦ સાંજ સુધીમાં રાજ્યમાં પરત આવી જશે. જેમાં જામનગરના પુજા ધવલભાઇ લુહાર પણ આ ફ્લાઇટમાં ભારત પરત આવ્યા છે. આમ પ્રથમ વખત સૌરાષ્ટ્રના કોઇ રહેવાસીને ડિપોર્ટ કરાયા હોય તેવું બન્યું છે.

**બીજા વિમાનમાં ૧૧૬ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરાયા**

નોંધનીય છે કે, ૧૫ ફેબ્રુઆરી, શનિવારે પણ ૧૧૬ ભારતીયોને લઇને અમેરિકન એરફોર્સનું બીજું વિમાન મોડી રાત્રે અમૃતસર એરપોર્ટ પર લેન્ડ થયું હતું. જેમાં ૬૦થી વધુ પંજાબના અને ૩૦ થી વધુ હરિયાણાના હતા. જ્યારે તેમાં ૮ લોકો ગુજરાતના હતા અને અન્યો ઉત્તર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરના હતા. તેમાં મોટા ભાગના લોકો ૧૮ વર્ષથી લઇને ૩૦ વર્ષની ઉંમર હતા.

**પહેલી ફ્લાઈટમાં ૧૦૪ ભારતીયોમાં ૩૩ ગુજરાતીઓ ડિપોર્ટ થયા હતા**

ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારથી સરકારમાં આવ્યા છે ત્યારથી તેમણે વિવિધ દેશોના ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને તેમના દેશોમાં પાછા મોકલવાનું શરૂ કરી દીધું છે. આ અભિયાન હેઠળ જ ૫ ફેબ્રુઆરીએ ભારતમાં પહેલી ફ્લાઈટ અમેરિકાથી મોકલાઈ હતી જેમાં ૧૦૪ ભારતીયોને ડિપોર્ટ કરાયા હતા. આ ફ્લાઈટમાં સૌથી વધુ પંજાબ અને ગુજરાતના જ લોકો હતા.

**અમેરિકાથી ત્રીજી ફ્લાઈટમાં ડિપોર્ટ કરાયેલા ગુજરાતીઓની યાદી**

મિહિર ઠાકોર-ગુજરાત, રાણા ચેતનસિંહ ભરતસિંહ-ગાંધીનગર, પટેલ દીપ ઘનશ્યામભાઈ-મહેસાણા, લુહાર પૂજા ધવલભાઈ-જામનગર, રાણા સપનાબેન ચેતનસિંહ-ગાંધીનગર, પટેલ નીત તુષારભાઈ-ગુજરાત, રાણા દક્ષરાજસિંહ ચેતનસિંહ-ગાંધીનગર, પટેલ ચિરાગકુમાર શૈલેષકુમાર-મહેસાણા, પ્રજાપતિ અનિલકુમાર ભીખુભાઈ-વેડા, પટેલ મંજુલાબેન રાજેશભાઈ-ભરૂચ, પ્રજાપતિ આરવ અનિલકુમાર-ગોઝારિયા, પટેલ હિરલબેન જયેશકુમાર-ગાંધીનગર, રાણા અક્ષરાજસિંહ ચેતનસિંહ-રાંધેજા, પ્રજાપતિ દષ્ટિ અનિલકુમાર-ગોસાવિરા, પટેલ માહી રાજેશભાઈ-અમદાવાદ, પટેલ હારમી રાજેશકુમાર-અમદાવાદ, પટેલ હસમુખભાઈ રેવાભાઈ-ગુજરાત, રામી હિતેશભાઈ રમેશભાઈ-ગુજરાત, પટેલ રાજેશ બલદેવભાઈ-મહેસાણા, પટેલ પ્રાંશ જયેશકુમાર -ગાંધીનગર, પટેલ જયેશકુમાર ભોલાભાઈ-ગાંધીનગર ચૌધરી સુરેશભાઈ અંશકુમાર-ગુજરાત.

---

## ભૂકંપથી દિલ્હી–એનસીઆર પાર્કમાં ૨૦–૨૫ વર્ષ જૂનું ઝાડ પડી ગયું

દિલ્હી-એનસીઆરમાં આજે સવારે ભૂકંપના આંચકાથી લોકો ગભરાઇ ગયાં હતાં. જોકે સારી બાબત એ છે કે ભૂકંપના કારણે જીવન અને સંપત્તિને કોઈ નુકશાનની થઈ નહોતી. સવારે લગભગ ૫:૩૭ મિનિટે ૪ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. પરંતુ આંચકા ખૂબ જ ઝડપથી અનુભવાયા હતાં. તે જ સમયે, નેશનલ સેન્ટર ફોર સિસામોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર દિલ્હીમાં ધૌલા કુંઆ હતું. બીજી બાજુ, ધૌલા કુંઆમાં એક પાર્કનાં કર્મચારીએ દાવો કર્યો છે કે આજે સવારે આવેલાં ૪ ની તીવ્રતાના ભૂકંપથી પાર્કમાં ૨૦-૨૫ વર્ષ જુનું ઝાડ પડી ગયું છે.

## ડેંગ્યુ

(છેલ્લા પાનાનું ચાલુ)

છે.

આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે અઠવાડિયામાં ૩૩,૧૯૭ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૧૦૯૩ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ ચાલી રહ્યું છે.

શહેરના રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળે ત્યાં બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. જે હેઠળ ૭૧૮ સ્થળે મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે અને મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૩૩૨ અને કોર્મશીયલ ૧૮૯ આસામીને નોટીસ આપવામાં આવ્યાનું વિભાગે જણાવ્યું છે.

## આજીવન કેદ

(છેલ્લા પાનાનું ચાલુ)

આપી હતી અને સગીરાને પોતાની સાથે શરીરસંબંધ બાંધવા દબાણ કર્યું હતું, જોકે જે-તે સમયે તરૂણ અને સગીરા બંને આરોપીઓને વશ થયાં નહોતાં અને ત્યાંથી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે સગીરા પડી જતાં આરોપીઓએ તેને પકડી લીધી હતી અને શેરડીના ખેતરમાં લઈ જઈ ગેંગરેપ કર્યો હતો.

સગીરા સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેણે બૂમાબૂમ કરતાં આસપાસના ગ્રામજનો એકત્ર થયા હતા, જેથી આરોપીઓ ડરીને ત્યાં પોતાની બાઈક છોડીને ફરાર થઈ ગયા હતા. લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ આરોપી શિવશંકર ચોરસિયાને શોધી રહી હતી, જ્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમ આરોપી મુન્ના પાસવાનની શોધખોળમાં હતી. તડકેશ્વર નજીક આરોપી રોડ પર નજરે આવ્યો હતો. મુન્ના પોલીસને થાપ આપીને નાસી રહ્યો હતો, જેથી તેને રોકવા માટે જે-તે સંજોગોમાં અધિકારીઓએ ફાયરિંગ કર્યું હતું, જોકે એ સમયે તેને ઈજા થઇ નહોતી.

## એરલીફટ

(પહેલા પાનાનું ચાલુ)

યોજના હરિયાણા તેવુ લખાણ હતુ અને તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજયના નાયબ મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીની તસવીરો પણ હતી. આમ ભારતીયો કોઈ મોટુ સાહસ કરીને પરત આવ્યા હોય તેવો માહોલ હતો.

## ફલાઈટ

(પહેલા પાનાનું ચાલું)

આવ્યા બાદ થોડા કલાકના અંતરે વધુ ફલાઈટ આવી પહોંચી હતી. રાત્રીના ૧૦.૦૩ કલાકે અમૃતસર વિમાની મથકે આ ટ્રાન્સપોર્ટ વિમાન લેન્ડ થયું તેમાં ૧૧૨ ભારતીયો- ૪૪ હરિયાણા, ૩૩ ગુજરાત, ૩૧ પંજાબ અને ઉતરપ્રદેશના બે તથા ઉતરાખંડ અને હિમાચલના એક-એક વ્યક્તિ હતા. ૧૧૨માં ૧૯ મહિલાઓ અને ૧૪ બાળકોનો સમાવેશ થાય છે. હવે સરકારે આ ભારતીયોને તેમના વતન મોકલવા તૈયારી કરી છે. અગાઉથી જ આ ફલાઈટના મુસાફરોની યાદી પહોંચી જતા અનેક મુસાફરના કુટુંબીજનો પણ અમૃતસર વિમાની મથકે પહોંચ્યા હતા. આ ગેરકાનુની વસાહતીઓને પરત મોકલતા સમયે અગાઉની માફક જ બેડી-હાથકડી બાંધીને મોકલવામાં આવ્યા હોવાના અહેવાલ છે. આમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ બાદ પણ તેમાં કોઈ ફેરફાર નોંધાયો નથી. હજુ સેંકડો ભારતીયો અમેરિકી એજન્સી આઈસીઈના કબ્જામાં છે અને તેઓને પરત મોકલાશે તે નિશ્ચિત છે. ગુજરાતમાં બીજી ફલાઈટના પ્રવાસીઓ તેમના વતન પહોંચી ગયા છે અને હવે ત્રીજી ફલાઈટના વધુ ૩૩ પણ આજે સાંજ સુધીમાં આવી જશે.

## ઈંગ્લેન્ડ

(પહેલા પાનાનું ચાલું)

બતાવી છે. તેમણે કહ્યું કે બ્રિટન આ યુદ્ધમાં સતત યુક્રેનને ટેકો આપી રહ્યું છે અને તેઓ યુક્રેનની સુરક્ષાની ગેરંટી આપવા પણ તૈયાર છે અને મારા સૈનિકોને યુક્રેનની ધરતી પર ઉતારીશ. કોઈએ તેમાં હળવાશથી લેવાની જરૂર નથી. અમેરિકા-યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધમાં જે રીતે સમજુતી કરાવવાના મૂડમાં છે તેનો વિરોધ સમગ્ર યુરોપમાં શરૂ થયો છે. બ્રિટીશ વડાપ્રધાને કહ્યું કે રશિયા વિરુદ્ધ અમેરિકાનો ટેકો મહત્વપૂર્ણ છે અને અમેરિકા જ પુટીનને વધુ હુમલા કરતા રોકી શકે છે.

## ટોલટેક્સ

(છેલ્લા પાનાનું ચાલું)

વધુમાં ટોલ ચૂકવણીને સુવ્યવસ્થિત કરવા અને વિવાદો ઘટાડવા માટે ચાર્જબેક પ્રક્રિયા અને કુલિંગ પીરિયડ તેમજ ટ્રાન્જેક્શન રિજેક્શન નિયમોમાં ફેરફારો કરવામાં આવ્યા છે.નવી માર્ગદર્શિકા અનુસાર, જો વાહન ટોલ રીડરમાંથી પસાર થયાના ૧૫ મિનિટથી વધુ સમય પછી ટોલ ટ્રાન્જેક્શન અપડેટ થાય છે તો ફાસ્ટેગ યુઝર્સને વધારાના ચાર્જ ચૂકવવા પડી શકે છે.અપડેટેડ નેશનલ ઇલેક્ટ્રોનિક ટોલ કલેક્શન માર્ગદર્શિકા અનુસાર, જો ટ્રાન્જેક્શનમાં વિલંબ થાય અને યુઝર્સના ફાસ્ટેગ ખાતામાં પૂરતું બેલેન્સ હોય તો ટોલ ઓપરેટર જવાબદાર રહેશે. જોકે, જો રકમ કાપવામાં આવે તો યુઝર્સ ૧૫ દિવસ પછી ફરિયાદ નોંધાવી શકે છે. અગાઉ, યુઝર્સ ટોલ બૂથ પર તેમના ફાસ્ટેગ રિચાર્જ કરી શકતા હતા અને પછી આગળ વધી શકતા હતા.

---





# ભાવનગરમાં બાંધકામ સાઈડ ઉપર ટ્રક પલ્ટી ગયો:એકનું મોત

## મનપાનો ટ્રક ઉંધો વળતા સાઈડ એન્જીનીયરનું દબાઈ જતા મોતઃ અન્ય એકને ગંભીર ઈજાઃ ફાયર બ્રિગેડે રેસ્કયુ હાથ ધર્યુંઃ બનાવ સ્થળે જન સમુદાય ઉમટયો

**(વિપુલ હિરાણી દ્વારા)**

**ભાવનગર,તા.૧૭**

ભાવનગરના ઘોઘા સર્કલ નજીક બની રહેલા બિલ્ડીંગની સાઈટ પર આરએમસી નો ટ્રક પલટી ખાઈ જતા બે લોકો દબાયા હોવાની આશંકાએ ફાયર બ્રિગેડ દ્વારા બચાવ કામગીરી કરવામાં આવી હતી .દરમિયાન ફાયર બ્રિગેડના સ્થાપી કરી ઇજાગ્રસ્ત બે લોકોને બહાર કાઢી હોસ્પિટલ ખસેડાયેલ જેમાં સારવાર દરમિયાન મનપાના સાઈડ ઈજનેરનું મોત થયું હતું.

આજે સવારે બનેલા આ બનાવ ની પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના ઘોઘા સર્કલ લીંબડીયું વિસ્તારમાં દામાભાઈ ની હોટલ ની સામે બની રહેલ બાંધકામની સાઈટ પર આર એમ સી નો ટ્રક નંબર લષ ૦૩ બીજ ૩૬૩૩ પલટી મારી જતા ખાડામાં પડયો હતો. આ બનાવવાની જાણ થતા જ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બનાવવાની જાણ થતા જ પોલીસ કાફલો અને ફાયર બ્રિગેડ નો સ્ટાફ ઘટના દોડી આવ્યો હતો. ટ્રકની સાથે બે વ્યક્તિ દબાવ્યા હોવાની આશંકાએ ફાયર બ્રિગેડના સ્ટાફે રેસ્કયુ કરી ખાડામાં પડી ગયેલ ટ્રકની નીચેથી થી ઇજાગ્રસ્ત બે વ્યક્તિઓ ને બહાર કાઢી તાત્કાલિક ૧૦૮ મારફત સર. ટી. હોસ્પિટલ ખસેડાયેલ છે. આ બનાવને પગલે લોકોના ટોળા મોટી સંખ્યામાં બનાવ સ્થળે પડ્યા હતા.

આ ઘટનાની જાણ થતા પોલીસ,૧૦૮ એમ્બ્યુલન્સ,ફાયર બ્રિગેડ ટીમ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.ફાયર બ્રિગેડ જવાનોએ દોરડા, ક્રેઇનની મદદથી દબાયેલા બે વ્યક્તિ ભૂપતસિંહ રવુભા ગોહિલ અને હિરેનભાઈ ભરતભાઈ મહેતાને બહાર કાઢ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં હિરેનભાઈ મહેતાનું મોત નિપજ્યું હતું.મૃતક હિરેનભાઈ મહેતા મનપાના સાઈડ એન્જીનીયર હોવાનું જાણવા મળેલ છે.

## શક્તિશાળી

(પહેલા પાનાનું ચાલું)

દિલ્હીમાં જે ભયાનક તિવ્રતા અનુભવાઈ તેનુ એપી સેન્ટર દિલ્હીમાં હતું તેથી તેની અસર વધુ જોવા મળી છે. આ ભૂકંપ નવી દિલ્હીમાં જીલપાર્ક એરીયાના દૌલાકુવા ક્ષેત્રમાં હતું અને અહેવાલ એમ પણ છે કે અહીના રહેવાસીઓએ ભૂકંપ સમયે જમીનમાં એક મોટો ધડાકો થયો હોય તેવો અવાજ પણ સાંભળ્યો હતો. આ અંગે યુએસજીસી કવેક હેઝાર્ડ પ્રોગ્રામના અર્થઘટન મુજબ ભૂકંપનું જયાં ભૂમિબિન્દુ હોય ત્યાં સુધી તિવ્રતા વધુ અનુભવવામાં આવે છે. કારણ કે ભૂકંપના ભૂમિબિન્દુમાં તેની સિસ્મીક એનર્જી (ભુગર્ભ તાકાત કે વાઈબ્રેશન) સૌથી વધુ બહાર આવે છે જેના કારણે ભૂકંપની તિવ્રતા ઓછી હોય તો પણ તેનો અનુભવ વધુ ઉંચા રિકટર સ્કેપ જેવો થાય છે. આ ઉપરાંત સ્થાનિક જીયોલોજીકલ સ્થિતિ એટલે કે ભૂગર્ભમાં માટી કેવા પ્રકારની છે. ખડકોની સ્થિતિ શું છે તેના પર પણ ભૂકંપની તિવ્રતાની અસર નિશ્ચિત થાય છે. દિલ્હી-એનસીઆરમાં જે ભૂકંપની સ્થિતિ હતી તેનું એપી સેન્ટર જમીનના પાંચ કિલોમીટર ઉંડુ હતું. સામાન્ય રીતે દિલ્હીમાં જે ભૂકંપ નોંધાય છે તેનું ભૂમિ બિન્દુ ઉતર ભારતમાં હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર જેવા ક્ષેત્રમાં હોય છે પણ દિલ્હીમાં સ્થાનિક એપી સેન્ટરએ ચોકકસપણે ચિંતા વધારે છે.

દિલ્હીમાં નાગરિકોએ જે રીતે આ ભૂકંપની તિવ્રતાનું રીએકશન આપ્યુ છે તે પણ જયારે એક અભ્યાસનો વિષય બની ગયો છે.

## ભૂકંપ

(પહેલા પાનાનું ચાલું)

પાડોશી તિબેટથી માંડીને ઓડિશા સુધી એક પછી એક આંચકાથી વિજ્ઞાનીઓ પણ ચોંકયા હતા.

દેશમાં ભૂકંપનો સૌપ્રથમ આંચકો પાટનગર દિલ્હી તથા આસપાસના ક્ષેત્રોમાં અનુભવાયો હતો. વહેલી સવારે ૫.૩૬ કલાકે ધરતી ધ્રણધ્રણી હતી. ભૂકંપની તિવ્રતા ૪ની હતી. તિવ્રતા ઓછી હોવા છતાં ભૂગર્ભમાંથી ભયાનક ઘરઘરાટીના અવાજથી લોકો ભયભીત બની ગયા હતા. મકાનો-ઈમારતો ધ્રુજયા હતા. ભરઉંઘમાંથી સફાળા બેઠા થઈ ગયેલા લોકો બહાર નિકળી ગયા હતા. ભૂકંપથી નુકશાનીના રીપોર્ટ નથી છતાં લોકોના કહેવા પ્રમાણે ઝટકા એટલા તિવ્ર હતા કે જીવનના ભયાનક અનુભવોમાંથી એક એક હોવાનો સૂર દર્શાવવા લાગ્યા હતા. લોકોમાં દહેશતનો માહોલ સર્જાયો હતો.

સિસ્મોલોજી કેન્દ્રના રિપોર્ટ પ્રમાણે ભૂકંપનું કેન્દ્ર પેટાળ-જમીનની નીચે માત્ર પાંચ કિલોમીટર ઉંડે જ હતુ અને તેને કારણે લોકોને તેજ અવાજ-ઘરઘરાટી સંભળાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ દિલ્હીના ધૌલાકુંવા પાસે માલુમ પડયુ હતુ. ભૂકંપથી જાનમાલને નુકશાની ન હોવા છતાં ફફડેલા લોકો ફરી ઘરની અંદર પ્રવેશવામાં પણ ડર અનુભવતા હતા.

દિલ્હી બાદ સવારે ૮.૦૨ કલાકે બિહારમાં ૪ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. તેનુ કેન્દ્રબિંદુ રાજયના સિવાનમાં નોંધાયુ હતુ અને ભૂગર્ભમાં ૧૦ કી.મી. ઉંડે હતુ. ભયભીત લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. જો કે, જાનમાલને કોઈ નુકશાન ન હતું.

બિહાર બાદ સવારે ૮.૧૫ કલાકે ઓડિશાના પુરીમાં ૪.૭ની તિવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. પુરી સહિતના અનેક શહેરો ધ્રુજી ઉઠતા લોકો ફફડયા હતા અને ઘરની બહાર નીકળી ગયા હતા.

સિસ્મોલોજી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે રવિવારે તિબેટથી શરૂ થયેલો ભૂકંપનો સિલસિલો આજે દિલ્હી, બિહાર તથા ઓડિશા સુધી પહોંચ્યો હતો જેનાથી ભૂવિજ્ઞાનીઓ પણ ચોંકયા હતા.

## મોબાઈલ

(પહેલા પાનાનું ચાલું)

રૂમમાં પણ સાથે લઈ જઈ શકાશે નહી અને આગામી શૈક્ષણિક વર્ષથી તેની આકરી ગાઈડલાઈન આવશે. જો કોઈ વિદ્યાર્થી બે કે વધુ વખત શાળામાં મોબાઈલના ઉપયોગ કરતો ઝડપાય તો તેને સ્કુલ લીવિંગ સર્ટી પણ પકડાવી દેવાશે. રાજયના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ આ ગાઈડલાઈનને સમર્થન આપતા કહ્યું કે આ અંગે જીલ્લા શિક્ષણ અધિકારીઓની બેઠક બોલાવીને પહેલા શાળાઓમાં વિદ્યાર્થીઓ-સંચાલકોમાં મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ અંગે જાગૃતતા આવે તે માટે કાર્યક્રમો નિશ્ચિત કરાશે અને પછી દરેક શાળા તેમના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે તે અંગે બેઠકો સહિતના આયોજનો ગોઠવીને તેઓને પણ તેમના સંતાનો મોબાઈલ મેનીયાનો ભોગ ન બને તે જોવા સહકાર મંગાશે. ખાસ કરીને એક તરફ ચોકકસ ઉમર સુધીના વિદ્યાર્થીઓના સોશ્યલ મીડીયાના ઉપયોગ પર પ્રતિબંધ આવી રહ્યા છે તે અંગે પણ શાળા સ્તરે ખાસ માહિતી અપાશે. જો કે હવે મોબાઈલ ફોનનો એક સેફટી ટુલ તરીકે પણ ઉપયોગ થઈ રહ્યો છે અને તેમાં માતા-પિતા સાથે સંપર્ક રાખવા પણ જરૂરી બની ગયો છે. તેમ વિદ્યાર્થીઓ ઈન્ટરનેટ વગરનો મોબાઈલનો ઉપયોગ કરે તે માટે મંજુરી અપાશે. ઉપરાંત શાળાઓ હવે વિદ્યાર્થીઓને અભ્યાસ મટીરીયલ તથા અન્ય સૂચનાઓ પણ મોબાઈલ મારફત વોટસએપ ગ્રુપમાં અપાય છે. તે અંગે હવે વૈકલ્પિક માર્ગો અપનાવાશે. આ અંગેના અનેક નિયમો નિશ્ચિત થઈ રહ્યા છે જે અંગે સરકાર નિર્ણય લેશે.

## ભાજપ

(પહેલા પાનાનું ચાલું)

રામલીલા મેદાનમાં શપથવિધિ યોજાશે. આજે ભાજપના ચુંટાયેલા ધારાસભ્યની બેઠક મળવાની હતી પરંતુ તે હવે બુધવાર પર પાછી ઠેલવામાં આવી છે અને શપથવિધિ તા.૨૦ના રોજ યોજાશે. ભાજપે મુખ્યમંત્રી પસંદ કરવા ધારાસભ્યોની બેઠકમાં રાષ્ટ્રીય નિરીક્ષક તરીકે મહામંત્રી વિનોદ તાવડે અને તરૂણ ચુગ ને નિયુકત કર્યા છે. તા.૨૦ની શપથવિધિ ભવ્ય બનાવવા નિર્ણય લેવાયો છે અને તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેની પુરી કેબીનેટ ઉપરાંત ભાજપ શાસનના તમામ રાજયોના મુખ્યમંત્રી, ટોચના ઉદ્યોગપતિઓ અને સેલીબ્રીટીઓ હાજર રહેશે અને દિલ્હીના ૧૨થી૧૬ હજાર લોકોને હાજર રખાશે. ઉપરાંત અનેક ધર્મના સંતો પણ હાજર રહેશે.

જો કે નવા મુખ્યમંત્રીની પસંદગીમાં ભાજપે હજુ કોઈ સંકેત આપ્યો નથી પણ પક્ષમાં સ્પર્ધા તીવ્ર હોવાનું બહાર આવ્યુ છે અને પાંચ નામો ઉપરાંત એક થી બે મહિલાના નામ પણ ચર્ચામાં છે.

રામલીલા મેદાનમાં ભાજપે તા.૨૦ના સાંજના ૪.૩૦ કલાકે શપથવિધિનું મુર્હુત નકકી કર્યુ છે અને તેમાં મુખ્ય સ્ટેજ ઉપરાંત અન્ય બે સ્ટેજ પણ બાંધવામાં આવશે અને આ રીતે સમગ્ર રામલીલા મેદાનમાં શપથવિધિ નિહાળી શકાય તે માટે ખાસ ટીવી સેટ પણ ગોઠવાશે અને ભાજપે તેમાં અગાઉથી જ વડાપ્રધાનના પોષ્ટર અને બેનર રામલીલા મેદાનમાં લગાવવાનું શરૂ કર્યુ છે.

### હજુ આકરો ઉનાળો ન હતો છતાં પણ જુનાગઢ મહાનગરપાલિકા અને પેટા ચૂંટણીઓમાં કંગાળ મતદાન નોંધાયુ

# સ્થાનિક ચૂંટણીઓમાં ઓછું મતદાન લોકોની રાજકીય 'સુગ'! પરિણામોમાં અસર જોવા મળશે

### જંગ એકતરફી હોવાથી ભાજપના કમીટિડ વોટર નીકળ્યા હોવાનો શાસક પક્ષનો દાવો : કોંગ્રેસે મહેનત કરી જ નથી : અગાઉથી બિનહરીફ થતા લોકોનો રસ પણ ઘટી ગયો હોવાનું તારણ : સામ, દામ, દંડ, ભેદથી ૨૦૦થી વધુ બેઠકો સ્પર્ધા નિવારનાર મતદાનના દિવસે લોકોને તેમના પવિત્ર મત માટે ગલી-ગલીએ જોવા ફરતા મળ્યા

રાજકોટ, તા. ૧૭

ગુજરાતમાં યોજાયેલી જુનાગઢ મહાનગરપાલિકા અને ૬૬ નગરપાલિકા અને ૩ તાલુકા પંચાયત નિયમિત ચૂંટણી તેમજ જિલ્લા પંચાયત તથા મહાનગરપાલિકાની બેઠકોની પેટા ચૂંટણીમાં ખાસ કરીને જુનાગઢ મહાપાલિકામાં જે ઓછું મતદાન થયું છે તે શહેરી મતદાનો હવે કોઇ મુદ્દા વગરની રહેલી આ ચૂંટણીમાં અત્યંત નિરસ હોય તેવું નિશ્ચિત દેખાઇ આવ્યું છે. જુનાગઢ મહાનગરપાલિકાની ૬૦માંથી ૫૪ બેઠકો પર મતદાન યોજાયુ હતું જેમાં ૪૪.૩૨ જેવું મતદાન થયું છે આમ ગત ચૂંટણી કરતા પણ આ ચૂંટણીમાં ઓછા મતદાને ખાસ કરીને ભાજપની ચિંતા વધારી હોય તેવા સંકેત છે. જુનાગઢ સહિત અનેક ચૂંટણીમાં બિનહરીફ બેઠકો કરાવનાર ભાજપના અગ્રણીઓ બાદમાં ધીમા મતદાનથી ચિંતામાં મુકાઇ ગયા હતા અને ગલી-ગલી જઇને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા વિનવતા હતા. જોકે મહાનગરપાલિકામાં ભાજપ પોતાની બહુમતી માટે મુસ્તાક છે અને ઓછા મતદાન માટે કોંગ્રેસને જવાબદાર ગણાવી હતી અને પક્ષના અગ્રણીઓએ કહ્યું હતું કે મોટા ભાગની બેઠકો પર સ્પર્ધા જેવી કોઇ સ્થિતિ નહી હોવાથી મતદારો નિરસ હોવાનું માની શકાય છે. જે કંઇ મતદાન થયું છે તે ભાજપના કમીટેડ મતદારોનું હોવાનું જુનાગઢ મહાનગરપાલિકાના ચૂંટણી પ્રભારી કમલેશ મિરાણીએ દાવો કર્યો હતો. જોકે ફકત જુનાગઢ મહાનગરપાલિકા જ નહીં અન્ય મહાનગરપાલિકા ૩ બેઠકોની જે પેટા ચૂંટણી યોજાઇ હતી તેમાં મુખ્યમંત્રી

**૬૬ નગરપાલિકાઓમાં જોકે એકંદરે ૬૫% જેવું મતદાન : મુખ્યમંત્રીના મત વિસ્તારને આવરી લેતી ઘાટલોડીયાની વોર્ડ બેઠક સહિત ૩ મહાપાલિકા પેટા ચૂંટણીમાં પણ કંગાળ મતદાન : ચૂંટણીમાં ભાજપની સ્થાનિક નેતાઓની ટકકરના પડઘા પણ પરિણામમાં જોવા મળી શકે**

ભુપેન્દ્ર પટેલના મત વિસ્તાર ઘાટલોડીયાની એક વોર્ડ બેઠકનો સમાવેશ થાય છે અને ત્યાં પણ ૩૧ ટકા જેવું મતદાન નોંધાયું છે. ભાવનગરમાં પણ મતદાન નીચુ રહ્યું છે. જિલ્લા પંચાયતની ૮ પેટા ચૂંટણીમાં ૪૩.૬૭ ટકા મતદાન થયું છે અને જયાં નગરપાલિકાની મધ્ય સત્ર ચૂંટણી હતી એટલે કે વાંકાનેર, બોટાદની ચૂંટણીમાં પણ બોટાદમાં ફકત ૩૧.૧૭ ટકા મતદાન નોંધાયુ છે. જયારે વાંકાનેરમાં ૫૧.૫૨ ટકા મતદાન થયું હતું. સૌરાષ્ટ્રમાં જોઇએ તો પેટા ચૂંટણીઓમાં પણ ઓછું મતદાન થયું છે આમ ઓછા મતદાને હવે પરિસ્થિતિ રસપ્રદ બનાવી દીધી છે અને હારજીત સાંકળી હશે તેવું માનવામાં આવે છે. ભાજપે અગાઉ જ ૮ બેઠકો બીનહરીફ કબ્જે કરી હતી અને તેથી પરિણામો ૫૪ બેઠકોમાં ભાવિ નકકી થશે. તેની સાથે અનેક બેઠકોમાં દિગ્ગજોના ભાવી પણ અસર કરે તેવા પરિણામો આવી શકે છે.

અમરેલીમાં લેટરકાંડની ઈફેકટ કેવી હતી તે જોવા મળશે, જેતપુરમાં મેન્ટેડ કાંડ અને માણાવદરમાં જવાહર ચાવડા ફેકટરની અસર પણ જોવા મળશે. ચોરવાડમાં સાંસદ અને ધારાસભ્યની ટકકર જોવા મળી હતી. જયારે દેવભૂમિ દ્વારકામાં પબુભા માણેકની તમામ તાકાત છતાં પણ બિનહરીફ થઇ શકી નહીં તે પણ રસપ્રદ બાબત છે. પોરબંદરની કુતિયાણા અને રાણાવાવમાં ભાજપની સાથે અને સામે એમ ભૂમિકા ભજવનાર કાંધલ જાડેજા અને ઢેલીબેન ઓડેદરા વચ્ચેની ટકકર કેવું પરિણામ લાવશે તે જોવું રસપ્રદ બની જશે.

# તિબેટથી દિલ્હી-બિહાર સુધી, છેલ્લા ૧૭ કલાકમાં ૧૦ ભૂકંપ, પૃથ્વી નીચે શું થઈ રહ્યું છે?

### છેલ્લા કેટલાક કલાકોમાં, તિબેટથી દિલ્હી સુધી ધરતી ઘણી વખત ધ્રુજી ઉઠી છે. છેવટે, પૃથ્વી આટલી બધી ધ્રુજારી કેમ કરી રહી છે?




નવી દિલ્હી: આજે વહેલી સવારે દિલ્હી-એનસીઆર વિસ્તારોમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. તેનું મહાકાવ્ય કેન્દ્ર દિલ્હી હોવાનું કહેવાય છે. ભૂકંપની તીવ્રતા ૪ માપવામાં આવી હતી. સવારે ૫.૩૭ વાગ્યાની આસપાસ ભૂકંપ આવ્યો. ભૂકંપ એટલા જોરદાર હતા કે ઇમારતો ધ્રૂજવા લાગી અને લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી આવ્યા. તિબેટથી દિલ્હી અને દિલ્હીથી બિહાર સુધી, છેલ્લા ૧૩ કલાકમાં ૧૦ ભૂકંપ આવ્યા છે. ધરતી આટલી ઝડપથી કેમ ધ્રૂજી રહી છે? ધરતી નીચે શું થઈ રહ્યું છે, જેના કારણે તિબેટથી દિલ્હી સુધી ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે? ૧૬ ફેબ્રુઆરીના રોજ બપોરે ૩:૫૨ વાગ્યે તિબેટમાં ૩.૫ ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. આ પછી, છેલ્લા કેટલાક કલાકોમાં અરુણાચલ, તિબેટ, ઇન્ડોનેશિયા અને ભારતમાં ભૂકંપના આંચકા અનુભવાયા.

**તિબેટથી દિલ્હી સુધી, ૧૩ કલાકમાં ૮ વાર ધરતી ધ્રુજીઃ**

રવિવાર, ૧૬ ફેબ્રુઆરીના રોજ તિબેટમાં અલગ અલગ સમયે અનેક ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રવિવારે તિબેટમાં ભૂકંપનો પહેલો આંચકો બપોરે ૩:૫૨ વાગ્યે અનુભવાયો હતો. આ પછી, બીજો ભૂકંપ ૮:૫૯ વાગ્યે, ત્રીજો ૯:૫૮ વાગ્યે અને ચોથો ૧૧:૫૯ વાગ્યે અનુભવાયો. આ ભૂકંપના આંચકાઓની તીવ્રતા ૩.૫ થી ૪.૫ ની વચ્ચે માપવામાં આવી હતી. છેલ્લા કેટલાક કલાકોમાં ચાર ભૂકંપના આંચકા અનુભવાયા બાદ તિબેટના લોકો ગભરાઈ ગયા છે.

૧૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૫:૪૨ વાગ્યે અરુણાચલ પ્રદેશના પશ્ચિમ કામેંગમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે, આ આંચકા મજબૂત નહોતા, ભૂકંપની તીવ્રતા ૨.૮ હતી. ભૂકંપની ઊંડાઈ લગભગ ૧૦ કિલોમીટર હતી. આ ભૂકંપથી કોઈ નુકસાન થયું નથી, પરંતુ ધરતીના ધ્રુજારીને કારણે લોકો ચોક્કસ ડરી ગયા હતા.

ગઈકાલે રાત્રે ૧૧:૧૬ વાગ્યે બંગાળની ખાડીમાં ભૂકંપ આવ્યો હતો. તેની તીવ્રતા ૪.૩ માપવામાં આવી હતી. તેની ઊંડાઈ ૩૫ કિલોમીટર નીચે હતી.

આજે સવારે દિલ્હીમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર નવી દિલ્હીમાં જમીનથી પાંચ કિલોમીટર નીચે હોવાનું કહેવાય છે. તે ૨૮.૫૯ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૭.૧૬ ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું. ઓછી ઊંડાઈ અને કેન્દ્ર દિલ્હીમાં હોવાથી, તે દિલ્હી-એનસીઆરમાં વધુ અનુભવાયું.

**દિલ્હીમાં ભૂકંપ કેમ આવ્યો?**

ભૂસ્તરશાસ્ત્રીઓ કહે છે કે દિલ્હી હિમાલયની નજીક આવેલું છે. હિમાલયની નજીક હોવાને કારણે, દિલ્હીને 'ભૂકંપગ્રસ્ત ક્ષેત્ર' ગણવામાં આવે છે. હિમાલય પર્વતમાળા ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોના અથડામણથી રચાઈ હતી, જેના કારણે આ પ્રદેશમાં વારંવાર ભૂકંપ આવે છે. દિલ્હીમાં ઘણી ફોલ્ટ લાઇનો છે, જે પૃથ્વીની સપાટી પર તિરાડો છે. જ્યારે આ ફોલ્ટ લાઇનો પર તણાવ એકઠો થાય છે, ત્યારે ભૂકંપ આવી શકે છે. આજે દિલ્હીમાં જે ભૂકંપ આવ્યો છે તે આ ફોલ્ટ લાઇનમાં તણાવને કારણે હોઈ શકે છે. આ ઉપરાંત, દિલ્હીની માટી રેતાળ અને કાંપવાળી છે, જે ભૂકંપ દરમિયાન અસ્થિર બની શકે છે અને ઇમારતોને નુકસાન પહોંચાડી શકે છે. તેથી એવું કહેવાય છે કે જો દિલ્હીમાં કોઈ તીવ્ર ભૂકંપ આવે તો ભારે નુકસાન થઈ શકે છે.

# ભારતની સ્માર્ટ ફોન નિકાસ પહેલીવાર ૧.૫ ટ્રિલિયન ડોલરને પાર

### એપ્રિલ-જાન્યુઆરી દરમિયાન ભારતની સ્માર્ટફોનની નિકાસ ૧.૫૫ લાખ કરોડ : ૨૪ માં કુલ નિકાસ ૧.૩૧ લાખ કરોડ હતી



નવી દિલ્હી :

એપ્રિલ-જાન્યુઆરી દરમિયાન ભારતની સ્માર્ટફોન નિકાસ ૧.૫૫ લાખ કરોડનાં નવાં રેકોર્ડ સ્તરે પહોંચી છે. સરકારની પીએલઆઈ યોજનાને કારણે નિકાસમાં ભારે વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૪ માં કુલ નિકાસ ૧. ૩૧ લાખ કરોડ હતી, જે આ વર્ષે વધી ગઈ છે.

જાન્યુઆરી ૨૦૨૫ માં, ત્યાં ૨૫૦૦૦ કરોડની નિકાસ થઈ, જે જાન્યુઆરી ૨૦૨૪ કરતા ૧૪૦ ટકા વધારે છે. એપ્રિલ-જાન્યુઆરીના ૧૦ મહિનામાં કુલ નિકાસ, ૯૯૧૨૦ કરોડ કરતાં ૫૬ ટકા વધુ હતી. એપલના આઇફોન વિક્રેતાઓનો ભારત તરફથી સ્માર્ટફોન નિકાસમાં ૭૦ ટકા રહ્યો છે.

ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી પ્રધાન અશ્વિની વૈષ્ણવનો અંદાજ છે કે નાણાકીય વર્ષ ૨૫ માં, ભારતમાંથી સ્માર્ટફોન નિકાસ ૨૦ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. ૧૦ વર્ષ પહેલાં, સ્માર્ટફોન ભારતનું ૬૭ મો સૌથી મોટું નિકાસ ઉત્પાદન હતું, પરંતુ હવે તેઓ બીજા સ્થાને આવ્યું છે. એપ્રિલ ૨૦૨૦ માં પીએલઆઈ યોજના શરૂ થયાં પછી અને એપ્રિલ ૨૦૨૧ થી તેનો સંપૂર્ણ અમલ થયાં પછી નિકાસમાં ઝડપી વધારો થયો છે. તે નાણાકીય વર્ષ ૨૧ માં ૨૩૩૯૦ કરોડ રૂપિયા હતું, જે નાણાકીય વર્ષ ૨૨ માં બમણો ૪૭૩૪૦ કરોડ થઈ ગયું હતું.

# હાઈકોર્ટનાં જસ્ટિસ સંદિપ ભટ્ટનું રોસ્ટર અચાનક બદલાતા તીવ્ર પડઘાઃકાલે એડવોકેટ એસો.ની તાકીદની બેઠક

### ફાઈલ ગુમ અને ટીકાત્મક અવલોકન ચર્ચા આ પગલાથી ન્યાયતંત્રમાં ઘેરા પ્રત્યાઘાત

અમદાવાદ તા.૧૭

ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જસ્ટીસ દ્વારા જસ્ટીસ સંદિપ એન.ભટ્ટનું રોસ્ટર અચાનક બદલાવી નાખવામાં આવતા ન્યાયતંત્રમાં વ્યાપક ચર્ચા છે.વકીલ આલમ પણ આ મામલે મેદાને પડી હોય તેમ કાલે હાઈકોર્ટ એડવોકેટસ એસોસીએશનની તાકીદની બેઠક પણ બોલાવવામાં આવી છે.

બીજીબાજુ, જસ્ટિસ સંદીપ એન.ભટ્ટનું રોસ્ટર આ રીતે અચાનક બદલાતાં ખુદ હાઇકોર્ટના જ કેટલાક સાથી જજીસ અને વકીલઆલમમાં પણ આંતરિક રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ મામલે તાકીદની ચર્ચાની માંગણી ઉઠતાં આવતીકાલે બપોરે ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનની એક અરજન્ટ બેઠક બોલાવવામાં આવી છે, જેમાં આ સમગ્ર વિષયવસ્તુ પર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા હાથ ધરાનાર છે.

એવું નથી કે, ગુજરાત હાઇકોર્ટના આ નવા ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા કોઇ જજનું રોસ્ટર અચાનક બદલી નાંખવામાં આવ્યું હોય પરંતુ આ પહેલાં પણ ચીફ જસ્ટિસ દ્વારા જસ્ટિસ ઉમેશ ત્રિવેદીના વડપણ હેઠળની ખંડપીઠનું કન્ટેમ્પ્ટ કોર્ટનું રોસ્ટર અચાનક જ બદલી નંખાયુ હતું. એ પછી જસ્ટિસ સમીર જે.દવે અને જસ્ટિસ અલ્પેશ વાય.કોગજેની ખંડપીઠ પાસેથી પણ રખડતા ઢોરો અને બિસ્માર રસ્તાઓ વાળી કન્ટેમ્પ્ટ પિટિશનની સુનાવણીનો મહત્ત્વનો તબક્કો ચાલી રહ્યો હતો તે અરસામાં અચાનક જ આ ખંડપીઠનું કન્ટેમ્પ્ટ કોર્ટનું રોસ્ટર પણ બદલી નંખાયુ હતુ અને તેઓને હેબીયર્સ કોર્પસ સહિતની અરજીઓની કામગીરી ફાળવી હતી, જેને લઇને એ વખતે પણ ભારે ચર્ચા જાગી હતી.

અને હવે જસ્ટિસ સંદીપ એન.ભટ્ટે રજિસ્ટ્રાર એ.ટી.ઉકરાણીને લઇને (ઉકરાણી સુરતના એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ તરીકે હતા ત્યારે સાત મહિનામાં ૧૫ ફાઇલો ગુમ કરવાના પ્રકરણમાં) કરાયેલા ગંભીર અને ટીકાત્મક અવલોકનો બાદ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા જસ્ટિસ સંદીપ એન.ભટ્ટનું રોસ્ટર બદલી કાઢી તેમને સીંગલ જજમાંથી તેમનાથી સિનિયર જજ ઇલેશ જે.વોરાની સાથે ખંડપીઠમાં મૂકી દેવાતાં હવે ચીફ જસ્ટિસના આ પ્રકારના વારંવારના નિર્ણય, સત્તા અને વલણને લઇ હાઇકોર્ટના જ અન્ય સાથી જજીસ તેમ જ હાઇકોર્ટના વકીલઆલમમાં આંતરિક નારાજગીની સાથે સાથે ઉગ્ર રોષની લાગણી પણ ફેલાઇ છે. ચીફ જસ્ટિસના આ પ્રકારના નિર્ણયને લઇ હાઇકોર્ટના કેટલાક વકીલોમાં ઉગ્ર વિરોધ અને આક્રોશની લાગણી પ્રસરી છે.

જસ્ટિસ સંદીપ એન.ભટ્ટનું રોસ્ટર આ રીતે અચાનક બદલાતાં તેના ઘેરા પ્રત્યાઘાત હવે ગુજરાતના ન્યાયતંત્રમાં ખાસ કરીને હાઇકોર્ટના વકીલઆલમમાં સામે આવ્યા છે. હાઇકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના પૂર્વ પ્રમુખ એવા એડવોકેટ અસીમ પંડયાએ એક પત્ર એસોસીએશનના હાલના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદીને મોકલી આ વિષય પર તાકીદની ચર્ચા માટે એસોસીએશનની સામાન્ય સભા બોલાવવા માંગણી કરી છે. જેના અનુસંધાનમાં આવતીકાલે બપોરે એસો.ની એક અરજન્ટ મીટીંગ બોલાવાઇ છે.

# મૈસુરમાં એક જ પરિવારનાં ચાર સભ્યો મૃત મળી આવતાં ચકચાર

### સામુહિક આત્મહત્યા કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું : મૃતકનો ઓડિયો મેસેજ પોલીસને મળ્યો

બેંગલુરુ :

એક જ પરિવારનાં ચાર લોકોનાં મૃતદેહ સોમવારે સવારે કર્ણાટકના મૈસુરુમાં બે અલગ એપાર્ટમેન્ટમાંથી મળી આવ્યાં હતાં. પોલીસને સાઉથ મૈસુરુના સંકલ્પ સેરેન એપાર્ટમેન્ટ્સમાં જોબ કન્સલ્ટન્સી ફર્મ ચલાવી રહેલાં એન્જિનિયર, તેની પત્ની, પુત્ર અને માતાના શંકાસ્પદ સ્થિતિમાં મૃતદેહો મળી આવ્યાં હતાં. પ્રારંભિક તપાસ બાદ પોલીસે જણાવ્યું કે દેવામા ડુબેલા એન્જિનિયરે તેની માતા, પત્ની અને પુત્રની હત્યા કરી અને બાદમાં આત્મહત્યા કરી હોવાની આશંકા વ્યક્ત કરી છે. તેની માતા એપાર્ટમેન્ટના બીજા ફ્લેટમાં રહેતી હતી.

મૃતકની ઓળખ ચેતન તરીકે કરવામાં આવી છે, તેની પત્ની રૂપાલી (૪૩) તેનાં ૧૫ વર્ષનાં પુત્ર કુશાલ અને ચેતનની માતા પ્રિયંવદા (૬૫) તરીકે થઈ છે. પોલીસનાં જણાવ્યાં મુજબ, ચેતનનો મૃતદેહ તેનાં ફ્લેટમાં લટકતો મળ્યો હતો, જ્યારે પત્ની અને પુત્રનો મૃતદેહ ઘરમાં હતો. ચેતનની માતાનો મૃતદેહ એ જ સંકુલમાં એક અલગ એપાર્ટમેન્ટમાં મળી આવ્યો હતો. પોલીસે ચારનાં મોત અંગે માહિતી આપી હતી. તેને ચેતનનો વોઈસ કોલ મળ્યો, જેમાં તેણે આત્મહત્યાની વાત કબુલ કરી હતી.



પોલીસનાં જણાવ્યાં મુજબ, મૃત્યુનું વાસ્તવિક કારણ હજી સાફ થઈ શક્યું નથી. પૈસાની અછત પણ મૃત્યુનું કારણ હોઈ શકે છે. ચેતન ભારે દેવામાં ડૂબી ગયો હતો. ચેતન મૂળ હસનના એક ગામ ગોરુરનો હતો. દુબઇમાં એન્જિનિયર તરીકે કામ કર્યા પછી, તે ૨૦૧૯ માં મૈસુરુ પાછો ફર્યો અને જોબ કન્સલ્ટન્સી શરૂ કરી હતી. તે દુબઇ કંપનીઓમાં નોકરી મેળવવા માટે સ્નાતકોને મદદ કરતો હતો. રવિવારે, ચેતન તેનાં પરિવારને ગોરુર મંદિરમાં લઈ ગયો હતો. પાછળથી પરિવારે તેમનાં સાસરીયાના ઘરે ડીનર કર્યુ હતું અને પછી તેમનાં ઘરે પાછા ફર્યા હતાં.

પોલીસ માને છે કે ચેતને તેની પત્ની, પુત્ર અને માતાને ઝેર આપીને માર્યા બાદ આત્મહત્યા કરી છે. એવી પણ આશંકા છે કે ચેતન પરિવારનાં ત્રણ સભ્યોનું ગળું દબાવીને પણ હત્યા કરી હોય શકે છે. મૃત્યુનું ચોક્કસ કારણ શોધવા માટે ફોરેન્સિક અને પોસ્ટ મોર્ટમ અહેવાલોની રાહ જોવાઈ રહી છે. પોલીસનાં જણાવ્યાં મુજબ, આ ઘટના પહેલાં ચેતન અમેરિકામાં રહેતાં તેનાં ભાઈને બોલાવ્યો હતો. પછી ભાભીએ મૈસુરુમાં ચેતનના માતાપિતાને આ વિશે કહ્યું હતું. પડોશીઓએ અહેવાલ આપ્યો કે પરિવાર એક દાયકાથી વધુ સમયથી આ એપાર્ટમેન્ટમાં રહેતો હતો. તેઓ સામાન્ય જીવન જીવે છે અને તાજેતરનાં અઠવાડિયામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી અથવા તાણના કોઈ ચિહ્નો બતાવ્યાં ન હતાં. તેનો આખો પરિવાર મિલનસાર હતો.

# ફિલ્મ 'છાવા'ની કમાણી ત્રણ દિવસમાં જ ૧૦૦ કરોડને પાર



**ફિલ્મ 'છાવા' ની ત્રણ દિવસની કમાણી**

| | |
|---|---|
| પ્રથમ દિવસ | :- ૩૧ કરોડ |
| બીજો દિવસ | :- ૩૭ કરોડ |
| ત્રીજો દિવસ | :- ૪૨ કરોડ |
| કુલ કમાણી | :- ૧૧૦ કરોડ |

મુંબઈ,તા.૧૭

વિક્કી કૌશલની કારકિર્દીમાં આ પહેલીવાર છે કે તેની સોલો ફિલ્મે રિલીઝના પહેલાં સપ્તાહમાં જ સો કરોડથી વધુ રૂપિયાની કમાણી કરી છે. વિકીએ 'છાવા' ફિલ્મ માટે સખત મહેનત પણ કરી હતી અને તે લાંબા વાળ અને દાઢી લાંબા સમય સુધી રાખ્યાં હતાં અને તે આ લુક સાથે મહિનાઓ સુધી મુંબઈમાં જોવા મળતો હતો.

છાવાએ રિલિઝના પહેલાં જ દિવસે પોતાનાં બજેટના ૨૦ ટકાથી વધુની કમાણી કરી છે. દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકરની આ ફિલ્મે બીજા દિવસે અડધી સદી ફટકારી હતી અને રવિવાર સાંજ સુધીમાં આ ફિલ્મે ત્રીજા દિવસે જ સદી ફટકારી દીધી હતી. પહેલાં વીકએન્ડમાં જ ફિલ્મનું કલેક્શન ૧૧૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે, અને તેમાં હજુ વધારો થવાની ધારણા છે

વિક્કી કૌશલ, અક્ષય ખન્ના, રશ્મિકા મંદાના, આશુતોષ રાણા અને દિવ્યા દત્તા જેવાં કલાકારોથી શણગારેલી ફિલ્મ 'છાવા'એ શુક્રવારે તેની રિલીઝના પહેલાં દિવસે ૩૧ કરોડની કમાણી કરી હતી. શનિવારે રિલીઝના બીજા દિવસે, આ ફિલ્મમાં ૩૭ કરોડ રૂપિયા એકત્રિત કર્યા હતાં. તેનાં રિલીઝના ત્રીજા દિવસે આ ફિલ્મે રૂ. ૪૨ કરોડથી વધુની કમાણી કરી હતી, એટલે કે, રિલીઝના પહેલાં ત્રણ દિવસમાં ફિલ્મનું કુલ કલેકશન ૧૧૦ કરોડ રૂપિયા રહ્યું છે. લોકોને ફિલ્મનાં સંગીત સાથે વિશેષ ફરિયાદ હતી કારણ કે એઆર રહેમાન દ્વારા રચિત એક પણ ગીત ફિલ્મમાં હિટ થઈ શક્યું નથી.

નિર્માતા દિનેશ વિઝનની બીજી ફિલ્મ 'છાવા', જે દિનેશ વિઝનની ફિલ્મ 'સ્કાયફોર્સ' ની આગળ નીકળતી જોવા મળે છે. જે તેની મેડોક ફિલ્મ્સને વધુ મજબૂત કરે છે, ગયાં વર્ષે, મેડોક ફિલ્મ્સ 'મુંજ્યા' અને 'સ્ત્રી ૨' બે ફિલ્મોએ સારી કમાણી કરી હતી. આ વર્ષે મેડોકની 'સ્કાયફોર્સ' અને 'છાવા' એ વર્ષનાં પ્રથમ બે મહિનામાં જ સારી કમાણી કરી છે.

### રાહુલ ગાંધીના મેન્ટરે નવો વિવાદ છેડયો

# ચીન આપણું દુશ્મન નથીઃ ભારતે માનસિકતા બદલવી જોઈએઃ સામ પિત્રોડા

### ભાજપનો વળતો પ્રતિભાવઃ કોંગ્રેસ અને ચીનની મિત્રતા બહું જાણીતી અને જૂની છે

નવી દિલ્હીઃ લોકસભા ચૂંટણી સમયે વિવાદી વિધાનો કરી કોંગ્રેસ માટે મુશ્કેલી સર્જનાર સામ પિત્રોડાએ એક મુલાકાતમાં ચીન આપણું (ભારતનું) દુશ્મન નથી અને તેના તરફથી કોઈ ખતરો નથી તેવું વિધાન કરતા જ ફરી એક વખત આ મુદ્દે ભાજપે કોંગ્રેસ પર પ્રહાર કર્યો છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીના ખાસ સલાહકાર ગણાતા અને ઓવરસીઝ કોંગ્રેસના ચેરમેન શ્રી સામ પિત્રોડાએ એવું વિધાન કર્યુ કે ભારતે ચીનને દુશ્મન માનવાનું બંધ કરી દેવું જોઈએ. ચીનનો ખતરો બનાવી ચઢાવીને રજુ થાય છે પણ વાસ્તવમાં ભારતને ચીનથી કોઈ ખતરો નથી. તેઓએ ચીનને દુશ્મન ગણાવ્યું એ અમેરિકાની ભાષા હોવાનું જણાવ્યું હતું.



પણ મારૂ માનવું છે કે તમામ દેશોએ હવે સહયોગ કરવાનો અમલ આવી ગયો છે. ટકરાવની જરૂર નથી. સામ પિત્રોડાના આ વિધાનો પર ભાજપે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે પિત્રોડાના વિધાન એ કોંગ્રેસના ચીન પ્રત્યેના આકર્ષણનું પરિણામ છે અને આ ૨૦૦૮થી છે.

શ્રી પિત્રોડાએ ચુંટણી સમયે જ વારસા કર લાદવાની તરફેણ કરી હતી અને અમેરિકાએ તે પ્રકારે ટેક્ષ હોવાનું જણાવ્યુ હતું.

તેઓ રામમંદિર પણ વિવાદી ટીપ્પણી કરી ચૂકયા છે અને ૧૯૮૪ના શિખ વિષય રમખાણમાં થયા તો થયા તેવું વિધાન કર્યુ હતુ અને બાલાકોટ એરસ્ટ્રાઈક પર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા.

# બાળકો હવે હજયાત્રા પર જઈ શકશે નહિં

### વિઝાના નિયમોમાં ફેરફાર કરાયો : ભીડને કારણે પરવાનગી મળી નહિં

નવી દિલ્હી,તા.૧૭

મુસ્લિમ સમુદાયનાં દરેક વ્યક્તિ તેમનાં જીવનકાળ દરમિયાન ઓછામાં ઓછાં એક વખત પવિત્ર હજની મુલાકાત લેવા માંગે છે. જે સાઉદી અરેબિયાના મક્કા શહેરમાં છે. જો કે, સાઉદી અરેબિયાએ આ વર્ષનાં હજ યાત્રાનાં નિયમોમાં નોંધપાત્ર ફેરફાર કર્યા છે, જે બાળકોને યાત્રાળુઓ સાથે લઈ જતાં અટકાવે છે. વાર્ષિક મુલાકાત દરમિયાન જબરદસ્ત ભીડને ધ્યાનમાં રાખીને, હજ અને ઉમરા મંત્રાલયે કહ્યું કે આ નિર્ણય બાળકોને બચાવવા માટે લેવામાં આવ્યો હતો.

**બાળકોને હજ યાત્રા પર નહીં લઈ જઈ શકાય :-**

હજ યાત્રામાં અગાઉ બાળકોને સાથે લાવવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ ભીડને કારણે, બાળકોનાં આગમન પર પ્રતિબંધ મૂકાયો છે. યાત્રાનો અનુભવ વધુ આરામદાયક બનાવવા માટે બાળકોને સાથે ન લાવવાની સલાહ આપવામાં આવી છે. મંત્રાલયે કહ્યું કે, હજ યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવે છે અને ભીડને કાબૂમાં રાખવી ખૂબ મુશ્કેલ બની જાય છે. તેથી બાળકોની હજ યાત્રા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**રજીસ્ટ્રેશન અને પેમેન્ટ વિશે જાણો**

સાઉદી નાગરિકો અને રહેવાસીઓ હવે NUSUK એપ અથવા સત્તાવાર વેબસાઇટ દ્વારા હજ સીઝન ૨૦૧૫ માટે અરજી કરી શકે છે. નવાં નિયમો અનુસાર, અરજદારોએ તેમની બધી વિગતો ચકાસી અને તેમનાં મુસાફરીના સાથીઓની નોંધણી કરવી પડશે.



**હજ યાત્રા કરતાં પહેલાં આ બાબતો દયાનમાં રાખો**

સાઉદી અરેબિયા તેમનાં હજ કાયદાને વધુ મજબૂત બનાવવા માટે તેમને વધુ સુલભ, સુવ્યવસ્થિત અને સલામત બનાવવા પર કામ કરતું રહે છે, જેથી કોઈ પણ વ્યક્તિને હજ યાત્રા દરમિયાન મુશ્કેલીનો સામનો ન કરવો પડે. અધિકારીઓ આ વર્ષે ૨૦૨૫ ની મુસાફરીને સલામત અને સરળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે અને યાત્રાળુઓની સમસ્યાઓ ટાળવા યોગ્ય વેબસાઇટ દ્વારા નોંધણી કરવાની સલાહ આપી રહ્યાં છે.

**ત્રણ હપ્તામાં પેમેન્ટ ચૂકવી શકાશે :-**

યાત્રાળુઓ માટે એક નવો ઇન્સ્ટોલમેન્ટ વિકલ્પ મંત્રાલય દ્વારા બનાવવામાં આવ્યો છે. હવે તમે હજ પેકેજ માટે ત્રણ હપ્તામાં ચુકવણી કરી શકો છો. મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે અંતિમ ચુકવણી પ્રાપ્ત થાય ત્યાં સુધી આરક્ષણની પુષ્ટિ કરવામાં આવશે નહીં. વધુને વધુ મુસ્લિમ લોકો પોતાનાં જીવનકાળમાં ઓછામાં ઓછા એક વખત હજ યાત્રા કરી શકે તેથી મંત્રાલય હપ્તા આધારિત ચુકવણીનો વિકલ્પ શરૂ કર્યો છે.

**વિઝા સંબંધિત નિયમો :-**

હજ યાત્રામાં ગેરકાયદેસરત રીતે સામેલ યાત્રાળુઓને રોકવા માટે સાઉદી અરેબિયાએ પણ તેની વિઝા નીતિમાં મોટો ફેરફાર કરવાની જાહેરાત કરી છે. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી, ભારત સહિત ૧૪ દેશોનાં વ્યક્તિઓ ફક્ત સિંગલ ઇન્ટ્રી વિઝાને પાત્ર હશે. આ પગલાનો હેતુ બહુવિધ એન્ટ્રી વિઝાના દુરૂપયોગને અટકાવવાનો છે, જેનો ઉપયોગ કેટલાક મુસાફરોએ સત્તાવાર નોંધણી વિના હજ યાત્રા કરવા માટે કરે છે.

### ભાગદોડમાં એકબીજાની છાતી-પેટ પર પગ આવવાથી મોટાભાગનાના મોતઃ પોસ્ટમોર્ટમ રિપોર્ટ

# આસ્થા કે ઉન્માદઃ દિલ્હી સ્ટેશને કરૂણાંતિકા છતાં બેકાબુ ભીડ યથાવત

## શનિવારે ભાગદોડમાં ૧૫ થી વધુ લોકોના મોત છતાં નવી દિલ્હી-જુની દિલ્હી અને આનંદ વિહાર રેલ્વે સ્ટેશને તમામ બંદોબસ્ત છતાં ભારે ભીડ

નવી દિલ્હી તા.૧૭

નવી દિલ્હીમાં રેલવે સ્ટેશન પર મચેલી ભાગદોડના પછીના દિવસે પણ નથી બદલી, રેલવે પ્રસાસનના તમામ બંદોબસ્ત છતા દિલ્હી, નવી દિલ્હી તેમજ આનંદવિહાર સ્ટેશનો પર યાત્રીઓની ભારે ભીડ જોવા મળી હતી.

નવ દિલ્હી સ્ટેશન પર બિહાર, પ્રયાગરાજ, વારાણસી વગેરે સ્થાનો પર જવા માટે સવારથી રાત સુધી યાત્રીઓની ભારે ભીડ જોવા મળી હતી.

હાલત એવી પણ હતી કે કેટલાક લોકો ટ્રેનની બારીથી અંદર જતા જોવા મળેલા. જુની દિલ્હીના એક સ્ટેશન પર પણ આવી જ હાલત હતી. પ્લેટફોર્મ પર હજારોની સંખ્યામાં ભીડ હતી અને તેમના વચ્ચેથી પગપાળા નીકળવુ પણ સંભવ નહોતુ.

દુર્ઘટના બાદ નવી દિલ્હી સ્ટેશન પર અધિકારીઓએ વ્યાપક બંદોબસ્તના નિર્દેશ આપ્યા હતા. નવી દિલ્હી સ્ટેશન પર જવા ટિકીટ જોઈને યાત્રીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. અજમેરી ગેટ તરફ યાત્રીઓનાં રોકાવા માટે જગ્યા તૈયાર કરવાનું કામ શરૂ કરાયું. ભીડથી બચવા માટે રેલવેએ અનેક નિયમ લાગુ કર્યા છે.






### મૃતકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાની સહાયની રેલ્વેની જાહેરાત

### દુર્ઘટનાની તપાસ માટે ઉચ્ચસ્તરીય સમિતિની રચના

નવી દિલ્હીઃ

નવી દિલ્હીમાં રેલવે સ્ટેશને ભાગદોડમાં જીવ ગુમાવનારાના પરિવારજનોને રવિવારે રેલવેએ ૧૦-૧૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે અને દુર્ઘટના માટે ઉચ્ચસ્તરીય તપાસ સમિતિની રચના કરામાં આવી છે. ગંભીર રીતે ઘવાયેલાઓને અઢી-અઢી લાખ રૂપિયાની અને સામાન્ય ઘાયલને ૧૨ લોકોને એક-એક લાખ રૂપિયાની મદદની જાહેરાત કરી છે. બિહારના મુખ્યમંત્રીએ રાજયના મૃતકોના આશ્રીતોને બે-બે લાખની રકમની સહાય જાહેર કરી છે. ઘાયલો ૫૦-૫૦ હજાર સહાય અપાશે.

**ઘાયલોનાં નિવેદન ટુંક સમયમાં લેવાશેઃ**

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે ટુંક સમયમાં જ ઘાયલોનાં નિવેદન લેવામાં આવશે. આથી એ ઘટનાને જાણવાના પ્રયાસ કરાશે કે આખરે દુર્ઘટના કેવી રીતે બની હતી.

**હજુ એફઆઈઆર નહિં:**

દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના શબ પોસ્ટમોર્ટમ બાદ પરિવારને સોંપવામાં આવ્યા હતા. પોલીસનું કહેવુ છે કે દુર્ઘટનાને લઈને હજુ એફઆઈઆર નથી નોંધાઈ કારણ કે હજુ સુધી તેમાં કોઈના ષડયંત્ર કે લાપરવાહીનાં પુરાવા નથી મળ્યા.

**આવી ભીડ કયારેય નથી દેખાઈઃ**

નવી દિલ્હી સ્ટેશન પર ૪૪ વર્ષથી કામ કરી રહેલા કુલી શુગને જણાવ્યું હતું કે શનિવારે પ્લેટફોર્મ પર જમા થયેલી ભીડ તેમણે પુરા જીવનમાં પણ નથી જોઈ. ૧૫ મૃતકોને તેણે અને અન્ય કુલીઓએ ઠેલા પર રાખીને બહાર કાઢયા હતા.

**રિપોર્ટ છાતી અને પેટ પર વધુ દબાણના કારણે મોતઃ**

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બહાર આવ્યું છે કે ભાગદોડ દરમ્યાન છાતી અનેપેટ પર અતિ દબાણથી લોકોના મોત થયા હતા. ડોકટરોનાં જણાવ્યા મુજબ છાતી-પેટ પર દબાણથી ઓકિસજન અને રકત પ્રવાહમાં બાધા આવે છે.

**દાવોઃ એક જેવા ટ્રેનના નામથી દૂર્ઘટના બનીઃ**

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પ્રારંભીક તપાસમાં બહાર આવ્યું છે કે યાત્રી બે ટ્રેનોના નામ પ્રયાગરાજ-એકસપ્રેસ અને પ્રયાગરાજ સ્પેશ્યલ વચ્ચે ભ્રમિત થઈ ગયા હતા તેમને લાગ્યુ હતું કે ટ્રેન ચુકી જવાશે, એટલે સ્ટેશન પર ભાગદોડ મચી.

### મહાકુંભનાં શ્રદ્ધાળુઓનો અભૂતપૂર્વ પ્રવાહ વારાણસી પહોંચી રહ્યો છે

# મહાભીડ...વારાણસીનાં ઘાટ પર ગંગા આરતી તા.૨૬ સુધી બંધ

## સ્કુલો પણ બંધઃ ગંગાનદીમાં સાંજે બોટ ઓપરેશન પર નિયંત્રણો

વારાણસી તા.૧૭

પ્રયાગરાજમાં મહાકુંભમાં પવિત્ર સ્નાન બાદ હજારો-લાખો શ્રધ્ધાળુઓ અયોધ્યા-વારાણસી જેવા ધાર્મિક સ્થાનોએ પહોંચતા હોવાના કારણે ત્યાં ભારે ઘસારો છે. ત્યારે વારાણસી તંત્ર દ્વારા લાગુ કરાયેલા નિયંત્રણો હવે મહાકૂભનાં સમાપન અર્થાત ૨૬ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવ્યા છે.

વારાણસીમાં ગંગાઘાટ પરની આરતી પર ૨૬ ફેબ્રુઆરી સુધી રોક લગાવવામાં આવી છે ધો.૮ સુધીની સ્કુલ કલાસ પણ બંધ રાખવા કહેવાયું છે. સ્કુલો પણ માત્ર ઓન લાઈન ધોરણે ચલાવવાના આદેશ કરવામાં આવ્યા છે.

યાત્રીકોનાં ઘસારામાં ટ્રાફીક વ્યવસ્થા જાળવવાના નિયંત્રણો-ડાઈવર્ઝનનો કડક અમલ કરવાની સુચના આપવામાં આવી છે. કાશી વિશ્વનાથ મહાદેવના દર્શને રેકોર્ડબ્રેક સંખ્યામાં ભાવિકો ઉમટતા રહ્યા છે. એક જ દિવસમાં આઠ લાખ ભાવિકોએ દર્શન કર્યા હતા. વિક એન્ડમાં ઘસારો વધુ હતો.



ઉતરપ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ખૂદ મહાકુંભ તથા અન્ય ધાર્મિક સ્થળોએ વ્યવસ્થા પર નજર રાખી રહ્યા છે. તેઓએ હેલીકોપ્ટર સર્વે કર્યો હતો. પૂર્વયોજીત કાળભૈરવ મંદિરે જવાનો કાર્યક્રમ હતો તે છેલ્લી ઘડીએ બદલાયો હતો અને કાશી વિશ્વનાથ મંદિરે પહોંચ્યા હતા. માર્ગો પર ચિકકાર ટ્રાફીક હતો. વધુ સમસ્યા ન થાય તે માટે ક્રુઝ મારફત મંદિરે પહોંચ્યા હતા. કાશી તામીલ સંગમ કાર્યક્રમનાં ઉદઘાટન માટે ક્રુઝ મારફત નમો ઘાટ પહોંચ્યા હતા. વારાણસીમાં શ્રધ્ધાળુઓના ઘસારાને ધ્યાને રાખીને ભીડથી માંડીને ટ્રાફીક-વાહન સંચાલન સુધીની કામગીરીમાં કોઈ કચાશ ન રહે તેની કાળજી રાખવામાં આવી રહી છે. ભાવિકો મહાકૂભ-વારાણસી તથા અયોધ્યા તેમ ત્રણ ધાર્મિક સ્થાનો પણ યાત્રીમાં આવી રહ્યા છે.

ગંગા ઘાટે આરતી પર રોક ઉપરાંત સાંજે ૬ વાગ્યા બાદ નદી ગંગામાં બોટ ઓપરેશનો પર પણ નિયંત્રણ રાખવામાં આવ્યા છે.

## ૭૮માં બ્રિટીશ અકાદમી ફિલ્મ પુરસ્કાર 'બાફટા'માં 'કોન્કલેવ' અને 'ધી બ્રુટલિસ્ટ'એ બરાબરી કરી

લંડન તા.૧૭

સિનેમાની દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત કાર્યક્રમો પૈકી એક ૭૮ મો બ્રિટીશ અકાદમી ફિલ્મ પુરસ્કાર (બાફટા) લંડનમાં યોજાયો હતો. જેમાં અભિનેતા ડેવીડ ટેનેંટ સતત બીજા વર્ષે યજમાન તરીકે પરત ફર્યા હતા. બાફટા પુરસ્કારમાં બેસ્ટ ફિલ્મ તરીકે બ્રિટીશ ફિલ્મ 'કોન્કલેવ' ઉભરી જયારે બેસ્ટ ડાયરેકટર તરીકે 'ધી બ્રુટલીસ્ટ' ફિલ્મના ડાયરેકટર વોડી કોર્બેટ વિજેતા થયા હતા. બેસ્ટ એકટર એડ્રિયન બોડી (ધી બ્રુટલીસ્ટ) અને બેસ્ટ એકટ્રેસ તરીકે મિકિ મેડીસીન (એમોરા) વિજેતા થયા હતા.

**કોન્કલેવ ફિલ્મ બાફટા એવોર્ડમાં છવાઈઃ**

બાફટામાં કોઈ ખાસ ફિલ્મનો દબદબો નહોતો રહ્યો તેમ છતાં 'કોન્કલેવ' ફિલ્મે સર્વશ્રેષ્ઠ ફિલ્મ આઉટ સ્ટેન્ડીંગ બ્રિટીશ ફિલ્મ સર્વશ્રેષ્ઠ એડીટીંગનો એવોર્ડ જીત્યો હતો. જયારે ચાર બાફટા પુરસ્કાર પર ધી બ્રુટલીસ્ટની બરાબરી રહી હતી. અન્ય ફિલ્મો કે જેમણે યાદગાત રાત વિતાવી તેમાં માઈકી મેડીસીન સાથે 'એનોરા' સામેલ છે.

**CC રાઈઝીંગ સ્ટાર એવોર્ડઃ**

CC રાઈઝીંગ સ્ટાર એવોર્ડ હોલીવુડ સુપર સ્ટાર બનવાની સીડી છે. જેના અગાઉના વિજેતાઓમાં ટોમ હાર્ડી, ટોમ હોલેન્ડ, ડેનીયલ કાલુયા, જેક ઓ'કોનેલ, લેટીટીયા રાઈટ અને એમા મેકી સામેલ છે.







**બ્રિટીશ ફિલ્મ 'કોન્કલેવ'બેસ્ટ ફિલ્મ જાહેરઃ'ધી બ્રુટલીસ્ટ'ના ડાયરેકટર બ્રેડી કોર્બેટ શ્રેષ્ઠ દિગ્દર્શકઃ'એનોરા'માટે મિકિ મેડિસીન બેસ્ટ એકટ્રેસ જાહેરઃ એડ્રીયન બોડી શ્રેષ્ઠ અભિનેતા**

**બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈનનો પુરસ્કારઃ** આ પુરસ્કાર એ પ્રતિભાશાળી સમુહને આપવામાં આવ્યો હતો જેણે વિકડ પર કામ કર્યું હતું જેને કલોથીંગ ડિપાર્ટમેન્ટે ઘણી હદ સુધી આગળ વધાર્યા હતા.

**બાફટા એવોર્ડ વિજેતા : અન્ય ફિલ્મો**

લંડનઃ 'બાફટા' ફિલ્મ પુરસ્કારમાં અન્ય ફિલ્મો પણ વિજેતા નીવડી હતી જેમાં બેસ્ટ સપોર્ટીંગ એકટર કિરન કલ્કીન, 'એ રિયલ પેન', બેસ્ટ સપોર્ટીંગ એકટ્રેસ'જો સલદાના એમિલીયા પેરેઝ, બેસ્ટ રાઈઝીંગ સ્ટાર- (જનતા દ્વારા વોટ કરાયેલ) ડેવીડ જોન્સન, બેસ્ટ આઉટ સ્ટેન્ડીંગ બ્રિટીશ ડેબ્યુ નિકેપ, નિર્દેશક રિચ પેપીએટ, બેસ્ટ ઓરીજીનલ સ્કીન પ્લે જેસી ઈસેનબર્ગ 'ધી રિયલ પેન', બેસ્ટ એડોપ્ટેડ સ્કીનપ્લે, પીટર સ્ટ્રોંઘન, કોન્કલેવ, બેસ્ટ નોન ઈંગ્લીશ ફિલ્મ 'એમિલિયા પેરેઝ, બેસ્ટ મ્યુઝિકલ સ્કોર ડેનિયલ બેસ્ટ સિનેમેટોગ્રાફી લોલ ક્રોલી, ધી બ્રુટલીસ્ટ, બેસ્ટ એડીટીંગ-કોન્કલેવ, બેસ્ટ પ્રોડકશન ડિઝાઈન વિકેન્ડ બેસ્ટ સાઉન્ડ ડયુન પાર્ટ-૨



## નીતિન ગડકરીની સંગમમાં ડૂબકી

વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાવડા એવા પ્રયાગરાજના મહાકુંભના સમાપનને આડે દસ દિવસ બાકી છે.

સામાન્ય લોકોની સાથોસાથ મહાનુભાવો પણ સંગમ સ્નાન માટે પહોંચી રહ્યા છે. કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પત્નિ કંચન સાથે સંગમમાં ડૂબકી લગાવી હતી.

**હેલ્થ ટીપ**

## ખાલી પેટ કેળા અને કાળા મરી ખાવાના અઢળક લાભો !





શું તમે જાણો છો કે ખાલી પેટે દરરોજ સવારે કેળાં સાથે કાળાં મરીનો પાવડર ખાવાથી તમારાં સ્વાસ્થ્યને કેટલા બધાં ફાયદાઓ થાય છે ? આ આયુર્વેદિક રેસીપી છે જે તમારી પાચક સિસ્ટમને મજબૂત બનાવે છે, તમારી રોગપ્રતિકારક શક્તિ પણ વધારે છે. આયુર્વેદમાં, કેળાં અને કાળાં મરીને એક ચમત્કારિક નાસ્તો માનવામાં આવે છે. જો તમે એક મહિના માટે આનો નિયમિતપણે ઉપયોગ કરો છો, તો પછી તમે અઢળક સ્વાસ્થ્ય લાભો મેળવી શકો છો. ચાલો જાણીએ આ ફાયદાઓ વિશે...

**પાચન સિસ્ટમ મજબૂત બનાવે છે**

કેળાં કુદરતી ફાઇબરથી સમૃદ્ધ હોય છે, જે તમારી પાચક પ્રણાલીને મજબૂત બનાવે છે. કાળાં મરી લાળનો સ્રાવમાં વધારો કરે છે, જેનાં કારણે ખોરાકનું પાચન વધુ સારું થાય છે. આનાથી કબજિયાત અને એસિડિટી જેવી સમસ્યાઓ જડમૂળથી દુર કરે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારે છે**

કાળાં મરીમાં એન્ટી ઓકિસડન્ટો અને એન્ટીબેકટેરિયલ ગુણધર્મો ધરાવે છે, જે શરીરને ચેપથી સુરક્ષિત કરે છે. જ્યારે તે કેળાં સાથે તેને ખાવામાં આવે છે, ત્યારે તે શરીરની રોગપ્રતિકારક શક્તિમાં અનેક ગણો વધારો કરે છે. આ ખાસ કરીને શિયાળામાં શરદી ઉધરસને ટાળવા માટે મદદરૂપ સાબિત થઈ શકે છે.

**વજન ઘટાડવામાં મદદરૂપ**

જેઓ વજન ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યાં છે, આ રેસીપી એક વરદાન કરતાં ઓછી નથી. કેળાં શરીરને ઉર્જા આપે છે, જ્યારે કાળાં મરી ચયાપચયને વેગ આપે છે. આ રેસીપી ચરબીને ઓગાળવાની પ્રક્રિયાને વેગ આપે છે અને લાંબા સમય સુધી ભૂખને નિયંત્રણમાં રાખે છે.

**ત્વચાને યુવાન બનાવે છે**

કેળામાં હાજર વિટામિન્સ અને કાળાં મરીમાં હાજર એન્ટી ઓકિસડન્ટો અંદરથી ત્વચાને પોષણ આપે છે. આ રેસીપી ત્વચાને સ્વસ્થ, ચળકતી અને યુવાન બનાવે છે.

**માનસિક સ્વાસ્થ્યમાં સુધારો કરે છે**

કેળામાં એમિનો એસિડ્સ હોય છે જેને ટ્રિપ્ટોફિન કહેવામાં આવે છે, જે સેરોટોનિન એટલે કે આનંદ આપતા હોર્મોનના ઉત્પાદનમાં મદદ કરે છે. કાળાં મરી માનસિક થાક ઘટાડે છે. આ રેસીપી માનસિક સ્વાસ્થ્યમાં સુધારો કરવામાં અને તણાવ ઘટાડવામાં મદદરૂપ થાય છે.

**આ રીતે કેળા ખાવાથી ડાયાબિટીઝવાળા લોકોને મદદ મળે છે**

કેળાં કુદરતી શુગર પ્રદાન કરે છે, જ્યારે કાળાં મરી ઈન્સ્યુલિન સંવેદનશીલતામાં વધારો કરે છે. આ સંયોજન બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, જેનાથી તે ડાયાબિટીઝમાં મદદ મળે છે.

**તે કબજિયાતને દૂર કરવામાં મદદ કરે છે**

કેળામાં કુદરતી ફાઇબર હોય છે જે આંતરડાની ગતિવિધિઓને પ્રોત્સાહન આપે છે, જ્યારે કાળાં મરી પાચનતંત્રને ઉત્તેજીત કરે છે, અને કબજિયાતમાં અસરકારક રીતે રાહત આપે છે.

**તે શરીરને ડિટોક્સિફિકેશનમાં મદદ કરે છે**

કેળાં યકૃતના આરોગ્યને ટેકો આપે છે, જ્યારે કાળાં મરીના એન્ટી ઓકિસડન્ટ ગુણધર્મો શરીરમાંથી ઝેરીલા તત્વો દૂર કરવામાં મદદ કરે છે. એકસાથે, તેઓ એકંદર આરોગ્ય સુધારવા અને શરીરનાં કુદરતી ડિટોક્સ તરીકે કામ કરે છે.

**ઈન્ફલામેશનને શાંત પાડે છે**

કાળા મરીમાં એન્ટી ઈન્ફલામેશન ગુણધર્મો હોય છે, કેળાંમાં હોર્મોન સંતુલનના ગુણધર્મો હોય છે જેથી તે તણાવ અને ઈન્ફલામેશનના હોર્મોનને સંતુલિત કરે છે.

# ફિટ રહેવા માટે અતિશય ડાયેટિંગથી ટાઈપ-૨ ડાયાબિટીસનું જોખમ વધે

## ઈન્ટરમીટેટ ઉપવાસનો ક્રેઝ, સેલિબ્રિટીઓ પછી યુવાનો પણ તેને અનુસરી રહ્યા છે

બર્લિન, તા.૧૭

સેલિબ્રિટીઓ આ દિવસોમાં ફિટનેસ માટે ઉપવાસ (ડાયટિંગ) પર ભાર મૂકે છે, જેની અસર યુવાનો પર પણ પડી રહી છે. હવે એક નવા સંશોધનમાં દાવો કરવામાં આવ્યો છે કે વધુ પડતો ડાયેટિંગ કે સમયસર ન ખાવાથી ટાઈપ-૨ ડાયાબિટીસનું જોખમ વધી જાય છે.

સંશોધકોએ જણાવ્યું હતું કે આ ટેકનિક વજન ઘટાડવામાં મદદરૂપ છે, પરંતુ ભોજન છોડવાથી ઇન્સ્યુલિન બનવાનું અટકાવીને ડાયાબિટીસને પ્રોત્સાહન મળે છે. આ અભ્યાસ જર્મનીની મ્યુનિક યુનિવર્સિટીના સંશોધકો દ્વારા કરવામાં આવ્યો છે.

ભૂખ્યું રહેવાથી શરીરના ઇન્સ્યુલિનના ઉત્પાદનને અવરોધે છેઃ સંશોધકોએ ઉંદરો પર આ અભ્યાસ હાથ ધર્યો હતો. એવું જાણવા મળ્યું કે લાંબા સમય સુધી ભૂખ્યા રહેવાથી શરીરના ઇન્સ્યુલિનના ઉત્પાદનમાં અવરોધ આવે છે. અભ્યાસના સહ-લેખક ડો. એલેક્ઝાન્ડર બાર્ટેલ્ટે જણાવ્યું હતું કે સ્વાદુપિંડમાં ઇન્સ્યુલિન ઉત્પન્ન કરતા વિશિષ્ટ કોષો ઉપવાસ કરનારા યુવાન ઉંદરોમાં યોગ્ય રીતે વૃદ્ધિ પામવામાં નિષ્ફળ ગયા હતા.

ખરેખર, ટાઈપ-૨ ડાયાબિટીસ ત્યારે થાય છે જ્યારે માનવ શરીર પૂરતું ઇન્સ્યુલિન બનાવતું નથી અથવા તે બનાવે છે તે ઇન્સ્યુલિન યોગ્ય રીતે કામ કરતું નથી. આ દિવસોમાં બોલિવૂડ સેલિબ્રિટી કરણ જોહર, અભિનેત્રી દિશા પટણી અને જેનિફર એનિસ્ટન, નિકોલ કિડમેન, એક્ટર કેમેરોન ડિયાઝ પણ ફોલો કરી રહ્યાં છે.



**આ નિયમોનું પાલન કરો**

વધુ કલાકો સુધી ઉપવાસ ટાળો, જો તમે કરો છો તો કંઈક ખાવાનું ચાલુ રાખો.

શરૂઆતમાં ૧૪-૧૦ અથવા ૧૬-૮ વિન્ડોથી પ્રારંભ કરો પાણી, ચા, કોફી અથવા લીંબુનું શરબત જેવા પ્રવાહી પીવાનું ચાલુ રાખો અને ફાઇબરથી ભરપૂર ખોરાકનું સેવન વધારશો.

**ઈન્ટરમીટેટ ઉપવાસ શું છે?**

તે ખાવાની પેટર્ન છે જે ઉપવાસ અને ખાવાની વચ્ચે ફરે છે. આમાં, વ્યક્તિ દિવસમાં ૧૬ કલાક જમ્યા વિના જાય છે અને સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યાની વચ્ચે ખાય છે. સાત દિવસ ફાઇબર પર ધ્યાન આપે અને એક દિવસ ખોરાક રાખે અને બીજા દિવસે ઉપવાસ કરે છે.

**ઉપવાસના બે પાસાઓ**

**લાભ**
- વજન ઘટાડવામાં મદદરૂપ
- શરીરને ઊર્જા પૂરી પાડવી
- હૃદય રોગમાં ફાયદાકારક

**નુકસાન**
- ડાયાબિટીસનું જોખમ
- હાર્ટ એટેક
- શરીરમાં પાણીની ઉણપ

**આ રીતે વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું**



સંશોધકોએ ઉંદરોના ત્રણ જૂથોના ખોરાકના સેવનનું મૂલ્યાંકન કર્યું. તેમાં ૨ મહિના, ૮ મહિના અને ૧૮ મહિનાના બાળકોને રાખવામાં આવ્યા હતા. ત્રણેયને સામાન્ય રીતે બે દિવસ સુધી ખવડાવતા પહેલા ૨૪ કલાક સુધી ખોરાક વિના રાખવાનું ચક્ર અનુસરવામાં આવ્યું હતું. ૧૦ અઠવાડિયા પછી સંશોધકોએ શોધી કાઢ્યું કે યુવાન ઉંદરના બીટા કોષોમાં ઘટાડો થયો છે. જ્યારે આ તારણો માનવ પેશીઓ સાથે સરખાવવામાં આવ્યા હતા, ત્યારે ડાયાબિટીસના દર્દીઓમાં બીટા કોષો યોગ્ય રીતે પરિપકવ થતા નથી તેવા સમાન લક્ષણો જોવા મળ્યા હતા.

## ફિલ્મ 'ધૂમધામ' : ડરપોક હિરો અને દિલેર હિરોઈનની કહાની

### યામી ગૌતમ અને પ્રતિક ગાંધી સ્ટારર 'ધૂમધામ' ફિલ્મ નેટફ્લિક્સ પર રિલીઝ કરવામાં આવી

મુંબઈ : યામી ગૌતમનું નામ એવી અભિનેત્રીઓની સૂચિમાં શામેલ છે જે કોઈપણ ફિલ્મમાં ખૂબ જ કુશળતાપૂર્વક કામ કરે છે. હવે તેની નવી ફિલ્મ ધૂમ ધામ ઓટીટી પર રિલીઝ થઈ છે. કોમેડી અને એક્શનથી ભરપૂર, આ ફિલ્મ સમજાવે છે કે છોકરીઓને પરિવારનાં સભ્યો અને તેમનાં પતિની સામે શા માટે ખોટું બોલવું પડે છે ?

ફિલ્મની શરૂઆતમાં, એક દંપતી પોતાનો જીવ બચાવીને ભાગતાં જોવા મળે છે, જેનો પીછો ગુંડાઓ ચાર્લીને શોધવા માટે કરે છે. મોટાભાગની હિન્દી ફિલ્મોએ આવી જ કોમેડી અને એકશન આધારિત વાર્તા બતાવવામાં આવે છે તો ચાલો જાણીએ કે નિરમાતાઓ આ ફિલ્મમાં નવું શું બતાવવાનો પ્રયાસ કરે છે અને શું આ ફિલ્મ ધૂમ ધામ જોવા યોગ્ય છે ?

**ફિલ્મ ધૂમધામની વાર્તા :-**

આ ફિલ્મની વાર્તા કોયલ (યામી ગૌતમ) અને વીર (પ્રતિક ગાંધી) ની આસપાસ ફરે છે. બંનેની મુલાકાત અરેન્જ મેરેજ દ્વારા થાય છે. લગ્નની રાતે બંને વચ્ચે કંઈક રોમેન્ટિક શરૂ થવાનું જ હોય છે કે અચાનક બે પુરુષો દરવાજો ખખડાવે છે, જેમાંથી એક એજાઝ ખાન હોય છે. તેઓ 'ચાર્લી' નામનાં માણસને શોધી રહ્યાં છે, જે તેમને લાગે છે કે તે વીર સાથે છે. ગમે તેમ કરીને બંને તેમની પાસેથી છટકી જાય છે. પછી પ્રતીકને કોયલ વિશે ખબર પડે છે કે તે સારી રીતે કાર ચલાવવામાં અને ગુંડાઓ સામે લડવામાં અને ગાળો દેવામાં પણ નિપુણ છે. વધુમાં ફિલ્મની સ્ટોરીમાં ચાર્લી કોણ છે તે સામે આવ્યું છે ? અને આ દંપતીને તેમની સાથે શું લેવાદેવા છે ? આવા તમામ સવાલોનો જવાબ ફિલ્મની સ્ટોરીમાં મળે છે. ધૂમ ધામ કોમેડી, એકશન, સસ્પેન્સ અને રોમાન્સનું મિશ્રણ છે.

| | |
|---|---|
| રેટિંગ | : ૫ માંથી ૨.૫ સ્ટાર |
| કલાકારો | : યામી ગૌતમ ધર, પ્રતિક ગાંધી, મુકુલ ચઢ્ઢા, પ્રતિક બબ્બર અને એજાઝ ખાન વગેરે. |
| લેખક | : આદિત્ય ધર, ઋષભ શેઠ અને આર્શ વોહરા |
| નિર્દેશક | : ઋષભ શેઠ |
| નિર્માતા | : આદિત્ય ધર |
| ઓટીટી પ્લેટફોર્મ | : નેટફ્લિકસ |



**ફિલ્મ કેવી છે ? :-**

૧ કલાક ૪૮ મિનિટની ફિલ્મ રસપ્રદ રીતે શરૂ થાય છે. વાર્તા સમય જતાં વધુ રસપ્રદ બને છે. દુલ્હન બનેલી યામી ગૌતમ જ્યારે ગુંડાઓની ધોલાઈ કરે છે, ત્યારે મજા બમણી થઈ જાય છે. એક છોકરી દરેક પરિસ્થિતિનો સામનો કરવા માટે સક્ષમ હોય છે. તે તમને ધૂમ ધામ ફિલ્મ શીખવવાનું કામ કરે છે. યામીનું પાત્ર શાનદાર રીતે બતાવવામાં આવ્યુ છે, જે પળવારમાં સમજાવે છે કે શા માટે છોકરીઓએ સમાજની સામે જૂઠું બોલવું જરૂરી છે. પ્રતિક ગાંધીનું પાત્ર પણ ફિલ્મનાં છેલ્લાં ભાગ સુધી ખૂબ જ રસપ્રદ બની જાય છે. યામીનો ડાયલોગ કે ગાળો બોલવાની સ્ટાઈલ તમારાં ચહેરા પર ચોક્કસથી સ્માઈલ લાવશે. ફિલ્મ જોતી વખતે તમને એક ક્ષણ માટે પણ એવું નહીં લાગે કે હવે ફિલ્મને સહન કરવી મુશ્કેલ છે.

**અભિનય અને દિગ્દર્શન કેવું છે ? :-**

યામી ગૌતમે આ ફિલ્મમાં પ્રશંસનીય કામ કર્યું છે. એક્શન કરવાથી લઈને ડાયલોગ્સની સ્ટાઈલ સુધી, તેણે કોઈ કસર છોડી નથી. પ્રતિક ગાંધી વીર એટલે કે યામીના ઓનસ્ક્રીન પતિની ભૂમિકામાં છે. તેમણે પાત્રની જરૂરિયાત પૂરી કરવામાં કોઈ કસર છોડી નથી. ફિલ્મમાં એજાઝ ખાનનો અભિનય પણ સારો છે. તેને હસાવવાનો પણ એક સારો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત પ્રતીક બબ્બરનું પાત્ર નાનું છે, પણ અસરકારક છે. મુકુલ ચઢ્ઢાએ પોલીસમેનના રોલમાં પોતાનું કામ સારી રીતે કર્યું છે. ધૂમ ધામનું ડિરેક્શન પણ સારું છે. આ મહત્વની જવાબદારી ઋષભ શેઠે ઉપાડી છે

એકંદરે આ ફિલ્મ ૨.૫ સ્ટારને લાયક છે. વીકેન્ડ પર આ ફિલ્મ એક વાર જરૂર જોઈ શકાય છે. ખાસ વાત એ છે કે આ માટે તમારે થિયેટરોમાં જવાની જરૂર નહીં પડે. તમે ઘરે બેઠાં નેટફ્લિક્સ પર આ ફિલ્મ જોઈ શકો છો.

# ખાદ્યચીજોમાં મિલાવટ છે? પાંચ મીનીટમાં ખબર પડી જશે

## ફોરેન્સીક યુનિવર્સિટીએ ટેસ્ટ કીટ વિકસાવીઃ દુધથી માંડીને મસાલા સુધીના ખાદ્યપદાર્થોની ભેળસેળ પકડાઈ જશે



અમદાવાદ તા.૧૭

ખાદ્યચીજોમાં ભેળસેળનુ દુષણ સતત વધી રહ્યું છે અને નફો કમાવાની લાલચમાં ભેળસેળીયા તત્વો લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે ત્યારે ખાદ્યચીજોની ગુણવતાની ચકાસણી પાંચ જ મીનીટમાં થઈ શકે તેવી ખાસ કીટ તૈયાર કરવામાં આવી છે. નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના સંશોધકોએ બે થી પાંચ મીનીટમાં પરિક્ષણ થઈ શકે તેવી રેપીટ ટેસ્ટીંગ કીટ વિકસાવી છે.

ફોરેન્સીક યુનિવર્સિટીના એસોસીએટ પ્રોફેસર જયરાજસિંહ સરવૈયાએ કહ્યું કે માર્કેટમાં કવોલીટી ચેક માટે અનેક કીટ ઉપલબ્ધ છે છતાં સૌથી સચોટ પરિક્ષણ થાય તેવી કીટ માટે બે વર્ષથી સંશોધન થતુ હતુ. મુખ્યત્વે દુધ તથા મસાલાની મિલાવટ કે હલ્કી ગુણવતા પકડવા પર ફોકસ રખાતુ હતુ. નવી કીટનુ પેટન્ટ પણ મેળવી લેવાયુ છે.

ઘરવપરાશમાં જ કામ આવી શકે તે પ્રકારની આવી કીટ રૂા.૨૦૦ થી ૫૦૦માં ઉપલબ્ધ કરવામાં આવી છે.

સૂત્રોના કહેવા પ્રમાણે દુધને ઘટ બનાવવા માટે યુરિયાની મિલાવટ થતી હોય છે. હળદર-લાલ મરચુ જેવા મસાલામાં પ્રતિબંધીત ચીજોની ભેળસેળ થતી હોય છે. રેપીટ ટેસ્ટીંગ કીટથી મીનીટોમાં પરિણામ મળી જાય છે. ઓર્ગેનીક ફુડનો દાવો કરવામાં આવ્યો હોય તો તેમાં યુરિયાની માત્રા છે કે કેમ તેની પણ ચકાસણી થઈ જશે.

યુનિવર્સિટીના કેમ્પસ ડાયરેકટર પ્રો. જુનારેએ કહ્યુ કે ફુડ ફેસ્ટીવલ સહિતના કાર્યક્રમોમાં રેપીડ ટેસ્ટ કીટ પ્રદર્શનમાં મુકવામાં આવતી જ હોય છે આ કીટ સસ્તી અને ઉપયોગમાં સરળ છે. સેંકડો-હજારોની સંખ્યામાં કીટનુ ઉત્પાદન કરવામાં આવ્યુ છે. કીટના ઉપયોગ વિશે સરળ સમજ પર આપવામાં આવી છે. દુધમાં મિલાવટ છે કે કેમ તે ચાર ટીપા દુધ પરથી જ ખબર પડી જાય છે. સ્ટ્રીપના કલરના આધારે તેમાં કયા પ્રકારની ભેળસેળ છે તેની ખબર પડી જાય છે.

તબીબી નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોથી આરોગ્ય પર જોખમ વધતુ રહ્યુ છે. પેટની સમસ્યા સહિતના આરોગ્ય પ્રશ્નો માટે ખાદ્ય ચીજોની ભેળસેળ પણ જવાબદાર છે ત્યારે લોકોએ સરળતાથી ઉપલબ્ધ કીટનો ઉપયોગ કરીને સ્વાસ્થ્યની કાળજી રાખવાની જરૂર છે.

# ફરી ડેંગ્યુ દેખાયો; મિશ્ર ઋતુ વચ્ચે મચ્છરોનો આતંક : રોગચાળાના ૧૯૯૨ કેસ

## રાજકોટમાં એક અઠવાડિયામાં શરદી–ઉધરસના ૯૯૧, તાવના ૮૧૨, ટાઈફોઈડના બે, કમળાના એક કેસની નોંધ : ૫૨૧ મિલ્કતધારકને નોટીસ : સઘન ફોગીંગ ચાલુ હોવાનો તંત્રનો દાવો





રાજકોટ, તા. ૧૭

રાજકોટ શહેરમાં છેલ્લા અઠવાડિયાથી ડબલ ઋતુના અનુભવ વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ ખુબ વધી ગયો છે. રહેણાંક અને બિનરહેણાંક વિસ્તારોમાં પણ મચ્છરોના ખુબ બ્રિડીંગ થઇ રહ્યા છે ત્યારે ઘણા દિવસો બાદ ફરી ડેંગ્યુના તાવે ફુંફાડો માર્યો છે. ખાનગી દવાખાનાઓ પણ શરદી-ઉધરસ, તાવ સહિતના દર્દીઓથી ઉભરાઇ રહ્યા છે. ત્યારે છેલ્લા સપ્તાહમાં ડેંગ્યુના બે નવા કેસ સામે આવ્યા છે. તો સીઝનલ રોગચાળાના ૧૯૯૨ કેસ નોંધાવા સાથે ટાઇફોઇડ અને કમળાના કેસ પણ એકસાથે ફરી નોંધાયા છે.

હાલ ઘરે ઘરે શરદી-ઉધરસના કેસ તો નોંધાઇ રહ્યા છે પરંતુ મોડી રાત્રે અને પરોઢીયે ઠંડક અને તે બાદના દિવસના પૂરા સમય દરમ્યાન ગરમી અને તડકાનો અનુભવ લોકો કરી રહ્યા છે. આથી પણ સિઝનલ રોગચાળાના દર્દીઓની સંખ્યા વધી છે. તો આ વખતે દર્દીને શરદી-ઉધરસ પણ એક-એક અઠવાડિયું ચાલી રહ્યા છે અને બે-ત્રણ વખત દવા લેવા જવી પડે છે.

મેલેરીયા શાખાએ જાહેર કરેલા રીપોર્ટ મુજબ તા.૧૦-૨થી ૧૬-૨ દરમ્યાન ડેંગ્યુ તાવના બે નવા દર્દી નોંધાયા છે. આ સિવાય શરદી-ઉધરસના ૯૯૧, સામાન્ય તાવના ૮૧૨, ઝાડા-ઉલ્ટીના ૧૮૪, ટાઇફોઇડના બે અને કમળાના એક કેસની નોંધ થઇ છે. તો બીજી તરફ ખાનગી દવાખાના અને મોટી હોસ્પિટલોમાં પણ આ દર્દીઓની સંખ્યા રોજ વધતી હોવાનું દેખાઇ રહ્યું છે. ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળોએ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. મચ્છરનું જીવનચક્ર ટૂંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવ, પોતાના સ્વાસ્થય પ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીથી સહેલાઈથી મચ્છરને પ્રજનન માટે મળી રહેતા ચોખ્ખા પાણીના પાત્રોને કારણે મચ્છરની ઉત્પતિ ઘણી વધી જાય

(અનુસંધાન ૧૨ મા પાને)

### રોગચાળાના સપ્તાહના આંકડા

| રોગ | સાપ્તાહિક કેસ |
|---|---|
| ડેંગ્યુ | ૦૨ |
| શરદી-ઉધરસ | ૯૯૧ |
| સામાન્ય તાવ | ૮૧૨ |
| ઝાડા-ઉલ્ટી | ૧૮૪ |
| ટાઇફોઇડ | ૨ |
| કમળો | ૧ |

### મચ્છરોનો ઉપદ્રવ આ રીતે અટકાવો

- પાણીની સિમેન્ટની ટાંકી, સિન્ટેક્ષાની ટાંકી, બેરલ, કેરબા તથા અન્ય પાણી ભરેલ તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકીને રાખવા.
- પશુઓને પાણી પીવાની કુંડી, અવેડા દર અઠવાડિયે નિયમિત ખાલી કરી ઘસીને સાફ કરવા.
- ફ્રિજની ટ્રે, માટલા, કુલર, ફુલદાની, પક્ષીકુંજ વગેરેનું પાણી નિયમિત ખાલી કરી, ઘસીને સાફ કરવા.
- બિનજરૂરી ડબ્બા, ટાયર, ભંગારનો યોગ્ય સ્થળે નિકાલ કરવો.
- અગાશી, છજજામાં જમા રહેતા પાણીનો નિકાલ કરવો.
- છોડના કુંડામાં જમા રહેતા વધારાનો પાણોનો નિકાલ કરવો.
- ડેંગ્યુનો મચ્છર દિવસે કરડતો હોવાથી દિવસ દરમ્યાન પુરૂ શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા.

# સવારે ગાઢ ધુમ્મસથી રાજકોટની હવાઈ સેવા ખોરવાઈઃ બે ફલાઈટ અમદાવાદ ડાયવર્ટ કરાઈ

## વાતાવરણ સ્વચ્છ થતાં બંને ફલાઈટ સવારે ૧૧.૦૦ કલાકે અમદાવાદથી લેન્ડીંગ- ટેક ઓફ થઈઃ પ્રવાસીઓ મોટા પહોંચ્યા



રાજકોટ તા.૧૭

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસના પગલે વાહન વ્યવહાર સાથે હવાઈ સેવાને અસર પડી હતી. સવારે હીરાસર ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ઝીરો વિઝીબિલિટી થતા સવારની મુંબઈની બે ફલાઈટનું લેન્ડીંગ નહીં થઈ શકતા બંને ફલાઈટને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી બાદ સવારે ૧૦ કલાકે વાતાવરણ સ્વચ્છ થતાં સવારે ૧૧ કલાકે અમદાવાદથી બંને ફલાઈટ રાજકોટ લેન્ડીંગ થયા બાદ પ્રવાસીઓને લઈ ૧૧.૩૦ કલાકે મુંબઈ જવા ટેક ઓફ થઈ હતી.

રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટમાં અદ્યતન એર ટ્રાફિક કંટ્રોલ એટીસી ટાવર અને નવુ અદ્યતન ટર્મિનલ કાર્યરત થયા બાદ પણ ઝીરો વિઝીબિલીટી સમયે ફલાઈટ લેન્ડીંગ થઈ શકતી નથી. પરિણામે ફલાઈટ ડાયવર્ટ કરવાની સમસ્યા હજુ ''જૈસે થે' જેવી રહી છે.

આજે સવારે ગાઢ ધુમ્મસના લીધે સવારે એર ઈન્ડિયા અને ઈન્ડિગો એરલાઈન્સ મુંબઈ-રાજકોટ-મુંબઈ બંને ફલાઈટનું લેન્ડીંગ નહી થઈ શકતા બંને ફલાઈટને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટમા ડાયવર્ટ કરવામાં આવી હતી. પરિણામે રાજકોટથી મુંબઈ જવા વહેલી સવારે રાજકોટ એરપોર્ટ પહોંચેલા પ્રવાસીઓને સવારના ૧૧.૦૦ કલાક સુધી ટર્મિનલમાં બેસી રાહ જોવી પડી હતી. વાતાવરણ સ્વચ્છ થતાં સવારે ૧૧.૦૦ કલાકે બંને ફલાઈટનું લેન્ડીંગ થયા બાદ ૧૧.૩૦ કલાકે મુંબઈ જવા ટેકઓફ થઈ હતી. બંને ફલાઈટ ૧૬૦થી વધુનુ આગમન અને ૧૮૦ જેટલા પ્રવાસીઓએ પ્રસ્થાન કર્યુ હતું.

# સુરતના માંગરોળમાં સગીરા પર ગેંગરેપના કેસમાં બન્ને આરોપીઓને આજીવન કેદ

## ૧૩૦ દિવસમાં ટ્રાયલ ચલાવી સુરત પોકસો કોર્ટનો ૧૩૦ દિવસમાં ચુકાદોઃ ગુનાના અન્ય એક આરોપીનું બીમારીથી મોત થયેલું



સુરત તા.૧૭

સુરતના ખળભળાટ મચાવનાર ગેંગરેપ કેસમાં આજે કોર્ટે ચુકાદો સંભળાવીને બન્ને આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. આ કેસમાં ત્રીજો આરોપી મૃત્યુ પામ્યો છે.

સાડાચાર મહિના પહેલાં, નવરાત્રિ સમયે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરા પર થયેલા ગેંગરેપ કેસમાં કોર્ટે ઝડપી ટ્રાયલ ચલાવી માત્ર ૧૩૦ દિવસમાં જ ચુકાદો આપ્યો છે. ગેંગર નોંધનીય છે કે આ કેસમાં સગીરાની અને તેના મિત્રની જુબાની મહત્ત્વની સાબિત થઈ છે. આ ઉપરાંત પોલીસે સાયન્ટિફિક પુરાવા પણ રજૂ કર્યા હતા, જે પણ કોર્ટે માન્ય રાખ્યા. બનાવ સમયે ચંદ્રનો પ્રકાશ હોવાના કારણે અને આરોપીએ ફ્લેશ લાઈટ કરતાં સગીરાએ આરોપીનો ચહેરો જોયો હતો. કોર્ટમાં પણ પીડિતાએ આરોપીને ઓળખી બતાવ્યો હતો.

આ ગેંગરેપ કેસમાં કુલ ત્રણ આરોપી હતા, જેમાં મુન્ના કરબલી પાસવાન, રામ સજીવન (રાજુ) અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયાને પોલીસે ઝડપી લીધા હતા, જોકે ટ્રાયલ દરમિયાન બીમારી સબબ શિવશંકરનું મોત થતાં કોર્ટમાં અન્ય બે આરોપી સામે ટ્રાયલ ચાલી હતી. એમાં સાક્ષીઓની જુબાની અને સાંયોગિક પુરાવાઓને ધ્યાનમાં રાખી કોર્ટે બંનેને કસૂરવાર ઠેરવ્યા છે

આ ગેંગરેપ કેસ અંગે વાત કરીએ તો ૮ ઓક્ટોબરની રાત્રે ૧૦:૪૫થી ૧૧:૧૫ વાગ્યાની વચ્ચે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારના મોટા બોરસરા ગામની સીમમાં ખેતરમાં અવવારું જગ્યાએ એક ૧૭ વર્ષ અને ૪ મહિનાની સગીરા તેના મિત્ર સાથે બેઠી હતી, જ્યાં મુન્ના કરબલી પાસવાન અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયા અને રાજુ બાઈક પર આવ્યા હતા. પહેલા તો તેમણે આવીને અહીં કેમ ઊભાં છો? એમ કહીને ધમકાવ્યા હતા અને બાદમાં માર મારવાનું શરૂ કર્યું હતું. બંનેના મોબાઇલ પણ લઈ લીધા હતા.

ત્યાર બાદ તરૂણ અને સગીરા બંનેનાં કપડાં ઊતરાવી તેમના ફોનમાં નગ્ન ફોટો પાડી લેવામાં આવ્યા હતા. આ ફોટો વાઇરલ કરવાની આરોપીઓએ ધમકી

(અનુસંધાન ૧૨ મા પાને)

# ઘરમાં પીળુ પાણી રાખતા હોય તો બંધ કરો! મહિલા PSI બાદ ગોરધન ઝડફિયાની પાટીદારોને ટકોર

### સંસ્કાર વિનાની સંપત્તિથી સુખ આવતું નથીઃ પાટીદાર આગેવાનોને પણ ટકોર



મહેસાણા, તા.૧૭

થોડા દિવસ અગાઉ સુરતમાં આયોજિત એક કાર્યક્રમમાં પાટીદાર સમાજના મહિલા ફોજદારે દારૂ અને સાયબર ફ્રોડના કેસમાં પકડવામાં આવતા આરોપીઓ પૈકી ૫૦ ટકા પટેલ હોવાનું કહ્યું હતુ. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ અનેક પાટીદાર સંસ્થાઓ તેમજ સમાજના આગેવાનો મહિલા PSIની વાત સાથે સહમત થયા હતા. એવામાં ભાજપના દિગ્ગજ નેતા ગોરધન ઝડફિયાએ પણ પાટીદાર સમાજમાં દારૂની બદીને લઈને ટકોર કરી છે.

હકીકતમાં મહેસાણા જિલ્લાના કડી ખાતે ૭૨ ચુંવાળ કડવા પાટીદાર સમાજના સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ઉપસ્થિત રહેલા ગોરધન ઝડફિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, પાટીદાર સમાજમાં હવે સંસ્કારની જરૂર છે. મહેરબાની કરીને ઘરમાં પીળું પાણી રાખતા હોય, તો બંધ કરી દેજો. તમને એવું લાગતું હશે કે, આ ૨૧મી સદી ચાલે છે, પરંતુ તમારા ઘરમાં રહેલ દીકરી અથવા પત્નીને એકવાર પૂછી જો જો, તેનું કેવું પરિણામ આવે છે.

ભાજપ નેતાએ શિક્ષણ પર ભાર મૂકતા જણાવ્યું કે, આજના ડિજિટલ યુગમાં શિક્ષણ વિના પ્રગતિ શક્ય જ નથી. સમાજે વાડી કે ભવન બનાવવાના બદલે શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

સંસ્કાર વિનાની સંપત્તિ પરિવારને ક્યારેય સુખી નહીં કરે. આપણે તમામે અંદરથી સુધરી જવાની જરૂર છે, કારણ કે બહારથી સુધરવાની કોઈ આવશ્યક્તા જ નથી. જો અહીં બેઠેલા આગેવાનો પણ જો સમાજમાં પરિવર્તન ના લાવી શકતા હોય, તો તેમણે પોતાને લીડર કહેવાનો કોઈ અધિકાર નથી.

# ફાસ્ટેગ બંધ કે નિષ્ક્રિય હશે કે ઓછી બેલેન્સ હોય તો બુથ પાર કરવા પર ડબલ ટોલટેક્સ

### ટોલ ટેક્સ–ફાસ્ટેગ માટે નવા નિયમો લાગુઃ ટોલ ટ્રાન્જેક્શન અપડેટ ન થાય તો પણ પેનલ્ટી





નવી દિલ્હી, તા.૧૭

ટોલ ચૂકવણીને સુવ્યવસ્થિત કરવા વિવાદો ઘટાડવા અને છેતરપિંડી રોકવા માટે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને રોડ ટ્રાન્સપોર્ટ મંત્રાલયે ફાસ્ટેગ સંબંધિત નિયમોમાં કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે.

ફાસ્ટેગ માટે નવા નિયમો આજથી લાગુ થશે

આજથી અમલમાં આવેલા નવા ફાસ્ટેગ નિયમો હેઠળ ઓછા બેલેન્સ, મોડા પેમેન્ટ્સ અથવા બ્લેકલિસ્ટેડ ટેગ ધરાવતા યુઝર્સ પાસેથી વધારાનો દંડ વસૂલવામાં આવશે. નવા નિયમો એવા યુઝર્સ અસર કરશે જેઓ ચુકવણીમાં વિલંબ કરે છે અથવા જેમના ટેગ બ્લેકલિસ્ટેડ છે.

જો વાહન ટોલ પાર કરે તે પહેલાં ૬૦ મિનિટથી વધુ સમય માટે અને વાહન ટોલપ્લાઝા પાર કર્યા પછી ૧૦ મિનિટ સુધી ફાસ્ટેગ ઇનએક્ટિવ રહે છે તો ટ્રાન્જેક્શન રદ કરવામાં આવશે. સિસ્ટમ આવા પેમેન્ટ્સને નકારી કાઢશે.

(અનુસંધાન ૧૨ મા પાને)

### કેવા કિસ્સામાં વધુ દંડ-પેનલ્ટી લાગશે?

- ★ ફાસ્ટેગ ખાતામાં ઓછી બેલેન્સ
- ★ કેવાયસીની મુદત પૂર્ણ થઈ હોય
- ★ વાહન સંબંધી કાનૂની વિવાદ હોય
- ★ વિવાદનુ સમાધાન ન થાય ત્યાં સુધી ટોલબૂથ પર નિષ્ક્રીય ટેગનો ઉપયોગ નહીં થઈ શકે.

# ઉંચા તાપમાનની ઈફેકટઃ વિજમાંગ વધવા લાગી

## ફેબ્રુઆરીમાં જ ૨૩૬૦૦ મેગાવોટને વટાવી ગઈ; ૧૧ ટકાનો વધારોઃએપ્રિલ–મેમાં કયાં પહોંચશે? આગોતરી તૈયારી

રાજકોટ તા.૧૭

ગુજરાત સહિત દેશભરમાં ગરમી-ઉનાળાનો માહોલ વહેલો સર્જાઈ થયો હોય તેમ તાપમાનમાં અત્યારથી જ વધારો થઈ ગયો છે. જેને પગલે વિજ માંગમાં પણ મોટો વધારો થયો છે.ગત વર્ષની સરખામણીએ ચાલુ ફેબ્રુઆરી માસમાં જ વિજ માંગમાં ૧૧ ટકાથી વધુનો વધારો થયો છે.

રાજયના ઉર્જા વિકાસ નિગમનાં સુત્રોએ કહ્યું હતું કે ગુજરાતમાં ચાલુ ફેબ્રૂઆરી માસમાં વિજ ડીમાંડ ૨૩૬૩૩ મેગાવોટ પર પહોંચી ગઈ છે. જે ફેબ્રુઆરી ૨૦૨૪ નાં ૨૧૨૪૮ મેગાવોટ હતી. ગત વર્ષ કરતાં ૧૧.૨૨ ટકાનો વધારો સુચવે છે. ૨૦૨૩ નાં ફેબ્રુઆરીમાં વીજ ડીમાંડ ૫૯૧૮૫ તતા ૨૦૨૨ માં તે ૧૭૩૭૪ હતું છેલ્લા વર્ષોમાં વિજ ડીમાંડમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે. રાજયમાં હજુ સાચો ઉનાળો તો બાકી જ છે.એપ્રિલ-મે ના દિવસોમાં વીજ ડીમાંડ કયા સ્તરે પહોંચશે. તે સવાલ છે છતા અત્યારથી જ વધતી વીજ ડીમાંડના ટ્રેન્ડને ધ્યાને રાખીને ભર ઉનાળામાં કોઈ વિજ સમસ્યા પેદા ન થાય તે માટે આગોતરૂ આયોજન ગોઠવવામાં આવ્યુ છે.

દેશમાં જાન્યુઆરી મહિનો જ અત્યાર સુધીનો સૌથી ગરમ જાહેર થયો હતો. ફેબ્રુઆરીમાં પણ સમાન સ્થિતિ રહેવાની આગાહી છે. માર્ચમાં તો મે મહિના જેવી જ આકરી ગરમી પડવાની આગાહી છે એટલે કે દેખીતી રીતે વીજ ડીમાંડમાં હજુ મોટો વધારો થવાનું માનવામાં આવી રહ્યું છે.

વિજ તંત્રનાં સુત્રોએ કહ્યું કે ઘર વપરાશની વિજળીની ડીમાંડમાં મોટો વધારો અપેક્ષીત છે.કારણ કે ફ્રીજ-એસી વગેરેનો વિજ વપરાશ વધી જશે. ઔદ્યોગીક વિકાસ તો છે જ ઉદ્યોગોની વિજ ડીમાંડ યથાવત જ છે. નવા-નવા એકમો સ્થપાવા સાથે ઔદ્યોગીક વિજ માંગમાં પણ વધારો થઈ રહ્યો છે. એક સીનીયર અધિકારીએ કહ્યું કે તાપમાનમાં હવે ઉતરોતર વધારો થવાનું સ્પષ્ટ છે. અત્યાર સુધી અમદાવાદ જેવા શહેરોમાં જ એસીનું ચલણ વધુ હતું પરંતુ હવે તે ગામડાઓ સુધી પહોંચી ગયુ છે. રાહતની વાત એ છે કે છેલ્લા એક વર્ષમાં સૌર ઉર્જાને ઘણુ પ્રોત્સાહન મળ્યુ છે એટલે આંશીક રાહત મળી શકશે.

# હજુ બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં સવારે ધુમ્મસ છવાશેઃ તાપમાન ૨ થી ૩ ડિગ્રી વધશે

## મહત્તમ તાપમાન ૩૩ થી ૩૬ વચ્ચે નોંધાવા સાથે ગરમીનો અહેસાસ થશે

રાજકોટ,તા.૧૭

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં હજુ બે દિવસ માટે સવારનાં ભાગે ભેજવાળા હવામાન સાથે ધૂમ્મસ ભર્યુ વાતાવરણ રહેશે અને સવારનાં તથા બપોરનાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

ચાલુ સપ્તાહ દરમ્યાન ખાસ કરીને આવતા બે દિવસ સુધી સવારનાં ભાગે ભેજ વધતા ધૂમ્મસ છવાશે અને બાદમાં સવારનાં તથા બપોરનાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો નોંધાશે.સવારનાં ભાગે લઘુત્તમ તાપમાનમાં પણ વધારો થશે. અને સવારે ૧૭ થી ૧૮ ડિગ્રી, તાપમાન રહેશે.

આ ઉપરાંત બપોરનાં ભાગે પણ રાજકોટ સહિત અનેક સ્થળોએ ૩૩ થી ૩૬ ડિગ્રી વચ્ચે મહત્તમ તાપમાન નોંધાશે અને બપોરનાં સમયે ગરમીનો અહેસાસ થશે.

# આધાર-પાન કે,લાયસન્સમાં દર્શાવેલી જન્મતારીખ સંપૂર્ણ માન્ય નહી ગણાય

## જન્મ–મરણ નોંધણીનાં રજીસ્ટરમાં નોંધાયેલી તારીખ જ માન્ય ગણાશેઃ હાઈકોર્ટનો ચૂકાદો



અમદાવાદ,તા.૧૭

ગુજરાત હાઈકોર્ટે જન્મના પ્રમાણપત્રમાં સુધારાને લઈને મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે જણાવ્યું કે, 'આધાર કાર્ડ, પાનકાર્ડ અને ડ્રાઇવિંગ લાઇસન્સ જેવા સરકારી રેકર્ડમાં દર્શાવેલી જન્મ તારીખ સંપૂર્ણ માન્ય રહેશે નહીં. જન્મના પ્રમાણપત્રમાં નોંધાયેલી જન્મ તારીખ જ સાચી તારીખ માની શકાય, જન્મ મરણની નોંધણીના રજીસ્ટરમાં નોંધાયેલી તારીખ જ માન્ય તારીખ ગણાશે.'

ગુજરાત હાઈકોર્ટના જણાવ્યાનુસાર, જન્મ-મરણની નોંધણીના રજીસ્ટરમાં નોંધાયેલી તારીખ જ માન્ય ગણાશે. જો કે, અન્ય પુરાવાઓમાં લખેલી તારીખો ફોર્મ ભરનાર વ્યક્તિ ભરે છે, પરંતુ હોસ્પિટલના રેકર્ડ પ્રમાણે જન્મની નોંધણીમાં નોંધાયેલી તારીખ એ જ સાચી તારીખ ગણી શકાય. જો કે આ વાત સાચી પણ છે. હોસ્પિટલો દ્વારા આપવામાં આવેલી જન્મ તારીખ જ માન્ય ગણાય બીજા ડોક્યુમેન્ટમાં સુધારા વધારા થયા હોય તેવી સંભાવનાઓ હોઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, જન્મના પ્રમાણપત્રમાં તારીખ સુધારા માટેની અરજી ફગાવતા હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો છે. જન્મ તારીખના સુધારાને લઈને જન્મ મરણ રજીસ્ટ્રારની સત્તાઓ વિશે પણ ચુકાદામાં અવલોકન કરવામાં આવ્યું છે.

જોઈએ છે
ભાણવડમાં નાઈટ ડયુટીમાં મેડીકલ ઓફીસર જોઈએ છે
BHMS/BAMS
૯૯૯૮૮ ૭૯૬૩૩

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

ઓરીજીનલ હાથ વિણાટના
સુદાનના ફુલ
ફ્રેશ સ્ટોક આવી ગયેલ છે.
પતિરા બ્રધર્સ
★ લાખાજીરાજ રોડ, રાજકોટ. ફોનઃ ૨૨૨૪૭૪૭, ૨૨૨૩૦૩૦
★ 'ડેસ્ટીનેશન', યશ સ્ટેશનરીની બાજુમાં, અમીન માર્ગ, મો. ૯૯૭૯૧ ૦૫૪૨૦
Sale